
॥ હરિઃૐ ॥



# શ્રીમોટાની સાથે સાથે

સંકલિત સંક્ષેપ

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિ:ૐ ॥

# શ્રીમોટાની સાથે સાથે

: સંપાદક :
રતિલાલ કે. મહેતા

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૦ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૦૨ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૦૯ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૨૨ + ૨૫૦ = ૨૭૨

❑ પડતર કિંમત : **રૂ.** ૩૦/-

❑ વેચાણ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

(ત્રીજી આવૃત્તિ)

(અનુષ્ટુપ)

**'પોતાના ભક્તનું કર્મ શૂરો આટોપવા તું શો !**
**શા કેટકેટલા હાથ મને તે અર્થે બક્ષતો !'**

**-શ્રીમોટા**

સને ૧૯૭૩માં અમદાવાદ ખાતે પૂજ્ય શ્રીમોટાનો રામનવમી-સાક્ષાત્કારદિન ઊજવવામાં આવ્યો, તે પ્રસંગે પ્રકાશિત સ્મૃતિગ્રંથ **'જીવનસ્ફુલિંગ'**માં પૂજ્ય શ્રીમોટાના જે આશીર્વચન છે, તેમાંથી ઉપરોક્ત કડીનો અત્રે ઉલ્લેખ કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટા સાથે જેઓ કોઈ ને કોઈ નિમિત્તે સંકળાયા છે, તે સૌ ભગવાને બક્ષેલા હાથ છે. વળી, પૂજ્ય શ્રીમોટાના દેહના સાકાર સ્વરૂપનાં દર્શન ન પામ્યાં હોય એવાં અનેક સ્વજનો હવે તો આ યજ્ઞકાર્યમાં જોડાયા છે.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનાં પ્રકાશનમાં, નામસ્મરણ-ધૂનના સાધન તૈયાર કરાવી સ્વજનોને ઉપલબ્ધ કરાવવામાં અને અનેક સીડી નિર્માણનાં કાર્યમાં જેઓ તન, મન, ધનથી ઘસાતા હોવા છતાં, એ તો માત્ર પોતાના વિકાસ માટે છે, એવું સ્પષ્ટ, દૃઢ મંતવ્ય ધરાવનાર અમદાવાદ સ્થિત

**શ્રી રાજેન્દ્રપ્રસાદ બચુભાઈ ઉર્ફે શક્તિપ્રસાદ રાવલ**

અને તેમનાં આ સત્કાર્યમાં સ્વઉમળકે ઉત્સાહપૂર્વક સાથ-સહકાર આપી રહેલ તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી મોક્ષદાબહેન રાજેન્દ્રપ્રસાદ રાવલ**

તેમ જ તેમના પરિવારને **'શ્રીમોટાની સાથે સાથે'**ની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન સમર્પિત કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવી રહ્યા છીએ.

તા. ૨૩-૭-૨૦૦૯ — **ટ્રસ્ટીમંડળ,**
પૂજ્ય શ્રીમોટાનો દેહત્યાગ દિન — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# પૂર્વકથન

## દિવ્યતાનાં પ્રકાશકિરણો

શ્રી રતિલાલ મહેતાનો અચનાક પત્ર આવ્યો. તેમાં તેમણે લખ્યું હતું : '...એ જ ડાયરી ઉપરથી એક બીજું પુસ્તક 'શ્રીમોટાની સાથે સાથે' લખ્યું છે, તે આશ્રમ પ્રસિદ્ધ કરનાર છે, જેની હસ્તપ્રત લગભગ સંપૂર્ણ થઈ ગઈ છે. તેની પ્રસ્તાવના આપ લખો એવી અમારી ઈચ્છા છે. આપ પૂજ્યશ્રીના પ્રશંસક છો અને તેમનાં મૌનમંદિરનો લાભ પણ આપે લીધેલો છે. એટલે આ કાર્ય માટે આપ અમને તદ્દન યોગ્ય લાગો છો...'

આ પત્ર વાંચીને અકલ્પ્ય આનંદાશ્ચર્ય થયું. શ્રી રતિભાઈ સાથે અંગત પરિચય ન હતો, પણ તેઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને પૂજ્ય શ્રીમોટાના નિકટના સહવાસમાં રહીને ભક્તિભાવે તેમણે એ વિશેનાં પુસ્તકોનાં સંપાદનકાર્યમાં ભાગ લીધો છે, તે હું જાણતો હતો. તેમની પ્રસ્તાવના લખવાની માગણી કરતાંય મને પૂજ્ય શ્રીમોટાના આધ્યાત્મિક ચિંતન-કથનનો લાભ મળશે એનું મારે મન મોટું મૂલ્ય હતું. પૂજ્ય શ્રીમોટાએ મારી જીવનદૃષ્ટિ નિર્મળ બનાવી હતી, તે પ્રસંગનું પુણ્યસ્મરણ થયા વિના કેમ રહે ? મેં પ્રસ્તાવના લખવાની સહર્ષ હા પાડી અને તુરત હસ્તપ્રત મને મળી ગઈ.

વિધિની કેવી અકળ લીલા છે ! આ હસ્તપ્રત મને મળી અને સહેજ નજર નાખી ત્યારે આશ્ચર્ય થયું કે એ જ વખતે 'શ્રીરામકૃષ્ણ લીલા પ્રસંગ'ની ગુજરાતી હસ્તપ્રત તપાસી રહ્યો હતો તેનું અને 'શ્રીમોટાની સાથે સાથે'નું કેવું સામ્ય હતું ! મૂળ બંગાળી પુસ્તક શ્રીરામકૃષ્ણ પરમહંસના શિષ્ય પ્રવર સ્વામી શારદાનંદે 'શ્રીરામકૃષ્ણ લીલાપ્રસંગ' લખ્યું હતું, તે જ શૈલીમાં શ્રી રતિલાલ મહેતાએ 'શ્રીમોટાની સાથે સાથે' લખ્યું હતું. એ બંગાળી પુસ્તકનું ગુજરાતી

ભાષાંતર શ્રી પ્રજ્ઞાબહેન શાહે લખ્યું હતું તેની હસ્તપ્રત, શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ સ્વામી મુમુક્ષાનંદના સૂચનથી, જોઈ જવા માટે મને મળી હતી. મારા આનંદનો પાર ન હતો, કારણ એવા પ્રસંગોના શબ્દામૃતનું આચમન મને મળતું હતું.

શ્રી રતિલાલભાઈની હસ્તપ્રત વાંચતાં જ જાણવા મળ્યું કે પૂજ્ય શ્રીમોટા સાથેનું તેમનું પ્રથમ મિલન ૧૯૬૨ની આખરમાં થયું. તેમાં પ્રેરણા તેમનાં પત્ની કીર્તિદાબહેનની હતી, પણ તુરત શ્રી રતિભાઈ, કીર્તિદાબહેન અને તેમનો પુત્ર ગોપાલ શ્રીમોટાના પ્રભાવથી આધ્યાત્મિક રંગે રંગાયાં. શ્રીમોટાની સાથેની વાતચીત શ્રી રતિભાઈએ તત્કાળ શબ્દશઃ ડાયરીમાં લખવાની શરૂ કરી. શ્રીરામકૃષ્ણ પરમહંસની વાતચીતની અક્ષરશઃ નોંધ તેમના શિષ્ય અને ભક્ત મહેન્દ્રનાથ ગુપ્તાએ લખી હતી તેનું સ્મરણ થયું. 'શ્રીરામકૃષ્ણ કથામૃત' એ રીતે લખાયું હતું, તે જગપ્રસિદ્ધ હકીકત છે. એવી જ પદ્ધતિએ 'શ્રીમોટાની સાથે સાથે' લખાયું છે, તેમ હું, હસ્તપ્રત વાંચીને કહેવા પ્રેરાઉં છું.

'શ્રીમોટાની સાથે સાથે' વાંચતાં જ મને પૂજ્ય શ્રીમોટાનું પ્રથમ મિલન ક્યારે થયું અને પછી બીજી વાર મળ્યો ત્યારે મારી જીવનદૃષ્ટિ કઈ રીતે વિશુદ્ધ થઈ હતી, તે પ્રસંગ મારી સ્મૃતિ-મંજૂષામાંથી બહાર નીકળીને જીવંત બન્યો, તેનું દૃશ્ય હું જોઈ રહ્યો ! તે પણ આ પુસ્તકને અનુરૂપ હોવાથી અહીં રજૂ કરવાની ઇચ્છા રોકી શકતો નથી.

૧૯૬૪માં સુરતની ઇજનેરી કૉલેજના મારા મિત્ર પ્રોફેસર જાનીને ત્યાં હું ગયો હતો. તેમની સૂચનાથી અમે બંને તાપી નદીને કિનારે રાંદેરમાં 'હરિઃૐ આશ્રમ'માં પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરવા ગયા. પૂજ્ય શ્રીમોટાનાં નામ અને કાર્યથી હું સુપરિચિત હતો. ત્યાં ગયા ત્યારે એક ખાટલા ઉપર કપડાં વીંટેલા પેટે સૂતેલા પૂજ્ય શ્રીમોટાનાં પ્રથમ દર્શન કર્યાં. મારે વાતચીત થઈ તેમાં કવિ કરસનદાસ માણેક મારા મિત્ર છે એમ જાણ્યું ત્યારે પૂજ્ય શ્રીમોટાએ કહ્યું, 'મારું નામ

ચૂનીલાલ ભગત છે. ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં હું હતો ત્યારે કરસનદાસ માણેક પણ ત્યાં હતા. અમે મિત્રો હતા અને અત્યારે પણ છીએ...' આ મારું પ્રથમ મિલન અને દર્શન હતું તેનું સ્મરણ મારા ચિત્તમાં ચિરંજીવ અંકાયું છે. ૧૯૭૩માં હું, વિલેપાર્લેની મીઠીબાઈ કૉલેજમાં આચાર્ય હતો ત્યારે બીજી વાર મિલન થયું અને મારા જીવનમાં તેનો ઊંડો પ્રભાવ પડ્યો, મારી જીવનદૃષ્ટિ નિર્મળ બની એ પ્રસંગ કેવો અવિસ્મરણીય બન્યો છે ! આર. આર. શેઠની કંપનીમાં શ્રી ધીરુભાઈ મોદી કામ કરતા હતા અને તે પૂજ્ય શ્રીમોટાના ભક્ત હતા. શ્રી ધીરુભાઈ, સાંતાક્રુઝ રહેતા હતા. મારી પાસે કૉલેજમાં આવીને મને કહ્યું, 'પૂજ્ય શ્રીમોટા મારા ઘેર પધાર્યા છે. તમે તેમનાં દર્શન કરવા ચાલો. પૂજ્ય શ્રીમોટાની સાથે શ્રી નંદુભાઈ તેમ જ અન્ય ભક્તો પણ છે. તમારી ઇચ્છા છે તેથી તમને તેડવા આવ્યો છું...' હું તુરત તેમની સાથે સાંતાક્રુઝ ગયો. ત્યાં પૂજ્ય શ્રીમોટા પાટ ઉપર ચત્તા પડ્યા હતા. તેમનું ભક્તમંડળ પણ ત્યાં તેમની સાથે હતું અને દર્શનાર્થીઓ આવીને તુરત પાછા જતા. કેટલાકની જોડે પૂજ્ય શ્રીમોટા થોડી વાતચીત કરતા. મારે પણ ત્રણ ચાર મિનિટથી વધારે ત્યાં ન રહેવું એવું સૂચન શ્રી ધીરુભાઈએ કર્યું હતું.

શ્રીમોટાનાં દર્શન કરીને મેં કહ્યું, 'આપ આધ્યાત્મિક જીવન જીવવા છતાં સમાજહિતનાં કાર્ય સક્રિય રસ લઈને કરો છો, કરાવો છો, પ્રેરણા આપો છો, તેથી હું ખૂબ પ્રભાવિત થયો છું. અન્ય આધ્યાત્મિક મહાપુરુષોએ સમાજકલ્યાણની આવી પ્રવૃત્તિઓ કરી હોય એવું મેં જાણ્યું નથી. આપ તો તરણસ્પર્ધા, જ્ઞાનગંગોત્રી-ગ્રંથશ્રેણી, ગ્રામ્યપ્રદેશમાં શાળાઓની સગવડ વગેરે સમાજના ઉત્કર્ષની પ્રવૃત્તિઓ કરો છો તેનો હું પ્રશંસક છું. આપના પ્રત્યે કુદરતી પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે...'

શ્રીમોટાએ તરત તેમની લાક્ષણિક ભાષાશૈલીમાં મને કહ્યું, 'આવાં

ખાલી વખાણ-બખાણ મને ગમતાં નથી. તમે બધા શું કરો છો ? જ્ઞાનગંગોત્રીની ગ્રંથશ્રેણીમાં તમારા જેવા તો લેખ લખવાના પણ પૈસા લે છે ! સમાજસેવાની પ્રશંસા કરતાં પહેલાં તમે એવી સેવા કરો છો કે નહિ તેનો તો વિચાર કરો !....'

પછી બીજી થોડી વાતો થઈ. પ્રેમથી ઠીક ઠીક સમય મારી સાથે વાતો કરી તેનું સહુને આશ્ચર્ય થયું, પણ ઘેર આવ્યા પછી તેમની વાતે મને જકડી લીધો હતો. જ્ઞાનગંગોત્રીની ગ્રંથશ્રેણીમાં મેં અભ્યાસશ્રમ કરી 'મેસોપોટેમિયાની સંસ્કૃતિ' વિશે લખાણ આપ્યું હતું. તેના પુરસ્કાર રૂપે મને બસો એક રૂપિયાનો ચેક મળ્યો હતો. તે હું કેમ ભૂલું ? હું મારું આત્મનિરીક્ષણ કરવા લાગ્યો. મારું અંતઃકરણ જાગી ઊઠ્યું. મને તેણે કહ્યું, 'તું તો કૉલેજમાં પગાર લઈને કામ કરે છે, છતાં પણ સમાજસેવાનાં કાર્ય માટે પૈસા લે છે ! તું એવાં કાર્ય માટે શ્રીમોટાની પ્રશંસા કરે છે, તે તને શોભે છે ? પ્રશંસા કરનાર તું એ પ્રમાણે વર્તે છે ? પછી તારી પ્રશંસાના ખાલી શબ્દોનો શો અર્થ ?' શ્રીમોટાને તો હું લેખક છું અને મેં પૈસા લીધા છે તેનો ખ્યાલ જ ન હતો. એટલે શ્રીમોટાના શબ્દબાણે હું વીંધાયો હતો. 'બોલવું કંઈક અને કરવું બીજું કંઈક' એવી મારી આચારશુદ્ધિની ખામી મને સમજાઈ. આજીવિકા માટે લેખક કામ કરતો હોય એ પૈસા લે, પણ આજીવિકા માટે મને પગાર મળતો હતો, છતાં મારા લખાણના પૈસા મેં (હરિઃૐ આશ્રમ તરફથી મળતા પૈસામાંથી) કેમ લીધા ? મારી જીવનદૃષ્ટિ નિર્મળ બની. મેં એ રકમ હરિઃૐ આશ્રમને પાછી મોકલી દીધી હતી. આ રીતે પૂજ્ય શ્રીમોટા પાસેથી જીવનશુદ્ધિની દૃષ્ટિ મેળવી હતી. તેની ચિરંજીવી છાપ મારા મન ઉપર પડી છે. આ પુસ્તકમાં શ્રી રતિભાઈએ, પૂજ્ય શ્રીમોટાની આવા પ્રકારની વાતચીતની નોંધો આપી છે. એટલે અનેક માણસોની જીવનદૃષ્ટિને સ્વચ્છ કરી હશે, તેથી તેમનું સમાજસેવાનું મૂલ્ય વાચકો યથાર્થ સમજી શકશે એમ હું માનું છું.

શ્રી રતિલાલભાઈએ આ પુસ્તકના પરિશિષ્ટમાં શ્રીમોટાનાં આધ્યાત્મિક વિકાસ અને કાર્યનાં ચાર પ્રગતિ સોપાનો નોંધ્યાં છે, તે લક્ષમાં રાખવાથી આ નોંધપોથીનો મર્મ સમજાશે. પ્રથમ તો ૧૯૨૨-૨૩ના પ્રારંભનો દીક્ષાદિન-વસંતપંચમી, બીજું સોપાન ૧૯૩૯માં રામનવમીને દિવસે થયેલો આત્મસાક્ષાત્કાર, ત્રીજું, ગુરુપૂર્ણિમા દિન અને ચોથું, હરિઃૐ આશ્રમની સ્થાપના. પ્રથમ ૧૯૫૦માં કુંભકોણમ્‌માં, ૧૯૫૪માં નડિયાદમાં અને ૧૯૫૬માં સુરત-રાંદેર. મૌનમંદિર એ હરિઃૐ આશ્રમનું સાધનાસ્થળ ગણાય. પૂજ્ય શ્રીમોટાની સાથેની વાતચીતમાંથી મૌનમંદિરમાં જવાનું બીજ વવાયું હતું અને ૧૯૭૯માં હું સુરત-રાંદેરના મૌનમંદિરમાં એક અઠવાડિયું રહ્યો હતો. તે વખતે શ્રીમોટાનો દેહોત્સર્ગ થઈ ગયો હોવાથી તેમની ચૈતન્યમૂર્તિનાં દર્શન મને થતાં હતાં. શ્રી નંદુભાઈની વ્યવસ્થા અને કાર્યપ્રવૃત્તિનું દર્શન પણ થતું હતું. તેની ચિરંજીવ સ્મૃતિ મારા ચિત્તમાં વસી છે. અન્યત્ર આ વિશે મેં લખ્યું છે.

આ પુસ્તકનો પ્રારંભ ૧૯૬૩માં થાય છે. એટલે શ્રીમોટાની વિકાસયાત્રા પછીનો એ સમય છે. શ્રી રતિભાઈ, સહકુટુંબ શ્રીમોટાના સહવાસમાં હોવાથી આ નોંધપોથીમાં વારંવાર દેખાય તે સ્વાભાવિક છે. તેમની આધ્યાત્મિક નિષ્ઠા જ આ નોંધપોથીના મૂળમાં રહી છે, તેથી જ વાતચીતમાં શ્રીમોટાનું શબ્દામૃત તેમાં સચવાયું છે.

દીક્ષાદિન શ્રીમોટાના લગભગ પચીસમાં વર્ષે થયો હતો, યૌવનકાળમાં થયો હતો-તે નોંધપાત્ર છે. શ્રીમોટામાં કાવ્યસર્જન શક્તિ સ્વાભાવિક હતી, તે તો તેમના પ્રસંગોચિત અથવા ભાવનાઓ અને વિચારો કાવ્યરૂપે વ્યક્ત થતાં. તેમનો દીક્ષાદિન તેમના યૌવનકાળમાં હતો. તેમની યૌવનકાળ વિશેની અભિવ્યક્તિ થતી કાવ્યપંક્તિઓનું સ્મરણ થાય છે.

**ગુણદોષ મળે બંને માનવી જીવને સદા,**
**થવા નિર્મળ જુવાની ઋતુ તે માટે યોગ્ય છે.**

ભાવનાકાળની ઋતુ યુવાની છે, તે તથ્ય જગતનો ઈતિહાસ બતાવે છે. મહાવીર, બુદ્ધ, શંકરાચાર્ય, ઈશુ ખ્રિસ્ત, મહાત્મા ગાંધી તેનાં ઉદાહરણો છે. શ્રીમોટાએ તેમની કાવ્યપંક્તિમાં તે જ કહ્યું છે.

કોઈએ જપ વિશે પૂજ્ય શ્રીમોટાને પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમણે આપેલો જવાબ શ્રી મહેતાએ ખંડ-૩માં નોંધ્યો છે, તે કેવો મર્મશીલ છે !

'જપ એ સૌથી શ્રેષ્ઠ સાધન છે, વેદાંત એ મોટામાં મોટું શાસ્ત્ર છે, પણ જ્યાં સુધી તેને આચરણમાં ન મૂકીએ ત્યાં સુધી શા કામનું ? એકલી થિયરીથી કે સિદ્ધાંતોથી શું લાભ ? કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે જ્યાં સુધી મોળા ન પડે ત્યાં સુધી શાસ્ત્ર આપણી વહારે ન આવે...'

આમાં મનનો સંયમ, ક્રિયાત્મક સદાચાર અને માનવપ્રેમનું મહત્ત્વ આ વિશે કેવી સરળતાપૂર્વક શ્રીમોટાએ કહ્યું છે ! મનના સંયમ માટે જપ એ અમોઘ સાધન છે એવું અનેક વાર એમની વાતચીતમાં કહેવાયું છે. ગીતામાં પણ 'યજ્ઞાનામ જપયજ્ઞોસ્મિ' એમ શ્રીકૃષ્ણે કહ્યું જ છેને ! પરંતુ જપથી મન ઉપર કાબૂ આવતો નથી એવા પ્રશ્નના જવાબમાં પણ તેમણે (શ્રીમોટાએ) કાવ્યલયમાં કેવો ચિત્તાકર્ષક જવાબ આપ્યો છે !

**ટીપેથી ટીપેથી તળાવે ભરાતું**
**ઉદાસીન તારે પછી શું થવાનું ?**
**ભલેને કપાયો હશે પંથ થોડો**
**છતાં વેગ એમાંથી છે જન્મવાનો.**

મન ઉપર કાબૂ મેળવવો કેવો અને કેટલો અઘરો છે તે ઋષિઓએ, મહાપુરુષોએ કહ્યું જ છે. **'જીવનકેડી'**માં શ્રીમોટાએ સ્વાનુભવ કહ્યો છે. ખરું કહીએ તો, **'મનને'** કાવ્યમાં તેમણે મનની ગતિ, વિલક્ષણતા, ચંચળતા, કૂદાકૂદી વિશેનું વર્ણન કરીને મનને પરમાત્મામાં લીન થાય તેવું રસાત્મક રીતે કહ્યું છે. કવિ શ્રી ઉમાશંકર જોશીએ 'મનને'ની પ્રસ્તાવનામાં સુંદર કાવ્યમર્મનું વિવરણ કર્યું છે. 'મનને' કાવ્ય વાંચતાં જ

શિવાજીના ગુરુ સમર્થ રામદાસનું 'मनाचे श्लोक'નું સામ્ય યાદ આવે જ. શ્રી ઉમાશંકરે એ દર્શાવતાં કહ્યું છે 'ક્રિયા વીણ વાચાળતા છે નકામી.' લગભગ એ જ શબ્દો 'मनाचे श्लोक'માં છે : 'क्रियावीण वाचाळता व्यर्थ आहे।'...પણ મોટું સામ્ય તો એ છે કે બંને કૃતિઓ 'મનને' ઉદ્દેશીને ઉદ્‌ગારાયેલી છે અને ભુજંગપ્રયાત છંદ દ્વારા આકાર પામી છે... આવા આશ્ચર્યકારક આકસ્મિક સામ્યનું મૂળ છે બંને કૃતિઓ પાછળના અધ્યાત્મ સાધનાના એકસરખા અભિગમમાં...' છેવટે શ્રીમોટાએ 'મનને' કહ્યું છે તે વિશે કવિશ્રી ઉમાશંકર કહે છે : 'મનને પહેલી અને છેલ્લી જે સોનાની શીખ આપી છે, તે તો એ છે કે હે મન, નામજપની પ્રેમળ ગંગધારા એકધારી વહાવે જા અને —

**'પૂરું તું ભળી જા પ્રભુપાદપદ્મે.'**

શ્રી મહેતાએ જ્યારે આત્મસાક્ષાત્કાર વિશે શ્રીમોટાને પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમને મળેલો જવાબ ખૂબ સચોટ રીતે સમજાય તેવો છે, 'ચિત્ત શુદ્ધિ થાય, નવાં પડળ ખૂલી જાય, માણસ આત્મનિષ્ઠ બને અને આધ્યાત્મિક માર્ગે નવી દૃષ્ટિ સાંપડે ત્યારે આત્મસાક્ષાત્કાર થયો કહેવાય, નવો અવતાર પામ્યો કહેવાય.' આ સ્થિતિએ પહોંચ્યા પહેલાં શી શી કઠણાઈઓ સહેવી પડી હશે તે વિશે **'જીવનકેડી'**માં શ્રીમોટાએ કાવ્યમાં દર્શાવ્યું છે :

**જીવનપથમાં મને કેવા નડેલા અંતરાયો છે,**
**પરંતુ દૃષ્ટિ બદલાતાં ન તે તે રૂપ લાગ્યા છે.**

શ્રીમોટાના ટૂંકા જવાબો સૂત્ર જેવા મર્મશીલ છે. તેમને પૂછ્યું, 'તમારું પરિવર્તન કોણે અને ક્યારે કર્યું ?' ત્યારે જવાબ આપ્યો,

'ગુરુમહારાજે કહ્યું, 'તેં દેશસેવા ઘણી કરી, હવે માનવસેવા કર. લોકોને ઈશ્વરાભિમુખ કર...'

એવી જ રીતે પ્રસિદ્ધ કટાર લેખક શ્રી વિજયગુપ્ત મૌર્યે, શ્રીમોટાને પૂછ્યું, 'તમે સંન્યાસ કેમ ન લીધો ?'

**શ્રીમોટા :** ‘સંન્યાસ વૃત્તિનો હોય.’

એવી રીતે ‘ગુરુને ભગવાન ગણાય ?’ એવો કોઈએ પ્રશ્ન પૂછ્યો ત્યારે આપેલો જવાબ સૂત્રાત્મક અને સુંદર છે :

‘ગુરુનું શરીર એ ગુરુ નથી, ચેતન પરત્વેની ભાવના એ ગુરુ છે.’

એ જ રીતે કોઈએ શ્રીમોટાને પ્રશ્ન પૂછ્યો, ‘દેહધારી મહાત્માને ભગવાન કહેવાય ?’ તેમણે જવાબ આપ્યો,

‘દેહધારી મહાત્મા ભગવાનની તોલે આવે નહિ. સમુદ્રનાં પાણી અને કુલડીમાંનાં પાણી વચ્ચે ગુણધર્મનું સામ્ય ખરું, છતાં બંને વચ્ચે અનંતતા, વિસ્તૃતતા વગેરેનો તફાવત સમજવો જોઈએ.’ અહીં શંકરાચાર્યના કથનનું સ્મરણ થાય છે.

શ્રીમોટાએ અંધશ્રદ્ધા અને ચમત્કારનો હંમેશાં નિષેધ કર્યો છે, તે ખાસ લક્ષમાં રાખવું જોઈએ. શ્રીમોટા, કર્મયોગના પુરસ્કર્તા છે, તે તો તેમનાં લખાણ અને વાતચીતમાં આવે જ છે, પણ તે વિશેની તેમની કાવ્યપંક્તિઓ યાદ રાખવા જેવી છે :

**ગતિને દૃઢ પ્રેરાવી શ્રદ્ધા શી કર્મશીલ છે !**
**પ્રેરણા, ભાવે ને જ્ઞાને શ્રદ્ધા સર્જનશીલ છે.**

ચમત્કાર વિશે તેમણે કહ્યું છે, ‘લોકોએ ચમત્કાર પાછળ પડવું નહિ. મહંમદ છેલ ચમત્કાર કરતો, તેની છેવટે શું સ્થિતિ થઈ ?’

દાન વિશેના એમના ઉદ્‌ગારો સમાજે ખાસ સમજવા અને યાદ રાખવા જેવા છે. શ્રીમોટાએ તે વિશે કહ્યું છે,

‘ભૂખ્યાંને ભોજન અને દરદીને દવા આપો તે ખોટું નથી, પણ તે દાન આપણી સાથે નહિ આવે, કેમ કે તેની અસર કાયમ રહેતી નથી. જે દાનથી ગુણ પ્રગટે, સમાજ ઊંચો આવે, સાચો ધર્મ પ્રગટે અને સમાજ માટે મરી ફીટવાની, પ્રભુપ્રીત્યર્થે કામ કરી આત્મવિકાસ સાધવાની તમન્ના જાગે તેવાં દાન ઉત્તમ દાન છે.’

શ્રીમોટાએ સૂત્રાત્મક રીતે વારંવાર કહ્યું છે, 'લક્ષ્મીનો ઉપભોગ ના થાય, ઉપયોગ થાય.'

આપણા રાષ્ટ્રની અધોગતિ જોઈને તેનું મૂળ ભ્રષ્ટાચારી સંપત્તિમાં છે, તેથી તેમના તે વખતે કાઢેલા ઉદ્‌ગારોની ભવિષ્યવાણી આજે કેવી સાચી પડી છે તેનું દર્શન થાય છે. તેમની આર્ષદષ્ટિનું પ્રકાશકિરણ દેખાય છે. તેમણે કહ્યું હતું, 'આજે સમાજ ઘોર તમસમાં પડેલો છે. માત્ર ધનથી સમાજ બેઠો નહિ થાય. પ્રજામાં 'ગુણ અને ભાવ' સાથોસાથ પ્રગટવા જોઈએ.' (ખંડ-૩૪)

આ બધી તેમની વિચારણામાં અને ભાવનામાં જ હરિઃૐ આશ્રમની સ્થાપના અને કાર્યપ્રવૃત્તિઓનું બીજ રહ્યું છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

આપણે શું કરવું જોઈએ, આપણું કર્તવ્ય શું છે, તે વિશેના પ્રશ્નનું પણ શ્રીમોટાનું સૂત્રાત્મક પ્રબોધન સત્યમાર્ગનું દર્શન કરાવે છે.

'દરેકના માટે મૈત્રીની ભાવના રાખવી, વેરવૃત્તિ કાઢી નાખવી. કરુણાની ભાવનાઓનો અભ્યાસ પાડવો. મુદિતાનો ભાવ કેળવવો. નિંદા અને લૌકિક વાતોથી દૂર રહેવું. આ રીતે પ્રસન્નતા પ્રાપ્ત કરી શકશો. प्रसन्न चेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते । પ્રસન્નતાથી બુદ્ધિ સ્થિર થાય છે.'

આ પુસ્તકના છેલ્લા ખંડ-૫૮માં તેમનું અંતિમ જીવનનું દશ્યવર્ણન અને દેહોત્સર્ગ થયા પહેલાં સ્વહસ્તે લખેલું વસિયતનામું પૂજ્ય શ્રીમોટાની આધ્યાત્મિક પ્રતિભાનું દિવ્ય દર્શન કરાવે છે.

'...મારાં અસ્થિને પાસેની નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં. મારા નામનું ઈંટચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાભંડોળ ભેગું થાય તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

**ચૂનીલાલ આશારામ ભગત**

તા. ૧૯ જુલાઈ, ૧૯૭૬ **ઉર્ફે 'મોટા' સહી**

તેમણે એકવાર પોતાના માટે કહેલું તેમાં પણ તેમની નિર્મોહતા અને નિઃસ્પૃહતા સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે-જેમ ઉપરોક્ત વસિયતનામામાં વ્યક્ત થાય છે તેમ. તેમણે કહ્યું હતું, 'હું તો ભગવાનનો વાણોતર છું, સમાજનો કારકુન છું, મારે કંઈ ગુરુ તરીકે પૂજાવું નથી.'

છેલ્લી ઘડી સુધી શ્રીમોટા જાગ્રત હતા. તેમણે દેહોત્સર્ગ ક્યારે થવાનો છે તે પણ કહ્યું હતું અને તેની સૂચના પણ લખાવીને આપી હતી.

'...મારા શબનો અગ્નિસંસ્કાર એકાંતમાં, શાંત જગ્યાએ, મૃત્યુ સ્થળની તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું....'

તેમની બધી સૂચનાઓ વગેરે તેમના નિકટતમ સ્વજન શ્રી નંદુભાઈ શાહને આપી હતી-કહી હતી. છેવટે તા.૨૩મી જુલાઈ, ૧૯૭૬ની વહેલી સવારે દોઢ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધો હતો. તેમની ઈચ્છાનુસાર બધું કાર્ય શ્રી નંદુભાઈએ કર્યું હતું.

શ્રી રતિભાઈ મહેતાએ પોતાની ડાયરીમાં લખેલી લેખિત સામગ્રી શ્રી નંદુભાઈને વંચાવીને છેવટનું સ્વરૂપ આપી 'શ્રીમોટાની સાથે સાથે' પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. એટલે આ લખાણ અધિકૃત છે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે. આ પુસ્તક આ રીતે ગુજરાતી સમાજને મળે છે, તે એક શ્રી રતિભાઈ મહેતાની મૂલ્યવાન સેવા છે. દિવ્યતાનાં અનેક પ્રકાશકિરણો સમાજને ધર્મ-સંસ્કૃતિનો માર્ગ દર્શાવશે એમ કહેતાં હું, વિરલ આનંદ અનુભવું છું.

**અમૃતલાલ યાજ્ઞિક**
તા. ૨૯-૭-૧૯૮૮
ગુરુપૂર્ણિમા, સંવત ૨૦૪૪

૧૧, મધુવન સોસાયટી,
સરસ્વતી રોડ,
સાંતાક્રુઝ, મુંબઈ-૪૦૦૮૫૪

॥ હરિઃૐ ॥

# સંપાદકીય

## ચેતનાનો પ્રસાદ

પૂજ્ય શ્રીમોટા જ્યારે ગુજરાતમાં એટલા જાણીતા ન હતા ત્યારે તેઓશ્રી ૧૯૬૩-૬૪થી ૧૯૬૮-૬૯ સુધી મુંબઈ દર વર્ષે ત્રણચાર વખત ચારપાંચ દિવસ માટે પધારતા અને સમાજોપયોગી 'ગુણ-ભાવ'ની દ્યોતક યોજનાઓ માટે ફંડ-ફાળા ખાતર સતત પ્રવાસ કરતા.

તેઓશ્રી મુંબઈ આવે તો સહુ પ્રથમ સ્વ. નટવરભાઈ ચિનાઈને ત્યાં અચૂકપણે ઓછામાં ઓછો એક કલાક કે એક દિવસ માટેય રોકાતા અને તે પછી શ્રી હરમુખભાઈ જોગીને ત્યાં બાકીના દિવસો માટે. આ રીતનો તેમનો કાર્યક્રમ ૧૯૭૩-૭૪ સુધી ચાલેલો, જોકે ગુજરાતમાંનો તેમનો ભક્તગણ વધવા લાગતાં તેઓશ્રી મુંબઈ ખાતે છેલ્લાં વર્ષો દરમિયાન વર્ષે બેત્રણ વાર જ પધારતા.

ઉપરોક્ત સમય દરમિયાન પૂજ્યશ્રીનું પ્રથમ દર્શન મને પ્રભુકૃપાએ તા. ૧૯-૨-૧૯૬૩ના રોજ સહકાર નિવાસમાં (મુંબઈ) શ્રી હરમુખભાઈ જોગીને ત્યાં થયું. આ અગાઉ ઘણા સત્પુરુષોનાં દર્શન થયેલાં, પણ તેમાંના એક પણ સંત પરત્વે એટલો પ્રેમભાવ નહિ પ્રગટેલો જેટલો પૂજ્ય શ્રીમોટા પરત્વે પ્રથમ દર્શને જ પ્રગટ્યો હતો.

આમ થતાં શ્રીમોટા, મુંબઈમાં અને સુરતમાં જ્યારે જ્યારે ભક્તોને ત્યાં જતા ત્યારે મને (હું સુરતમાં હોઉં ત્યારેય) તેમની સાથે જવાનું સદ્‌ભાગ્ય સાંપડેલું, તેમની સાથે પ્રશ્નોત્તર કરવાનો યોગ સાંપડેલો અને રોજબરોજ થતાં સત્સંગની ડાયરી રાખવાનું બનેલું.

આ ડાયરીમાંથી એક પુસ્તક **'શ્રીમોટા સાથે વાર્તાલાપ'** હરિઃૐ આશ્રમે પ્રસિદ્ધ કર્યું છે અને બીજું પુસ્તક આ **'શ્રીમોટાની સાથે સાથે'**. બીજા પુસ્તકની વિશેષતા એ છે કે 'તેમાં પૂજ્યશ્રીની પ્રવૃત્તિઓની, ખાસ કરીને મુંબઈમાંની, તારીખવાર ઉતારવામાં આવી

છે અને આમ લખવાની પ્રેરણા 'શ્રીરામકૃષ્ણ કથામૃત'માંથી મળી છે એ કબૂલ કરું છું.

હસ્તપ્રત જોઈ જનાર બે મિત્રોએ તથા નડિયાદ આશ્રમના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી ચીમનભાઈ શાહે હસ્તપ્રતનું કદ ત્રણસોમાંથી બસો પાનાં જેટલું કરવા અને 'સેલ્ફ પ્રોજેક્શન' (આપ વડાઈ) ન થઈ જાય તે રીતે સંપાદન કરવા સલાહ આપી.

આથી આખી હસ્તપ્રતનું પુનઃલેખન લગભગ એ રીતે કરવાનો પ્રયાસ કર્યો છે. આમ છતાં પૂજ્યશ્રીની પ્રવૃત્તિઓ વર્ણવતાં મારો અને મારાં સ્વજનોનો ઉલ્લેખ અનિવાર્યપણે થવાનો, તેથી જો કોઈને તેમાં આત્મગૌરવ કે આપ વડાઈ થતાં લાગે તો માફ કરશો.

પૂજ્યશ્રી સાથે આપણે વળગેલાં રહીએ તે વાસ્તે તેમણે મારા જેવાં અનેક ભાઈબહેનોને, વ્યક્તિગત પ્રકૃતિ મુજબ પોતપોતાનો 'ધર્મ' બજાવતા રહેવાનો આદેશ આપેલો, તે પ્રમાણે વર્તવા આ નમ્ર પ્રયાસ તેમની કૃપાથી થયો છે. આવાં લેખનકાર્યને મારા 'ધર્મ' તરીકે સ્વીકારવાનો તેમનો આદેશ હતો.

આ પુસ્તકની પ્રસ્તાવના જાણીતા સાક્ષર અને કેળવણીકાર શ્રી અમૃતલાલ યાજ્ઞિક સાહેબે લખી છે, તે બદલ તેમનો હું ખૂબ ઋણી છું.

પૂજ્યશ્રીના પડછાયા જેવા પૂજ્ય ભાઈએ (શ્રી નંદુભાઈ શાહ) જ સહુ પ્રથમ આ હસ્તપ્રત ઉપર નજર ફેરવીને પુસ્તકનું નામ **'શ્રીમોટાની સાથે સાથે'** સૂચવ્યું હતું, જે સહર્ષ સ્વીકાર્યું છે. તેમનો હું આભારી છું.

નડિયાદ આશ્રમના મૅનેજિંગ ટ્રસ્ટી **શ્રી ચીમનભાઈ શાહે** આ હસ્તપ્રત તૈયાર કરવા મને સતત ટકોરી ટકોરીને પ્રોત્સાહિત કરેલો તેનો ઉલ્લેખ કર્યા વિના રહી શકતો નથી, કેમ કે તે વિના કદાચ આ ડાયરીનું પ્રકાશન થઈ ન શકત. તેમનો તથા આશ્રમના કાર્યકારી મંડળનો હું આભારી છું.

જે મિત્રોએ મારા સંપાદનકાર્યમાં ક્ષતિઓ દર્શાવી આખી હસ્તપ્રતનું

પુનઃ લેખન કરવા પ્રેર્યો તેમનો પણ આભાર માન્યા વિના રહી શકતો નથી, કેમ કે તે કાર્ય કરતાં કરતાં પૂજ્યશ્રીની ચેતનાનો પ્રસાદ પ્રભુકૃપાએ પામી શક્યો છું.

પૂજ્યશ્રીની ૧૯૬૦-૭૦ કાળની પ્રવૃત્તિઓની આ ડાયરીમાંથી તેમના નિકટવર્તી ભક્તોને ખાસ નવું કાંઈ જાણવા જેવું કદાચ ન લાગે, કેટલીક વાતોનું પુનરાવર્તન લાગે, છતાં જેમણે પૂજ્યશ્રીને જોયા નથી, સાંભળ્યા નથી એવા તેમના નવી પેઢીના ભક્તોને, પ્રશંસકોને તેમની અનોખી, મૌલિક નીતિ-રીતિ-પ્રવૃત્તિનો પરિચય થયા વિના નહિ રહે, એ નિઃશંક છે.

**-રતિલાલ મહેતા**

૧૬૪, સહકાર નિવાસ,<br>
૨૦, તારદેવ રોડ,<br>
મુંબઈ-૪૦૦૦૩૪

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પોતાની ગુણ-ભાવના દ્યોતક યોજનાઓની પૂર્તિ અર્થે ૧૯૬૦થી પૂરજોશમાં ઝુંબેશ ઉપાડેલી અને તે અર્થે તેઓશ્રી ૧૯૬૦ થી ૧૯૭૨ દરમિયાન મુંબઈ બેચાર માસે ચારપાંચ દિવસનો કાર્યક્રમ કરીને જતા અને ભક્તો તથા પ્રશંસકોને મળીને ફંડ ભેગું કરતા, પણ ફંડ મેળવવું એ જ માત્ર તેમનું ધ્યેય ન હતું. તે દરમિયાન તેઓશ્રી તેમની અનોખી રીતે લોકોનાં દિલ જીતી લઈને તેમને પ્રભુમાર્ગે વાળવાનું મુખ્ય કાર્ય સીધો ઉપદેશ દીધા વિના પાર પાડતા.

આ પ્રવૃત્તિને કારણે તેમણે મુંબઈમાં ઘણાં ભાઈબહેનોને પોતાના 'મિત્ર' બનાવ્યાં, 'સ્વજન' બનાવ્યાં. (પૂજ્યશ્રી તેમના ભક્તોને હંમેશાં મિત્ર ગણતા હતા અને કહેતા કે 'હું કોઈનો ગુરુ નથી, કોઈ મારો શિષ્ય નથી.') આ રીતે આ પુસ્તકના સંપાદક શ્રી રતિલાલ મહેતા પૂજ્યશ્રીના સત્સંગમાં ૧૯૬૩માં પ્રથમ વાર આવ્યા ત્યારથી તેમણે પૂજ્યશ્રીની પ્રવૃત્તિની ડાયરી (રોજનીશી) શરૂ કરેલી.

તે રોજનીશી ઉપરથી **'શ્રીમોટા સાથે વાર્તાલાપ'** પુસ્તકનું સંપાદન તેમણે કરેલું અને હરિઃૐ આશ્રમે ૧૯૭૯માં પ્રથમ વાર પ્રસિદ્ધ કરેલું, જે ઠીક ઠીક લોકપ્રિય બન્યું છે અને તેની ચાર આવૃત્તિઓ પણ થઈ ચૂકી છે. બીજું પુસ્તક આ, **'શ્રીમોટાની સાથે સાથે'** તેમણે આ રીતે ડાયરીના રૂપમાં તૈયાર કર્યું છે, જેમાં શ્રીમોટાની મુખ્યત્વે મુંબઈમાંની પ્રવૃત્તિનો હેવાલ તારીખવાર રજૂ થયો છે.

અમારી વિનંતીને માન આપીને શ્રી રતિભાઈએ પુસ્તકનું કદ બને તેટલું નાનું કરવા તેનું પુનર્લેખન કર્યું છે, તેથી અમે તેમના આભારી છીએ. અને અનિવાર્ય સંજોગોને લીધે, તેના પ્રકાશનમાં વિલંબ થયો છે, તે બદલ દિલગીર છીએ.

પુસ્તકની પ્રસ્તાવના જાણીતા કેળવણીકાર, સાક્ષર અને વિદ્વાન પ્રાધ્યાપક શ્રી અમૃતલાલ યાજ્ઞિક સાહેબે ભાવસભર લખી છે, તે બદલ અમો તેમના ઋણી છીએ.

આશા છે કે પૂજ્ય શ્રીમોટા સાથેના પ્રશ્નોત્તરના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ અને લોકાદર પામેલ કેટલાંક પુસ્તકોની જેમ આ પુસ્તક પણ એક નવીન કૃતિ તરીકે રસપ્રદ નીવડશે, જિજ્ઞાસુઓને માર્ગદર્શક થશે.

આ પુસ્તકના પ્રકાશન ખર્ચમાં ઉદારતાથી સહાય કરનાર શ્રી સુરેશભાઈ વાડીલાલ શાહ (મુંબઈ)ના અમો ઘણા જ આભારી છીએ.

અંકન પ્રિન્ટર્સે ટૂંક સમયમાં અને સારી રીતે 'શ્રીમોટાની સાથે સાથે' પ્રસિદ્ધ કરવામાં જે ઉત્સાહ અને કાળજી દાખવ્યાં છે, તે કેમ ભુલાય ? આ માટે અમો તેમના ઘણા ઘણા આભારી છીએ.

તા. ૭-૭-૧૯૯૦ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

'શ્રીમોટાની સાથે સાથે' સંપાદક શ્રી રતિલાલ કે. મહેતાનું પ્રકાશન હરિઃૐ આશ્રમ, નડિયાદ તરફથી જુલાઈ, ૧૯૯૦માં થયું હતું. તેની બીજી આવૃત્તિ છપાવવા માટે લેખક-સંપાદકશ્રી રતિલાલ મહેતાની અમોએ અનુમતિ માગી હતી. તેઓએ સદ્ભાવથી આવી અનુમતિ આપી છે, તે બદલ અમો એમના આભારી છીએ. અને આ બીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકના પ્રકાશનમાં એક સ્વજને અમોને આર્થિક સહયોગ આપ્યો છે, તે બદલ અમો એમનું ઋણ સ્વીકારીએ છીએ અને હૃદયપૂર્વક તેમનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ ખૂબ જ ખંતથી અને ચીવટથી કરી આપવામાં દિલનો સહકાર આપ્યો છે, તે બદલ અમો તેમના આભારી છીએ.

આ પુસ્તકના ટાઇટલની આકર્ષક ડિઝાઇન તથા તેની પૉઝિટિવ કરી આપવા બદલ શ્રી તુષાર પટેલનો તથા આ પુસ્તકનું આવરણ ચાર રંગમાં છાપી આપનાર સાહિત્ય મુદ્રણાલયના નિયામક શ્રી શ્રેયસભાઈ પંડ્યાનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આશા છે કે ગુજરાતી અધ્યાત્મરસિક પ્રજા આ પુસ્તકને આવકારશે એવી શ્રદ્ધા છે.

તા. ૩૧-૮-૨૦૦૨ — **ટ્રસ્ટીમંડળ,**

જન્માષ્ટમી — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની જ્યાં પધરામણી હોય અને ત્યાં જે સત્સંગ થતો હોય, તેની ડાયરીના સ્વરૂપમાં નોંધ રખાયા બાદ, તે પુસ્તકના આકારે પ્રકાશિત થાય અને સ્વજનસમૂહને તે ઉપલબ્ધ થઈ શકે, તે એક અનોખા આનંદની વાત ગણાય.

મુંબઈના શ્રી રતિલાલ મહેતાને આ પ્રકારે નોંધ રાખવાનું નિમિત્તકાર્ય મળ્યું હોય, તેમ તે સુપેરે થયા કર્યું અને તેના ફળ સ્વરૂપ **'શ્રીમોટાની સાથે સાથે'**નું પ્રથમ પ્રકાશન સને ૧૯૯૦માં થયેલું. તે પછી સને ૨૦૦૨માં તેની બીજી આવૃત્તિ થઈ હતી.

હાલમાં આ પુસ્તકની પ્રતો ઉપલબ્ધ નથી અને સ્વજનોની તેના તરફની રુચિ વ્યક્ત થયા કરતી હોવાથી, આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૨૩-૭-૨૦૦૯ — **ટ્રસ્ટીમંડળ,**

પૂજ્ય શ્રીમોટાનો દેહત્યાગ દિન — હરિઃૐ આશ્રમ, સુરત

# શ્રીમોટાની સાથે સાથે

❑

શ્રી રતિલાલ મહેતા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું’

**-શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

॥ હરિઃૐ ॥

## (૧)

ગુણ દોષ મળે બંને માનવી જીવને સદા,
થવા નિર્મળ, જુવાની ઋતુ તે માટે યોગ્ય છે.
'જીવન પરાગ' - **શ્રીમોટા**

### ચૈત્ય સંબંધના શ્રીગણેશ

હરિઃૐ આશ્રમ, નડિયાદ-સુરતના પ્રણેતા પૂજ્ય શ્રીમોટા વિશે અમોએ ૧૯૬૨માં પ્રથમ વાર સાંભળેલું. તા. ૨૪-૧૨-૧૯૬૨ના રોજ રાંદેર (સુરત) આશ્રમે પ્રથમ વાર જવાનું થયું હતું ત્યારે શ્રીમોટા ત્યાં હાજર ન હતા. ભોંયરાવાળો મૌનમંદિરનો ઓરડો ખાલી હતો, તે જોયો. સર્વ પ્રકારની સુવિધા તેમાં હતી. એકવાર તો તેમાં થોડા દિવસ ગાળવાનું મન થઈ ગયું. એક સેવક શ્રી ઝીણાભાઈ (હાલના નિવાસી ટ્રસ્ટી) ત્યારે હાજર હતા. તેમણે મૌનમંદિર વિશે માહિતી આપી અને પ્રસાદ પણ આપ્યો.

તા. ૧૫-૧૦-૧૯૬૩ થી તા. ૨૨-૧૦-૧૯૬૩ સુધી પ્રથમ વાર રાંદેરના મૌનમંદિરમાં અમો પતિપત્નીને બેસવાનું થયું. મૌનમંદિરમાં બેસતાં પૂજ્ય શ્રીમોટા સાથે સૂક્ષ્મ ચૈત્ય સંબંધ બંધાવાના શ્રીગણેશ થઈ જાય છે. એ રીતે શ્રીમોટા સાથે નિકટ આવવાનું વધુ બન્યું. પત્રવ્યવહાર થવા લાગ્યો. તેમની પ્રેમ-પ્રસાદીનો અનુભવ થવા લાગ્યો. આટલી પ્રસ્તાવના પછી તા. ૧૯-૦૨-૧૯૬૩, મંગળવારના રોજ તેમની સાથે થયેલી પ્રથમ સત્સંગની વાત નોંધીશું.

### શ્રદ્ધા પ્રમાણે કરવું

શિરડીવાળા સાંઈબાબા પરત્વે અમને બધાંને દિલ લાગેલું. એટલે અન્યત્ર જવાનું મન થતું ન હતું,પણ મારાં પત્ની કીર્તિદા

કહે કે ‘ચોથા માળે હરમુખભાઈ જોગીને ત્યાં જે મહાત્મા પધાર્યા છે, તે ભાવનગરમાં બાલ અધ્યાપનમંદિરમાં અમારી સાથે ભણેલા સોમાભાઈ ભાવસારના★ મોટાભાઈ છે. સોમાભાઈ ત્યારે કહેતા કે ‘મારા એક મોટાભાઈ સાધના કરે છે અને સ્મશાનમાં સૂઈ રહે છે.દિવસના હરિજનશાળા ચલાવે છે...’ એ જ મહાત્મા પધાર્યા છે. માટે એકવાર તો જાઓ અને જુઓ.’ એથી જવાનું નક્કી કર્યું.

સવારના આઠ વાગ્યાનો સમય હતો. પાટ ઉપર પાથરેલા ગાદીતકિયા ઉપર તેઓ બિરાજ્યા હતા. તદ્દન સ્વચ્છ સફેદ લુંગી અને માથે તેવો ફેંટો. બાકીનું બદન ખુલ્લું. મુખારવિંદ ચમકતું, તદ્દન સ્વચ્છ. ઊભડક બેઠેલા. ઢીંચણ ઉપર બે હાથ ટેકવીને. તેમની સામેની બેઠક ઉપર મોટા લાંબા વાળવાળા, ગૌર વર્ણના-તેજસ્વી મુખમુદ્રાવાળા સફેદ લુંગી પહેરેલ આધેડ વયના ભાઈ બેસીને કંઈક લખી રહ્યા હતા. તેઓ પૂજ્ય શ્રીમોટાના શિષ્ય તથા અંગતમંત્રી શ્રી નંદુભાઈ શાહ હતા. બીજી બાજુએ યજમાન હરમુખભાઈ જોગી અને તેમના દીકરા ધીરેશભાઈ બેઠેલા.

શ્રીમોટાની નજીક જઈ મેં તો નીચા નમીને નમસ્કાર કર્યા અને એક બાજુએ બેઠો. હરમુખભાઈએ મારી ઓળખાણ આપતાં કહ્યું, ‘આ ભાઈ છઠ્ઠા માળે રહે છે, ઑડિટર છે.’ તેઓએ ભાવ વ્યક્ત કર્યો. મને કંઈક પૂછવાનું મન થયું. મહાત્માને બધાં ‘મોટા’ કહીને સંબોધે, પણ મને તેમ બોલતાં સંકોચ થતો હતો. એટલે શરૂઆત આમ કરી :

---

★ સોમાભાઈ જાણીતા બાળ કાવ્યોના કવિ, બાળ કેળવણીકાર, લેખક અને સ્વાતંત્ર્ય સેનાની હતા. તા. ૮-૫-૧૯૮૪ના રોજ દેવલોક થયા હતા.

'મહારાજ, એકબે પ્રશ્ન પૂછી શકું ?' 'જરૂર પૂછો.'

**પ્રશ્ન :** 'વેદાંતીઓ કહે છે કે મુક્તાત્માનું શરીર પંચભૂતમાં મળી જાય, પછી શા સારુ તે સંસારીઓની કડાકૂટમાં પડે ? આપ શું કહો છો ?'

**શ્રીમોટા :** 'ગીતામાં નથી કહ્યું કે ઈશ્વર અવતાર લે છે ? તેવી રીતે સંતો પણ સૂક્ષ્મરૂપે તેના ભક્તોને માર્ગદર્શન કરતા હોય છે.'

શ્રીમોટાના અંગતમંત્રી શ્રી નંદુભાઈએ કહ્યું, 'સ્વામી વિવેકાનંદના પ્રસંગમાં શ્રીરામકૃષ્ણ પરમહંસે માર્ગદર્શન નહોતું કર્યું ?'

'હા જી, આપણે એવું વાંચ્યું છે, સાંભળ્યું છે, પરંતુ બીજા સંન્યાસીઓ તથા જ્ઞાનીઓ બીજું કંઈ કહેતા હોય છે, એથી શંકા ઊપજે છે. તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'શ્રદ્ધા પ્રમાણે કરવું. જે કરતા હોય તે કર્યા કરવું.'

### શંકાનું નિવારણ

**પ્રશ્ન :** 'દેહથી લુપ્ત થયેલ સંતોની લીલાઓ આપણે જોઈએ તથા અનુભવીએ છીએ, તોયે કોઈ કોઈ વાર, ઘણી વાર, 'આમ થતું હશે ?' એવી શંકા ઊપજે છે. એનું શું કારણ ?એનું શું નિવારણ ?'

**શ્રીમોટા :** 'એનું કારણ આપણે 'થ્રી ડાઈમેન્શનલ વર્લ્ડ' (ત્રિગુણાત્મક જગતમાં ) રહીએ છીએ તે છે. પેલા સંતોને કોઈ મર્યાદા હોતી નથી. એટલે આપણી બુદ્ધિનો ગજ તેને માપી નહિ શકે. માટે શ્રદ્ધા રાખવી. વિદેહી સંતો આપણું દરેક રીતે યોગક્ષેમ વહે છે. ગીતામાં કહ્યું જ છે તેમ.'

**પ્રશ્ન :** ‘મારા સાંભળવામાં આવ્યું છે કે આપશ્રી ઉપાસની મહારાજ પાસે રહેલા ?’

**શ્રીમોટાઃ** ‘હા, મને પ્રસંગો સાંપડ્યા હતા.’

**પ્રશ્ન :** ‘આપે સાંઈબાબાનાં દર્શન કરેલાં ?’

**શ્રીમોટાઃ** ‘ના, તે વખતે મારી ઉંમર વીસેક વર્ષની હતી’★

થોડી ક્ષણ મારી સામે ટીકીને જોઈ રહ્યા, પછી તેઓશ્રીએ ધીરેશભાઈને કહ્યું, ‘ સાહેબને (સંપાદકને) **‘જીવનદર્શન’** (તેઓનું એક પુસ્તક) વાંચવા આપજો.’

‘સાહેબ’નો શબ્દપ્રયોગ પૂજ્ય શ્રીમોટા ઘણી વાર નવા આગંતુકો માટે, મોટી ઉંમરના અને જાહેરમાં ઊંચું સ્થાન ધરાવતા મહાનુભાવો માટે કરતા.

■

**(૨)**

‘જાપનું ઉદ્‌ભવસ્થાન હૃદય છે. જો જાપ હૃદયના ધબકારા સાથે કરીએ તો ધ્યાન પણ આપોઆપ ત્યાં રહેશે.’

‘જીવન પરાગ’ **-શ્રીમોટા**

## મુંબઈમાં શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા તા. ૩૦-૧૨-૧૯૬૩ની વહેલી સવારે મુંબઈ પધાર્યા. અમે ચારપાંચ જણ તેઓશ્રીને આવકારવા સ્ટેશને ગયાં હતાં. ગાડીમાંથી ઊતરતાં બધાંએ તેમની ચરણરજ લીધી. તેમણે ઘરનાં બધાંની ખબર પૂછી. પછી ‘અમે સાંજે આવીશું ’ એમ

---

૧. સાંઈબાબાનો દેહોત્સર્ગ તા. ૧૫-૧૦-૧૯૧૮ના રોજ દશેરાના દિવસે થયેલો.

તેઓશ્રીએ કહ્યું અને તેઓશ્રી શેઠ શ્રી નટવરભાઈ ચિનાઈની★ સાથે તેમના 'ફ્લૅટ' ઉપર, વાલકેશ્વર ગયા.

સાંજે છમાં દસ મિનિટે હું, સહકાર નિવાસના બીજા માળે હરમુખભાઈ જોગીને ત્યાં પૂજ્ય શ્રીમોટાને લેવા ગયો ત્યારે તેઓશ્રી સ્નાન કરવા ગયા હતા. સ્નાન કરીને બહાર આવતાં જ યજમાને તેઓશ્રીને માથે અને કપાળે ચંદનનો લેપ કર્યો અને પૂજા કરી. હરમુખભાઈએ રેશમી સાડી જેવી લુંગી તેઓશ્રીને પહેરાવી, જે છાતી આગળથી તે પગની પાની સુધી પહોંચતી હતી. પછી તેઓશ્રીએ પગમાં કાળા, ગરમ કાપડના મુલાયમ એડી વગરના બૂટ પહેર્યા અને બધાં અમારી છઠ્ઠામાળની રૂમમાં આવ્યાં.

ગૃહદ્વારે જ સંપાદકનાં પત્ની કીર્તિદા તથા ઇંદુબહેન ભટ્ટે આરતીથી સ્વાગત કર્યું. પૂજ્યશ્રીએ પૂછ્યું કે 'ક્યાં બેસું ?' પછી તેમને સોફા ઉપર બેસાડ્યા. તેમના અંતેવાસી શ્રી નંદુભાઈ નીચે બેઠા. પૂજ્યશ્રી તથા બીજાં સ્વજનો શ્રી નંદુભાઈને 'ભાઈ' કહી બોલાવતાં.

## કુંડલિની ક્યારે જાગે ?

પૂજ્ય શ્રીમોટાની પાદપૂજા દૂધ અને અન્ય સામગ્રીથી કરી અને પછી આરતી કરી ત્યારે તેઓશ્રી આંખો મીંચીને સમાધિમાં ગયા હોય એમ જણાયા - તદ્દન સ્થિર અને સ્તબ્ધ, મૂર્તિની જેમ. જાગ્રત થતાં તેઓશ્રીને દક્ષિણા તથા ખાદીની લુંગી અર્પણ કરવામાં આવ્યાં. પછી અંદરના રૂમમાં લઈ જઈને તેમને પ્રસાદ આપ્યો. બહાર બેઠેલાંઓને પ્રસાદ વહેંચવા તેમણે કહ્યું અને

★ શ્રી નટવરભાઈ ચિનાઈ હાલ હયાત નથી. શ્રીમોટા, જ્યારે મુંબઈ પધારતા ત્યારે સહુ પ્રથમ શેઠ નટવરભાઈને ત્યાં જતાં, એક કલાક કે એક દિવસ ત્યાં રોકાતા અને પછી અન્યત્ર જવાનું હોય ત્યાં જતાં.

પછી તેઓશ્રી બહાર આવ્યા. ભેગાં થયેલ ભાઈબહેનોની ઓળખવિધિ તેમના કહેવાથી કરી.

ઇંદુબહેન ભટ્ટે તેમને અનુભવાતાં 'વાઈબ્રેશન્સ'-આંદોલનો વિશે પૂછ્યું. પૂજ્ય શ્રીમોટાએ કહ્યું કે 'કુંડલિની જાગે તો જ 'વાઈબ્રેશન્સ'નો અનુભવ થાય અને કુંડલિની ક્યારે જાગે ?' તો જ્યારે માણસ શુદ્ધ અને પવિત્ર બને તથા કામક્રોધાદિ ત્યજે ત્યારે કુંડલિની જાગે. જેની કુંડલિની જાગે તે માણસ ખૂબ સ્ફૂર્તિવાળો બને, એકદમ સાત્ત્વિક કાર્યો કરે, પ્રભુમય જીવન ગાળે તથા તેનામાં સાત્ત્વિક ગુણો પ્રગટે.'

**જપ કરવા વિશે**

એ જ બહેને પૂછ્યું, 'જપ બહુ કરવા નુકસાનકર્તા છે?' **શ્રીમોટા :** 'ના, જેટલા બને તેટલા જપ કરવા. એમાં ઘણો ફાયદો છે. ગણતરી રાખવાની જરૂર નથી. વળી, યાંત્રિક જપ કરવાથી કાંઈ વળે નહિ. ભાવથી ભરપૂર બનીને જપ કરો ત્યારે ગુરુ અને શિષ્ય વચ્ચે એકત્વ સધાય. એવી એકતા થાય ત્યારે સાધના ફલિત થાય અને એવી સ્થિતિએ ત્યારે જ પહોંચાય કે જ્યારે ભક્ત ક્ષણે ક્ષણ ઈશ્વરચિંતન કરતો હોય. અર્થાત્ 'વૉલ્કેનિક'- જ્વાળામુખી શી તેનામાં તમન્ના હોય.'

અમારા પાડોશી ચંપકભાઈએ પૂછ્યું, 'હ્રીં, ક્લીં' વગેરે મંત્રો કરવા કે નહિ?'

**શ્રીમોટા :** 'એ તાંત્રિક મંત્રો કરવા સલાહભર્યું નથી. એથી ઊલટું નુકસાન થાય.'

**'- તો હું તને પગે પડું '**

ઇંદુબહેન કહે, 'સંસારના વ્યવહાર પૂરતું હું સ્ત્રી તરીકે મારી

જાતને ગણું છું, પણ બીજા સંબંધોમાં હું કોઈ ભેદ જોતી નથી, એવી સ્થિતિએ પહોંચી છું.'

શ્રીમોટાએ આંખમાં ચમક સાથે કહ્યું, 'એ બહુ સારું કહેવાય. એવું હોય તો ભગવાન મળે અને હું તને પગે પડું.' આ સાંભળીને હાજર રહેલાં બધાં મોટેથી હસી પડ્યાં ત્યારે ઇંદુબહેને શરમાઈ જઈને પૂજ્ય શ્રીમોટાના પગ પકડી માથું નમાવ્યું.

ગોપાલે પૂછ્યું, 'કાયા અને વાચાથી ભગવાન વિશે કંઈક સાધના થાય છે, પરંતુ મનસા એટલે કે મનથી જોઈએ તેવી થતી નથી, તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'કોઈ વાંધો નહિ. પ્રયત્ન જારી રાખો. શ્રદ્ધા અને પ્રેમથી આગળ વધો અને કામ કરતા જાઓ. ઈશ્વરપંથે જરૂર પ્રગતિ થશે.'

**'- તો બીજા જન્મમાં ફળ મળે'**

સંપાદકે પૂછ્યું, 'આપણાં પવિત્ર શાસ્ત્રો જેવાં કે ગીતા, રામાયણ, શ્રીમદ્ ભાગવત અને વિષ્ણુસહસ્રનામ વગેરેનાં અંતમાં એમ લખવામાં આવેલું છે કે 'આનું પઠન કરવાથી ફલાણું ફળ મળશે,' તો તેનું શું સમજવું ?'

**શ્રીમોટા :** 'એ બધું લોકોને વાંચતા કરવા લખ્યું છે. જો એમ જ થતું હોય તો જેઓ હજારો વાર વાંચતા હોય છે, તેઓ તો એવા ને એવા જ કોરા રહેલા છે. હા, તે સાવ નકામું જતું નથી. વારંવાર વાંચવાથી તેના સંસ્કાર પડે છે, અને સમય જતાં તેની અસર આપણા જીવન ઉપર થાય અને જો આચારવિચાર સુધરી જાય તો બીજા જન્મમાંયે તેનું ફળ મળે.'

**'...તેનાથી કાંઈ વળે નહિ'**

લગભગ એક કલાક સુધી સત્સંગ કરાવીને તેઓશ્રી તેમના

યજમાન હરમુખભાઈ જોગીને ત્યાં જવા ઊભા થયા. 'લિફ્ટ' આગળ થોભતાં પહેલાં ચંપકભાઈ, શ્રીમોટાને કહે, 'મારા માથે આપનો હાથ મૂકો જેથી શાંતિ મળે.' શ્રીમોટા જરા ચીડમાં ભારપૂર્વક કહે, 'લ્યો, આ હાથ મૂક્યો.' એમ કહીને તેમણે બે વાર તે ભાઈના માથા ઉપર હાથ મૂક્યો અને પછી બોલ્યા, 'પણ તેનાથી કાંઈ વળે નહિ. માણસે મહેનત કરવી જોઈએ. સંતો એમ કંઈ કશું આપી દેતા હોતા નથી. ખોટી શ્રદ્ધા ન રાખવી. હા, ભક્તિભાવ રાખો, પણ સાથે સાથે પુરુષાર્થ અને સાધના જેવું કંઈક કરવું તો જોઈએને ? તો જ લાભ થાય.' એટલામાં 'લિફ્ટ' આવી અને શ્રીમોટા તેમાં ગયા, સાથે ચંપકભાઈને પણ લઈ ગયા.

અને તા.૩૧-૧૨-૧૯૬૩ના રોજ પૂજ્યશ્રી પાછા સુરત ગયા.

■

**(૩)**

જીવન ધ્યેયના માર્ગે યુદ્ધમાં જે ખપી જશે,
પોતાને ધન્ય માને તે એવા ભાવ ઝીલી શકે.

**-શ્રીમોટા**

### વ્યાયામ અને વિદ્યાના પ્રચાર માટે

શ્રીમોટા તા.૨૮-૧-૧૯૬૪, મંગળવારના રોજ મુંબઈ પધાર્યા. સૌ પહેલાં તેઓશ્રી શેઠ નટવરભાઈ ચિનાઈને ત્યાં ગયા અને પછી સહકાર નિવાસમાં હરમુખભાઈ જોગીને ત્યાં પધાર્યા. મુંબઈમાં ગમે તેટલા દિવસ રહેવાનું હોય તોપણ તેમનો કાયમનો નિવાસ હરમુખભાઈને ત્યાં હોય. ત્યાંથી જે કોઈ ભક્તનું આમંત્રણ હોય, તેને ત્યાં એકબે દિવસ માટે જતા. આ વખતે તેમની યોજના હતી- વ્યાયામ અને વિદ્યાના પ્રચાર માટે રૂપિયા બાવન હજાર ભેગા કરવાની.

## વિરોધી મત ધરાવનારાનીયે કદર

બપોરે ચોપાટી ખાતે તેઓશ્રી એક ભાઈને ત્યાં અમારી વિનંતીથી ગયા. ત્યાંથી તેમને રૂપિયા ૨૫૧/- મળ્યા. બસો એકાવન એટલે આજના બે હજાર રૂપિયા.

પછી રાત્રે પૂજ્ય કેદારનાથજીના ભક્ત ખાંતિલાલ મોદીને ત્યાં ગયા. તેમણે આધ્યાત્મિક વાતોમાં રસ દાખવ્યો. શ્રીમોટાએ 'ગુણ અને ભાવ'ના વિકાસાર્થે આ પ્રવૃત્તિ ઉપાડી છે એમ જણાવ્યું. ખાંતિભાઈએ કહ્યું કે 'જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ સાચા જીવનમાં માને છે, પરંતુ પરમ તત્ત્વની પિછાણ કોઈક જ કરી શકે છે, તો તેનાથી ફાયદો શું ?'

**શ્રીમોટા :** 'એ તો અનુભવીને જે લાગે તે ખરું.'

**ખાંતિભાઈ :** 'તો તે અનુભવ શું હશે ?'

**શ્રીમોટા :** 'આવી વાતો નિરાંતે થાય. રાતના સવા નવ વાગી ગયા છે. ફરી કોઈ વાર વાતો કરીશું.' અને તેમણે જવાની તૈયારી કરી.

**ખાંતિભાઈ :** 'આપ ન આવ્યા હોત તો ચાલત. આપને ઘણી તકલીફ આપી.'

'ના, ના. આપને મળીને મને ઘણું જાણવાનું મળ્યું છે, કશું ગુમાવ્યું નથી.' એમ શ્રીમોટાએ કહ્યું ત્યારે તે ભાઈ કહે, 'આપના આગમનથી મારું ઘર પાવન થયું છે...' બીજા દિવસે તેમણે રૂપિયા ૧૦૧/-નો ચેક મોકલી આપ્યો. રસ્તામાં પૂજ્ય શ્રીમોટા કહે કે 'વેપારી હોવા છતાં ખાંતિભાઈ જેવાં રત્નો આજે પણ સમાજમાં છે, એ ઘણું સારું કહેવાય.' આમ, તેઓશ્રી પોતાનાથી વિરોધી મત ધરાવનારાઓના મતનીયે કદર કરતા હતા.

**જોઈને સુખનાં આંસુ આવે !**

બીજા દિવસે તા. ૨૯-૧-૧૯૬૪ના રોજ તેઓશ્રી શેઠ ઠાકરસીને ત્યાં ગયેલા. શેઠની નમ્રતા અને ભાવનાની તેમના ઉપર સારી છાપ પડી હતી. રાત્રે ચંપકલાલ શાહને ત્યાં સાંતાક્રુઝ ગયા. શ્રી નંદુભાઈએ, ચંપકભાઈનાં પત્ની નર્મદાબહેનને જોઈને પૂછ્યું, 'તમે નાથાલાલભાઈનાં દીકરી ?' 'હા જી.' નાથાલાલ-ભાઈ સાબરમતી આશ્રમે રહેતા હતા ત્યારે શ્રી નંદુભાઈ પણ ત્યાં હતા. વચ્ચે કેટલાં બધાં વર્ષોનો ગાળો, છતાંય ઓળખતાં વાર ન લાગી ! ત્યાંથી રૂપિયા ૫૦૧/- નો ચેક મળ્યો. શ્રી નંદુભાઈ રસીદ બનાવીને શ્રીમોટાને આપે અને શ્રીમોટા, દાતાને આપે એવું ઘણી વાર જોવામાં આવ્યું છે અને તે પછી તેઓશ્રી હાથ જોડીને વિદાય માગે ત્યારે સામેવાળા ગદ્ગદ થઈ જાય.

પાછા વળતાં લગભગ ચાળીસ વર્ષ જૂના ભક્ત-મિત્ર (એક વખતના શ્રીમોટાના ઉપરી) શ્રી હેમંતકુમાર નીલકંઠને ત્યાં ખાર ગયા. શ્રીમોટા, હેમંતદાદાને બહુ પ્રેમથી ભેટ્યા, જે જોઈને સુખનાં આંસુ આવે ! છૂટા પડતાં બંને ફરી ભેટ્યા. રાત્રે ઘરે પહોંચતા અગિયાર વાગી ગયા હતા.

**બીજાઓ સમજી નહિ શકે**

તા. ૩૦-૧-૧૯૬૪, ગુરુવાર, શ્રી નંદુભાઈ એકલા હતા ત્યારે તેમની સાથે પૂજ્ય ગોદાવરી માતા (સાકોરીવાળાં) વિશે વાતો થઈ. શ્રીઉપાસની બાબા વિના કારણે દુર્ગાબાઈની ખોટી ફરિયાદોને કારણે ગોદાવરી માતાને (સાધક અવસ્થા દરમિયાન) મારતા. 'એ ખોટું ન કહેવાય ?' એમ પૂછતાં શ્રી નંદુભાઈ કહે, 'એમનું એ વર્તન આપણી સમજની બહાર છે. વિના કારણે કોઈને મારવું એ શ્રીઉપાસની બાબાનું એક લક્ષણ હતું. શ્રીમોટામાં

પણ એવું લક્ષણ છે. એ બધા કયા હેતુથી તેમ વર્તતા હશે તે સમજાય એમ નથી.'

એટલામાં શ્રીમોટા પધાર્યા અને ખાટલા ઉપર બિરાજ્યા. તેમની આગળ અમારો પ્રશ્ન શ્રી નંદુભાઈએ રજૂ કર્યો. એટલે પૂજ્યશ્રી કહે, 'દુર્ગાબાઈ, ગોદાવરી માતાને મારતાં તે તેમના સ્વાર્થને કારણે, અને શ્રીઉપાસની બાબા મારતા તે ગોદાવરી માતાના ઉત્કર્ષને માટે, જે બીજાઓની સમજમાં આવી નહિ શકે. હું આવો અર્થ ઘટાવું છું.★'

**યોગીજનોની નિરાળી વાતો**

શ્રીમોટાએ પોતાની એક વાત કહી : 'મારા ગુરુમહારાજે મને એકવાર એક માણસ રસ્તેથી જઈ રહ્યો હતો તેને બતાવીને કહ્યું, 'પેલા માણસને પથરો માર. માર, માર સાલાને, લોહી-લુહાણ થઈ જાય એવી રીતે માર !' ગુરુનો હુકમ કેમ તોડાય ? એટલે પેલા અજાણ્યા માણસને મેં પથરો માર્યો, ભગવાનનું નામ લઈને. હું શું કરું ? મેં તો હુકમ પાળ્યો. પેલો માણસ મારી પાસે આવીને મને ધમકાવે, 'અલ્યા, કેમ પથ્થર માર્યો ? મેં તારું શું બગાડ્યું હતું ?' મેં કહ્યું, 'જો, મારી ઇચ્છાથી નથી માર્યો. પણે, પેલા ગુરુમહારાજ(ધૂણીવાળા દાદા) બેઠા છે. તેમણે તને મારવા મને હુકમ કરેલો. એટલે મેં પથ્થર માર્યો.' એટલે એ ગુરુમહારાજ પાસે ગયો અને પૃચ્છા કરી ત્યારે ગુરુમહારાજે તેમની ટેવ મુજબ તેને બરાબર ખખડાવ્યો અને કેવાં ખરાબ કામ કરવા જઈ રહ્યો

---

★ શ્રીમોટા તેમના સાધનાકાળ દરમિયાન શ્રીઉપાસની બાબાના આશ્રમે બાબાના સૂક્ષ્મ દોરી સંચારથી ગયેલા ત્યારે શ્રીમોટાને તેમની (બાબાની) સામે છસાત દિવસ સુધી મળમૂત્રના ખાબોચિયામાં ધ્યાનમગ્ન બેસી રહેવાનું બનેલું.

હતો તે કહી બતાવ્યું ! આમ, તેને ખોટાં કામ કરતો અટકાવવા પથરો માર્યો હતો. પેલો શરમાઈને ગુરુ-મહારાજને પગે પડ્યો, તથા રડીને તેણે પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો. આમ યોગીજનોની વાતો નિરાળી હોય છે.'

**સાંઈબાબાએ પથ્થર માર્યો**

ત્યાર બાદ સાંઈબાબાએ તેમને પથ્થર મારેલો તે વાત કહી. તેઓશ્રી આજે અનોખા ભાવમાં હતા. આનંદથી વાતો કહેતા હતા ત્યારે ભાઈ ધીરેશ સહિત અમે ત્રણ જણ જ હાજર હતા. શ્રી નંદુભાઈ ફોન ઉપર વાત કરતા હતા. તેમને ખલેલ ના પડે તેટલા વાસ્તે અમે ત્રણે જણ શ્રીમોટાની છેક પાસે બેઠેલા. શ્રીમોટા, ખાટલાની કિનાર ઉપર નમીને બોલતા હતા. એટલે તેઓશ્રીના પગ દબાવવાની પણ અમને તક મળી. તેમણે કહ્યું, 'જ્યારે હું કરાંચીમાં (૧૯૩૮) હતો ત્યારે એકવાર કાળીચૌદશની રાતે દરિયા ઉપર ગયો હતો અને એક સારો ખડક જોઈને તેના ઉપર ધ્યાન ધરવા બેઠો. જ્યારે ધ્યાનમાં તન્મય થવાની અણી ઉપર હતો ત્યારે એક ફકીર જેવો દેખાતો પુરુષ મારાથી થોડે દૂર આવીને ઊભો રહ્યો. એટલે મેં જાગ્રત થઈને ઊભા થઈને ફકીરને સલામ કરી.' ફકીરે મને પૂછ્યું, 'ઈધર ક્યોં બૈઠા હૈ ?'

'ભગવાન કે ધ્યાનમેં.' ઉત્તર વાળ્યો.

'નહીં, ઈધર તુમ નહીં બૈઠ સકતા.'

'ક્યોં ?'

'યહ મસ્ત લોગોં કી જગહ હૈ.'

'મુજે ભી મસ્ત બનના હૈ.'

'લેકિન ઈધર સે તુમ ચલે જાઓ.'

'નહીં જા સકતા.'

'તો મારેગા.'

'બહુત અચ્છા.' એટલી જ નિર્ભયતા અને મક્કમતાથી મેં જવાબ આપ્યો.

એટલે ફકીરે એક મોટો પથ્થર ઉપાડીને મારા માથા ઉપર ફેંક્યો. પથ્થર માથાને ના વાગ્યો, પણ માથાના વાળને આબાદ રીતે સ્પર્શ કરીને પસાર થઈ ગયો !બચી જવાથી આશ્ચર્ય થયું એટલું જ નહિ, આખા શરીરે જાણે વીજળીનો આંચકો લાગ્યો ! ખૂબ આનંદ થયો. અંતરમાં અંતરથી લાગી ગયું કે આવો મોટો પથ્થર આવી આબાદ કળથી ફેંકનાર માનવી કોઈ સામાન્ય ન હોય, પરંતુ કોઈ દેવાંશી આત્મા જ હોય. એટલે નીચા નમીને તેમનાં ચરણો પકડી લીધા અને તુરત જ ઊંડા ધ્યાનમાં ઊતરી જવાયું. કેટલીક વાર પછી પગની પકડ છૂટી ગઈ અથવા તે મહાત્માએ છોડાવી અને વહેલી સવારે હું મારા ઉતારે ગયો.

**સાંઈબાબાની મદદ**

આજની વાતો સાંભળી અમને બધાંને ખૂબ આનંદ થયો. આજનો ગુરુવાર સફળ થયો. શ્રીમોટાએ આગળ કહ્યું,

'તે વખતે કરાંચીમાંથી 'કરાંચી ડેઇલી' નામનું દૈનિક પ્રગટ થતું હતું, જેના તંત્રી તરીકે શર્માજી કરીને હતા. તેમને મળવાનું થયું. તેમની આંગળી ઉપર એક વીંટી હતી, જેની ઉપર એક છબી જડેલી હતી. તે જોઈને મેં પૂછ્યું,'આ કોની છબી છે ?' 'સાંઈબાબાની.' એમ ?મેં ગઈકાલે એમનાં દર્શન કર્યાં.' અને રાત્રે બનેલી બધી વાત તેમને કહી ત્યારે શર્માજીએ પૂછ્યું, 'એ કેવી રીતે બને ? તેમનો દેહ ૧૯૧૮માં પડ્યો. આજે એ વાતને ૨૦ વર્ષ થયાં ! એ ક્યાંથી હોય ?'...

તમારે એમની મોટી છબી જોવી છે ? એમ કહીને ગળામાં પહેરેલી સાંકળીના લૉકેટમાં જડેલી સાંઈબાબાની છબી બતાવી. એ જોઈને મેં કહ્યું, 'બરાબર, આમનું જ મને પ્રત્યક્ષ દર્શન થયેલું.'

'પછી તો મારે ઘણી વાર સાંઈબાબાને મળવાનું થતું.'

અમે પૂછ્યું, 'કેવી રીતે મળવાનું થયેલું ?'

**શ્રીમોટા :** 'સાંઈબાબા અમુક ટાઈમે ક્યાં હશે એ હું ધ્યાન દ્વારા જોઈ લેતો. એવી રીતે એકવાર સાંઈબાબાએ કહ્યું હતું કે 'તું મારા સ્થાન ઉપર શિરડી જા.' અને ૧૯૪૬માં હું કોઈકની★ સાથે.' શિરડી ગયો હતો.

વધુમાં શ્રીમોટાએ કહ્યું, 'હું, સાંઈબાબાએ બતાવેલી સાધના કરતાં કરતાં જાંઘ, બગલ અને એવી જગ્યાએ દાઝી ગયો હતો, ડૉક્ટરે તે જોઈને કહેલું કે 'કોઈ માણસ આવી રીતે દાઝી ન જાય. આ તો વિચિત્ર જણાય છે', પછી સાંઈબાબાએ તે સાધના વધુ વાર ન કરવા ફરમાવ્યું અને મેં તે છોડી દીધી.'

**સાધન કરના ચાહિયે મનવા !**

સાંજે સાડા ચાર વાગ્યે પેડર રોડ ઉપર ભાસ્કરભાઈ અધ્યારુને ત્યાં શ્રીમોટા અને મંડળી પહોંચી. ફ્લૅટનો દરવાજો ખુલ્લો હતો. અગરબત્તીની સુવાસ વાતાવરણને ભરી દેતી હતી. શ્રીમોટાએ ગૃહપ્રવેશ કરતાં જ શ્રીમતી સ્ત્રોતસ્વિનીબહેને કંકુ, અક્ષત અને ફૂલહારથી તેઓશ્રીનું સ્વાગત કરીને એક કોચ ઉપર બેસાડ્યા. ખાસ વાતચીત થતી ન હતી, તેથી શ્રીમોટાની રજા લઈને,

---

★ શ્રી પરસદભાઈ એમ. મહેતાને શિરડીમાં એક માસ સુધી મૌનમાં બેસાડેલા. પરસદભાઈ કરાંચીમાં 'સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપનીના મૅનેજર અને કવિ નરસિંહરાવ દિવેટિયાના જમાઈ થતા હતા. શ્રીમોટા તેમને 'બાપુ' કહેતા.

ભાસ્કરભાઈએ ભજનોની રેકૉર્ડ ચડાવી. 'ચિદાનંદરૂપ : શિવોऽહમ્ શિવોऽહમ્ અને 'સાધન કરના ચાહિએ મનવા' એવાં દિલીપકુમાર રૉયે ગાયેલ ભજનો સાંભળ્યાં. વાતાવરણમાં સાત્ત્વિક, ગહન અને આનંદદાયી ગંભીરતા છવાઈ ગઈ. બધાં શાંત હતાં. કોઈ બોલતું ન હતું. શ્રીમોટા, અર્ધી મીંચેલી આંખે ધીમે ધીમે તાળી પાડતા હતા.

ભજનો પૂરાં થયાં પછી શ્રીમોટાએ કહ્યું, 'શંકરાચાર્ય મહાપ્રભુએ નર્યું વેદાંત લખ્યું છે, પણ સાથે સાથે કેવો ભક્તિભાવ છે ! બંનેનો સુમેળ છે. એટલે આપણને અસર કરી જાય છે.'

તે બાદ ભાસ્કરભાઈએ દાનની રકમ રૂપિયા ૨૫૧/-નું કવર અને અગરબત્તીનું એક પૅકેટ શ્રીમોટાને અર્પણ કર્યું ત્યારે તેઓશ્રીએ પતિપત્ની બંનેને કોઈક વાર આશ્રમે આવવા કહ્યું. સ્રોતસ્વિનીબહેને પૂજ્યશ્રી પ્રત્યે પોતાનો ભાવ કાયમ રહે એવું કરવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ સ્મિત વેર્યું અને વિદાય થયા.

અમારી મંડળીમાંના ચીમનભાઈ મહાજને રસ્તામાં કહ્યું કે 'હમણાં માણેલી શાંતિ અને સાત્ત્વિક આનંદ દરેક ઠેકાણે મળતો હોતો નથી. એ તો પેલાં પતિપત્નીની ભાવના અને પૂજ્ય શ્રીમોટાની હાજરીનો પ્રતાપ હતો !'

શ્રીમોટાએ કહ્યું, 'સાધન કરના ચાહિએ મનવા.' 'બરાબર મોટા !' બધાંએ સ્વીકાર કર્યો.

**વેદાંત મોટું શાસ્ત્ર છે પણ...**

એ જ દિવસે સાંજે સાડા છ વાગ્યે પૂજ્ય શ્રીમોટા અમારે ઘરે પધાર્યા. તેમની સાથે ચારપાંચ ભાઈઓ હતા. રૂમમાં પ્રવેશતાં જ ઉંબરા ઉપરના સાથિયાને નીચા નમીને શ્રીમોટાએ સ્પર્શ કરી પ્રણામ કર્યા. અને પછી અંદર પધાર્યા ત્યારે તેઓશ્રીને કંકુ, અક્ષત

અને ફૂલહારથી વધાવવામાં આવ્યા. અન્ય ભાઈબહેનો અગાઉથી આવીને બેઠેલાં હતાં.

હાજર રહેલાંઓમાંથી એક ભાઈએ મૌનમંદિરની 'ટેક્‌નિક' સમજાવવા વિનંતી કરતાં શ્રીમોટાએ તે વિશે સમજણ આપી.

'ચિન્મય મિશન'ના એક ભાઈએ જપ અને ધ્યાન વિશે પ્રશ્ન પૂછ્યો ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું , 'જપ એ સૌથી શ્રેષ્ઠ સાધન છે. વેદાંત એ મોટામાં મોટું શાસ્ત્ર છે, પણ જ્યાં સુધી આપણે તેને આચરણમાં ના મૂકીએ ત્યાં સુધી શા કામનું ? એકલી થિયરીથી કે સિદ્ધાંતોથી શું લાભ ? કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે જ્યાં સુધી મોળા ના પડે, ત્યાં સુધી શાસ્ત્ર આપણી વહારે ન આવે...'

શ્રી નંદુભાઈ બધો વખત આંખો બંધ રાખીને સાંભળે, કદી વચ્ચે ના બોલે.

તે પછી એક સંબંધી બહેને પૂજ્ય શ્રીમોટાને અર્પણ કરવા મોકલેલ ખાદીની લુંગી, ખેસ અને એક ચાદર કીર્તિદાએ એ બહેનનું નામ લઈને અર્પણ કર્યાં. શ્રીમોટાએ બે હાથ ધરીને તેનો સ્વીકાર કર્યો.

**...તે લક્ષ રે'જો સદા**

તે પછી કીર્તિદાએ ગડી વાળેલો હાથરૂમાલ શ્રીમોટાને આપ્યો. ગડી ઉકેલતાં તેઓએ પૂછ્યું, 'શું છે બા ?'અંદર આછા લાલ રંગનું પડીકું હતું, તે તેઓએ ખોલ્યું. અંદર ગીની હતી. તે જોઈને પૂજ્યશ્રી તુરત ઊભા થઈ ગયા અને રોજ થતી સેવાપૂજાની જગ્યાએ તેમને લઈ જવા અમને કહ્યું, પછી અંદરના રૂમમાં વિષ્ણુભગવાન અને સાંઈબાબાની છબીની સામે શ્રીમોટા ઊભા રહ્યા. તેમણે ગીનીને છબી આગળ પધરાવી અને ફૂલ-કંકુથી તેની પૂજા કરીને પછી બે હાથ જોડીને નમસ્કાર કર્યા ત્યારે દીવો

અને અગરબત્તી પ્રગટેલાં જ હતાં. અમે બોલી ઊઠ્યાં 'સાંઈનાથ મહારાજ કી જય ! શ્રીમોટા મહારાજ કી જય !' તેમણે કહ્યું, 'એમાં બધા આવી ગયા.' અમે તેમને પગે પડ્યાં.

પૂજ્ય શ્રીમોટા ગીની બતાવીને બોલ્યા કે 'આને સાચવજો, પૂજા કરીને પ્રાર્થના કરજો-

**જે લક્ષ્મી સુખ નિત્ય વૈભવ અને ઐશ્વર્ય દે પૂર્ણદા,**
**તે લક્ષ્મી અજવાળજો જીવનને, તે લક્ષ રે'જો સદા.**

તે બાદ તેઓશ્રી બહારના રૂમમાં પધાર્યા. તેમણે ધીમેથી કહ્યું, 'કીર્તિદા, ટાઈમ થઈ ગયો છે બા!' પછી તેમણે ખાંડ વગરની ચા લીધી અને હાજર રહેલાંઓએ પ્રસાદ લીધો.

પૂજ્યશ્રીએ ઊભા થઈને સર્વને નમસ્કાર કરીને વિદાય લીધી. હું પણ 'લિફ્ટ' સુધી તેમની સાથે ગયો ત્યારે તેઓશ્રીએ કહ્યું કે 'જા ભઈલા, અંદર બધાં બેઠાં છે,' અને તેમણે મારા ગાલે બચ્ચી ભરી ! દિલ નાચી ઊઠ્યું. હું તેમને પગે લાગ્યો ત્યારે મહાજન બુક ડૅપોવાળા ચીમનભાઈએ કહ્યું કે 'રતિભાઈ, શ્રીમોટાએ તમને સ્વીકારી લીધા છે એમ માનો.' થૅન્ક્સ ગૉડ !

**...પાછું આપતા જ નથી.**

તા.૩૧-૧-૧૯૬૪, શુક્રવારના રોજ પૂજ્યશ્રી રાતની ગાડીમાં સુરત જવાના હતા. એમને વિદાય આપવા માટે સ્ટેશન ઉપર સારી એવી સંખ્યામાં ભક્તો આવેલા. પૂજ્યશ્રીને દેવા માટે મેં રૂપિયા ૧૧/- શ્રી નંદુભાઈને આપ્યા. તે જોઈને શ્રીમોટાએ કહ્યું, 'ના, ના. કાંઈ લેવાય નહિ. પાછા આપી દો.' 'મોટા, તમને આપેલી ગીની તમે પાછી આપી દીધી અને કાંઈ રાખ્યું નહિ.' મેં દલીલ કરી.

ત્યારે તેઓશ્રીએ કહ્યું, 'અરે ! ગાંડા થયા ! અમને આપેલું અમે પાછું આપતા જ નથી !' અમે બધાં સાંભળી રહ્યાં !

ગાડી ઊપડવાની તૈયારી હતી. ભક્તો નીચે ઊતરી ગયા. શ્રીમોટા, દરવાજા આગળ આવીને ઊભા રહ્યા અને 'હરિઃૐ'ના ઘોષ સાથે ગાડી ઊપડી.

■

## (૪)

> જે જીવ પોતાની જીવદશામાં અળશિયાની પેઠે
> આળોટ્યા કરે છે અને પાછો સાધનાની વાતો કરે
> છે, તે તો તેનું નર્યું અજ્ઞાન અને ડોળ છે.
>
> 'જીવન પરાગ' **-શ્રીમોટા**

પૂજ્ય શ્રીમોટા તા. ૧૮-૨-૧૯૬૪, મંગળવારના રોજ મુંબઈ પધાર્યા અને તા. ૨૦-૨-૧૯૬૪ સુધી રોકાયા. સહકાર નિવાસમાં હરમુખભાઈ જોગીને ત્યાં દર વખતની જેમ તેમનો મુકામ હતો.

**માત્ર વાંચવાથી કાંઈ ના વળે**

સાંજના સમયે તેઓશ્રી અમારી રૂમ ઉપર પધાર્યા. ટેબલ ઉપર પડેલું : 'વિવેક ચૂડામણિ' પુસ્તક જોઈને અમને પૂછ્યું, 'એમાં શું આવે છે ?'

'આત્મા અને અનાત્મા વિશે વિવેક વિચાર વગેરે. જોકે તેના ત્રણ શ્લોક સ્વામી ચિન્મયાનંદજીએ કરાવ્યા છે. એટલે ઝાઝી ખબર નથી.'

'એ વિવેક વિચાર ક્યારે આવે ?' શ્રીમોટાએ પૂછ્યું.

'પ્રભુકૃપા હોય ત્યારે.'

'ના.' તેમણે કહ્યું, 'જ્યારે ધગધગતી જ્વાળામુખીના જેવી તમન્ના ઈશ્વર માટે જાગે ત્યારે આવે. આવું એમાં આવે છે ?'

'ઝાઝી ખબર નથી.'

'તો માત્ર વાંચવાથી કાંઈ ના વળે. એ અનુભવવું જોઈએ. 'શિવોઽહમ્ શિવોઽહમ્' કહ્યા જ કરીએ, છતાં આપણે જીવદશામાં જ રાચ્યા કરીએ છીએ તે શા કામનું ?'

'એનાથી સંસ્કાર તો પડેને ?'

'માનસિક પડે, હૃદયના નહિ.'

'તો ઉપાય શું ?મોટા.'

'પ્રભુ માટે ધગધગતી પ્રબળ ઝંખના હોવી જોઈએ. જ્યાં સુધી આપણા આચાર સુધરે નહિ અને વિકારો મોળા પડે નહિ, ત્યાં સુધી સમજવું કે આપણે આગળ વધ્યા નથી. એવું જ્ઞાન કોઈ કામનું નહિ.'

**શ્રીમતી સુમતિબહેનની મુલાકાતે**

તા. ૧૯-૨-૧૯૬૪, બપોરે સવા ચાર વાગ્યે, અમે સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપનીનાં મૅનેજિંગ ડિરેક્ટર શ્રીમતી સુમતિબહેન મોરારજીને મળવા ગયા.

સુમતિબહેનને જોઈને નમન કરવાનું મન થઈ જાય એવું તેમનું જાજરમાન વ્યક્તિત્વ. તેમની બેઠકની જમણી બાજુએ મહાપ્રભુજી અને શ્રીનાથજીની છબીઓ મૂકેલી. શ્રીનાથજીના તેઓ ભક્ત છે એમ જાણ્યું. શ્રીમોટાએ આશ્રમનાં મૌનમંદિરોનો હેતુ જણાવ્યો. ભાઈઓ તથા બહેનોમાં 'ગુણ અને ભાવ' ખીલે એ માટેની તેમની યોજનાની રૂપરેખા જણાવી અને સાઠ હજાર રૂપિયા ભેગા કરવાનો પોતાનો સંકલ્પ હોવાનું કહ્યું, તથા તે વાસ્તે 'પ્રેમપ્રસાદી' લેવા ફરું છું,'એમ પણ જણાવ્યું. વધુમાં કહ્યું કે'પ્રભુકૃપાથી જ આ ફાળાનો સંકલ્પ થયો છે. તેને પૂરો કરાવવો હશે તો કરાવશે. તેનો હર્ષ પણ નથી અને શોક પણ નથી.'

સુમતિબહેને શ્રીનાથજી બાવાની છબી બાજુ તેમનો હાથ લંબાવીને કહ્યું, 'આની જ કૃપાથી આ બધું (કંપનીનો કારભાર)

ચાલી રહ્યું છે. આપણું કશું જ નથી.' તે સાંભળતાં જ શ્રીમોટાની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

થોડી વાર પછી સુમતિબહેન કહે, 'મૌનરૂમમાં પુરાઈ રહેવા કરતાં બધો વખત એને (ભગવાનને) યાદ કરીએ તો ચાલે ?'

**શ્રીમોટા :** 'હા, જરૂર ચાલે.'

તેઓશ્રી કોઈના અભિપ્રાયનું ખંડન કરે નહિ. પછીથી તેમણે ફંડફાળા માટે પુનરોચ્ચાર પણ કર્યો જ નહિ. વિદાય થતાં શ્રીમોટાએ કહ્યું, 'આપને મળીને બહુ આનંદ થયો. આવો સત્સંગ કરવાનો લાભ મળ્યો. '

'લાભ તો મને મળ્યો, આપનાં દર્શન થયાં.'સુમતિબહેન એમ બોલ્યાં અને ઑફિસના દરવાજા સુધી વળાવવા આવ્યાં.

લગભગ સાડા ત્રણ વાગ્યે મદનમિયાં નામના એક ભજનિકે, હરમુખભાઈને ત્યાં આવીને શ્રીસાંઈબાબાનાં ભજનો શ્રીમોટાને સંભળાવ્યાં. તેનો બુલંદ અવાજ, મીઠાશ અને ભાવ શ્રીમોટાને પસંદ પડ્યાં. શ્રી નંદુભાઈના હાથે તેઓશ્રીએ ભજનિકને રૂપિયા ૨/- અપાવ્યા.

## કન્યાઓ માટે પ્રેમ

શ્રીમોટા, ભૂલેશ્વર કોઈ એક જણની પેઢી ઉપર ગયા હતા. ત્યાંથી રૂપિયા ૧૦૦૧/-(એટલે આજના દસ હજાર રૂપિયા) મળ્યા. તેની પાછળ એક નાનકડો પણ રસિક પ્રસંગ છે. કૉલેજમાં અભ્યાસ કરતી બે કન્યાઓ સુરત આશ્રમે એકવાર ગયેલી. તેમને પૂજ્યશ્રી ઉપર એકદમ ભક્તિભાવ જાગ્યો અને તેઓશ્રીને મુંબઈ પોતાના ઘરે જમવા આવવા આમંત્રણ આપ્યું. શ્રીમોટાએ કહ્યું, 'ફંડમાં કંઈક આપો તો આવું.'

'મારા ભાઈઓ તેમની પેઢીમાંથી કંઈક આપશે અને જો તેઓ નહિ આપે, તો અમે અમારી બચતમાંથી આપીશું, પણ મુંબઈ અમારે ત્યાં જરૂર પધારજો.'

શ્રીમોટા તેમના ઉપર ખૂબ રાજી થયેલા. એટલે આ વખતે ઉપરોક્ત ઠેકાણે તેઓ ગયા હતા. ત્યાંથી વિદાય લેતાં શ્રીમોટાએ બંને બહેનોને સારી પેઠે અભ્યાસ કરવા સૂચવ્યું. તે બહેનો ખૂબ ભાવથી પૂજ્યશ્રીને પગે લાગી અને કહ્યું, 'ફરી એકવાર આપ આવજો.'

પૂજ્યશ્રી વિદ્યાર્થી ભાઈબહેનોને હંમેશાં ખડતલ બનવા અને સારી પેઠે એકાગ્રતાથી અભ્યાસ કરવાનું કહેતા. વિદ્યાર્થીઓ પ્રત્યેની તેઓશ્રીની ભાવના એક વિદ્યાર્થી ભક્તને લખેલા પત્ર ઉપરથી સમજાશે. પત્રમાંથી કેટલોક ભાગ નીચે આપ્યો છે.

હરિઃૐ રાંદેર, તા. ૧૫-૩-૧૯૬૫

પ્રિય ભાઈ,

તારો કાગળ મળ્યો...આપણે જ્યાં સુધી સકળ પ્રકારની સમજણો, મડાગાંઠો વગેરેથી મુક્ત નહિ થઈએ, ત્યાં સુધી આપણે ભક્તિમાં ભળી, મળી, ગળી જઈ શકવાના નથી. આપણે તો શૂન્ય થવાનું છે, તેથી આપણે તો ઘરમાં અને બહાર એકરસ થવાનું છે.

હાલમાં તારે ખૂબ ખૂબ ઉમળકાથી, ઉત્સાહથી મંડવાનું છે. આ વખતે પાસ થવાનું છે. તે માટે મહેનત કર્યા વિના ચાલવાનું નથી. હજી તારા વાંચવાથી મને સંતોષ થતો નથી. ખૂબ ઉત્સાહથી બને તેટલો બધો જ સમય અભ્યાસમાં ગાળજે. સમય બિલકુલ બગડે નહિ તેનું લક્ષ રાખજે. મારા ઉપર કૃપા કરજે. તું પાસ થાય તો જ મને જંપ વળી શકે. હજી તારે

એકલક્ષ થવાની ખાસ જરૂર છે. જો મળેલાં કર્મમાં એકલક્ષ ના થઈ શકાયું તો પછી ભગવાનમાં કેમ કરીને થવાનું ? ત્યાં બધાંની ખબર પૂછજે.

લિ. તારા મોટાનાં સપ્રેમ વહાલ.

પૂજ્યશ્રી પોતે ખૂબ મહત્ત્વાકાંક્ષી, બુદ્ધિમાન, ખડતલ અને મહેનતુ 'ફર્સ્ટ ક્લાસ' વિદ્યાર્થી તેમ જ આદર્શ શિક્ષક પણ હતા. એટલે તેમને વિદ્યાર્થીઓ માટે ખૂબ કાળજી રહેતી, એ ઉપરોક્ત પત્રમાંથી પ્રતીત થાય છે.

■

**(૫)**

પોતાના સત્ત્વનો ઝટ ઓળખી શકાય એવો આવિર્ભાવ મુક્તાત્માઓ સાધારણ રીતે થવા દેતા નથી.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

**બીમાર ભક્ત સાથે તાદાત્મ્ય**

પૂજ્ય શ્રીમોટા તા. ૪-૩-૧૯૬૪ના રોજ મુંબઈ આવીને પૂણે ગયા. ત્યાંથી બીજે દિવસે પાછા મુંબઈ આવ્યા ત્યારે સીધા હરકિસન હૉસ્પિટલમાં દાખલ થયેલા બીમાર ભક્તને જોવા ગયા. દરદીની બીમારી ગંભીર હતી. દરદીને જોયા બાદ તેમણે દરદીનાં સગાંસંબંધીઓ સાથે ખૂબ સહાનુભૂતિથી વાતો કરી તથા ભગવાનને પ્રાર્થના કરવા સૂચવ્યું અને જતાં જતાં કહ્યું, 'અણી ચૂક્યો સો વર્ષ જીવે એવી આપણી કહેવત છેને ? પ્રભુ જે કરે તે ખરું.' આવી રીતે તેઓશ્રી બેત્રણ વાર બોલ્યા. પછીથી ખબર પડી કે તે ભાઈની તબિયત સુધરી રહી હતી. એ ભાઈને જ્યારે ચાર જેટલો તાવ હતો ત્યારે શ્રીમોટાને પણ એટલો જ તાવ હતો !

**સંતબંત નથી થવું**

હૉસ્પિટલથી હરમુખભાઈ જોગીને ત્યાં પધાર્યા ત્યારે તેઓશ્રી બહુ ગંભીર જણાતા હતા. થોડી વારે શેઠ નટવરભાઈ ચિનાઈનો ફોન આવ્યો. શ્રી નંદુભાઈ હાજર નહિ હોવાથી શ્રીમોટાએ જાતે 'રિસીવર' લઈને વાત કરી. શેઠ તરફથી કાંઈ મજાકમાં બોલાયું હશે કે શું, તેથી તેઓશ્રી જરા ગરમ થઈને બોલ્યા :

'ભાઈસા'બ! તમે અમારા ઉપર આવો આક્ષેપ કરો છો તે કેમ ચાલે ?...આ સારું નહિ ... તમને દર વખતે અમારા કાર્યક્રમની ખબર તો આપીએ છીએ... દયા તો તમારે અમારી ઉપર કરવાની છે... અમારે સંતબંત નથી થવું. માનવી માનવી સાથેનો વ્યવહાર હોય એવો વ્યવહાર અમે રાખીએ છીએ અને રાખીશું... ના, જમવા નહિ અવાય... એટલો વખત ફંડ માટે જવામાં વાપરીએ તો લાભ થાય... ના, મળવા પણ નહિ અવાય. જય જય !' અને તેમણે 'રિસીવર' મૂકી દીધું. સાધારણ નિયમ મુજબ શ્રીમોટા મુંબઈ પધારે ત્યારે સહુ પ્રથમ ચા પીવા પૂરતુંયે શ્રી નટવરભાઈને ત્યાં જાય અને ત્યાંથી જ્યાં જવાનું હોય ત્યાં જાય, એવો એમની સાથે સંબંધ હતો.

આ ઉપરથી સમજી શકાશે કે, કોઈ એવું કારણ હોય ત્યારે પૂજ્ય શ્રીમોટા ગમે તેવા ભૂપને પણ સંભળાવી દેવામાં કચાશ રાખતા ન હતા.

**'ઢોંગી સંત'**

ઉપરોક્ત બનાવને થોડો ઘણો મળતો એક બીજો પ્રસંગ યાદ આવે છે, જેમાં વગર વિચાર્યે ગમે તેમ બોલવા બદલ શ્રીમોટાએ એક ભક્તને બરાબર પાઠ ભણાવેલો. શ્રીમોટાની તબિયત છેલ્લાં વર્ષો દરમિયાન સારી રહેતી ન હતી ત્યારે એક ભક્તથી બોલાઈ

જવાયું, 'મોટા, તમને શાને માંદગી આવે ?ઢોંગ કરો છો! એકથી વધુ વાર તે ભાઈ એવું બોલ્યા.' એટલે શ્રીમોટાએ કહ્યું, 'તું મને સોનાના પતરા ઉપર 'ઢોંગી સંત' એ શબ્દો કોતરાવીને આપ. હું, તે જાહેરમાં પહેરી બતાવીશ.' અને તે ભાઈ ફસાઈ ગયા ! ઘણી માફી માગી, પણ શ્રીમોટાએ તેમને છોડ્યા નહિ. તે ભાઈને'ઢોંગી સંત'ના શબ્દોવાળું સોનાનું પતરું બનાવીને શ્રીમોટાને આપવું પડ્યું. શ્રીમોટાએ એક જાહેર સમારંભ દરમિયાન તે પહેરીને ફોટો પણ પડાવેલો, પછી એ પતરાના જે પૈસા ઊપજ્યા, તે લોકહિતનાં કાર્યમાં વપરાયા.

**લાડુ ઉછીના ના આપે ?**

બીજા દિવસે શ્રીમોટા અમારે ત્યાં ભોજન માટે પધાર્યા. તેમની સામે બુંદીના ચાર લાડુ મૂકવામાં આવ્યા. તે સમયે ચિનાઈ શેઠનાં પુત્રવધૂ આવેલાં, તેમને બતાવીને શ્રીમોટાએ નમ્ર અવાજે પૂછ્યું, 'આમનાં છોકરાંને લાડુ આપવા માટે મને આ ઉછીના આપશો કે ?' અવાજમાં શું માર્દવતા ભરેલી હતી ! અમે કહ્યું, 'પ્રભુ, એ આપના માટે જ છે, એ આપના જ છે, આપોને. વધુ લાવું.' અને ચાર લાડુનું પૅકેટ તે બહેનને આપ્યું.

બીજા દિવસે સવારે તેઓશ્રી સુરત જવાના હતા ત્યારે અમે બધાં હરમુખભાઈને ત્યાં ગયાં ત્યારે શ્રી નંદુભાઈએ એક પડીકું કીર્તિદાને આપ્યું. ઘેર જઈને તે ખોલ્યું, તો બુંદીના છ લાડુ નીકળ્યા ! પૂજ્યશ્રીએ વ્યાજ સાથે લાડુ પરત કર્યા ! ઉછીના માગેલાને ? એટલે પરત કર્યા. કેવી વ્યવહારદક્ષતા ! તેઓશ્રીની આવી વ્યવહારદક્ષતાનો અનેક વાર અનુભવ થયો છે.

### સંતાનોને વહાલ કરજો

શ્રીમોટા વિદાય લેતા હતા ત્યારે અમે તેમને પગે પડ્યાં. તેઓશ્રીએ કહ્યું, 'છોકરાઓને વહાલ કરજો. કરશોને ?' 'જરૂર વહાલ કરીશું, મોટા.' અમે જવાબ દીધો. સંતાનોને વહાલ કરવા માબાપને તેઓશ્રી હંમેશાં ટપારતા. જ્યાં ઘર કંકાસ ચાલતો હોય તેને તો તેઓશ્રી જરાયે સાંખી ના લે. સીધી યા આડકતરી રીતે તેના ઉપર પ્રહાર કર્યા વિના ના રહે.

■

**(૬)**

સારા કે નરસાકેરું આપણે કૈં ન ચિંતવવું,
પરંતુ સર્વમાંથીયે ભાવને નિત્ય પ્રીછવું.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

### જીવન પરત્વે કેવું વલણ રાખવું ?

અમે તા. ૧૨-૫-૧૯૬૪ના રોજ રાંદેર આશ્રમે ગયાં હતાં ત્યારે પૂજ્યશ્રીએ પૂછ્યું, 'ધંધો કેમ ચાલે છે ?'

'સારો ચાલે છે, પણ મોટા ! એક જૂના અને નિકટના સંબંધવાળા સાથે મતભેદો પડતાં તેમનું કામ છોડી દીધું, તેનું દુઃખ થાય છે, પણ એ બધું ભૂલી જવા પ્રયત્ન કરું છું.'

'ઉત્તમ' શ્રીમોટાએ કહ્યું. અને 'જે થાય તે સારા માટે જ હોય છે.' એમ માનવા વેપારી હરિભક્તની વાત કરતાં પૂજ્યશ્રીએ કહ્યું, 'જ્યારે તે વેપારીને લાખોનું નુકસાન થયું ત્યારે તેણે ભગવાનના ગુણોની પ્રશંસા કરતું કાવ્ય લખ્યું. જીવન પરત્વે આવું વલણ રાખવું.'

### નિયમિત ચોપડો લખવાના આગ્રહી

એટલામાં અન્ય ભક્તો આવ્યા ત્યારે પૂજ્ય શ્રીમોટાએ

હિસાબના ચોપડા નિયમિત લખવા બાબતે શ્રી ભીખુકાકાને★ બોલાવીને કહ્યું, 'જુઓ ભીખુકાકા, ઠક્કરબાપાની રોકડ તપાસવાની રીત મુજબ તમને કહેવાનું કે ચોપડામાં જે સિલક બતાવવામાં આવે તેટલી રકમ કોથળીમાંથી નીકળવી જોઈએ.' અને રોજેરોજનો ચોપડો લખાયેલો હોવો જોઈએ. બતાવો ક્યાં સુધી પાકો મેળ લખાયો છે?' ભીખુકાકા, સેવકની અદાથી ચોપડો જોઈને બોલ્યા, 'મોટા, ગઈકાલ સુધીનો ચોપડો લખાયેલો છે.'

'પુરાંત લખી છે કે નહિ ? તમે તો ઘણે ઠેકાણે એ જગ્યા પોલી રાખો છો, એ ચાલે નહિ.' ભીખુકાકાએ 'સારું' કહીને ચોપડો મૂકી દીધો.

શ્રીમોટાએ વધુમાં કહ્યું, 'ઠક્કરબાપા ઘણી વાર અચાનક સિલક તપાસવા, ગણવા આવતા અને આપણે સાહેબ એમાં પાસ થઈ જતા. આ જોઈને તેઓ મને શાબાશી આપતા.'સાંજે પાંચ વાગ્યે જમ્યા પછી શ્રીમોટા, બહાર પલંગ ઉપર સૂઈ ગયા. શ્રી નંદુભાઈ આવ્યા અને શ્રીમોટાનો ડાબો થાપો દબાવવા લાગ્યા. થોડી વાર પછી એમની જગ્યા અમે લીધી અને થોડી સેવા કરી.

સૂર્યાસ્ત થયો અને અંધારું થઈ ગયું. પૂજ્યશ્રીએ સરોજબહેન કાંટાવાળાને ભજન ગાવા કહ્યું. તેમણે ભજન ગાયાં. વાયુદેવ મોગરાની સુગંધ ફેલાવી રહ્યા હતા. ત્રણેક માઈલ દૂર તાપી નદી ઉપરનો પુલ દૃષ્ટિ ગોચર થતો હતો. આશ્રમનું વાતાવરણ

★ સ્વ. ભીખુકાકા રાંદેર આશ્રમ થયો ત્યારથી પૂજ્ય શ્રીમોટા સાથે જોડાયેલા અને ટ્રસ્ટી તરીકે વીસેક વર્ષ સુધી અને અંતિમ શ્વાસ સુધી આશ્રમની સેવા કરેલી. તેઓ ભજનો સારા રાગે ગાતા. તેમણે સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ ભાગ લીધો હતો. પતિપત્ની બંનેએ પોતાનું બધું શ્રીમોટાને અર્પણ કરી દીધું હતું.

આહ્‌લાદક હતું. થોડી વાર પછી આશ્રમવાસીઓ સૂઈ જવાની તૈયારીમાં પડ્યા. અહીં આઠ વાગ્યા પછી બધું શાંત થઈ જાય અને વહેલી સવારે ચાર વાગ્યે આશ્રમની પ્રવૃત્તિ શરૂ થઈ જાય.

**ભગવાનની કૃપા**

બીજા દિવસે વહેલી સવારે પૂજ્યશ્રીએ અમને પૂછ્યું, 'રાત્રે ઊંઘ બરાબર આવી હતી ?' 'હા જી.'

પછી લાઈટ બંધ કરીને આરામથી ગાદી ઉપર બેસવા કહ્યું. મૌનનો આનંદ અનુભવાયો અને માનસિક રીતે હરિસ્મરણ થયાં કર્યું. અર્ધા કલાક પછી પૂજ્યશ્રીના કહેવાથી સત્સંગ શરૂ કર્યો.

**પ્રશ્ન :** 'ભગવાન શંકરાચાર્યે કહ્યું છે કે 'ત્રણ વસ્તુ મળવી દુર્લભ છે. મનુષ્યજન્મ (મનુષ્યત્વમ્‌), મુમુક્ષુપણું અને મહા-પુરુષનો સમાગમ. જો આ મળે તો ભગવાનની કૃપા સમજવી.' આપ આ વિશે કંઈક કહેશો ?'

**શ્રીમોટા :** 'મનુષ્યપણું એટલે માણસનો જન્મ મળવો એમાં ઈશ્વરની કૃપા હોવાનું ભગવાન શંકરાચાર્ય કહેતા હોય તો તે મને સમજાતું નથી. મનુષ્યજન્મ એનાં કર્મનું પરિણામ છે. બાકીની બે વાતો બરાબર છે. છતાંય 'મનુષ્યત્વમ્‌' શબ્દના ઊંડાણમાં તાત્ત્વિક વિચાર કરીએ તો તેનો અર્થ સમજવો જરૂરી છે. 'મનુષ્યત્વ' એટલે હાડ-માંસ-ચામડાનું ખોળિયું નહિ, જીવદશાવાળું શરીર નહિ, પણ મનુષ્યનાં લક્ષણવાળું. એટલે કે ઉત્તમગુણોથી મલકતાં શરીરવાળું જીવન-જેને આપણે 'મનુષ્યત્વમ્‌' કહીએ અને તેવાં લક્ષણવાળા જીવનમાં જ મુક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા-જિજ્ઞાસા જાગે છે ત્યારે એને ફળવવા માટે કોઈકનો, જેને 'સદ્‌ગુરુ' કહીએ, એનો આશ્રય મળી જાય, તો તે ભગવાનની કૃપા સમજવી.'

## સારી રસોઈનો આગ્રહ

દિવસ ચડવા લાગ્યો તેમ તેમ ગરમી વધવા લાગી. શ્રીમોટાએ કહ્યું, 'આજે ગરમીની વધુ અસર લાગે છે. શું મારી આંખો સૂજેલી લાગે છે ?' 'હા જી'. 'બ્લડ પ્રેશર વધ્યું હશે.' આમ છતાં ખાટલા ઉપર બેસીને તેઓશ્રી કંઈક લખી રહ્યા હતા!

એમ કરતાં જમવાનો સમય થયો. જમતાં જમતાં તેઓશ્રીએ કહ્યું, 'ઘણા લોકો રસોઈ બાબત બેદરકાર હોય છે, જેના ઉપર આ જીવનનો આધાર છે, એ ખોરાકની અવગણના કેમ થાય ? સાદું ખાઈએ પણ તે પૌષ્ટિક અને સારી રીતે બનાવેલું હોવું જોઈએ.' શ્રીમોટાને ઘણી વાર રસોડામાં જઈને સૂચના આપતા જોયા છે.

શ્રીમોટાએ ગોપાલને (સંપાદકના પુત્રને) જમવા માટે તેમની પાસે નીચે બેસાડ્યો. તેઓશ્રી ટેબલખુરશી વાપરતા. જમતાં જમતાં તેમણે પોતાની થોડી છાશ પીધી અને બાકીની ગોપાલને પીવા આપી.

## યોગી લેખ ઉપર મેખ મારી શકે ?

જમ્યા પછી તેઓશ્રી તુરત ડાબા પડખે સૂઈ ગયા. અમે તેમને પવન લાગે તે માટે પંખો નાખવા લાગ્યા. અર્ધા કલાક પછી તેમણે અમને બીજી રૂમમાં જઈને આરામ કરવા કહ્યું.

બપોર પછી તેમના પગનાં તળિયાંમાં કાંસાની વાટકીથી ઘી ઘસવામાં આવ્યું. એ પછી કેટલાક ભક્તો આવ્યા.

કોઈએ પૂછ્યું, 'મોટા, સંસારીઓનાં દુઃખ સંતો કાપી શકે છે ? લેખ ઉપર મેખ મારી શકે છે ?'

**શ્રીમોટા :** 'બધું પ્રારબ્ધવશાત્ બને છે. જેને જેને સંબંધ હોય, તેને તે યોગી ઉપયોગી બનતો હોય છે.'

## જૂનો નોકર પાછો આવ્યો

એટલામાં આશ્રમનો એક જૂનો નોકર જે ઘણા દિવસથી ચાલ્યો ગયેલો અને શ્રીમોટા, તેને યાદ કરતા હતા, તે ત્યાં આવીને ઊભો અને તેમને પગે લાગ્યો. શ્રીમોટા તેને જોઈને પૂછવા લાગ્યા, 'ક્યાંથી આવ્યો ? શી રીતે આવ્યો ?... માબાપને કહીને આવ્યો છેને ? કે ભાગી આવ્યો છે ?... રહેવાનો છે કે જવાનો છે ?' છોકરાએ કહ્યું, 'ઘરે કહીને આવ્યો છું અને રહેવાનો છું.' ત્યારે શ્રી નંદુભાઈએ કહ્યું, 'મોટાનો 'વાયરલેસ મેસેજ' મળવાથી તે આવી પહોંચ્યો લાગે છે.' શ્રીમોટાએ તેનો વાંસો થાબડ્યો અને પછી જવા કહ્યું.

■

**(૭)**

હરિ પરત્વનો ભાવ રળવાને જ જીવને
-નિમિત્તમાંથી શ્રેયાર્થી સાર તેવો ગ્રહ્યા કરે.

'નિમિત્ત', અ.૬-૩૨ **-શ્રીમોટા**

## ધર્મપત્નીની સેવાનું ફરમાન

પૂજ્ય શ્રીમોટા લગભગ બે મહિના પછી મુંબઈ તા. ૨૯-૭-૧૯૬૪ના રોજ એકલા પધાર્યા. તેટલો સમય તેઓશ્રીએ કોડાઈ કેનાલ અને કુંભકોણમ્ ખાતે પસાર કર્યો હતો. પૂજ્ય શ્રીમોટા સાથે કાયમ રહેતા શ્રી નંદુભાઈ આ વખતે સાથે હતા નહિ, કેમ કે તેમનાં (નંદુભાઈનાં) પત્ની કાંતાબહેનને 'સ્પોન્ડિલાઈટીસ' (કરોડના મણકાનો) રોગ થયો હતો. શ્રીમોટાએ કાંતાબહેનની સેવા અર્થે શ્રી નંદુભાઈને કુંભકોણમ્ રહેવા ફરમાવેલું. શ્રીમોટા સાથે જોડાયા પછી શ્રી નંદુભાઈ માંદગી કે એવા કોઈ કારણ

સિવાય તેમનાં પત્નીને મળવા જતા નહિ. શ્રી નંદુભાઈ ના હોવાથી આશ્રમનો બધો પત્રવ્યવહાર શ્રીમોટા પોતે સંભાળતા.

**પથારી કરતાં ના આવડી**

તા.૩૦મી જુલાઈની રાત્રે પૂજ્ય શ્રીમોટા, સુરત જવા નીકળ્યા. એમની 'બર્થ' ઉપર પથારી કરવાનું ભાઈ ધીરેશ અને મારા ઉપર હતું, કેમ કે શ્રી નંદુભાઈ સાથે ન હતા. અમે પથારી કરી. તે જોઈને શ્રીમોટાએ પૂછ્યું, 'ઘરે પથારી કોણ કરે છે ? પથારી કરવાની ટેવ ખરી ?' પથારી બરાબર થઈ નહિ હોય એમ લાગ્યું. એટલે ફરીથી ઠીકઠાક કરવા પ્રયત્ન કર્યો, પછી તેઓશ્રી કાંઈ બોલ્યા નહિ. એટલામાં ગાડી ઊપડવા લાગી અને અમે બધાંએ 'હરિઃૐ, હરિઃૐ' કહીને નમસ્કાર કર્યા. તેમણે પણ 'આવજો, આવજો' કહ્યું.

**તેથી કેટલો ફાયદો થયો ?**

સુરત જતાં પહેલાં પૂજ્યશ્રી એક ભાઈને ત્યાં ગયેલા. તે ભાઈને ઘેર ભીંત ઉપર સાંઈબાબાનાં 'ભસ્માંકિત' પગલાં પડેલાં અને તેનો 'ફોટો' પણ તે ભાઈએ કઢાવેલો. તે ફોટો તેમણે શ્રીમોટાને બતાવ્યો ત્યારે તે જોઈને પૂજ્યશ્રીએ પૂછ્યું, 'તેનાથી આપણને કેટલો ફાયદો થયો ?'

**તે ભાઈ :** 'શ્રદ્ધા વધી.'

**શ્રીમોટા :** 'તેની સાબિતી શી ? કેટલું આગળ વધાયું ?'

**તે ભાઈ :** 'હા મોટા, એ વાત સાચી. એ પગલાંનાં દર્શનથી આનંદ થયો, પણ આગળ વધાયું નથી.'

**શ્રીમોટા :** 'શ્રદ્ધા વધવાના પરિણામરૂપે આપણામાં વધુ તીવ્ર ધગશ અને 'સ્પૉન્ટેનિયસ' (સહજ) ભક્તિભાવ ઉદ્‌ભવવાં જોઈએ.'

પૂજ્યશ્રી મૂળ મુદ્દાને એટલે કે હેતુની સભાનતાને ક્યારેય ના ભૂલે !

**બડાશ મારનારનો ફજેતો !**

તે પછી તેમણે તેમના ગુરુમહારાજ શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાની કેટલીક પ્રેરણાદાયી વાતો કરેલી. તેમાં એક માણસના નિર્વિકારીપણાની બડાશોની તેમના ગુરુમહારાજે કેવી કસોટી કરી હતી ! તે વાત કરી.

'ગુરુમહારાજે તેમની સમક્ષનાં ટોળાંમાંથી એક ૧૪-૧૫ વર્ષની છોકરીને નવસ્ત્રી થઈને સૂઈ જવા ફરમાવ્યું, અને પેલા પુરુષને પણ કપડાં કાઢી નાખીને પેલી છોકરી સાથે સૂઈ જવાનું કહ્યું ત્યારે તે શરમાઈ ગયેલો. પેલી બાઈને કશું કરવાપણું ન હતું, જ્યારે પેલો માણસ તો ખાલી ખાલી બડાશ ફેંકતો હતો...'

■

**(૮)**

જીવન પાંગરાવાને નિમિત્ત જીવને મળે,<br>
શ્રેયાર્થી ત્યાં ઘડાવાને ધરે જીવંતું ભાન તે.

'નિમિત્ત', અ.૭-૩ **-શ્રીમોટા**

**શ્રીમોટાના હાથે યજ્ઞ**

પૂજ્ય શ્રીમોટા તા.૩-૯-૧૯૬૪ થી તા. ૫-૯-૧૯૬૪ સુધી મુંબઈમાં હતા. હરમુખભાઈ જોગીએ સહકાર નિવાસમાં છઠ્ઠેમાળે નવો બ્લૉક લીધો હતો, તેથી ત્યાં રહેવા જતાં પહેલાં પૂજ્યશ્રીના હસ્તે યજ્ઞ કરાવવાનું નક્કી કરેલું.

યજ્ઞની શરૂઆત પહેલાં કુંભ મૂકવા માટે બહેનો સાથે એક મહારાજ મંત્રો બોલતા અને ઘંટડી વગાડતા ઘરમાં પ્રવેશ્યા. શ્રીમોટા, તે સમયે યજ્ઞ માટે તૈયારી કરતા હતા. મહારાજને

જોઈને શ્રીમોટાએ કહ્યું, 'પધારો ભૂદેવ !' અને પોતાની બાજુમાં બેસવા માટે મહારાજને બેત્રણ વાર કહ્યું, પણ ભૂદેવ તો જતા રહ્યા ! થોડી વાર પછી બીજા એક ભૂદેવ આવ્યા. તેમને પણ પૂજ્યશ્રીએ પોતાની બાજુમાં બિરાજવા આગ્રહ કર્યો, પણ તેય ત્યાંથી ચાલ્યા ગયા ! હરમુખભાઈએ તે બંને મહારાજને હાજર રહેવા આમંત્રણ આપ્યું હશે, પણ તેમને શ્રીમોટાની હાજરી પસંદ પડી નહિ હોય. એટલે તેઓ વિદાય થઈ ગયા હશે!

પૂજ્યશ્રી ઘણે ઠેકાણે તેમના ભક્તોના આગ્રહને કારણે યજ્ઞ અને લગ્ન વગેરે માંગલિક પ્રસંગો કરાવતા, પણ તે તેમની રીતે, પરંપરાગત રીતે નહિ. યજ્ઞની વેદીને કંકુ, ફૂલ વગેરેથી વિભૂષિત કર્યા બાદ વેદીમાં સમિધ ગોઠવ્યાં.

**નાડાછડી બાંધવાનો અર્થ**

પૂજ્યશ્રીએ હરમુખભાઈ અને તેમનાં પત્ની હસમુખબહેનને તથા ધીરેશભાઈ અને તેમનાં પત્નીને પરસ્પર નાડાછડી બાંધવા સૂચના આપી. હરમુખભાઈના હાથે તેઓશ્રીએ પોતાને હાથે નાડાછડી બંધાવી. આ વિધિનો અર્થ સમજાવતાં કહ્યું, 'આ નાડાછડી કાચો તાંતણો છે. તે બાંધવાનો અર્થ એકબીજાંના હૃદય બાંધવાનો છે. ઘરમાં ક્લેશ થાય, મતભેદો થાય, ઝઘડા થાય તોયે આ નાડાછડીથી આપણે બંધાયેલાં હોઈને, હૃદયથી છૂટાં પડવાનું નથી. એ બધાંએ ખૂબ ધ્યાનમાં રાખવાનું છે.'

**યજ્ઞનો હેતુ**

પૂજ્યશ્રીએ યજ્ઞનો હેતુ સમજાવતાં કહ્યું, 'આજકાલ બ્રાહ્મણોના હાથે થતાં યજ્ઞો અને તેમાં થતું પારાવાર ખર્ચ અર્થહીન છે. યજ્ઞ કરનાર સંસ્કૃત શ્લોકો સમજતા હોતા નથી, તેથી યજ્ઞનો હેતુ, યજ્ઞ વખતે ધરાવવો જોઈતો પ્રાર્થનાભાવ, ગાંભીર્ય વગેરે

કશું સમજાતું નથી અને જળવાતું પણ નથી. એટલે તે અર્થ વગરનું છે. 'યજ્ઞ કર્યો' એવો ખોટો સંતોષ ધારણ કરવાનો કોઈ અર્થ નથી.

યજ્ઞ શા માટે કરવામાં આવે છે ? યજ્ઞમાં અગ્નિ પ્રગટાવવામાં આવે છે અને તેમાં આહુતિ અર્પણ કરવામાં આવે છે. અગ્નિ એ દેવતા છે. અગ્નિ એ રજસનો ગુણ છે. આપણા શરીરમાં અખંડપણે યજ્ઞ ચાલી રહેલો હોય છે એની આપણને ખબર નથી. અગ્નિ વગર શરીર ટકી શકે નહિ. એને ખોરાક વગેરેથી આહુતિ આપવી જોઈએ અને ત્યારે પ્રાર્થનાભાવે બધું કરવું જોઈએ. અંદર રહેલા નારાયણ જે યજ્ઞના ભોક્તા છે, તે તેથી સંતોષાશે.

વેદીમાં અગ્નિ પ્રગટાવતી વેળાએ તેઓએ હાજર રહેલ બધાંની પાસે સ્વરચિત પ્રાર્થના બોલાવી.

**અગ્નિ પ્રત્યક્ષ શક્તિ છે, અગ્નિ પ્રકાશ પ્રેરતો,**
**અગ્નિ સર્વને શુદ્ધ કેવો પવિત્ર બનાવતો !★**

### આહુતિ આપવાની રીત

અગ્નિ પ્રગટાવ્યા પછી તેમાં આહુતિ કેમ આપવી અને તેનો મંત્ર કેમ બોલવો તે સમજાવ્યું. જ્યારે મંત્ર પૂરો થાય ત્યારે તેની સાથોસાથ જવનો એક દાણો વેદીમાં પધરાવવો. આહુતિમંત્ર નીચે મુજબ હાજર રહેલાં બધાંની પાસે ૧૦૮ વાર બોલાવ્યો :

**સુમેળ, શાંતિ, આનંદ જન્મો સૌ સાથ આ ઘરે,**
**એવા હેતુથી પ્રાર્થીને આહુતિ આપીએ તને.**

આહુતિ આપવાનું ચાલતું હતું ત્યારે શ્રીમોટાએ જોયું કે જવ વગેરે સામગ્રીને યજ્ઞમાં ફેંકવામાં આવતી હતી. એટલે આ રીતે

★ આખી પ્રાર્થના માટે જુઓ શ્રીમોટાનું 'વિધિવિધાન' પુસ્તક.

ફેંકવાની ક્રિયાને તેમણે કનિષ્ઠ રીત ગણાવી અને ભાવપૂર્વક આહુતિ કેમ આપવી તે બતાવ્યું :

'આહુતિની સામગ્રી જવ વગેરે જે હોય તે હથેળીમાં રાખવી અને તે જરા ઊંચે લઈને પછી હથેળીનો આગળનો ભાગ અગ્નિ તરફ નીચો લંબાવીને આહુતિ અર્પવી અને ત્યારે 'સ્વાહા' બોલવું.'

૧૦૮ વાર આહુતિ આપ્યા બાદ યજ્ઞનું શ્રીફળ હોમતાં અગ્નિને નમસ્કાર કરવાના હોય છે અને ત્યારે 'ૐ અગ્નયે નમઃ' એ મંત્ર કેટલીક વાર ભણાવ્યો, પછી શ્રીફળ પધરાવ્યું. આ દરમિયાન પૂજ્યશ્રી વેદીમાં ઘી હોમતા જાય, સમિધ વગેરે બરાબર ગોઠવતા જાય અને બધાંની સાથે પોતેય મંત્રોચ્ચાર કરતા જાય. શ્રી નંદુભાઈ, તુલસીમાળા વડે સંખ્યા ગણતા જાય.

તે બાદ પૂજ્યશ્રીએ 'જય જગદીશ હરે'ની આરતી કરાવી અને યજ્ઞની પૂર્ણાહુતિ થઈ. હરમુખભાઈ અને તેમનાં કુટુંબીજનો પૂજ્યશ્રીને પગે લાગ્યાં.

**'આવો કાળકા માતા !'**

તે જ દિવસે રાત્રે પૂજ્યશ્રી હરમુખભાઈના નવા બ્લૉકમાં સૂવાના હતા. એટલે બધાં ત્યાં એકત્ર થયાં. તેઓશ્રી આડા પડખે પડેલા એટલે તેમની સેવા પણ થવા લાગી. એટલામાં એક બહેન આવ્યાં. તેમને જોઈને શ્રીમોટાએ આવકાર આપતાં કહ્યું, 'આવો કાળકા માતા !' એ સાંભળીને ઘણાંના મુખ ઉપર સ્મિત ફરકી ગયું. તેઓશ્રી નિકટતા સધાયા પછી યોગ્ય માણસોને, યોગ્ય સમયે, યોગ્ય ઈલકાબો આપતા હોય છે.

શ્રીમોટાએ તે બહેનને પૂછ્યું, 'દીકરાને સારું સારું કરીને ખવરાવો છોને ?'

ત્યારે તે બહેને ઉત્તર આપતાં કહ્યું, 'હા મોટા ! આવડે તેવું કરીએ છીએ. હું ક્યાંય શીખી નથી, એ તમે જાણો છોને ?'

શ્રીમોટા બોલ્યા, 'માનો કેવો પ્રેમ હોય છે, એની ખબર જ નથી !'

શ્રીમોટાએ થોડી વારે બધાંને જવાનું કહ્યું. પેલાં બહેન તેમને પગે પડ્યાં અને શ્રીમોટાએ તેમને ધબ્બો મારી વહાલ કર્યું !

**સ્વામી મુક્તાનંદજીના આશ્રમે**

બીજા દિવસે તા. ૪-૯-૧૯૬૪ના રોજ 'સાંઈસુમન'વાળા શંકરલાલ ચોકસીએ પૂજ્ય શ્રીમોટાને ગણેશપુરી સ્વામી મુક્તાનંદજીના આશ્રમે લઈ જવાનું ગોઠવેલું. એટલે વહેલી સવારે સાડા ચાર વાગ્યે બે ગાડીમાં શ્રીમોટા અને અન્ય ભક્તો ગણેશપુરી ગયા.

ગણેશપુરી જતાં રસ્તામાં ઘણો સત્સંગ થયો. ફંડફાળાને લગતી, સાંઈબાબા અંગે શ્રીમોટાએ રચેલી પ્રાર્થનાને પુસ્તિકારૂપે પ્રગટ કરવા બાબતે, તથા સ્વામી નિત્યાનંદજી કેવા ઉચ્ચ કોટિના અવધૂત હતા તેની બધી વાતો કરતાં કરતાં, 'હરિઃૐ'ની ધૂન કરતાં સહુ ગણેશપુરી પહોંચ્યાં.

સ્વામીજીએ પૂજ્ય શ્રીમોટાનું હારતોરાથી સ્વાગત કર્યું, પછી બંને ભેટ્યા. હરિઃૐ આશ્રમ વિશે પૃચ્છા કરતાં પૂજ્યશ્રીએ આશ્રમનો મુખ્ય હેતુ-મૌનમંદિરો દ્વારા લોકોને ઈશ્વરાભિમુખ કરવાનો હોવાનું જણાવ્યું. તે ઉપરાંત તેઓ પોતે લોકકલ્યાણનાં કાર્યો માટે તથા પ્રજામાં 'ગુણ અને ભાવ'નો વિકાસ થાય તેવી યોજનાઓ માટે ફંડફાળો ઉઘરાવવા ફરે છે, તે પણ જણાવ્યું.

---

★ અવધૂત શ્રી નિત્યાનંદજીના શિષ્ય સ્વામી મુક્તાનંદજી ગણેશપુરીમાં (વસઈ) ઘણાં વર્ષો સુધી રહેલા. તેમનો દેહોત્સર્ગ થયાને થોડાં વર્ષો થયાં.

સ્વામીજી પછી બધાંને લઈને તેમના બગીચામાં ગયા અને બી વગરનાં લીંબુ, મોટાં ગુલાબ વગેરે આપ્યાં. લાલ થયેલી આંખનો દુઃખાવો મટાડે તેવું એક સફેદ ફૂલ તેમણે બધાંને બતાવ્યું. તેમણે કહ્યું કે 'આ ફૂલ વહેલી સવારે તેની ઉપર પડેલાં ઝાકળબિંદુ સાથે આંખે લગાડવાથી આંખનો દુઃખાવો મટી જાય છે. એવી તે દિવ્ય ઔષધિ છે.'

ત્યાંથી પાછા ફરતાં બધાંને આસન ઉપર બેસાડ્યાં અને ચાકૉફી તથા નાસ્તાની પ્રસાદી આપી. તે પછી સ્વામીજી બધાંને નિત્યાનંદજીની સમાધિ ઉપર લઈ ગયા. ત્યાં આગળ ગરમ પાણીના ત્રણ કુંડો છે તે બતાવ્યા. પાસે પાસે આવેલા આ ત્રણ કુંડોમાં ઓછુંવત્તું ગરમ પાણી હોય છે અને ચામડીના દર્દવાળા તથા વાના રોગવાળા દર્દીઓ તેમાં સ્નાન કરતાં હોય છે.

ફરીને બધાં પાછા આશ્રમે આવ્યાં. સ્વામી મુક્તાનંદજીએ 'હરિઃૐ મહામંત્ર'વાળું ભજન લલકાર્યું, પછી તેમણે પૂજ્યશ્રીને રેશમી દુપટ્ટો અને ફૂલહાર પહેરાવી નમસ્કાર કર્યા અને બધાં ત્યાંથી વિદાય થયાં.

**શ્રી મુગટરામ મહારાજની યાદ**

ગણેશપુરી આશ્રમમાં કેટલાક મહાત્માઓની છબીઓ હતી. તેમાં એક છબી બ્રહ્મલીન પૂજ્ય મુગટરામ મહારાજની પણ હતી. તે વિશે પૂજ્ય શ્રીમોટાએ કહ્યું, 'મેં તેમનાં દર્શન કરેલાં. નડિયાદથી દાદુભાઈ દેસાઈએ મને ટિકિટભાડું અને રૂપિયા દશ આપીને મુગટરામ મહારાજનાં દર્શને મોકલેલો. મહારાજ પાસે પહોંચીને મેં તેમને નમસ્કાર કરીને શ્રીફળ અને દશ રૂપિયા અર્પણ કર્યા. મહારાજે એક રૂપિયો ઉમેરીને રૂપિયા અગિયાર મને આપ્યા અને આશીર્વાદ આપતાં કહેલું કે 'તારો ગુરુ સમર્થ છે. તેમના કહ્યાં

પ્રમાણે કરજે અને જે કરે છે તે કરવાનું ચાલુ રાખજે.' એ ખરેખર મહાપુરુષ હતા.'

**શિરડીમાં શ્રીમોટા**

ગણેશપુરી જઈને પરત આવ્યા પછી શ્રીમોટાએ બપોરે આરામ લીધો. બપોર પછી શેઠ નટવરભાઈ ચિનાઈને ત્યાં પધાર્યા. રાત્રે હરમુખભાઈ વગેરે ભક્તો ભેગા થયા ત્યારે પૂજ્યશ્રીએ સત્સંગ કરવા સૂચવતાં અમે પૂછ્યું, 'મોટા, સાંઈબાબા વિશેની આજ સુધીમાં કોઈ પુસ્તકમાં પ્રસિદ્ધ થઈ ના હોય તેવી વાત કહેશો ?'

શ્રીમોટાએ કહ્યું, 'પેલી-દરિયા ઉપર ખડકો આગળ તેઓ મળેલા તે વાત કહી હતી, ખરુંને ?' મેં કહ્યું, 'હા જી.'

**શ્રીમોટા :** 'સાંઈબાબાની એવી ઇચ્છા કે મારે શિરડી જવું. એટલે તેમણે પરસદભાઈ 'બાપુ' દ્વારા નિમિત્ત ઊભું કર્યું. પરસદભાઈએ મને કહ્યું કે 'શિરડીમાં મને મૌન આપો.' મેં કહ્યું, 'ભઈ, ત્યાં કેમ ફાવે ? જુદી રૂમ જોઈએ. તેમાં જ ઝાડો-પેશાબ કરી શકાય તેવી સગવડ જોઈએ. એકબે માણસ જોઈએ. વળી, એ અજાણી જગ્યા, કેમ ફાવે ?'

ત્યારે પરસદભાઈ-'બાપુ'એ કહ્યું, 'પૈસા ખર્ચીએ તો બધી સગવડ મળી જાય.' તેમના આવા આગ્રહને લીધે આપણે તો શિરડી ગયા. ૧૯૪૪ કે ૪૫ની સાલ હશે. મંદિરવાળાને બારસો રૂપિયા રોકડા આપ્યા. એટલે ધર્મશાળામાં જુદી ઓરડી કાઢી આપી. ત્યાં અમે ચોવીસ દિવસ રહ્યા. 'બાપુ'ને ત્યાં મૌન આપ્યું... હું તો ગામમાં બધે ફરતો અને જેને જેને સાંઈબાબાએ રૂપિયા (બક્ષિસ કે પ્રસાદના પ્રતીકરૂપે) આપેલા તે બધાંને હું મળેલો. સાંઈબાબાના એક ભક્ત અબ્દુલબાબા તો મારી ઓળખ બીજાઓને આપતાં અને કહેતાં કે 'આ આપણાં કુટુંબનો માણસ છે.'

**એ બધાને ગુરુમહારાજ માનતો**

એક ભાઈએ પૂછ્યું, 'મોટા, સાંઈબાબા, આપના ગુરુદેવ હતા ?'

**શ્રીમોટા :** 'હા, પણ તેમને મારા ગુરુમહારાજ (ધૂણીવાળા દાદા) તરીકે ગણીને જ હું બધું કરતો. મારા ગુરુમહારાજે કહેલું કે 'હું બધું જ છું, બધાંમાં હું છું. હું સાંઈબાબા છું, ઉપાસની મહારાજ છું, અક્કલકોટના સ્વામી અને તાજુદ્દીન બાબા પણ હું છું.' મારી સાધનાકાળની શરૂઆતમાં આવું બધું ગુરુમહારાજે કહેલું અને તે તે મહાત્માઓનાં દર્શન તેમનામાં કરાવેલાં, પણ આપણને તેમાં ત્યારે કાંઈ સમજ નહિ પડેલી. આજની વાત જુદી છે. ગમે તેમ પણ તે બધાને હું ગુરુમહારાજ માનતો.'

**પ્રશ્ન :** 'સાંઈબાબાનાં દર્શન થયાં ત્યારે તેમનો વેશ કેવો હતો ? અત્યારે ફોટામાં દેખાય છે એવો હતો ?'

**શ્રીમોટા :** 'ના, માથા ઉપરના વાળ એકદમ ઝીણા ઝીણા અને મેલા જેવા દેખાતા હતા. મોઢું બરાબર એ જ પણ કપડાં અલગ હતાં.'

તેમની વિદાય લેવા ઊભા થતાં તેઓશ્રીએ પૂછ્યું, 'ભાદરણ આવશોને ? જરૂર આવજો.' (ભાદરણમાં તેમના જન્મદિનનો ઉત્સવ થનાર હતો તેથી) અમે જવાબમાં કહ્યું કે 'જરૂર આવીશું.'

**પ્રેમમાં કઠોરપણું હોય છે.**

નડિયાદ જવા માટે પૂજ્ય શ્રીમોટા રાત્રે સ્ટેશને ગયા. ઘણા ભક્તો પણ તેમને વિદાય આપવા આવ્યા હતા. એક બહેને કહ્યું, 'પ્રભુ ! અમને પ્રેમ આપજો. અમે તમારાં છોકરાં છીએ. તમે અમારા બાપુ છો.'

**શ્રીમોટા :** 'પ્રેમમાં કઠોરપણું પણ હોય છે, તે સહેવાની તૈયારી રાખવી.'

તે બહેને કહ્યું, 'મોટા, તમે મને 'કાળકા માતા' કહેલું, પણ મને ખોટું નથી લાગ્યું.'

**શ્રીમોટા :** 'સારું. પણ બધાંને એવું કહેવાય છે ?'

ત્યારે શ્રી નંદુભાઈએ કહ્યું કે 'જેના ઉપર શ્રીમોટાને પ્રેમભાવ છે, તેને જ તેઓશ્રી એવું કહેતા હોય છે. સુરતમાં પણ એક બહેનને શ્રીમોટા 'કાળકા માતા' કહીને બોલાવે છે.'

ગાડી ઊપડવાની વ્હીસલ વાગી અને 'હરિઃૐ'ના જયઘોષ સાથે પૂજ્યશ્રીએ મુંબઈ છોડ્યું.

**શ્રીમોટાની વ્યવહારુ દૃષ્ટિ**

ભાદરવા વદ ચોથ એટલે પૂજ્ય શ્રીમોટાનો જન્મદિન. એ નિમિત્તે ભાદરણમાં ઉત્સવ ઊજવવામાં આવનાર હતો, પણ ત્યાંના બે યુવાનોનું આકસ્મિક અવસાન થતાં પૂજ્યશ્રીએ તે રદ કરાવ્યો. તેઓમાં આવી વ્યવહારુ દૃષ્ટિ અને કોમળ લાગણી એટલે કે ભાવના જોવા મળતાં, ભક્તોને તેમના પરત્વે ખૂબ માન પ્રગટ્યું. તેમણે ઘણી વાર સમગ્ર ગુજરાતને અસર કરતાં લીલા કે સૂકા દુકાળ કે કોમી રમખાણો જેવી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ઊજવવા ધારેલ સમારંભો બંધ રખાવેલા, તે યાદ આવ્યા વિના રહેતું નથી. જોકે આવા ઉત્સવ સમારંભો દ્વારા મળતી દક્ષિણા લોકકલ્યાણનાં કાર્યો માટે જ વપરાતી હતી અને ભેગા થતા ભક્તજનોના સમુદાયને વિવિધ મિષ્ટાન્ન જેવાં મોંઘાદાટ ભોજન નહિ, પણ ગરીબની 'ખીચડી-શાકની પ્રસાદી' પીરસવામાં આવતી હતી. આજે પણ તે પ્રથા ચાલુ છે.

■

## (૯)

આપણી આ ભવની પ્રકૃતિની ગતિ અને દિશા જેવા પ્રકારની હોય, તેવા પ્રકારનો આપણો પુનર્જન્મ છે.

'જીવન પરાગ' -**શ્રીમોટા**

તા. ૨-૧૦-૧૯૬૪ થી તા. ૪-૧૦-૧૯૬૪ સુધી અમે બધાં રાંદેર આશ્રમે રહેલાં, કેમ કે ભાદરણનો ઉત્સવ રદ કરવામાં આવ્યો હતો.

**સાચો જપ**

સવારે અગિયાર વાગ્યે અમે પૂજ્યશ્રીની પાસે તેમના ઓરડામાં બેસીને તેમના પગ દાબતા હતા ત્યારે તેમણે પોતાની સાધનાની વાત કહેવા માંડી.

'નડિયાદ આશ્રમ હાલ જે જગ્યાએ છે, ત્યાં આગળ એક ઝાડ ઉપર રાત્રે બેસીને હરિસ્મરણ કરવા ગુરુમહારાજે★ ફરમાવ્યું. આપણે તો ઝાડ ઉપર ચડીને જપ કરવા માંડ્યો. મધરાત થવા આવી. તંદ્રાવસ્થા શરૂ થઈ, તોય હરિસ્મરણ ચાલતું હતું. (શ્રીમોટાએ કહ્યું, 'તંદ્રાવસ્થા એટલે શું તે ખબર છેને ? નહિ પૂરી જાગ્રતિ કે નહિ પૂરી નિદ્રાવસ્થા.') તંદ્રાવસ્થા દરમિયાન જપ થાય તે સાચો જપ ના કહેવાય. આ અવસ્થાને કારણે ગુરુ-મહારાજે જોરથી પથ્થર માર્યો જે મને સાથળે વાગ્યો. (એમ

★ શ્રીધૂણીવાળા 'દાદા' કેશવાનંદજીના મોકલ્યા શ્રીબાલયોગી મહારાજે શ્રીમોટાને (ચૂનીલાલ ભગતને) દીક્ષા આપી હતી. અહીં શ્રીબાલયોગી મહારાજનો ઉલ્લેખ છે. તેમણે જ ત્યારે શ્રીમોટાને કહેલું કે 'આ જગ્યાએ તારો આશ્રમ થશે.'

કહીને જમણા પગનો સાથળ બતાવીને પથ્થર વાગેલો ત્યાં હાથ મૂક્યો.) તેથી એવી કળ ચડી ગઈ કે ઝાડ ઉપરથી પડ્યો, પણ સદ્‌ભાગ્યે એક ડાળ હાથમાં આવી ગઈ. એટલે જમીન ઉપર પડતાં બચી જવાયું.'

આટલું કહીને તેઓશ્રી પાછા સૂઈ ગયા. મને ગાદી ઉપર તકિયે અઢેલીને આરામથી બેસીને જપ કરવા કહ્યું. એટલે મનોમન જપ કરવા લાગ્યો. થોડી વારે તેઓશ્રી બોલ્યા, 'મોટેથી સ્મરણ થાય હોં !'

એકાદ કલાક બાદ તેઓશ્રી ટપાલ જોવા લાગ્યા. ટપાલ જોવાઈ ગયા પછી 'ધી ઈન્ડિયન મન્ક' (લેખક-સ્વામી પુરોહિત) વાંચવા લાગ્યા. થોડું વાંચ્યા બાદ મને તે વાંચી સંભળાવવા આપ્યું. મેં થોડાં પાનાં વાંચ્યા, પછી વાંચવાનું બંધ કરાવ્યું. એ પછી મને એક ખાદીની ચાદર ભેટ આપી. આવી રીતે તેમને મળતી ભેટ-સોગાદ તેઓશ્રી તેમના ભક્તોને આપતા.

થોડી વાર પછી અમે ત્રણચાર ભક્તો ફણગાવેલા વાલ ફોલવા બેઠા. શ્રીમોટા પાસે આવીને બેઠા. નાના જુવાન છોકરાઓને તેઓ શૂરાતન ચડે એવી વાતો કરતા હતા અને એમની પોતાની બાને ખૂબ ભાવથી યાદ કરતા.

**'મારી જોડે લગ્ન કર'**

વાલ ફોલતાં ફોલતાં તેઓશ્રીએ મને કહ્યું, 'મારી જોડે લગ્ન કરી નાખ.'

'લગ્ન બાબતમાં સમજ પડતી નથી.' મારાથી બફાઈ ગયું.

એટલે જરા ચિડાઈને તેઓ બોલ્યા, 'આને મારા મોંની બે સાંભળવાનું મન થાય છેને !' ત્યાં બેઠેલાં બધાં હસ્યાં.

તે પછી તેઓશ્રી એકલા શહેરમાં ગયા. છ વાગ્યે તેઓશ્રી પાછા આવ્યા અને ભોજન કરીને સૂઈ ગયા. થોડી વાર પછી તેમણે પેલું પુસ્તક (ધી ઇન્ડિયન મન્ક) મોટેથી વાંચવા મને ફરમાવ્યું. લગભગ એક કલાક સુધી તેમણે તે સાંભળ્યું, પછી સૂઈ ગયા. નવ વાગતાં બીજાં બધાં પણ સૂઈ ગયાં.

**'થૅન્કયુ, રતિભાઈ'**

તા. ૪-૧૦-૧૯૬૪, રવિવારના રોજ વહેલી સવારે ચાર વાગ્યે બધાં ઊઠી ગયાં. પરવારીને અમે પૂજ્યશ્રી પાસે ગયાં ત્યારે શ્રી નંદુભાઈ, પૂજ્યશ્રીના પગ દબાવતા હતા. મને જોઈને શ્રી નંદુભાઈએ કહ્યું, 'પૂજ્યશ્રી તમને વહેલી સવારે બે વાગ્યે પેલું પુસ્તક વાંચવા બોલાવવાના હતા.' 'કેમ ના બોલાવ્યા ? મજા આવત, પ્રભુ !'

ત્યારે શ્રીમોટા બોલ્યા, 'તમે બધાં સૂતેલાં. એટલે તમને 'ડિસ્ટર્બન્સ' (ખલેલ) થાય તેથી ના બોલાવ્યા. ચાલો વાંચો અત્યારે.'

મેં એકાદ કલાક મોટેથી વાંચ્યું, તે પછી તેઓએ બે બહેનોને વારાફરતી ભજન ગાવાં કહ્યું, તે દરમિયાન બારતેર ભક્તો આવ્યા. તેમના માટે હું પાણી લઈ આવ્યો ત્યારે શ્રીમોટાએ પ્રેમથી કહ્યું, 'થૅન્કયુ, રતિભાઈ'

બપોરની ગાડી દ્વારા અમે મુંબઈ જવાનાં હતાં, તેથી અમને વહેલા જમાડી દીધાં. તેમની વિદાય લેતાં તેમને પગે પડ્યાં ત્યારે તેમણે ઈશ્વરસ્મરણ નિયમિત રીતે કરતાં રહેવાનું કહ્યું, તથા મુંબઈનાં સ્વજનોને તેમની યાદ આપવાનું કહ્યું.

■

## (૧૦)

ત્યાગ કરવો અને ત્યાગ ભોગવવો - એ બંનેના ભાવાર્થમાં પાયાનો ફેર છે. ત્યાગ ભોગવવાનો આનંદ જે છે, તે ત્યાગ કરવાના આનંદ કરતાં ક્યાંયે વિશેષ ચડિયાતો છે. ત્યાગ ભોગવવાનો આનંદ જીવનવિકાસનો સહજ આનંદ છે.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

### શ્રીમોટાને 'સ્પોન્ડિલાઈટીસ'ની બીમારી

શ્રી નંદુભાઈ તરફથી સમાચાર મળ્યા કે 'શ્રીમોટાને કરોડ-રજ્જુનો મણકો ખસી જવાની (સ્પોન્ડિલાઈટીસની) બીમારી થઈ હોવાથી તેમની સાથે તા. ૨૦-૧૦-૧૯૬૪ સુધી કોઈ પત્રવ્યવહાર થઈ નહિ શકે, તથા તેમની મુલાકાત પણ બંધ છે.' એટલે નિરાશા થઈ.

સામાજિક પ્રસંગે મારે અમદાવાદ જવાનું થતાં તા. ૨-૧૧-૧૯૬૪ના રોજ હું, ડભાણ ગયો હતો. પૂજ્યશ્રી ડભાણ ખાતે શ્રી રાવજીભાઈ પટેલને (વર્ષો સુધી નડિયાદ, હરિઃૐ આશ્રમના પ્રમુખ તરીકે સેવા કરનાર) ત્યાં આરામ કરતા હતા. તેઓશ્રી શરીરે દૂબળા પડેલા લાગતા હતા, તોપણ આનંદમાં હતા. ઊઠતાં બેસતાં તેઓશ્રીને કોઈનો ટેકો લેવો પડતો હતો.

### તાદાત્મ્યભાવને કારણે

રાવજીભાઈ સાથે હું નડિયાદ આશ્રમે ગયો. શ્રી નંદુભાઈ સઘળો પત્રવ્યવહાર સંભાળતા હતા. તેમની સાથે વાતો કરતા ખબર પડી કે તેમનાં પત્ની શ્રીમતી કાંતાબહેનને 'સ્પોન્ડિ-લાઈટીસ'નો રોગ થયો છે (જે કારણે શ્રી નંદુભાઈને ત્રિચિ રહેવું પડેલું) તે જ રોગ શ્રીમોટાને લાગ્યો છે. ભક્તોના રોગ

તાદાત્મ્યભાવને કારણે સદ્‌ગુરુને લાગી જાય છે. રોગ લઈ લે છે એમ નહિ, તે સમજાયું. તેવું શ્રીમોટાના સંબંધે થયું હતું.

તાદાત્મ્યભાવને કારણે અનુભવી પુરુષનાં નિમિત્તના જીવોમાં થતાં રોગો તે મહાત્મામાં પ્રગટે છે. કેટલીક વાર બીજાનાં દુઃખો તેઓશ્રીમાં પ્રગટીને પસાર થઈ જાય અને કેટલીક વાર બારોબાર અદૃશ્ય રીતે પસાર થઈ જતાં હોય છે. આની ખબર સામેના જીવને પડે નહિ. પ્રયત્ન કરીને બીજાનાં દર્દો લઈ લેવાનાં હોય, એવું આમાં નથી. એ ક્રિયા સહજપણે એવા મહાત્માના તે તે જીવ સાથેના તાદાત્મ્યભાવને કારણે થાય છે.

**-તો માણસ અને જાનવરમાં ફરક શો ?**

લગભગ પોણો કલાક શ્રી નંદુભાઈ પાસે રોકાઈને હું, ડભાણ પૂજ્યશ્રી પાસે જઈને બેઠો ત્યારે કેટલાંક સ્વજનો તેમની આગળ પોતપોતાનાં દુઃખો રડતાં હતાં. એક દંપતી પોતાની ગરીબીને અંગે સલાહ-સૂચન માગતાં હતાં ત્યારે શ્રીમોટાએ કહ્યું, 'સૌ પ્રથમ પ્રજા ઉત્પન્ન નહિ કરવાની પ્રતિજ્ઞા લો. ગરીબી અને પ્રજાપાલન બેઉ શક્ય નથી.'

પેલાં દંપતીને એ સલાહ ગમી નહિ. તેમણે બીજાં સાધનોની તરફેણ બતાવી ત્યારે શ્રીમોટા તેમની સાથે નારાજગીથી બોલ્યા, 'માણસ આવી સ્થિતિમાં (ગરીબીમાં) પણ સમજે નહિ ત્યારે તેનામાં અને જાનવરમાં ફરક શો ?'

**સત્સંગ**

તે બાદ થોડો સત્સંગ થયો.

**પ્રશ્ન :** 'મોટા, જે અંતરનાદ સંભળાતો હશે, તે અનાહત નાદ કાનમાં જે કેટલાકને સંભળાતો હોય છે, તેની જેમ જ સ્પષ્ટ રીતે કાનથી સાંભળી શકાય ?'

**શ્રીમોટા :** 'હા, જેમ એક વ્યક્તિ બીજી વ્યક્તિને મુખેથી આદેશ દેતી હોય તેમ સ્પષ્ટ અવાજ હૃદયમાં, અંતરમાં ઊઠે અને સંભળાય, પણ આવો અંતરનાદ તો ખૂબ આગળ વધેલા સાધકને સંભવે છે.'

**પ્રશ્ન :** 'કોઈ ચાલુ મંત્ર કારણવશાત્ બદલાઈ જાય તો વાંધો આવે ?'

**શ્રીમોટા :** 'વારંવાર મંત્ર બદલવો નહિ. જે તે એકને જ પકડી રાખવો. તેની સંખ્યા ઉપર ભાર તથા મદાર રાખવો નહિ. તેનું સાતત્ય અને ભાવના અવિચળ થાય તેવું હૃદયમાં પ્રગટવું જોઈએ.'

**પ્રશ્ન :** 'જે તે સંત પાસે સાધકથી દોડાય ?'

**શ્રીમોટા :** 'જ્યાં ત્યાં બધે દોડવાનું હોય નહિ. જેમની સાથે હૃદયનો કંઈક સ્નિગ્ધ પરિચય હોય ત્યાં, એવું નિમિત્ત મળતાં જરૂર જવાય. તે તે બધા એક જ ચેતનના જુદા જુદા અંશ છે, છતાં એમાં વિવિધતા રહેવાની જ.'

**પ્રશ્ન :** 'મુક્તાત્માને પ્રારબ્ધ હોય છે ?'

**શ્રીમોટા :** 'શરીર હોવાને કારણે પ્રારબ્ધ હોય છે, પણ તે બળેલી દોરડીના વળ જેવું. બાકી, તેણે પરબ્રહ્મ સાથે એકાત્મતા સાધેલી હોઈને, આ શરીર, આ જીવન અને આ વિશ્વ એ એક દૃશ્ય તરીકે તેની આગળથી પસાર થાય છે, તેથી તેને કશાનું બંધન હોતું નથી.'

પૂજ્યશ્રી બધો સમય સૂતાં સૂતાં બોલતા હતા. એટલે જવા માટે ઊભા થઈને મેં તેમની જમણી બાજુએ વળીને નમસ્કાર કર્યા. તેમણે મને બે હાથે બાથમાં લઈને ગાલે ચૂમી કરી, અને પછી નામસ્મરણ સતત કરતાં રહેવા સૂચવ્યું. આથી એવો નશો

ચડ્યો કે, જેથી લાંબા સમય સુધી 'હરિઃૐ'નો જપ થઈ શક્યો !

■

**(૧૧)**

> સાચી દાનવૃત્તિ કરુણાવૃત્તિમાંથી નીપજે છે. આ વૃત્તિનો પણ આપણે આપણા માટે અને આપણામાં ઉપયોગ કરવાનો છે. દાનમાંથી જન્મતો ભાવ એ આપણું પરમ બળ છે.
>
> 'જીવન પરાગ' **-શ્રીમોટા**

**મણકાના રોગની પીડા**

શ્રીમોટા, ૧૯૬૫ના ફેબ્રુઆરીમાં નડિયાદથી રાંદેર આશ્રમે પધાર્યા. એટલે અમે તા. ૨૭-૨-૧૯૬૫ના દિવસે રાંદેર ગયાં. અમે બધાંએ નમીને તેમની ચરણરજ લીધી. તેઓશ્રીએ કહ્યું, 'મારાથી નમાતું નથી.' તોપણ તેમણે મારે બરડે હાથ ફેરવ્યો. ચપટ બેસતાં, વાંકું વળતાં, ઊઠબેસ કરતાં તેમને મુશ્કેલી પડતી હતી. એટલે તેઓશ્રી વધુ સમય સૂઈ રહેતા હતા. 'સ્પોન્ડિલાઈટીસ'નો રોગ તેમને બહુ પીડા આપી રહ્યો હતો.

**મૌનમાંથી બહાર આવ્યા પછી અશાંતિ કેમ ?**

ભોજન લીધા પછી શ્રીમોટાએ થોડો સમય આરામ કર્યો પછી સત્સંગ ચાલ્યો.

**પ્રશ્ન :** 'મોટા, મૌનમાંથી નીકળ્યા પછી એકાગ્રતા રહેતી નથી, જોઈએ તેટલો આનંદ પણ રહેતો નથી. નામસ્મરણ થાય છે, પરંતુ મૌનમંદિરમાં જે આનંદના ઊભરા અનુભવાય છે, તેવા ઊભરા બહાર અનુભવાતા નથી. એનું શું કારણ હશે ?'

**શ્રીમોટા :** 'સંસારમાં પડીએ એટલે વિક્ષેપો આવે. મૌન દરમિયાન અંદર કોઈ અડચણ કરવા વચ્ચે આવતું હોતું નથી. એટલે એકાગ્રતા, આનંદ અને ધ્યાન ત્યાં સહજ રીતે રહે છે. બહાર નીકળીએ અને ચાલુ કામકાજમાં પરોવાઈ જઈએ ત્યારે 'ડિસ્ટર્બન્સ' થાય, અશાંતિ લાગે એ સ્વાભાવિક છે. તોયે જો આપણું ધ્યેય એ હોય કે - 'આપણે તો તેના જ રસ્તે આગળ વધવું છે' અને 'અડચણોથી ગભરાવું નથી'- એવો નિરધાર થઈ જાય તો કશું બગડશે નહિ અને એકાગ્રતા, શાંતિ વગેરે બધું જળવાઈ રહેશે.'

**મૌનમંદિર વિશે પ્રસિદ્ધિ**

મુંબઈથી પ્રગટ થતાં 'જનશક્તિ' દૈનિકમાં મૌનમંદિર વિશે છપાયેલ લેખ પૂજ્યશ્રીએ વાંચેલો. તે વિશે તેમણે કહ્યું, 'એ લેખ સારો હતો. તેનાથી એક જણને તો ફાયદો થયો.'

'એ કોણ, મોટા ?'

**શ્રીમોટા :** 'કોટક સાહેબ કરીને મુંબઈની એક શાળાના માલિક અને પ્રિન્સિપાલ, જેઓ તે લેખ વાંચીને મૌનમાં બેસવા આવ્યા. વળી, તેમણે રૂપિયા ૨૫૧/-નો ચેક મોકલ્યો★ તે દૈનિકના તંત્રી તમને ઓળખતા હતા ?'

'ના જી.'

---

★ પ્રિન્સિપાલ કોટક અમને રૂબરૂ મળ્યા ત્યારે કહ્યું, 'હું આજ સુધી કોઈ સાધુને પગે પડ્યો નથી. પહેલી વાર શ્રીમોટાને પગે પડ્યો છું અને મૌનમાં બેઠો છું.' શ્રી કોટક ત્યાર બાદ દર વર્ષે મોનમાં બેસતા અને આશ્રમને દાન આપતા હતા. તેઓએ એ ક્રમ તેમના દેહવિલય સુધી ચાલુ રાખેલો.

**શ્રીમોટા :** 'જો ભઈ, મેં અત્યાર સુધી કોઈને મારા વિશે કે આશ્રમો વિશે લખવા-છપાવવા રજા આપી નથી, કેમ કે લોકો તે વાંચીને કદાચ અમારું કામ નકામું વધારી મૂકે. તેઓ લાંબા પત્રો લખે અને અમારે તેમને જવાબ દેવા પડે. એ બધું અમને ના પોસાય, છતાં તમે તમારી રાજીખુશીથી વગર પૈસે લેખ છપાવો અને એથી કરીને સમાજને લાભ થતો હોય તો તેનો વાંધો નથી.'

**પ્રશ્ન :** 'મોટા, મૌનમંદિર જેવી વ્યવસ્થા સંસારીજનો માટે બીજે ક્યાંય હોય, એ સાંભળ્યું નથી. લોકોને છાપાં દ્વારા એ જાણવાનું મળે. વળી, આપની 'ગુણ-ભાવ'ના વિકાસ માટેની યોજનાઓ છાપાં દ્વારા વાંચે તો કંઈક દેવાનું તેમને મન થાયને ?'

**શ્રીમોટા :** 'પૈસા તો ફર્યા વિના કોઈ ના આપે. અપીલો છપાવવાથી કાંઈ ના મળે. વળી, આપણને કોણ ઓળખે છે ?'

એટલામાં હરમુખભાઈ જોગી આવ્યા. તેમને શ્રીમોટા સાથે કંઈક અંગત વાત કરવી હતી. એટલે સત્સંગ પૂરો થયો. હું ત્યાંથી ખસી ગયો.

## સંતાનોની કાળજી માટે આગ્રહ

આશ્રમમાં સાંજે પાંચ વાગ્યે જમવાનો સમય. રસોડામાં શ્રી નંદુભાઈ સાથે એક લાઇનમાં મહેમાનો બેસે અને સામેની લાઇનમાં ભીખુકાકા અને અન્ય સેવકો. બંને હરોળની છેડે મધ્યમાં ખુરશી ઉપર શ્રીમોટા બેસે, જેથી તેઓશ્રી બધાંને જોઈને વાતો કરી શકે. રોજ લગભગ ૧૦-૧૨ માણસો ભોજન લેવામાં હોય.

ત્યારે શ્રીમોટાએ કહ્યું, 'મારા આશ્રમમાં (હરિજન આશ્રમમાં) હું રોજેરોજ નવી નવી વાનગીઓ બનાવરાવતો. જો છોકરાઓને વાનગીઓ ખાવાથી સંતોષ થાય, તો તેઓ બધી રીતે સારાં નીવડે. બાળકોને પ્રેમથી તેમને મનગમતું હોય તેવું ખવરાવવું

જોઈએ, પણ આજે કોઈ ખોરાક પ્રત્યે અને સંતાનો પ્રત્યે બરાબર ધ્યાન આપતું નથી.'

જમી રહ્યા બાદ પૂજ્યશ્રીએ અમુક પુસ્તકમાંથી થોડું ઉતારવાનું અમને કહ્યું અને તેઓ આરામ કરવા ગયા.

બીજા દિવસે વહેલી સવારે અમને બધાંને પૂછ્યું, 'કેવું સ્વપ્ન આવ્યું ?' કોણ જવાબ આપે ?! કોઈને કંઈ યાદ ન હતું. તેઓશ્રી ઘણી વાર આ પ્રશ્ન પૂછતા.

**નીરો-પાન**

પછી છ વાગ્યે આશ્રમનાં બધાં ભાઈબહેનોને સ્ટેશન વૅગનમાં બેસાડી નીરો પીવા લઈ જવામાં આવ્યાં. રસ્તામાં 'હરિઃૐ'ની ધૂન ચાલી... પિવાય તેટલો નીરો પીવા તેમણે આગ્રહ કર્યો. કોઈએ ત્રણ ત્રણ, તો કોઈએ પાંચ પાંચ ગ્લાસ ભરીને નીરો પીધો ! રવિવાર હતો. એટલે આશ્રમે સારી એવી સંખ્યામાં ભક્તો આવેલા અને શ્રીમોટાની રાહ જોતા હતા. એટલે નીરો પીને ઝટપટ આશ્રમે પહોંચી ગયા.

**આશ્રમની આવક માટે**

ભોજન અને આરામ બાદ શ્રીમોટાએ અમને પૂછ્યું, 'આશ્રમને કાયમી આવક થાય તે માટે વધુ જમીન ખરીદવાનો વિચાર થાય છે, તો આપણાથી તે ખરીદી શકાય ? મારો દેહ પડે પછી આશ્રમને ચાલુ આવક રહે, એવું સાધન કરવું છે, તો 'ટ્રસ્ટડીડ' જોઈને કહો.

'ટ્રસ્ટડીડ' જોઈને મેં કહ્યું કે 'જનરલ ક્લૉઝ'માં એવી ખરીદી કરવા માટે આશ્રમને બધી સત્તા આપેલી છે. માટે વાંધો નહિ. માત્ર 'ધંધો કરીએ છીએ' એવું તેનું સ્વરૂપ અપાય નહિ, એટલો

ખ્યાલ રહેવો જોઈએ... શ્રીમોટાએ કહ્યું, 'તો ઠરાવ કરીને 'ચૅરિટી કમિશનર'ને મોકલી આપીએ, બરાબરને ?' 'બરાબર.'

■

## (૧૨)

જ્યારે ભાવ જાગતો હોય છે કે જાગેલો હોય છે
ત્યારે ઊંઘ મુદ્દલે પણ ના હોય એવું બને છે ખરું.
**-શ્રીમોટા**

### એકાગ્રતા

તા.૨૧-૩-૧૯૬૫, રવિવારના રોજ મુંબઈના એક સ્વજન શ્રી મોહનલાલ ચોખાવાલા મારી સાથે રાંદેર આશ્રમે આવ્યા. શ્રીમોટાએ આશ્રમ અને તેની પ્રવૃત્તિઓ વિશે એક પરિચય પત્રિકા અંગ્રેજીમાં તૈયાર કરવા સૂચવ્યું. બે કાગળોની નકલ કરવા આપી, પછી તેમણે કોઈ એક જણના સંદર્ભે એકાગ્રતાના ગુણ ઉપર બોલતાં કહ્યું કે 'કોઈ પણ કર્મમાં એકાગ્રતા હોવી જ જોઈએ. એવી ટેવ દરેક ક્ષેત્રમાં હોવી જ જોઈએ, તો ઉપયોગી થાય. જો મળેલાં કાર્યમાં એકાગ્રતા ના થઈ શકી તો પછી સાધના જેવા ક્ષેત્રમાં શી રીતે કામ થઈ શકશે ?'

### સંબંધોનું મૂળ કારણ

વાળુ કર્યા પછી બધાં ચોકમાં બેઠાં, પાપડી ફોલાતી જાય અને સત્સંગ થતો જાય. તેમાંના કેટલાક અંશ :

**ચોખાવાલા :** 'મોટા, આપણા સંબંધો પૂર્વજન્મનાં કર્મને આભારી હોય છે ? પત્ની, પુત્ર, પરિવાર વગેરે પૂર્વજન્મના સંબંધોના અનુસંધાનમાં હોય છે ?'

**શ્રીમોટા :** 'હા, પણ બધું પૂર્વજન્મ અને પ્રારબ્ધવશાત્ હોતું નથી. કેટલીક બાબતો, વસ્તુઓ પુરુષાર્થને આધીન હોય છે.

બુદ્ધિ મળી હોય પણ તેનો સદુપયોગ ના થાય, તો કોઈ વિકાસને અવકાશ નથી. 'જો પુરુષાર્થ પણ પ્રારબ્ધવશાત્ છે' એમ કહીએ તો 'પુરુષાર્થ' શબ્દ વાપરવો અર્થહીન છે. એ વદતોવ્યાઘાત છે. ભાવિ સંબંધો વગેરેનું નિર્માણ આ જન્મમાં જ નક્કી કરી શકાય છે.'

**મૌનમંદિરનો ઉદ્ગમ**

**પ્રશ્ન :** 'મોટા, આપને મૌનમંદિર સ્થાપવાનો વિચાર કઈ રીતે ઉદ્ભવ્યો ?'

**શ્રીમોટા :** 'મારા ગુરુમહારાજે કહ્યું કે 'તેં દેશસેવા ઘણી કરી, હવે માનવસેવા કર. લોકોને ઈશ્વરાભિમુખ કરવાનું કર.' તેઓ મને દંડો આપવાનું ઇચ્છતા હતા ત્યારે મેં કહેલું કે 'હું તો સંસારમાં રહેનારો. એટલે દંડો વાપરીને લોકોને સાચા માર્ગે દોરી નહિ શકું. પ્રેમથી તેમને સન્માર્ગે ચડાવી શકું.' ગુરુમહારાજે તે માન્ય રાખ્યું અને સાધના માટેનો આ માર્ગ બતાવ્યો, પછી મેં પૂછ્યું કે 'લોકો પાસેથી લઈને હું તેમને શું આપીશ ?'ત્યારે ગુરુમહારાજે કહ્યું કે 'રોટલા માટે ચિંતા ના કરીશ. તેં પ્રજાની સેવા કરી છે. એટલે રોટલો એ તારું પેન્શન છે એમ સમજજે.★ અને લોકો પાસેથી લેવાથી તારા માથે ચડેલું દેવું હું તારા ઉપર રહેવા નહિ દઉં.' એટલે મેં આ માર્ગ ગ્રહણ કર્યો.'

**શ્રીરામ-શ્રીકૃષ્ણ ઐતિહાસિક સત્ય**

**ચોખાવાલા :** 'શ્રીરામ અને શ્રીકૃષ્ણ એ ખરેખર ઐતિહાસિક પાત્રો છે ?'

---

★ શ્રીમોટાએ લગભગ ૧૮ વર્ષ (૧૯૨૨ થી ૧૯૩૯ ) સુધી ગુજરાત હરિજન સેવક સંઘને (સાબરમતી તથા અન્યત્ર) સેવા આપેલી. ૧૯૩૪ થી ૧૯૩૯ સુધી પરીક્ષિતલાલ મજમુદાર સાથે જોડિયા મંત્રી રહેલા. ૧૯૩૯ના સપ્ટેમ્બરમાં નિવૃત્ત થયા.

**શ્રીમોટા :** 'એ કાલ્પનિક માણસો નથી. તેઓ ઐતિહાસિક સત્ય છે. રામભક્તિ આટલાં હજારો વર્ષથી ચાલતી આવી છે. અરે ! એકાંત જંગલમાં ઝૂંપડામાં તેમની ભક્તિ થાય છે, તે શું સૂચવે છે ? એ અવતારોની ચેતનાશક્તિને પ્રજા અનંતકાળથી ખેંચતી આવી છે અને તે ખૂબ પ્રભાવશાળી હોઈને પ્રજાના દિલમાં જડાઈ રહેલી છે. એ ભક્તિ કેવળ રામાયણ અને ભાગવતની કથાઓથી જ વધતી નથી, પણ કુદરતી આકર્ષણને લીધે એમ થાય છે.'

**ભક્તને ઠપકો**

લગભગ સાંજે છ વાગ્યે એક દંપતી આવ્યું. પાંચ વાગ્યા પછી આવવા બદલ શ્રીમોટાએ તેમને ઠપકો આપ્યો. તેના સંદર્ભમાં શ્રી નંદુભાઈએ કહ્યું કે 'એ બંનેનાં માતાપિતા તરફથી આશ્રમને ઘણી ઘણી મદદ મળે છે. તેમની દુકાનેથી જે જોઈએ તે મફત મળે છે, છતાં જોયુંને કે શ્રીમોટાને સત્ય સંભાળવી દેતાં વાર લાગી ? નિયમ બાબત કોઈ અપવાદ નહિ.'

**આશ્રમના લાભાર્થે નૃત્ય સમારંભ**

તા.૨૨-૩-૧૯૬૫, સોમવારના રોજ આશ્રમના લાભાર્થે કુમારી સૌદામિની રાવનો નૃત્ય સમારંભ એક ભક્તે શહેરમાં ગોઠવ્યો હતો. રાત્રે આઠ વાગ્યે એ કાર્યક્રમ શરૂ થયો. પૂજ્ય શ્રીમોટા પણ ત્યાં પધારેલા. આ કાર્યક્રમ લગભગ ૧૧ વાગ્યે પૂરો થયો. કલાકારવૃંદના સભ્યો અને અન્ય ભક્તો પૂજ્યશ્રીને પાયલાગણ કરવા લાગ્યા. મુંબઈથી આવેલા ભક્તો પણ પગે પડીને વિદાય થવા લાગ્યા. તેઓશ્રીએ મને કહ્યું, 'ગોપાલને વાંચવાનું કહેજો.' (સ્વગત) 'ઓહ! મોટા! આવા સમયે પણ તમે તમારાં સ્વજનોની કેટલી કાળજી લો છો ! કદાચ આટલી કાળજી તેમનાં માબાપ પણ નહિ લેતાં હોય...'

■

## (૧૩)

જેના પરત્વે આપણને અણગમો હોય કે થાય તેને જ્ઞાનભાનપૂર્વક ખાસ વિશેષ પ્રેમથી ચાહવું અને તે પણ આપણા કલ્યાણને માટે તેમ કરવાનું છે.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

**ડભાણમાં રામનવમી**

તા. ૧૦-૪-૧૯૬૫, શનિવાર, રામનવમીના દિને શ્રીમોટાનો નિર્ગુણ સાક્ષાત્કાર દિન, તેમના શબ્દોમાં 'નવો અવતાર દિન.' તા. ૯-૪-૧૯૬૫ના રોજ મુંબઈથી ચંદ્રકાંત મહેતા, તેમનાં માતૃશ્રી, ધીરેશભાઈ, તેમનાં પત્ની અને અમે બંને રાત્રે ડભાણ પહોંચ્યાં ત્યારે પૂજ્ય શ્રીમોટા, યજમાન રાવજીભાઈ પટેલની સાથે બેસીને વાળુ કરતા હતા. તેમના જમી રહ્યા બાદ અન્ય ભક્તોને જમાડ્યા. જમ્યા પછી બધાં પૂજ્યશ્રીને નમસ્કાર કરવા ગયાં. કેટલાંક મોટેથી 'હરિઃૐ, હરિઃૐ' બોલીને તથા હસીને આનંદ વ્યક્ત કરતા હતા. શ્રીમોટા, વળી તેમનાથી પણ વધુ મોટા અવાજે ખડખડાટ હસે ! ભક્તોને એથી અનેરો ભાવ ઊપજે.

**મને દત્તક લઈ લે**

ચંદ્રકાંત મહેતા અને તેમનાં માતુશ્રી પૂજ્યશ્રીને પગે લાગ્યાં ત્યારે તેઓશ્રી માતુશ્રીનો હાથ પકડીને ગળગળા અવાજે બોલવા લાગ્યા, 'મને ચંદ્રકાંત જેવો ગણજે. મારે મા નથી. મારા માથે હાથ મૂક. મને દત્તક લઈ લે !' તેઓશ્રી ખૂબ જ ભાવથી અને સહૃદયતાથી બોલી રહ્યા હતા ! માતુશ્રી કાંઈ બોલી ના શક્યાં ! શું બોલે ? પ્રથમ દર્શને જ શ્રીમોટા તેમને ભેટી પડ્યા અને તેમનું દિલ જીતી લીધું. માતુશ્રીએ તેમની 'ઝૂંપડી પાવન કરવા' પધારવા વિનંતી કરી.

બધા ભક્તો શ્રીમોટા સામે પાટલીઓ અને ખુરશી ઉપર ગોઠવાઈ જવા લાગ્યા ત્યારે તેઓશ્રીએ કહ્યું, 'પુરુષો નીચે બેસે અને બહેનોને ઉપર બેસવા દે.' બહેનો માટે તેમને પક્ષપાત ખરો.

તે બાદ ઘણાં ખરાં સ્વજનો શિવાભાઈના ઘરે સૂવા ગયાં. બીજી સવારે બધાં લગભગ અઢી વાગ્યે ઊઠી ગયાં, કેમ કે પરવારીને બધાંએ પૂજ્યશ્રીના 'નવા અવતાર દિન'ની ઉજવણીના ઉત્સવમાં ભાગ લેવા જવાનું હતું.

**'નવા અવતાર'નો અર્થ**

૭ વાગ્યે પૂજ્યશ્રીને કેસર સ્નાન કરાવવામાં આવ્યું. તેમાં ઘણા ભક્તોએ ભાગ લીધો. સાત વાગ્યે તેઓશ્રી માટે ખાસ બાંધવામાં આવેલા મંડપમાં આવીને તેઓ ખુરશી ઉપર બિરાજ્યા. સહુ પ્રથમ મધુરીબહેન ખરેએ ભજનો ગાયાં. તે બાદ શ્રીમોટાએ રામનવમીનું મહત્ત્વ સમજાવતું પ્રવચન કર્યું અને 'નવા અવતાર'નો અર્થ સમજાવ્યો. 'મારાં પડળ આ દિવસે ખૂલ્યાં. એટલે તેને 'નવો અવતાર' કહું છું... આવા ઉત્સવો શા માટે કરવા દઉં છું તે સમજાવું. આવે પ્રસંગે બધાં લાગતાંવળગતાં ભેગાં થાય અને મને પૈસા મળે, તો તે સમાજોપયોગી યોજનાઓમાં વાપરી શકું.'

**ધ્યાન કેમ કરવું ?**

દશ વાગ્યે બધાંને પ્રસાદ લેવા જવાનું હતું. પ્રસાદ લેતાં પહેલાં શેઠ નટવરભાઈ ચિનાઈએ રામધૂન બોલાવી. પ્રસાદ લીધા બાદ બે કલાકનો વિરામ રહ્યો અને ચાપાણી બાદ પ્રશ્નોત્તરનો કાર્યક્રમ થયો.

**પ્રશ્ન :** 'ધ્યાન કેમ કરવું ?'

**શ્રીમોટા :** 'જ્યાં સુધી એકાગ્રતા ના લાધે, ત્યાં સુધી ધ્યાન-બ્યાન કશું શક્ય નથી. ગીતાજી વાંચજો. એમાં બધું આપ્યું છે.'

**પ્રશ્ન :** 'ગાયત્રીમંત્ર ગમે તેનાથી બોલી શકાય ?'

**શ્રીમોટા :** 'ગાયત્રીમંત્ર શુદ્ધ વાતાવરણમાં અને ચોક્કસ આરોહ-અવરોહમાં બોલાય તો લાભ થાય. ગાયત્રીમંત્ર કામધેનુ છે, પણ આ યુગમાં સાધનાનો સહેલામાં સહેલો પ્રકાર નામ-સ્મરણ અને આત્મનિવેદન છે. વળી, જ્યાં સુધી આપણે પૂરમાં લાકડું તણાયાં કરે, એ રીતે ભાવમાં તણાઈએ નહિ, ત્યાં સુધી કશું પ્રાપ્ત થાય નહિ.'

**પ્રશ્ન :** 'મુક્તાત્માને રોગો કેમ થતાં હશે ?'

**શ્રીમોટા :** તાદાત્મ્યભાવને લીધે તેને રોગો થાય છે. એ ભક્તનો રોગ લઈ લે છે એમ કહેવાય નહિ, પણ નિમિત્તને લીધે કોક ભક્તના રોગ તેને લાગી જાય છે, એમ કહેવું બરાબર થશે. મહાત્મા સાથે તાદાત્મ્યભાવ હશે તો જ આમ બનશે.

**પ્રશ્ન :** આપ સમાજવાદમાં માનો છો ?

**શ્રીમોટા :** 'મને સામ્યવાદ ગમે છે, પણ એની અંદર રહેલી વર્ગવિગ્રહની ભાવના નથી ગમતી. આપણા પ્રાચીનકાળમાં સાચો સામ્યવાદ પ્રવર્તતો હતો, તે તે વખતના મંત્રો ઉપરથી જાણી શકાય છે. 'ૐ સહનાવવતુ, સહનૌભુનક્તુ...' મંત્ર શું કહે છે ? બધાંએ સાથે મળીને કામ કરવાનું, ભોગવવાનું, રક્ષવાનું તથા કોઈની ઈર્ષા ના કરવાનું શીખવે છે.'

### ગામડાંની દશા

**પ્રશ્ન :** 'મોટા, સ્વરાજ મળવા છતાં ગામડાંની દશા તો જરા પણ સુધરી નથી. આપનું શું કહેવું છે ?'

**શ્રીમોટા :** 'હા, સરકારે ગામડાંની તદ્દન ઉપેક્ષા કરી છે. મોટાં કારખાનાં, મોટા બંધો અને મોટાં શહેરો ગામડાંના ભોગે

વિકાસ પામ્યાં છે. સામાન્યજનની સ્થિતિ બદતર છે. મારા ગુરુમહારાજે કહેલું કે 'સ્વરાજ આ રહા હૈ. વહ મૈં દેખ રહા હૂં, લેકિન તેરે દાંત ખટ્ટે હો જાયેંગે.' તે કેટલું સાચું ! ગાંધીબાપુ પણ છેલ્લે છેલ્લે કહેતા હતા કે 'સ્વરાજ વહેલું મળ્યું છે.' ગાંધીજીએ જીવનશુદ્ધિ માટે ૨૧ દિવસના ઉપવાસ કરેલા. (આમ બોલતાં બોલતાં શ્રીમોટા ગળગળા થઈ ગયેલા) જીવનશુદ્ધિ તથા ચિત્ત-શુદ્ધિ સર્વ બાબતોમાં અગ્રક્રમે આવે છે.'

**અમારા દોષો સામે ના જોશો**

સાંજે પાંચ વાગ્યે તેઓશ્રી ભાદરણ ગયા. મોટરમાં બેસતાં પહેલાં તેમણે સહુને પ્રસાદ લઈને જવા કહ્યું તથા ભાવસભર રીતે બોલ્યા, 'ભઈ, અમારા દોષો સામે ના જોશો.'

■

**(૧૪)**

સંસ્કારોના પ્રકારો છે અનંત જાતના બધા,
સંસ્કારમાંથી જન્મે છે નિમિત્ત સર્વ જાતનાં.
'નિમિત્ત', અ. ૧/૧૮ **-શ્રીમોટા**

**પ્રકૃતિનું રૂપાંતર**

પૂજ્ય શ્રીમોટા તા. ૩-૫-૧૯૬૫ની વહેલી સવારે મુંબઈ પધાર્યા. એમને આવકારવા માટે સ્ટેશન ઉપર છએક ભક્તો આવ્યા હતા. શ્રીમોટા, ચિનાઈ શેઠને ત્યાં ગયા. બપોરે અઢી વાગ્યે બારેક ભક્તો ત્યાં આવેલા ત્યારે થયેલો સત્સંગ :

**પ્રશ્ન :** 'મોટા, ઘણા વખતથી વિચાર આવે છે કે સંતો પાસે વર્ષો સુધી રહેનારા અને બેસનારાઓની પ્રકૃતિનું રૂપાંતર થયેલું જોવામાં આવતું નથી, તો સંતો ચમત્કાર કરીને તેનું રૂપાંતર કેમ નહિ કરતા હોય ?'

**શ્રીમોટા :** 'જો ભઈ, નદીમાંથી વહેતું પાણી વાળવું હોય તો

નહેર ખોદવી જોઈએ. તો જ ખેતરને પાણી મળે. તેવી રીતે માણસો પોતાની તૈયારી બતાવતા હોય, સ્વીકારાત્મક દિલ રાખતા હોય અને પોતાની જાતને ખુલ્લી રાખતા હોય, તો સંતોથી કામ કરી શકાય. આમાં સંતો ચમત્કાર કે બળાત્કાર કરીને કશું કરી શકે નહિ. માટે ચમત્કારની વાત કરશો નહિ.'

**પ્રશ્ન :** 'ભગવાન શંકરાચાર્યે ગાયેલું છે કે 'સંતો તો વસંત-ઋતુના વાયુ જેવા છે. જેમ તે વાયુ જ્યાં ત્યાં સુગંધ, સુરભિ, ઉલ્લાસ અને આનંદ ફેલાવે છે, તેમ સંતો પોતે તરી ગયેલા હોઈને, તેમના સંપર્કમાં આવતા માણસોને સ્વાર્થ વગર તારતા હોય છે.'

**શ્રીમોટા :** 'જે મનુષ્ય તેનું નાક બંધ રાખીને ચાલતો હોય, તેને વળી વસંતના વાયુની સુગંધ કેવી રીતે મળે ? જે માનવ પોતાની જાતનો વિકાસ સાધવા અને મડાગાંઠો તોડવા જ તૈયાર ના હોય, 'રિસેપ્ટિવિટી' બતાવતો જ ના હોય તથા ઉપદેશ સ્વીકારીને અંદર ઉતારતો જ ના હોય તેને લાભ ક્યાંથી મળે ?'

એટલામાં પૂર્ણિમાબહેન પકવાસા અન્ય ભાઈબહેનો સાથે આવ્યાં. કચ્છ સરહદ ઉપરના પાકિસ્તાની આક્રમણની વાત નીકળી. કચ્છમાં બહેનો માટે તાલીમ શિબિરો કાઢવાની પૂર્ણિમાબહેને જરૂરિયાત બતાવી. શ્રીમોટાએ તેમની વાતને ટેકો આપ્યો.

### સંતોની મુલાકાત

'ડિવાઈન લાઇફ સોસાયટી' (હૃષીકેશવાળા) પૂજ્ય ચિદાનંદજી મહારાજ પધાર્યા. તેમણે પૂજ્ય શ્રીમોટાને ફૂલહાર અને ફળફળાદિ અર્પણ કર્યાં. શેઠ નટવરલાલ ચિનાઈએ સ્વામીજીને ચંદનનું તિલક કર્યું તથા ફૂલહાર કરીને દક્ષિણા અર્પણ કરી. શ્રીમોટાએ પોતાની પ્રવૃત્તિઓ તથા મૌનમંદિરનો ખ્યાલ આપ્યો. સ્વામીજીએ કહ્યું કે 'તેમને તેનો થોડો ખ્યાલ છે.'

એ પછી શ્રીરામકૃષ્ણ મિશનના સ્વામી વિમલ મહારાજ પધાર્યા. તેમણે ગોપાલને યાદ કર્યો.

સ્વામી ચિદાનંદજી વિદાય લેવા ઊભા થયા. શ્રીમોટા પણ ઊભા થયા અને સ્વામીજીને એમણે ઊંચકી લઈને ગોળગોળ ફેરવ્યા અને ભેટ્યા ! સ્વામીજીનું વજન લગભગ ૮૦ રતલ જેટલું હશે.

**કોટક સાહેબને ત્યાં**

તા. ૪-૫-૧૯૬૫, મંગળવારના રોજ વહેલી સવારે પૂજ્યશ્રી શેઠ નટવરલાલ ચિનાઈના એક ભાઈના 'ફ્લૅટ'ના મંગળ મુહૂર્ત - ઉદ્‌ઘાટન કરવા માટે ગયા, અને લગભગ આખો દિવસ ત્યાં રોકાયા. સાંજે પાંચ વાગ્યે તેઓશ્રી કોટક સાહેબને ત્યાં ચાર દાદરા ચડીને ગયા. થોડી વાર પછી કોટક સાહેબે બોલવાની શરૂઆત કરી. તે ઠીક ઠીક સમય સુધી તેઓ એકલા જ બોલ્યા. એટલે મેં તેમને કાનમાં કહ્યું કે 'હવે પૂજ્યશ્રીને કંઈક પૂછો કે જેથી તેઓશ્રી બે શબ્દ બોલે.' શ્રીમોટા, એ સાંભળીને બોલ્યા, 'કોટક સાહેબ બોલે કે હું બોલું, એ બધું એક જ છે !' તે પછી તેમણે પૂજ્યશ્રીને 'મહાજન શક્તિ દળ' માટે રૂપિયા ૨૫૧/-ની ભેટ ધરી.

**ભક્તોનું સ્નેહમિલન**

તા. ૫-૫-૧૯૬૫, બુધવારે 'જનશક્તિ' દૈનિકમાં શ્રીમોટાનું સંક્ષેપ જીવનચરિત્ર પ્રસિદ્ધ થયું હતું. તેઓશ્રીએ એના ઉપર નજર ફેરવી.

સાંજે છ વાગ્યે ચિનાઈ શેઠને ઘરે આશ્રમ સાથે સંકળાયેલા ભક્તોનું સ્નેહમિલન યોજવામાં આવેલું હતું. તેમનો 'ડ્રૉઈંગ-રૂમ' પૂરો ભરાઈ ગયો હતો. પચાસથી પણ વધુ ભાઈબહેનો હશે. પૂજ્યશ્રીને જરીનો સુંદર ફેંટો બાંધવામાં આવ્યો. તે પછી તેઓશ્રી મખમલની ગાદી ઉપર બિરાજ્યા. સરોજબહેન કાંટાવાળાએ પ્રાર્થના તથા ભજન ગાયાં, પછી સત્સંગ શરૂ થયો.

## ઊંચી-નીચી યોનિમાં પુનર્જન્મ

**પ્રશ્ન :** 'માણસનો જન્મ પ્રાણી કે એવી કોઈ હલકી યોનિમાં થાય છે ખરો ?'

**શ્રીમોટા :** 'માનવીમાં પાંચ કરણો ઓછેવત્તે અંશે વિકાસ પામેલાં હોય છે, તે છે - મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્. માટે માણસ તેનાં કર્મ પ્રમાણે અને જે તત્ત્વ તેનામાં વધુ વિકાસ પામ્યું હોય તે લઈને માનવયોનિમાં જ પુનર્જન્મ પામે છે. તે ગમે તેવો ઘાતકી, ભ્રષ્ટ અને દુષ્ટ હોય, તોપણ તે માનવયોનિમાં એવા કોઈ ભ્રષ્ટ કુળમાં જન્મ લેશે, બીજી કોઈ યોનિમાં નહિ, કેમ કે આ પાંચ કરણો અન્ય કોઈ નિમ્ન યોનિવાળા જીવમાં હોતાં નથી. હા, હલકી યોનિવાળો જીવ માનવયોનિમાં પ્રારબ્ધવશાત્ જન્મે ખરો. જેમ કે ભગવાન રમણ મહર્ષિને ત્યાં એક લક્ષ્મી નામની ગાયમાતા હતી, જે મહર્ષિને વહાલી હતી. તે ગાયના અવસાન થયા પછી તેનો પુનર્જન્મ માનવયોનિમાં થયો હોય.'

**પ્રશ્ન :** 'સાચો સાધક કોને કહેવાય ?'

**શ્રીમોટા :** 'જેનો નિરધાર જીવનવિકાસ માટે મક્કમ થયેલો હોય અને તેને સાકાર કરવા માટે જેનામાં ખંત, ઉત્સાહ, ધીરજ વગેરે પ્રગટ્યાં હોય, તે સાચો સાધક. શાંતિ અને પ્રસન્નતા સાચા સાધકનાં લક્ષણ છે.'

## પ્રારબ્ધ સાચું કે પુરુષાર્થ ?

**પ્રશ્ન :** 'મોટા, પ્રારબ્ધ સાચું કે પુરુષાર્થ ?'

**શ્રીમોટા :** 'પ્રારબ્ધ અને પુરુષાર્થ પરસ્પર અવલંબિત છે. આજનો પુરુષાર્થ આવતી કાલનું પ્રારબ્ધ બને છે. જો પ્રારબ્ધ જ સાચું હોય, તો જીવ શિવ બની ના શકે. માટે દરેક ક્ષેત્રમાં

પુરુષાર્થ જરૂરી છે. જો પ્રારબ્ધ જ સર્વેસર્વા હોત, તો પુરુષાર્થ શબ્દ અસ્તિત્વમાં ના હોત, બિનજરૂરી હોત.'

**કથાવાર્તાઓનો ઉઠાવ કેમ નથી ?**

**પ્રશ્ન :** 'આજે ઠેર ઠેર કથાવાર્તાઓ, શાસ્ત્રોની ચર્ચા તથા અધ્યયનો થાય છે, છતાં તેનો ઉઠાવ દેખાતો નથી, એનું શું કારણ હશે ?'

**શ્રીમોટા :** 'ભક્તિનો ઉઠાવ આપણા જીવનમાં નથી, કેમ કે આપણા રાગદ્વેષ મોળા પડ્યા નથી. આચારવિચાર સુધર્યા નથી. 'જીવન ધ્યેય શું છે ?' એ આપણી નજર સમક્ષ નથી. બીજાના દોષો સામું ના જોશો. એથી તો અશાંતિ વધશે. આજે દેશમાં ધર્મ જીવંત નથી. જો તે જીવંત હોત, તો લોકોમાં દેશદાઝ, શૌર્ય, સહિષ્ણુતા, પ્રામાણિકતા, ત્યાગ, સંપ, સાહસ, એકતા, ભાવ, પ્રેમ વગેરે જોવા મળત. સમાજમાં 'ગુણ અને ભાવ' પ્રગટ્યા વિના ધર્મ ટકશે નહિ અને ભગવાનના ભાવને ઝીલી શકાશે નહિ.'

**બહુ પ્રવૃત્તિવાળા માટે સાધના**

**પ્રશ્ન :** 'બહુ પ્રવૃત્તિવાળા તથા બુદ્ધિમાન લોકોએ સાધનામાં કેવી રીતે શરૂઆત કરવી ?'

**શ્રીમોટા :** 'પોતાનામાં કયો ગુણ★ મોખરે છે – 'પ્રિડોમિનન્ટ' છે, તે તેણે પ્રથમ શોધી કાઢવું પડશે. જેને રજસ ગુણવાળાની જેમ બુદ્ધિની પકડ લાગેલી હોય, તે જો સતત એકધારા આધ્યાત્મિક અભ્યાસમાં લાગી રહે અને પોતાની શક્તિને વિકેંદ્રિત તથા છિન્નભિન્ન થવા ના દે, તો તે આ માર્ગે જરૂર વળી શકે. બુદ્ધિવાળાએ મનનચિંતવન ખૂબ કરવું જોઈએ. જો તે સતત

★ ગુણ એટલે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની વાત છે.

અભ્યાસમાં અને સાધનમાં ના રહે, તો બુદ્ધિના તે સંસ્કાર આકડાનાં ફૂલની જેમ ઊડી જશે.'

**મનોદુઃખનું મૂળ કારણ**

**પ્રશ્ન :** 'મોટા, મન ઘણી વાર અશાંતિ અને દુઃખ અનુભવે છે, તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'મનોદુઃખનું મૂળ એટલે કે સૂક્ષ્મતમ કારણ આપણામાં છુપાઈ રહેલો અહમ્ છે. અહમ્ ઘવાય છે. એટલે દુઃખ અને અશાંતિ થાય છે. અહમ્‌ને હજારો માથાં હોય છે, પણ એની આપણને ખબર નથી. માટે ટૂંકમાં કહું તો, જે આવી પડે તે આપણે કારણે છે એમ સમજીને, બેળે બેળે નહિ પણ પ્રેમથી બધું સહન કરવું. આ પણ જીવનવિકાસનો એક માર્ગ છે. ભગવાનને નિવેદન કરો, સમર્પણ ભાવ કેળવો તથા મોટેથી નામસ્મરણ કરો, એથી મન શાંતિ અનુભવશે.'

લગભગ સવા સાત વાગ્યે પૂજ્યશ્રીએ 'પ્રશ્નોત્તર કાર્યક્રમ' પૂરો કર્યો. ચિનાઈ શેઠે ધૂન બોલાવી અને 'સહુનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ !' એ પ્રાર્થના કરી. ત્યાર બાદ સહુ ભક્તોએ 'બૂફેડિનર' લીધું અને પછી 'હરિઃૐ, હરિઃૐ' કહેતાં વિદાય થયાં.

**સહકાર નિવાસમાં શ્રીમોટા**

તા. ૬-૫-૧૯૬૫, ગુરુવારના રોજ શ્રીમોટા, ચિનાઈ શેઠને ત્યાંથી સહકાર નિવાસમાં હરમુખભાઈ જોગીને ત્યાં સવારે પધાર્યા ત્યારે 'જનશક્તિ' દૈનિકવાળા મનુભાઈ દવે હાજર હતા. શ્રીમોટા અને આશ્રમ વિશે મનુભાઈ સારો એવો રસ ધરાવતા હોવાથી તેમની ઓળખાણ પૂજ્ય શ્રીમોટાને કરાવી. એથી મનુભાઈ રાજી થયા અને તેમણે સ્વરચિત માતાજીનાં ભજનો ગાયાં. તે પછી

તેમણે પૂજ્યશ્રીની કંઈ પણ સેવા કરવાની તૈયારી બતાવતાં પૂજ્યશ્રીએ કહ્યું કે 'મહાજન શક્તિ દળ માટે ફંડ એકઠું કરવું છે, એને માટે જે મદદ થાય તે કરજો.'

**મનુભાઈ :** 'મોટા, શાંતિની પ્રાપ્તિ માટે શું કરવું ?'

**શ્રીમોટા :** 'તમે માનો આશરો લીધો છેને ? તે જ કર્યા કરો. બીજું શું કરવાનું હોય ?'

**શ્રીમોટાની ધ્યાનાવસ્થા કે ભાવાવસ્થા**

ગુરુવારે સાંજે સાત વાગ્યે પૂજ્યશ્રી અમારે ત્યાં પ્રસાદ લેવા પધાર્યા. તેમની સાથે શેઠ નટવરભાઈ ચિનાઈ તથા રામકૃષ્ણ મિશનવાળા પૂજ્ય વિમળ મહારાજ વગેરે પધાર્યા.

પ્રથમ તો પૂજ્યશ્રીનું પૂજન કરવામાં આવ્યું અને 'જય જગદીશ હરે'ની આરતી કરવામાં આવી ત્યારે પલંગ ઉપર બેઠેલા પૂજ્ય શ્રીમોટા લગભગ ૨૦-૨૫ મિનિટ સુધી ભાવાવેશમાં (આંખો મીંચીને) રહ્યા. તે પછી દશેક મિનિટ સુધી 'હરિઃૐ'ની ધૂન થઈ અને સરોજબહેન કાંટાવાળાએ ભજનો ગાયાં.'

ત્યાર બાદ બધાં મકાનની અગાશી ઉપર ગયાં. અગાશી ઉપર જમણવારના કાર્યક્રમને સોસાયટી તરફથી પહેલી વાર જ પરવાનગી મળી હતી. લગભગ ૫૦ ભાઈબહેનો જમ્યાં હશે.

'રતિભાઈ ! કીર્તિદાબહેન ! થૅન્ક્યુ, હરિઃૐ. બહુ આનંદ થયો.' એમ કહેતાં કહેતાં પૂજ્ય શ્રીમોટા, હરમુખભાઈને ત્યાં સિધાવ્યા.

તા. ૭-૫-૧૯૬૫, શુક્રવારની સવારે લગભગ સાડા છ વાગ્યે પૂજ્યશ્રી થોડા ભક્તો સાથે 'ફોર્જેટ સ્ટ્રીટ'માં મિસ્ટર ઍન્ડ મિસિસ કપૂરને ત્યાં ગયા, ત્યાંથી વિલેપાર્લે અને પછી અંધેરી ગયા.

પાછા વળતાં વર્લી ઉપર અવધૂત શ્રીપૂરણદાસજીના મંદિરે ચિનાઈ શેઠની સાથે ગયા અને ત્યાંથી 'અજિંક્ય હાઉસ'માં નટવરભાઈ પરીખને ત્યાં ભોજન માટે ગયા. દરેક સ્થળેથી તેઓશ્રીને નાનું-મોટું દાન મળ્યું.

**સોનાવાલા બ્લૉકમાં**

સાંજે ૬ વાગ્યે સોનાવાલા બ્લૉકમાં મોહનભાઈ ચોખાવાલાને ત્યાં પૂજ્યશ્રી ચારપાંચ ભક્તો સાથે ગયા. ચાર દાદર ચડવાના હતા, કેમ કે 'લિફ્ટ' ન હતી. તેઓએ ખુરશીમાં બેસીને ઉપર ચડવાની ના પાડી અને બે જણાનો ટેકો લઈને ધીમે ધીમે દાદર ચડી ગયા. એથી તેઓશ્રીને કમરનો દુઃખાવો વધ્યો, પણ તેઓશ્રીએ તેને ગણકાર્યો નહિ.

**પૂજ્ય નારાયણ સ્વામીની યાદ**

ભોજન લીધા પછી બધાં અગાશીમાં બેઠાં. પૂજ્ય નારાયણ સ્વામીના ભક્ત શ્રી ચંપકભાઈનાં ભજનમંડળનું વૃંદ તથા સ્વામી શ્રી ચિન્મયાનંદજીના 'ચિન્મય મિશન' ગ્રુપના સભ્યો સાથે ૭૦-૭૫ ભાઈબહેનો એકત્ર થયાં હતાં. શ્રીમોટાએ પૂજ્ય નારાયણ સ્વામીની લોકકલ્યાણની પ્રવૃત્તિઓ યાદ કરતાં જણાવ્યું કે 'તેમણે હિમાલયમાં દવાખાનું, નિશાળ, ગૌશાળા એવી બધી પ્રવૃત્તિઓ આદરી હતી. તેઓ મારા મિત્ર હતા. તેઓ સારા કીર્તનકાર હતા અને કરતાલ તો એટલા જોરથી અને ઝડપથી વગાડતા કે જો તે હાથમાંથી છૂટી જાય અને કોઈને વાગી બેસે તો લોહીલુહાણ કરી દે !' તે પછી થયેલ પ્રશ્નોત્તરમાંના મુખ્ય અંશો :

**જપ બધો સમય કેમ થાય ?**

**એક બહેન :** 'જપ બધો સમય કેમ થાય ?'

**શ્રીમોટા :** 'મહાવરાથી, 'પ્રૅક્ટિસ'થી થાય.'

**પ્રશ્ન :** 'ઘરમાં ઘણું કામ કરવાનું હોય ત્યારે જપ કરવાનું મન કેમ થાય ?'

**શ્રીમોટા :** 'લગની લગાડીએ તો થાય.'

**-તો લાભ થાય**

**પ્રશ્ન :** 'સુખમાં થઈ શકે, નવરાશ હોય ત્યારે થાય, પણ ચિંતાતુર હોઈએ, ખૂબ કામ હોય ત્યારે નામસ્મરણ કેમ કરીને થાય ?'

**શ્રીમોટા :** 'વિપરીત સંજોગોમાં જે માણસ ખમીર બતાવી શકે તે જ ખરો માણસ કહેવાય. આપણી કચ્છની સરહદ ઉપર જ જુઓને ! આવા સમયે (એ લડાઈનો સમય હતો) બેઉ પક્ષો સજ્જ થઈ, શસ્ત્રસામગ્રી એકઠી કરીને કેવા સાબદા થઈ જાય છે ! અને વધુ કઠણ સંજોગોમાં જે પક્ષ ખમીર બતાવે, જવાંમર્દી બતાવે તે જીતે, એ કાયદો છે. એવી રીતે નવરાશ મળતી ના હોય ત્યારે તથા વિપરીત સંજોગો હોય ત્યારે નામસ્મરણની 'પ્રૅક્ટિસ' પાડી હોય તો લાભ થાય.'

**પ્રારબ્ધ ઉપર પણ આધાર છે ?**

**પ્રશ્ન :** 'પ્રારબ્ધ ઉપર પણ એનો આધાર છેને ?'

**શ્રીમોટા :** 'ભગવાનને માર્ગે જવામાં ભારે પુરુષાર્થની જરૂર હોય છે. પ્રબળ ઇચ્છા વિના અને ધગધગતી તમન્ના વિના એ રસ્તો જડે નહિ. આપણું સુખદુઃખ વગેરે પ્રારબ્ધ ઉપર નિર્ભર હશે, પણ સાધનાનો એટલે કે ભગવાનનો માર્ગ ઘણો વિકટ હોઈને જબરી-અદમ્ય ભાવના હોવી જોઈએ. એવી હિંમત હોય ત્યારે સાધના થાય. અડગ નિરધાર થઈ જાય તો કંઈક થઈ શકે અને પછી સાતત્ય આવે. આટલું આપણાથી થાય તો બાકીનું ઈશ્વર સંભાળી લેશે.'

**મૃત્યુ બાદ**

**પ્રશ્ન :** 'મૃત્યુ બાદ દશમા-બારમાની વિધિઓ કરવામાં આવે છે, તે બરાબર છે ?'

**શ્રીમોટા :** 'તે વિધિઓ તાત્ત્વિક રીતે ઠીક છે, પણ સમજીને માણસ જાતે તે કરે, તો તે અસરકારક નીવડે છે. મારી મા મૃત્યુ પામી ત્યારે મેં એવી કોઈ વિધિ કરાવી ન હતી.'

**પ્રશ્ન :** 'મૃત્યુ બાદ જીવની શું ગતિ થાય છે ?'

**શ્રીમોટા :** 'તે જીવ બારેક માસ સુધી એને જ્યાં જ્યાં આસક્તિ હોય ત્યાં ત્યાં તે ભટકતો રહે છે. ધીમે ધીમે તેની આસક્તિ ઘટતી જાય છે. મૃત્યુ બાદ તેના કલ્યાણ અર્થે ભજન, નામસ્મરણ વગેરે કરવું.'

બહેનો વારંવાર એક જ પ્રશ્ન પૂછતી હતી કે 'કામના ઢસરડા વચ્ચે ઈશ્વરસ્મરણ કેમ કરી શકાય ?' ત્યારે શ્રીમોટાએ 'પ્રૅક્ટિસ' પાડવાની સલાહ આપીને વિશેષમાં કહ્યું કે 'નિયમિત ભાવના-પૂર્વક સ્મરણ થાય તો રોગ પણ મટી જાય છે.'

લગભગ સવા આઠ વાગી ગયા હતા. પૂજ્યશ્રીએ કાર્યક્રમનું સમાપન કર્યું અને સહકાર નિવાસમાં ત્રીજા માળે ચંદ્રકાંત મહેતાને ત્યાં ગયા. તેમને ખૂબ થાક લાગ્યો હતો. એટલે તુરત જ સૂઈ ગયા.

બીજા દિવસે તેઓશ્રી પૂર્ણિમાબહેન પકવાસાની શિબિરમાં ગયા અને રાત્રે મુંબઈથી વિદાય થયા. આ વખતે તેમને મુંબઈમાંથી સારી એવી રકમનું દાન મળ્યું હતું.

■

## (૧૫)

જીવન એટલે અનંત જન્મોના સંસ્કાર લઈને આવેલા જીવની ચેતનાશક્તિની માનવીદેહ દ્વારા થતી વહનક્રિયા

'જીવન પરાગ' **-શ્રીમોટા**

### શ્રીમોટા, તા. ૧૦-૬-૧૯૬૫ થી ૧૪-૬-૧૯૬૫ સુધી મુંબઈમાં

૧૦મીની સવારે શ્રીમોટા, મુંબઈ સ્ટેશનેથી ચિનાઈ શેઠને ત્યાં પધાર્યા. કરોડરજ્જુના મણકાના રોગની પીડાને લીધે તેમણે આજે ક્યાંય જવાનો કાર્યક્રમ રાખ્યો ન હતો.

### પરદેશી સાધુ મહારાજ

૧૧મીની સાંજે ચિનાઈ શેઠને ત્યાં ૨૦-૨૫ ભાઈબહેનો એકત્ર થયાં હતાં. એક પરદેશી સંન્યાસી પૂરા ભારતીય લેબાસમાં પૂજ્યશ્રીની બાજુમાં બેઠેલા હતા. શ્રીમોટાના કહેવાથી સરોજ-બહેન કાંટાવાળાએ★ અને બીજા એક બહેને ભજનો ગાયાં.

પૂજ્ય શ્રીમોટાએ સાધુ મહારાજની ઓળખ આપતાં કહ્યું, 'તેઓશ્રી ૧૭ વર્ષ પહેલાં કુંભકોણમ્‌માં એક પાદરી તરીકે આવેલા, પરંતુ હિંદુ ધર્મ ગમી જતાં તેમણે ફ્રેંચ નાગરિકત્વ છોડીને ભારતીય નાગરિકત્વ સ્વીકારેલું. કાવેરી નદીને કાંઠે ઝૂંપડી બાંધીને તેઓ રહેતા. થોડું તામિલ, હિંદી અને અંગ્રેજી શીખી લીધેલું. તેઓ ગરીબ છોકરાઓને ભણાવતા, જાતે રાંધીને ખાતા

---

★ સરોજબહેનને મૌનમંદિરમાં બેસતાં ભજનો લખવાની પ્રેરણા-સ્ફુરણા થયેલી. તેમની ત્રણ પુસ્તિકાઓ પ્રસિદ્ધ થઈ છે : **હૃદય અર્ઘ્ય, સમર્પણાંજલિ** અને **ભાવાંજલિ.** તેઓ દર વર્ષે એક માસ મૌનમાં બેસતાં.

તથા ભજન-ધ્યાનમાં સમય વિતાવતા, પછી તેઓ ઉત્તર કાશી અને હિમાલયમાં ચાલ્યા ગયા... ભાવનાની વાત છે.'

**દાન કેવું કરવું જોઈએ ?**

દાનધર્મ વિશે બોલતાં તેઓશ્રીએ કહ્યું, 'હજુ પ્રજામાં ધર્મ પરત્વેનું ભાન જોઈએ તેટલું પ્રગટ્યું નથી. ધર્મ એટલે રૂઢિગત દેખાવ નહિ, પણ પ્રજામાં ગુણ અને ભાવ પ્રગટે તેવું આચરણ. ગુણ એટલે સાહસ, હિંમત, ધૈર્ય, તિતિક્ષા, સદ્ભાવ, ત્યાગ, વૈરાગ્ય વગેરે. ભાવ એટલે પ્રભુપ્રીત્યર્થે બધું કરી છૂટવાની તમન્ના. જો પ્રજામાં આ ગુણભાવ પ્રગટે તો દેશ ઊંચો આવે. આટલા ખાતર મેં આ કામ ઉપાડ્યું છે અને તે કાર્યમાં મદદ કરવા લોકોને વિનંતી કરું છું. બીજાં દાન કરવાં ખોટાં છે એમ નથી કહેતો, પણ 'ગુણભાવ'ને દ્યોતક દાન થાય, તો તે તમારી સાથે ને સાથે જ મૃત્યુ પછી પણ આવશે અને તે વધુ લાભદાયી થશે.'

આજે તેઓશ્રી બહુ ભાવનાભર્યા અવાજે બોલી રહ્યા હતા કે 'આજે જ્યાં ત્યાં બધે સ્વાર્થવાદ દેખાય છે. લોકો 'સેલ્ફ-સેન્ટર્ડ' એટલે કે સ્વાર્થી થઈ ગયા છે. સાચો સમાજવાદ આ રીતે નહિ આવે. આખો દૃષ્ટિકોણ બદલવો પડશે.'

તેમણે પછી મહેમાન સાધુ મહારાજને બે શબ્દો બોલવા વિનંતી કરી. મહારાજે ભાંગી તૂટી અંગ્રેજીમાં બોલતાં શ્રીમોટા પ્રત્યેનો પોતાનો આદરભાવ વ્યક્ત કર્યો અને દરેકે પોતાની શાંતિ કાજે પોતાની જાતને (એટલે કે 'સ્વ'ને) ઓળખવી જોઈએ, તે વાત ઉપર પણ ભાર મૂક્યો.

પછી બધાંને પ્રસાદ મળ્યો. શ્રીમોટાએ મહારાજને રૂપિયા ૧૦૧/-ની ભેટ આપી.

## આપણો સંબંધ પૈસાનો નથી

તા. ૧૨-૬-૧૯૬૫ના રોજ પૂજ્યશ્રી ચિનાઈ શેઠને ત્યાંથી સહકાર નિવાસમાં પધાર્યા. સૌ પ્રથમ ત્રીજા માળે ચંદ્રકાંત મહેતાના માંદા દીકરાને જોવા માટે ગયા. તેઓશ્રી એકાએક આવી પહોંચ્યા એનું ઘરવાળાંઓને સુખદ આશ્ચર્ય થયું. ચંદ્રકાંતનાં માતુશ્રીએ ઝટપટ પૂજ્યશ્રીને ચાંલ્લો કરી, અક્ષત ચોડીને દીપ ધર્યો અને રૂપિયા ૧૧/-ની ભેટ આપવા લાગ્યાં, પણ તેમણે તે સ્વીકારવાની ના પાડતાં કહ્યું, 'આપણો સંબંધ પૈસાનો નથી... પૈસાનો વ્યવહાર હોય તો ભારે થઈ પડે.'

તે પછી તેઓશ્રી હરમુખભાઈને ત્યાં છઠ્ઠા માળે પધાર્યા. લિફ્ટમાં પ્રવેશતાં લિફ્ટમૅને પૂજ્યશ્રીના પગે માથું મૂક્યું. શ્રી નંદુભાઈએ તેને બે રૂપિયા આપ્યા.

## રતિલાલ બહાદુર !

તા. ૧૩-૫-૧૯૬૫, રવિવારના રોજ લગભગ સવારે છ વાગ્યે ધીરેશભાઈ હસતાં હસતાં મારે ત્યાં આવ્યા અને બોલ્યા, 'મહેતા સાહેબ, મોટાએ કહેવડાવ્યું છે કે 'રતિભાઈ બહાદુરને બોલાવો. આપણે એમનું નવું નામકરણ કરીએ !' એટલે હું, ધીરેશભાઈની સાથે તુરત શ્રીમોટાને મળવા ગયો. શ્રીમોટાએ મને જોતાં જ 'રતિલાલ બહાદુર !' એમ કહીને નવાજ્યો. અન્ય વાતચીત થયા બાદ શ્રી નંદુભાઈએ મને કહ્યું, 'સોમવારે સવારે સાડા પાંચ વાગ્યે પરામાં જવાનું છે. માટે તૈયાર રહેજો.'

## 'તો એ મોટો દંભ છે.'

અમારી સામેના મકાનમાં ચર્ચા કરી રહેલા 'ચિન્મય મિશન ગ્રુપ'ના સભ્યોને પૂજ્યશ્રીની હાજરીની ખબર પડતાં, પાંચેક ભાઈઓ મળવા આવ્યા. તેમાંના એક ભાઈએ શ્રીમોટાની રજા

લઈને પ્રશ્ન પૂછ્યો, 'ભક્તિ સારી કે જ્ઞાન સારું ? એમ મનમાં વારંવાર થાય છે, તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'માર્ગ તો બંને બરાબર છે, પણ વેદાંતના ધુરંધર ગણાતા ભગવાન શંકરાચાર્યે પણ ભક્તિનાં સ્તોત્ર રચ્યાં છે, પણ એવું ક્યારે થાય ? જ્યારે મન પ્રભુમય થઈ જાય ત્યારે. (પૂજ્યશ્રી પછી જોશમાં બોલ્યા) પાયાની વાતો જેમ કે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરેમાંથી હઠવાનું કોઈને સૂઝતું નથી અને વેદાંતની મોટી મોટી વાતો કરો છો, એ તો દંભ છે. સાચી ઝંખના અને ઉત્કટ જિજ્ઞાસાની ઝાળ જ્યાં સુધી લાગે નહિ ત્યાં સુધી તમારાથી કશું થશે નહિ... તમે પડેલ છો ભ્રમમાં અને વાતો કરો છો બ્રહ્મની ! એ તો દંભ છે. યાહોમ કરીને ઝુકાવો. જ્યાં છો ત્યાંથી ચસો, એક ડગલું પણ આગળ વધો, પણ કોઈને તેમ કરવું નથી અને વાતો બડી બડી કરવી છે ! ખાલી ગપ્પાં ના ઠોકો... આ તો બધી માત્ર બુદ્ધિની વાતો છે. તેનાથી કશું અનુભવી નહિ શકાય.'

## ગુરુ શોધવાની જરૂર નથી

**પ્રશ્ન :** 'ગુરુ વિના આ માર્ગ કોણ બતાવે ?'

**શ્રીમોટા :** 'ગુરુ તો તમારી અંદર બેઠેલો છે. વેદાંતની રીતે કહીએ તો. (પ્રશ્નકાર વેદાંતનો વિદ્યાર્થી હોવાથી પૂજ્યશ્રીએ તેમ કહ્યું.) ગુરુ શોધવા જવાની જરૂર નથી. ખરી જિજ્ઞાસા જાગી હશે તો બધા ખુલાસા થઈ જશે અને રસ્તો દેખાઈ આવશે. અભ્યાસ કરો. સાધના નિયમિત રીતે કરો. ગીતામાતામાં આ વિશે બધું કહ્યું છે. બચાવની દલીલો કરવી હોય તો ભલે, કાંઈ કરશો નહિ. જ્યાં છો ત્યાં ઠીક છો ! 'તમારે શું થવું છે ?' તેનો આદર્શ

તો સામે છે જ નહિ. વ્યર્થ વાતો કરવાથી કાંઈ વળશે નહિ. રામ રામ કરો !'

**વેદાંતની વાતો કરનારા ઉપર પ્રહાર**

એક જણ જરા લાઈટ મૂડમાં (રમૂજ કરવા માટે) બોલવા જતો હતો કે 'મોટા, હાલ ખાવાપીવાનું ક્યાં શુદ્ધ મળે છે કે સાધના કરવા...' તેને વચ્ચેથી કાપી નાખતા 'રહેવા દો ! રહેવા દો !' એમ શ્રીમોટાએ કહ્યું અને મારી તરફ ફરીને જરા ગુસ્સામાં બોલ્યા, 'રતિલાલ બહાદુર, જો હવે વેદાંતની વાતો કરી છે તો મારી હાહુના ખબર પાડી દઈશ, કાંઈ પૂછતો નહિ. આજકાલ તો બધા હાલી નીકળ્યા છે ! બ્રહ્મવિદ્યા શિખવાડવાની અને મેળવવાની વળી ડિગ્રીઓ આપે છે ! શું તૂત લઈ બેઠા છો ?' અન્ય કોઈને કંઈક સખ્તાઈથી પાઠ ભણાવવો હોય ત્યારે તો સ્વજનને કહીને પેલાને સંભળાવેને ! એ રીતે તેમણે મને સપાટામાં લીધો અને વેદાંતના વિદ્યાર્થીઓને સાચો ઉપદેશ દીધો.

**ઊભા છો ત્યાંથી જરા તો ચસો**

બપોરનો સમય હતો. શ્રીમોટા, ખાટલામાં સૂતાં સૂતાં વાતો કરતા હતા. હરમુખભાઈ જોગી અને તેમનાં કુટુંબીજનો નીચે બેઠેલાં. કંઈક સત્સંગ કરવાનું શ્રીમોટાએ કહ્યું. એટલે મેં, સાંઈબાબાના દક્ષિણમાં થઈ ગયેલા મોટા ભક્ત નરસિંહ સ્વામીની વાત કરી. આ સ્વામી રાજાજીના મિત્ર અને મોટા વકીલ હતા. તેમનાં કુટુંબીજનો એકાએક એક પછી એક અવસાન પામતાં તેમને ભારે આઘાત લાગ્યો. એથી શાંતિ માટે તેઓ ઘણા આશ્રમોમાં ફર્યા અને છેવટે શિરડી આવ્યા. ત્યાં તેમને કેટલાક અનુભવો થયા અને શાંતિ મળી. એ પછી તેમણે સાંઈબાબા

વિશે ખૂબ અધ્યયન કર્યું અને 'સાંઈબાબા ચાર્ટર્સ ઍન્ડ સેઈંગ્સ' નામનું પુસ્તક લખ્યું અને દક્ષિણ ભારતમાં સાંઈબાબાનું નામ ગાજતું કર્યું. એ પુસ્તકમાં સાંઈબાબાના પૂર્વજન્મો અને અવતારોની બધી વાત છે. તેમાં સાંઈબાબાનું કથન 'હું કબીર હતો અને કાપડ વણતો, અકબરના દરબારમાં હતો, ઝાંસીની રાણીના લશ્કરમાં પણ તેની સાથે હતો... હું ઘણું કામ કરતો. એટલું કામ કરતો કે મારાં હાડકાં દેખાતાં.'

ત્યારે શ્રીમોટા બોલ્યા, 'જુઓ, આવા મહાન પુરુષ આટલા જન્મો લઈને કામ કર્યાં કરે છે, તો તેનો શું અર્થ ? અવતારો અનંત છે. કશું સ્થિર નથી. આપણે તો ચસવાય માગતા નથી. માટે જ્યાં ઊભા છો ત્યાંથી જરા ચસો, તો બહુ સારું કહેવાય.'

પૂજ્યશ્રી આજે બધાંને 'જ્યાં ઊભા છો ત્યાંથી ચસવા અને આગળ વધવા' આર્દ્રતાપૂર્વક કહેતા હતા.

**વેદાંતના નામે ઢોંગ નહિ**

બપોરે ચાપાણી થયા પછી શ્રીમોટા કહેવા લાગ્યા, 'વડનું ઝાડ ઊંચે ફાલીફૂલીને પાછું નીચે ભોંય ઉપર વળે છે, તેવી રીતે આપણે પણ ભણીગણી, વિકાસ પામી જમીન ઉપર આવવાનું છે અને કામ કરવાનું છે. 'બ્રહ્મસત્ય, જગત મિથ્યા' ગોખી-ગોખીને બેદરકાર બનવાનું નથી. એ ઉપર સત્યનો અર્થ પચાવવાનો છે, અનુભવ કરવાનો છે અને જગતની સૃષ્ટિ પ્રત્યે પ્રેમથી જોવાનું છે. વેદાંતના નામે ઢોંગ આચરવાનો નથી. તમે જ્યાં હો ત્યાંથી આગળ ખસો. પગ નીચે દેવતા હોય કે પગમાં કાંટો વાગવાનો હોય એવું લાગે ત્યારે તમે પગ ઊંચો કરી દો છો અને બીજે મૂકો છો. તેવી રીતે તમારે આ માર્ગે પગલું ઉપાડવાનું

છે. શંકરાચાર્યે પણ કેટલી સાધના કરી હતી ! અનુભવ થયા બાદ તેમણે 'ભજગોવિંદમ્' લખ્યું હતું.'

વેદાંતના વિદ્યાર્થીઓના ખાલી ખાલી પ્રશ્નોને લીધે તેઓશ્રી આજે વારંવાર 'વેદાંત અને ભક્તિ' વિશે બોલતા હતા.

**જવાબ અંદરથી જ મળશે**

વળી, કોઈ એક જણે પૂછ્યું, 'અમને રસ્તો કોણ બતાવશે ?'

**શ્રીમોટા :** 'તમારા ગુરુજીને પૂછો. તમે કોને ગુરુ બનાવ્યા છે ?'

'સાંઈબાબાને.'

'તો સાંઈબાબાને પૂછો... અરે ! કંઈક ચોક્કસપણે કરશો તો જવાબ અંદરથી જ મળ્યા કરશે.'

સાંજે છ વાગ્યે શ્રીમોટા, ચંદ્રકાંતને ત્યાં પધાર્યા. તેઓશ્રી ત્યાં વાળુ કરવાના હતા. ચંદ્રકાંતે ફૂલહાર અને બીજી બધી ગૃહશોભા પાછળ ખૂબ ખર્ચ કર્યો હતો, તે શ્રીમોટાની નજરમાં તરત આવી ગયું. એટલે તે વિશે તેમણે હળવી ટકોર કરી. શ્રીમોટા, ફૂલહારને બદલે સૂતરની આંટી પસંદ કરતા.

તા. ૧૪-૬-૧૯૬૫, સોમવારના રોજ વહેલી સવારે સાડા પાંચ વાગ્યે શ્રીમોટા, ચાર ભક્તોની સાથે પરા વિસ્તાર બાજુ ગયા. પ્રથમ વાંદરા ગયા. પછી મલાડમાં આવેલ 'વેસ્ટર્ન ડાઈસ્ટફ કૉર્પોરેશન'માં ગયા. વળતાં ટ્રીપમાં સાંતાક્રુઝ અને ત્યાર બાદ ખારમાં શ્રીમતી નંદુબહેન દેસાઈને ત્યાં તેમણે ભોજન લીધું. ભોજન પછી તેમણે ત્યાં જ આરામ લીધો. અને સાંજે 'ફ્લાઈંગ રાણી'માં બેસીને સુરત ગયા. આ વખતે તેઓને દાનની રકમ ઠીક ઠીક મળી હતી.

■

## (૧૬)

જીવનનો પ્રવાહ તો વહેતો સતત બસ એકધારો તે,
વહેતો નિત્યનો નિત્ય, અટક ના ક્યાંય તેને છે.
'જીવન ઘડતર' **-શ્રીમોટા**

### સાકાર-નિરાકારની પણ આગળ...

પૂજ્ય શ્રીમોટા તા. ૨-૭-૧૯૬૫, શુક્રવારના રોજ મુંબઈ પધાર્યા. તેઓશ્રી હંમેશ મુજબ શેઠ નટવરભાઈની મોટરમાં ડ્રાઈવરની બાજુમાં બેઠા હતા. અમે બધાં મોટર પાસે તેમની સામે ઊભાં હતાં ત્યારે તેઓશ્રીએ કહ્યું, 'ભઈ, આ શરીર છે ત્યાં સુધીમાં કંઈક કરો. ઈશ્વરસ્મરણ કરતાં રહો.' મારા હાથનો પંજો પકડી તેની પહેલીબીજી આંગળી ઉપર તેમની આંગળીઓ ફેરવતાં બોલ્યા, 'સાકાર સિવાય બીજું કરવું અઘરું છે. ગીતામાં પણ તેમ કહ્યું છે. અરે ! નિરાકારમાં ગયેલાઓ પણ સાકારમાં પાછા ફરે છે, કારણ કે તેનો આનંદ કંઈ ઓર છે ! જોકે સાકાર અને નિરાકારની પણ આગળ એક એવી સ્થિતિ છે, જ્યાં કેટલાક પહોંચે છે.'

### બધાં મને ગાંડો ગણે છે

હરમુખભાઈએ કરોડના મણકાના દર્દ વિશે પૂછતાં પૂજ્યશ્રીએ જણાવ્યું, 'ભઈલા, શું થાય ? બધાં મને ગાંડો ગણે છે ! તેઓ કહે છે કે 'આવા રોગમાં ફરાય જ નહિ, સૂઈ રહેવું જોઈએ.' હારુ, ગાંડા ભેગા ગાંડા આપણે તો.' એમ કહીને તેમણે લાક્ષણિક, મોહક સ્મિત કર્યું અને વિશેષમાં બોલ્યા, 'એમ કંઈ થોડું પડી રહેવાય છે ? દુ:ખને આનંદની લહેરમાં ફેરવીને તેમાં મચી રહેવાવાળા કેટલાક હોય છે. એવાઓ તેનાથી (શરીરનાં દુ:ખોથી) પર હોય છે.'

મોટરમાં પૂજ્યશ્રીનો બધો સામાન ભરાઈ ગયો. એટલે બધાં ચિનાઈ શેઠને ત્યાં ગયાં. શ્રીમોટા તો તુરત સૂઈ ગયા.

**‘ચરણ’ વિશે**

થોડી વાર પછી તેમણે ‘ચરણ મહિમા’ વિશેનો તેમનો પત્ર અમને વાંચવા કહ્યું. મેં તે પત્ર વાંચ્યો, પછી તેઓશ્રીએ કહ્યું, ‘હું એક મહારાજ પાસે ગયો હતો ત્યારે તેમણે મને પૂછ્યું કે ‘ગુરુનાં ચરણનો મહિમા કેમ ગણાય છે ?’ ત્યારે મેં કહ્યું કે ‘જો તમે મને બોલવાનું કહેતા હોવ તો હું બોલું.’ એમ કહીને મેં ચરણ ઉપર બોલવા માંડ્યું. એ સાંભળીને તે મહારાજ તો ખુશ થઈ ગયા અને બોલ્યા, ‘અલ્યા છોકરા ! તેં તો ખરું બધું કહ્યું !’

‘ચરણ’ વિશે તેઓશ્રીએ પત્રમાં લખ્યું છે :

‘ચરણ એટલે ગતિ પ્રેરાવનાર અને સાધકને ધ્યેયને માર્ગે લઈ જનાર બળ. ચરણમાં સ્થિતિ સ્થાપકતા છે, ગતિ પણ છે અને ઊર્ધ્વપણું પણ છે. તેથી તેમાં ત્રણ ગુણોનો (સત્ત્વ, રજસ અને તમસનો) સમાવેશ થાય છે. વળી, તે તેનાથી પર પણ છે ! ચરણ, ભૂમિને સ્પર્શે છે પણ જડાઈ રહેતા નથી. તે તો આધારસ્તંભ છે. નમ્રતા કેળવવાનું તે પ્રતીક છે. ચરણનાં તળિયાંમાં બરછટતા છે, છતાં તેનામાં સૂક્ષ્મપણું રહેલું છે. ચરણની રજનીયે રજ થયા વિના કોઈનો પણ ઉદ્ધાર થતો નથી.’

**ત્યારે જીવન માણવાની મજા !**

તા. ૩-૭-૧૯૬૫, શનિવારના રોજ બપોરે લગભગ ત્રણ વાગ્યે શ્રીમોટા, રૂમની બાલ્કનીમાં ઊભાં ઊભાં તોફાની દરિયો જોઈ રહ્યા હતા. આકાશ ઘનઘોર હતું અને વાદળના ગડગડાટ થઈ રહ્યા હતા ત્યારે હરમુખભાઈ, આનંદમાં આવીને મને કહેવા લાગ્યા, ‘ઘનઘોર વાદળો હોય, ભયંકર કડાકા થતા હોય,

વીજળીના ચમકારા થતા હોય અને પછી બારે મેઘ તૂટી પડે ત્યારે જીવનને માણવાની ખરી મજા પડે.'

**કારખાનાની મુલાકાતે**

ત્યાર બાદ મોટરમાં બેસીને અમે બધા ઘાટકોપરમાં આવેલી ચંદ્રકાંતના બનેવીની ફૅક્ટરી ઉપર તથા તેમની બાજુમાં આવેલ વાડીલાલ ચત્રભુજ દોશીની ફૅક્ટરી ઉપર ગયા. બંને જગ્યાએથી સારું એવું દાન મળ્યું. વાડીલાલ શેઠ વેલ્વિટ કાપડ બનાવે તથા નિકાસ કરવાનું પણ કરે. તેમને ત્યાં મુલાકાતીઓના હસ્તાક્ષર-વાળી નોટબુકમાં પૂજ્યશ્રીએ લખ્યું, 'દેશસેવા, ઉદ્યોગ અને આબાદી માટે શુભેચ્છા.' વાડીલાલ શેઠે પૂજ્યશ્રીને વેલ્વિટના બે મોટા કટકા ભેટમાં આપ્યા.

**સ્વજનો સાથે પ્રવાસ**

ત્યાંથી આગળ વધીએ તે પહેલાં બે ગાડીમાં કેવી રીતે એટલાં બધાં સમાઈને ગયાં તે જોવું રસપ્રદ થઈ પડશે. એક ગાડી (ઍમ્બૅસેડર) હરમુખભાઈની હતી અને બીજી ગાડી ચંદ્રકાંતના બનેવીની, જે જરા નાની હતી. હરમુખભાઈની ગાડીમાં પાછળની બેઠક ઉપર પૂજ્યશ્રી સૂઈ ગયા. (કમરના દુઃખાવાને લીધે) એ બેઠકની નીચે એક નાનું સ્ટૂલ મૂક્યું, જેના ઉપર શિવાભાઈનાં પત્ની, પૂજ્યશ્રીની સામે ફરીને બેઠાં. મને તેમની શરીરના મધ્યભાગની આગળ બેઠક ઉપર, અને શિવાભાઈને બેઠકના છેડે તેમના પગ આગળ બેસી જવા ફરમાવ્યું. તેઓશ્રીના પગ શિવાભાઈના ખોળામાં ! આમ, ચાર જણ ગાડીની પાછલી બેઠક ઉપર અને આગળ ડ્રાઇવર, હરમુખભાઈ તથા શ્રી નંદુભાઈ બેઠા. બીજી ગાડીમાં ચંદ્રકાંત અને તેમના બનેવી વગેરે. રસ્તામાં અમે 'હરિઃૐ'ની ધૂન મચાવતાં, સત્સંગ કરતાં ઘાટકોપર

પહોંચ્યાં હતાં. પૂજ્યશ્રીને આવી રીતે ગાડીમાં ગોઠવાઈને, ભચડાઈને પ્રવાસ કરતાં ઘણી વાર જોયા છે. ભીડની તેમને જરાયે પડી હોતી નથી, અણગમો હોતો નથી. સ્વજનોને સાથે લઈને જવાનું તેમને ગમતું હતું.

**વિવિધ સંતોનું વ્યક્તવ્ય**

ઘાટકોપરથી પૂજ્યશ્રી પાર્લા-જૂહુ ગયા. ભાઈલાલભાઈ પટેલને ત્યાં જમવાનું હતું. લગભગ ત્રીસ જેટલાં ભાઈબહેન રાહ જોતાં બેઠાં હતાં.

શ્રી નંદુભાઈએ પૂછ્યું, 'રતિભાઈ, ચૂપ કેમ છો ?'

તે સાંભળીને શ્રીમોટા બોલ્યા, 'એને ડર હશે કે મોટા, કદાચ બેચાર ચોપડાવી દે તો ?'

ત્યારે ઉત્તર વાળતાં મેં કહ્યું, 'ના મોટા, એવો ડર નથી.'

**શ્રીમોટા :** 'તો સારું.'

**પ્રશ્ન :** 'મોટા, વિવિધ સંતો વિવિધ રીતે વર્તતા હોય છે. તેમનું વ્યક્ત થવાપણું (મેનીફેસ્ટેશન) જુદું જુદું હોય છે. તેનું શું કારણ ?'

**શ્રીમોટા :** 'પ્રકૃતિ અને ગુણોને કારણે પણ તેમ હોય, છતાં એનો અર્થ એ નથી કે તેઓ કશું જાણતા નથી. કાળ અને સંજોગોની માગ મુજબ તેઓ બધા કાળપુરુષ તરીકે વર્તતા હોય છે. એટલે તેમનું કામ તે કાળ પૂરતું કે તે ઘટના પૂરતું સત્ય હોય છે. કાળે કાળે સત્યનું સ્વરૂપ પણ બદલાતું રહે છે. મહાપુરુષનો શબ્દ, શાસ્ત્રનો શબ્દ અને અનુભવીનો શબ્દ-એ ત્રણેયની એકરૂપતા પ્રગટે તો અતિ ઉત્તમ. ચેતનમાં પ્રગટેલા આત્માનું કહેવું, કથવું એ જ્ઞાનભાવે હોવા છતાં કાળે કાળે તેમાં પણ શ્રેયાર્થીને તે તે કાળની વિકાસની ભાવનામાં તે તે બધું તે

તે રૂપે પ્રગટેલું જણાતું હોય છે. એક કાળે જે અર્થ તેમાંથી પ્રગટતો હોય તે બીજા કાળે તેમાંથી વધારે વિસ્તારવાળો (અર્થ) પણ પ્રગટી શકે છે.'

તે પછી ચમત્કારોની અને જાદુગરોની વાતો થઈ. તેમણે એ વાતોને બહુ મહત્ત્વ ના આપવા સૂચવ્યું.

**ભગવાન ગુણાતીત છે**

રવિવારે સવારે પૂજ્યશ્રી અમારે ત્યાં એકાએક પધાર્યા. અમને એનું સુખદ આશ્ચર્ય થયું. એમણે નગોડનાં પાનનો વરાળિયો શેક થોડી વાર પહેલાં જ હરમુખભાઈને ત્યાં લીધેલો અને પછી સ્નાન કરેલું. એટલે એમને ખૂબ ગરમી લાગતી હતી, તેથી તેઓ ખાટલા ઉપર સૂઈ ગયા અને મને કહ્યું કે 'ડોન્ટ ડિસ્ટર્બ મી.'

થોડા સમયની વિશ્રાંતિ બાદ એમની રજા લઈને તેમની પાદપૂજા કરીને ગુરુસ્તોત્ર બોલ્યા :

**બ્રહ્માનંદં પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્**
**ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ.**

છેલ્લી પંક્તિ સાંભળતાં તેઓશ્રીએ કહ્યું કે **'ત્રિગુણરહિતં'** શબ્દપ્રયોગ બરાબર લાગતો નથી. **'ત્રિગુણાતીતં'** શબ્દ યોગ્ય લાગે, જેમ 'ભાવાતીતં' છે તેમ, કેમ કે સદ્ગુરુ-ઈશ્વર આ ગુણોથી રહિત નહિ, પણ ગુણોથી પર છે. એ સમજવા જેવું છે.

પૂજ્યશ્રી પછી મૌન રહ્યા અને થોડી વારના વિરામ પછી મને ભજન ગાવા સૂચવ્યું. એટલે મેં, 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે' અને 'પ્રભુ ! શરણ ચરણમાં રાખો રે, પાવલે લાગું' એ બે ભજનો ગાયાં.

**સાચો સગો શ્રીહરિ**

પછી તેઓશ્રી, ચંદ્રકાંતભાઈને ત્યાં ત્રીજા માળે જવા નીકળ્યા.

ચાલતાં ચાલતાં અમને કહ્યું, 'જે વિઘ્નો આવે છે તે આપણા વિકાસ માટે છે. આ મળેલાં સ્વજનો એ આપણાં સાચાં સગાં નથી. આપણો સાચો સગો તો શ્રીહરિ છે.'

**...એ બાયલાપણું છે**

બપોરે પૂજ્યશ્રી ચંદ્રકાંતભાઈને ત્યાં આરામ કરતા હતા ત્યારે સૂર્યકાંત પારડીવાળા નામનો એક યુવાન પોતાનાં માતાપિતાની સાથે આવ્યો. તે 'ફિલોસોફી' લઈને બી.એ. થયેલો અને એકવાર રાંદેર આશ્રમે મૌનમાં પણ બેઠેલો. તે થોડા સમયથી સ્વામી ચિન્મયાનંદજીના વ્યાખ્યાનમાં જતો હતો, તેથી તેને સંન્યાસ લઈને સ્વામીજીના આશ્રમે રહેવા જવું હતું, પણ માબાપ એની વિરુદ્ધ હતાં. એટલે તેઓ બધાં શ્રીમોટા પાસે સલાહ લેવા આવ્યાં. માતાપિતા પૂજ્યશ્રીને પોતાનો દીકરો સંન્યાસ લેતો અટકે એમ કહેવા-વિનંતી કરવા લાગ્યાં.

ત્યારે શ્રીમોટાએ કહ્યું, 'મળેલું કર્મ છોડી દેવું એ બાયલાપણું છે. એકાદ વિવેકાનંદ કે ચિન્મયાનંદ પાકે, તેથી એ રસ્તે ઝાઝો વિચાર કર્યા વિના દોરવાઈ જવું - એ તો મહામૂર્ખામી છે.'

(માતાપિતાને) 'તમે જબરજસ્તીથી એની મરજી વિરુદ્ધ કશું કરશો નહિ કે લગ્ન કરાવશો નહિ.'

**માબાપ :** 'ત્રણ મહિના સ્વામીજીના આશ્રમમાં એને રહેવાનું બને એમ છે, તો ત્યાં તેણે જવું કે નહિ ?'

**શ્રીમોટા** (સૂર્યકાંતને) : 'ત્રણ મહિના ત્યાં રહેશો તો ખાવાનો ખર્ચ કોણ આપશે ?'

**સૂર્યકાંત :** 'આશ્રમમાં એનો ખર્ચ લેતા નથી.'

**શ્રીમોટા :** 'તો શું મફત રાખે છે ?'

**સૂર્યકાંત :** 'હા જી.'

**શ્રીમોટા :** 'આશ્રમવાળા એ ખર્ચ ક્યાંથી લાવે છે ?'

**સૂર્યકાંત :** 'ફંડમાંથી ખર્ચ કાઢે છે.'

**શ્રીમોટા :** 'ભગવાનને રસ્તે જવું હોય તો મફતનું ખાઈને ના જવાય. સ્વામીજી પણ ક્યાંકથી ભિક્ષા માગીને લાવતા હશેને ? માટે પહેલાં તમે ત્રણ મહિના સુધીનાં ખાધા ખોરાકીનાં રૂપિયા ૧૫૦/- જેટલી રકમ કમાઈ લાવો, પછી ત્યાં રહેવા જાવ. પિતાજી પાસેથી પણ તે રકમ લેવાની નહિ. અરે ભાઈ, આ દુનિયામાં કશું મફત મળતું નથી.'

પૂજ્યશ્રીની વાતચીતથી માતાપિતા બંને રાજી થયાં. જોકે પૂજ્યશ્રીએ શરૂઆતમાં તો આ બાબતે કશોય અભિપ્રાય આપવાની ના કહેતા કહેલું કે 'મારો અને તમારો શું સંબંધ છે ? પહેલી જ વાર તમે આવો છો. વળી, આ વાત તો ખરી રીતે તમારે સ્વામીજીની સાથે ચર્ચવી જોઈએ.' તે પછી સૂર્યકાંતે સ્વામીજીના આશ્રમે જવાનું માંડી વાળેલું.

**શ્રીમોટા અજ્ઞાતવાસમાં**

પૂજ્યશ્રી તા. ૫-૭-૧૯૬૫ના દિવસે મુંબઈથી મદ્રાસ, પૂણે વગેરે ઠેકાણે જઈને તા. ૨૭-૭-૧૯૬૫ના દિવસે મુંબઈ પાછા ફર્યા અને તે જ દિવસે રાત્રે નડિયાદ ગયા.

તા. ૮-૮-૧૯૬૫ના દિવસે તેઓશ્રી તેમની અંગત સેવા કરનારાં ભાઈબહેનો સાથે દાદરથી નાશિક તરફ કોઈ અજ્ઞાત સ્થળે હવાફેર કરવા ગયા. ચાર અઠવાડિયાંનો કાર્યક્રમ હતો. દાદર સ્ટેશને તેઓનાં દર્શનાર્થે કોઈએ જવાનું ન હતું. માત્ર ચંદ્રકાંત મહેતા તેઓની બેસવાની વ્યવસ્થા કરવા ગયેલા.

■

## (૧૭)

'અંતરની પ્રગટેલી સદ્‌ભાવનાના હેતુનાં બીજ આપણે ધારીએ છીએ એના કરતાં ઘણાં ઊંડાં પડતાં હોય છે. કોઈક ને કોઈક દિવસ તે ઊગી નીકળતાં હોય છે.'

**-શ્રીમોટા**

નડિયાદ આશ્રમે મૌનમાં ૧૪ દિવસ માટે બેસતાં પહેલાં, પૂજ્યશ્રીનાં દર્શન કરવા માટે હું, અમદાવાદ ગયો હતો. તા. ૨૩-૧-૧૯૬૬ના રોજ પૂજ્યશ્રી અમદાવાદમાં ચીમનભાઈ મહાજનને ત્યાં હતા ત્યારે થયેલો સત્સંગઃ

### કુંડલિની વિશે

**પ્રશ્ન :** 'મોટા, આપે કુંડલિની વિશે કાંઈ લખ્યું નથી, તો તેના વિશે કંઈક કહેશો ?'

**શ્રીમોટા :** 'કુંડલિની વિશે મેં કાંઈ લખ્યું નથી, કેમ કે તે વિશે બહુ ગેરસમજ પ્રવર્તે છે. કુંડલિની દિવ્ય શક્તિનું પ્રતીક છે. જ્યારે શરીર અને ચિત્તની શુદ્ધિ થાય ત્યારે તે શક્તિ જાગે. એ સામાન્ય શક્તિ નથી. તે કીર્તન, ભજન, નૃત્ય કે કેવળ વિષ્ણુ-સહસ્રનામ લેવાથી જાગ્રત નથી થતી. જે લોકો અઢાર અઢાર કલાક સુધી કામ કરતાં હોય છે, તે કુંડલિની જાગ્રત થવાથી કરતાં હોય છે એવું નથી હોતું, પણ તે તે સંજોગોને લીધે તથા એક પ્રકારના માનસિક જોશની ગતિને લીધે કામ કરી શકતા હોય છે. તેને આધ્યાત્મિકતાની સાથે કશો સંબંધ નથી. જેની કુંડલિની જાગ્રત થયેલી હોય છે, તે માણસ ખૂબ સાત્ત્વિક કાર્યો કરે.

### પ્રાણાયામ વિશે

**પ્રશ્ન :** 'આપે પ્રાણાયામ વિશે પણ કાંઈ લખ્યું નથી, કેમ ?'

**શ્રીમોટા :** 'હા, નથી લખ્યું. સંસારીઓ માટે પ્રાણાયામ ફાયદાકારક નથી, કારણ કે ભોગ ભોગવતા સંસારીઓનાં ફેફસાં પ્રાણાયામનાં જોરને અને ભીંસને સહન કરી ન શકે. એટલે એનાથી ઊલટું નુકસાન થવા સંભવ છે. માટે અત્યારના સમયમાં સહજ, સરળ, નિર્દોષ અને સચોટ સાધન એ નામસ્મરણ અને જપ છે. શ્વાસેશ્વાસે જપ કરવાની ટેવ પાડો. માનસિક જપ થાય તે ઉત્તમ.'

**પ્રશ્ન :** 'મોટા, **'જીવનપોકાર'**માં સાધુના નામે જે કાંઈ લખ્યું છે, તે આપ પોતે જને ?'

**શ્રીમોટા :** 'હા, જે સાધુના ચમત્કારોની વાતો લખી છે તે જાણી જોઈને મારો ઉલ્લેખ નહિ થવા દેવા માટે જ.' ( એ સાધુ અન્ય કોઈ નહિ પણ પૂજ્ય શ્રીમોટા પોતે જ.)

## વિકારોના હુમલા આવે ત્યારે

**પ્રશ્ન :** 'વિકારોના હુમલા આવે ત્યારે શું કરવું ?'

**શ્રીમોટા :** 'તુરત સજાગ થઈ જવું. મનગમતું ભજન ગાવું. આવા હુમલાઓ સાધારણ રીતે રાત્રે વધુ આવતા હોય છે ત્યારે પથારીમાં પડ્યા ના રહેવું, બેઠા થઈ જવું, ઊભા થઈ જવું અને ધીમેથી કે મોટેથી, સમય-સંજોગ અનુસાર નામસ્મરણ કરવું. કામ-વિકારના જોશને 'ચેનેલાઈઝ' કરવા તેને બીજી સત્ પ્રવૃત્તિમાં વાળવો જોઈએ. ભજન ના થાય તો વાંચવા-લખવા બેસવું. આ રીતે સભાનતાથી પ્રયત્ન કરશો તો વિકારો ઉપર કાબૂ આવી જશે.'

## પ્રાર્થના વિશે

**પ્રશ્ન :** 'મોટા, પ્રાર્થના ઘણી થાય છે, પણ તે ફળતી નથી એમ લાગે છે, તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'ભગવાનને હૃદયના આર્તનાદથી પ્રાર્થના કરવી જોઈએ. જે નિયમિત એક જ સમયે અને એક જ સ્થાને પ્રાર્થના કરવાની ટેવ પાડે છે, તે હંમેશાં સારાં કામ કરવાની શક્તિ મેળવે છે.'

**પ્રશ્ન :** 'કેવા પ્રકારની પ્રાર્થના કરવી જોઈએ ?'

**શ્રીમોટા :** 'કોઈની સેવા કરવી, સત્કર્મો કરવાં, સર્વની સાથે સુમેળ અને પ્રેમથી રહેવું એ બધી પ્રાર્થનાની જ એક પ્રકારની રીત છે. ગાંડીઘેલી સ્વરચિત પ્રાર્થનાઓ, ભજનો તથા આત્મ-નિવેદનો ઉત્તમ ચૈત્ય સંબંધ બાંધવા માટે છે.'

**ભગવાન અંતર્યામી છે તો પછી...?**

**પ્રશ્ન :** 'મોટા, ભગવાન અંતર્યામી કહેવાય છે, તો તે આપણા મનની વાતો જાણે કે નહિ ? એની પાસે માગવાની શી જરૂર ?'

**શ્રીમોટા :** 'કોઈનું અંતર જાણવાની એને શું પડી છે ? તમને ગરજ હોય તો તમે એને જણાવ્યાં કરો, નિવેદન કર્યાં કરો, એટલે એની સાથે ચૈત્ય સંબંધ બંધાશે અને ત્યારે જ એ આપણા મનની વાતોને જાણશે.'

**પ્રશ્ન :** 'તો પછી એને અંતર્યામી કેમ કહેવાય ?'

**શ્રીમોટા :** 'એક વખત તમે એની સાથે હૃદયનો સંબંધ બાંધી દો, પછી તમારે કશું માગવાની જરૂર નહિ રહે. ए તમારું બધું સંભાળી લેશે.'

તે પછી નડિયાદ જતાં પૂજ્યશ્રીને પગે લાગ્યો ત્યારે તેમણે પોતાના હૃદયપ્રદેશ ઉપર હાથ મૂકી કહ્યું, 'આને ધક્કો મારજે, તો હું હાલીશ. જાવ, (મૌનમાં) સારી રીતે બેસજો.'

■

## (૧૮)

કોઈ મહાન જીવંત જ્ઞાની-અનુભવી આત્માની
પ્રેરણાત્મક જીવંત સંસ્કૃતિથી તીર્થ પ્રગટે છે.

'જીવન મંથન' **-શ્રીમોટા**

### વિનોબાજીની 'નામમાળા'નું વાંચન

'જ્ઞાનગંગોત્રી'ની યોજના માટે એક લાખ રૂપિયા ભેગા કરવાના હતા, તેથી પૂજ્ય શ્રીમોટા, તા. ૨-૩-૧૯૬૬ના રોજ મુંબઈ પધાર્યા. તે દિવસે બપોરે તેઓશ્રી અમારે ત્યાં પધાર્યા અને રાત્રિ દરમિયાન અમારે ત્યાં જ રોકાયા. વહેલી સવારે છ થી સાત સુધી પૂજ્ય વિનોબાજીની 'નામમાળા' પુસ્તિકા તેમણે પોતે મોટેથી વાંચી અને છસાત ભક્તોએ તેનું પાન કર્યું. બધાંને ખૂબ આનંદ થયો.

### 'હરિઃૐ' મંત્ર વિશે

એ પછી ધીરેશભાઈએ પૂછ્યું, 'મોટા, 'હરિઃૐ' મંત્ર સગુણ મંત્ર ગણાય કે નિર્ગુણ મંત્ર ગણાય ?'

**શ્રીમોટા :** 'આ મંત્ર નિર્ગુણ મંત્ર છે, વૈદિક મંત્ર છે, એના સ્મરણથી કોઈ અમુક દેવનું જ સ્વરૂપ ખડું થતું નથી. ઈશ્વરનાં હજાર નામોમાં 'હરિ' એક નામ છે. તે ગુણવાચક છે. 'હરિ'ને તમે કૃષ્ણ ગણો, વિષ્ણુ ગણો કે રામ ગણો એ જુદી વાત છે, છતાં તે નિર્ગુણ મંત્ર છે.'

### સદ્ગુરુ અમને યાદ કરે ?

**પ્રશ્ન :** 'મોટા, કોઈ સંતનાં દર્શન કરવાં આપણે જઈએ ત્યારે આપણને આપણા ગુરુમહારાજનું વિસ્મરણ થઈ જાય, તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'ગમે તે સંતનાં દર્શને આપણે જઈએ ત્યારે આપણે આપણા સદ્ગુરુનો જ ભાવ રાખવો જોઈએ. શ્રીરંગ અવધૂત મહારાજનાં દર્શને જઈએ, સાંઈબાબાનાં દર્શને જઈએ ત્યારે

આપણે આપણા જે સદ્‌ગુરુ કરેલા હોય, તેનો જ ભાવ રાખીને દર્શન કરવાં જોઈએ. આમ જોઈએ તો આખરે બધા એક જ છે.'

**પ્રશ્ન :** 'મોટા, અમે તો સદ્‌ગુરુને યાદ કરીએ, પણ તેઓ અમને યાદ કરે ખરા ?'

**શ્રીમોટા :** 'ના, એને શું પડી છે ? હા, દ્રૌપદીની જેમ આર્ત-પોકાર કરો ત્યારે જ તે હાલે, પણ એવી ભક્તિ ક્યાં છે ? છતાંય કોઈને ખબર ના હોય તેમ કોઈ ખૂણામાં પડેલો સંત, તેના ભક્તોને યાદ કરતો હોય છે અને જ્યારે કાળ પાકે ત્યારે તેઓ તેમના સદ્‌ગુરુ તરફ વળતાં હોય છે.'

**ચંદ્રકાંત મહેતા :** 'મોટા, હમણાં હમણાં સત્ય સાંઈબાબાના ચમત્કારોની વાતો ખૂબ થાય છે, તે બાબતે આપનું શું માનવું છે ?'

**શ્રીમોટા :** 'ચમત્કારોની શક્તિ છે. તેનું મૂલ્યાંકન ઓછું કરવા નથી માગતો, પણ એક બાળકનો જન્મ થાય છે, તે કાંઈ ઓછો ચમત્કાર છે ? આપણે બધાં હવાથી જ જીવીએ છીએ, તે કાંઈ જેવો તેવો ચમત્કાર છે ? આપણે ચમત્કારોને બહુ મહત્ત્વ નહિ આપવું.'

## તીખું ખાવાની ટેવ

પૂજ્યશ્રી જ્યારે જમવા બેસે ત્યારે હળવા મૂડમાં આવી જતાં અને પીરસનારની, રસોઈ બનાવનારની કે નિકટના ભક્તની મજાક કરીને બધાંને આનંદ કરાવતા. સવારે કે સાંજે જમવા બેસતાં પહેલાં તેઓશ્રી સ્નાન અવશ્ય કરતા. એકવાર તેમણે કહેલું કે 'નાહ્યા પછી હું ખાઉધરો થઈ જાઉં છું, પછી રાહ જોઈ શકતો નથી.' સ્નાન કરીને તેઓશ્રી તુરત જ રસોડામાં જઈને ખુરશી ઉપર ગોઠવાઈ જતા. તેમને દાળ-શાક વગેરે બધું ગરમ જ જોઈએ. વળી, ફરસાણમાં મરચાંનાં ભજિયાં વધુ પસંદ તથા તીખું

વધુ ગમે, એથી અમે તેમને પૂછ્યું કે 'આપને તીખું કેમ ભાવે ?' ત્યારે તેમણે કહ્યું કે 'અમારું નાનપણ બહુ ગરીબીમાં ગયું હતું. તે સમયે રોટલો અને રાતું ભૂકીવાળું મરચું તેમાં ભેળવીને શાકને બદલે ખાતા. એટલે ત્યારથી જ મરચાંની ટેવ પડી ગઈ છે.'

**આદર્શ શિક્ષકની જેમ**

આ વખતે સહકાર નિવાસનાં નાનાંમોટાં ઘણાં બાળકો પૂજ્ય શ્રીમોટા પાસે આવ્યાં ત્યારે તેમનાં અભ્યાસ વિશે તેઓશ્રીએ પૂછપરછ કરી : 'શેમાં નાપાસ થાઓ છો ?... ટ્યૂશન માટે માસ્તર રાખો છો ?... હવે બહુ ના રમશો, પરીક્ષા પાસે આવી છે... ઘરમાં બાને મદદ કરો છો ?... બા મારે છે ? અને કોઈ બાળક 'હા' કહે ત્યારે, 'બાને મારી પાસે લઈ આવજો. તમારી બાને કહેજો કે મોટા બોલાવે છે, પ્રસાદ આપવાનો છે !' ત્યાર બાદ તેઓ સ્વજનો સામે જોઈને બોલ્યા, '૯૯ ટકા છોકરાં ગણિતમાં કાચાં છે.' એક બીમાર દેખાતા છોકરાને જોઈને શ્રીમોટાએ કહ્યું કે 'આ છોકરાના બાપને કહેજો કે એની દવા કરે. એનું શરીર સારું નથી.'

પછી શ્રીમોટાએ બધા વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ કરવા, કસરત કરવા તથા બહુ ફિલ્મો ના જોવા શિખામણ આપી, તથા વડીલોને ટાઈમસર ઑફિસે જવા અંગે સૂચવતાં શ્રીમોટાએ કહ્યું કે 'કામ પહેલું, પછી બીજું બધું.'

એ વખતે મેં પૂછ્યું કે 'મોટા, ગ્રાહકોની ફાઈલો ઊથલાવતાં હોઈએ ત્યારે પ્રાર્થનાભાવ શી રીતે રહે ?'

ત્યારે શ્રીમોટાએ કહ્યું, 'હું કામ કરતાં કરતાં અને સર્વ પ્રવૃત્તિ દરમિયાન પ્રાર્થનાભાવ રાખતો.'

તા. ૫-૩-૧૯૬૬ના દિવસે તેઓશ્રી સુરત ગયા.

■

(૧૯)

ગુરુભાવ એટલે ગુરુ પોતે નહિ કે તેનું શરીર નહિ, પરંતુ જીવનવિકાસ થવાને આપણને જે ઉત્કટ તમન્ના પ્રગટેલી હોય છે, તેને એકાગ્ર અને કેંદ્રિત એકમાં કરીને તેનામાંથી પ્રેરકબળ અને ચેતનવંતપણું પ્રાપ્ત કરવાને જે લક્ષ્ય, જે સાધન છે તે.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

## 'નવા અવતાર'નો ઉત્સવ

પૂજ્ય શ્રીમોટાનો 'નવા અવતાર'નો દિવસ એટલે નિર્ગુણ સાક્ષાત્કારનો દિવસ-રામનવમી. દર વર્ષે કોઈ ભક્ત સ્વજન આ દિવસ ઊજવતો હોય છે. તા. ૩૧-૩-૧૯૬૬ના દિવસે સુરત ખાતે હરમુખભાઈ જોગીએ આ ઉત્સવ ઊજવ્યો. શ્રીમોટા, આવા મંગલ પ્રસંગ નિમિત્તે આગળના દિવસે જ તે ભક્તના ઘરે જઈને રહેતા, રાત રોકાતા અને વહેલી સવારે ત્રણચાર વાગ્યે ઊઠતા. તે દિવસે હરમુખભાઈએ તેમનાં કુટુંબીજનો સાથે પૂજ્યશ્રીને કેસરસ્નાન કરાવી પૂજા કરી, તથા નવી રેશમી લુંગી અને ફેંટો ભેટ આપ્યાં.

સાડા સાત વાગ્યે કાર્યક્રમની શરૂઆત જાણીતાં રેડિયો કલાકાર અને શ્રીમોટાનાં ભક્ત મધુરીબહેન ખરેનાં ભાવવાહી ભજનોથી થઈ. તે પછી શ્રીમોટાએ 'નવા અવતાર'નો અર્થ સમજાવતાં કહ્યું,

'સંસારમાં જીવતા લોકો એક તબક્કામાંથી બીજા તબક્કામાં પ્રવેશે તેને 'નવો અવતાર' ગણે, પણ સંસારીઓના અને સાધકના 'નવા અવતાર' વચ્ચે આસમાન-જમીનનો ફરક હોય છે.

સંસારીનું જીવન દ્વંદ્વની ભૂમિકા ઉપર રહેલું હોય છે જ્યારે સાધકનું જીવન દ્વંદ્વથી પર હોય છે.'

**ઉત્તમ દાન કયું ?**

'રાજાઓનાં રાજ ગયાં તેમ પૈસાદારોની સંપત્તિ કલમના ગોદે ચાલી જશે. કાળ ઘણો કપરો આવી રહ્યો છે. પચીસ વર્ષનો ગાળો ઘણો કષ્ટદાયક હશે.

હું, જ્યોતિષી નથી પણ સમય પારખી શકું છું અને સ્પષ્ટપણે જોઈ શકું છું તે કહું છું. માટે પ્રેમથી છૂટા હાથે સત્કર્મમાં પૈસો વાપરો. કશું સ્થિર નથી. ક્ષણે ક્ષણે પરિવર્તન થઈ રહ્યું છે તેની ખાતરી રાખજો. માટે 'ગુણ અને ભાવના'નો વિકાસ થાય એવાં કામો કરવા માટે તમારો પૈસો વાપરજો. તે દાન ઉત્તમ ગણાશે. ભૂખ્યાંને ભોજન અને દરદીને દવા આપો તે કંઈ ખોટું નથી, પણ તે દાન આપણી સાથે નહિ આવે, કેમ કે તેની અસર કાયમ રહેતી નથી. જે દાનથી સમાજ ઊંચો આવે, સાચો ધર્મ પ્રગટે, સમાજ માટે મરી ફીટવાની અને પ્રભુપ્રીત્યર્થે કર્મ કરી આત્મવિકાસ સાધવાની તમન્ના જાગે એવાં દાન તે ઉત્તમ દાન છે.'

તેમના પ્રવચન બાદ તેમની આરતી થઈ અને ભક્તોએ દક્ષિણા મૂકી. ત્યાર બાદ બધાં પ્રસાદ લેવાં ગયાં. બે કલાકનો વિરામ રહ્યો તે દરમિયાન ભક્તોએ ભજનો ગાયાં તથા 'હરિઃૐ'ની ધૂન કરી. તે પછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ શરૂ થયો.

**સદ્‌ગુરુ પરત્વે અન્યથા ભાવ**

**પ્રશ્ન :** 'સદ્‌ગુરુ પરત્વે કોઈ કોઈ વાર અન્યથા ભાવ ઊપજે છે, તો તેનું શું કારણ હશે ? તેનો ઉપાય શું ?'

**શ્રીમોટા :** 'એવો અન્યથા ભાવ ઊપજે તો સમજવું કે સદ્‌ગુરુ કર્યા તે સાચું નથી. એને તેનામાં પૂરો વિશ્વાસ નથી. જે હજુ

'સદ્‌ગુરુને ઓળખવા કેવી રીતે ?' એમ પૂછે તેણે સદ્‌ગુરુ કર્યા નથી એમ કહેવાય. સદ્‌ગુરુ શું કરે છે તેના ઉપર ધ્યાન ના આપવું. એ જે કહે તેમ કરવું, એ કરે તેમ ના કરવું. પોતાની પ્રકૃતિ સુધારવા ઉપર ખૂબ ધ્યાન આપવું.'

**વિવિધ ભાવવાળા પરમહંસો**

**પ્રશ્ન :** 'જુદા જુદા ભાવવાળા સત્પુરુષો હોય છે, તે વિશે કંઈક કહેશો ?'

**શ્રીમોટા :** 'મુક્તાત્માઓ એટલે કે પરમહંસો ચાર પ્રકારના હોય છે. જેમ કે બાલવત્, હંસવત્, જડવત્ અને પિશાચવત્. બાલવત્ એટલે બાળકના જેવા સ્વભાવવાળો હોય. હંસવત્ એટલે નીરક્ષીર ન્યાય કરી જાણનારો હોય. જડવત્ એટલે પથ્થર કે લાકડા જેવો, એક જગ્યાએ પડી રહે, કશું માગે કરે નહિ અને પિશાચવત્ એટલે ગંદો-ગોબરો. એવો પિશાચવત્ મુક્તાત્મા મને હિમાલયમાં મળી ગયેલો. મળમૂત્ર, માંસમદિરા વગેરેનો તેને આભડછેટ નહિ, છતાં તે જ્ઞાની, અનુભવી અને મુક્ત !

**પ્રકૃતિના સ્વામી**

એ લોકો મુક્ત હોવા છતાં જ્યાં સુધી દેહમાં હોય ત્યાં સુધી વ્યક્ત થવા માટે જેમ નદીને પટ જોઈએ તેમ તેમને પોતાની પ્રકૃતિની એક ચૅનલ તરીકે જરૂર પડે છે, છતાં તેઓ પ્રકૃતિના ગુલામ નહિ, પણ સ્વામી હોય છે. જ્યારે સંસારીઓ પ્રકૃતિના ગુલામ હોય છે. એ ચાર પ્રકારના પરમહંસો તેમની સાધનાને પ્રકૃતિ, સ્વભાવ અને સંજોગો અનુસાર પામેલા હોય છે, છતાં તેઓ પૂરા જ્ઞાની હોય છે !

**‘હમ કો મગરમચ્છ બતાવ’**

પિશાચવત્ એટલે જેને શુદ્ધઅશુદ્ધનો, પવિત્રઅપવિત્રનો, મેલાઘેલાનો ખ્યાલ ના હોય, તે ગમે તે ખાય, પીવે અને ગમે ત્યાં પડી રહે, ગાળો પણ કાઢે ! એવા પરમહંસનો એક દાખલો આપું.

એકવાર મારા ગુરુમહારાજે મને કહેલું કે ‘મને મગરમચ્છ બતાવ ! ઉનકે પાસ લે જાવ !’ ત્યારે મને વિચાર થયો કે મગરમચ્છ ક્યાં શોધવો ? નદી હોય ત્યાં કદાચ હોય, દરિયામાં હોય નહિ, પણ પાસે એવી કોઈ નદી ન હતી અને દરિયો પણ ન હતો. ક્યાં જવું ? ગુરુજીને તો પુછાય નહિ, દલીલબાજી થાય નહિ. દલીલ કરીએ તો તો આવી બને ! એમણે તો રઢ લીધેલી - ‘મગરમચ્છ બતાવ ! બસ, મગરમચ્છ બતાવ !’

એટલે આપણે તો નડિયાદથી આણંદ સુધીની ટિકિટ કઢાવી. ત્યાર પછી વિચાર થયો - ‘ચાલો, થોડું ચાલીએ તે દરમિયાન કદાચ ગુરુજી રસ્તો બતાવશે.’ એમ કરતાં ડાકોર આવ્યા. હું, રણછોડજીના મંદિર ભણી ચાલવા લાગ્યો. એટલે ગુરુજીએ કહ્યું કે ‘યહ ક્યા હૈ ? એ તો મગરમચ્છ નહીં હૈ. સાલા ઈતના માલૂમ નહીં મગરમચ્છ ક્યા હૈ ?’

આપણે તો ત્યાંથી પાછા વળ્યા. ગોમતીજીના તળાવ નજીક આવ્યા. એક આનાના મમરા લીધા અને તળાવમાં મમરા નાખવા માંડ્યા. કાચબા ઉપર આવવા લાગ્યા. તે બતાવીને મેં કહ્યું કે ‘યહ મગરમચ્છ, પ્રભુ !’ ગુરુજી તો બીજી દિશામાં ચાલવા લાગ્યા. અને પછી રસ્તા ઉપર પડેલા એક મેલાઘેલા માણસની સાથે વાતો કરવા લાગ્યા ! તેમની વચ્ચે ચાલતી વાતોમાં તો આપણને સમજ ના પડી.

**મગરમચ્છ એટલે નથ્થુરામ !**

પછી ગુરુમહારાજે મને એમની આગળ ધકેલી તેમને કહેલું કે ‘આ છોકરો તમારી પાસે આવે તો તેને કંઈક બતાવતા રહેજો.’

અને એમ મારી ઓળખ તેઓએ તે ઓલિયા સાથે કરાવી. એ નથ્થુરામ શર્મા હતા. મહાપુરુષ થઈ ગયા. સાધનાકાળ દરમિયાન પડતી મુશ્કેલી-ગૂંચો અંગે હું તેમની પાસે કેટલીક વાર ગયેલો. તો આ નથ્થુરામ શર્મા એ જ ગુરુમહારાજના મગરમચ્છ ! મહાત્માઓની આવી રીતો હોય છે !

**એવાને કોણ ઓળખી શકે ?**

પછી એકવાર હું જ્યારે તેમની પાસે ગયેલો ત્યારે તેમણે મને ભજિયાં લઈ આવવા કહેલું. હું લઈ આવ્યો અને તેમને આપીને, તેમની સેવા કરવા લાગ્યો ત્યારે તેઓ ભજિયાં ખાતા જાય અને મને કહેતા જાય કે 'તને નહિ આપું !' 'ભલે પ્રભુ ! આપ આરોગો.' આપણને આનંદ હતો... તો આવા ભાવવાળા પણ પરમહંસો હોય છે ! તેમને કોણ ઓળખી શકે ? કોણ સમજી શકે ? હીરાનો વેપારી હીરો મૂલવી શકે, કાછિયો નહિ મૂલવી શકે એટલું યાદ રાખશો. તળેટીમાં ઊભેલો માણસ હિમાલયની ટોચ ઉપર શું છે તે કેવી રીતે જાણી શકવાનો ?'

**સાત્ત્વિક અહમ્ પણ તોડવાનો**

**પ્રશ્ન :** 'મોટા, સાત્ત્વિક અહમ્ હોય તો તે સારો તો ખરોને ?'

**શ્રીમોટા :** 'ના, સાત્ત્વિક અહમ્ પણ સાધકે તોડવાનો હોય છે. મારો દાખલો આપું. મેં કરાંચીમાં ૪૦ દિવસના રોજાનો (ઉપવાસનો) સંકલ્પ કરેલો. ૩૮ દિવસ થયા પછી શ્રીગોદડિયા મહારાજ★ આવીને મળ્યા. તેમણે મને કહ્યું કે 'શું કામ આટલા બધા ઉપવાસ ? બસ થયું. ખાઈ લે.' પ્રથમ તો મેં સારું એમ કહ્યું

★ શ્રીગોદડિયા મહારાજ એટલે કે પ્રકાશાનંદજી સ્વામી. એ ત્યારે ગુજરાતના જાણીતા સત્પુરુષ હતા. તેમને શ્રીમોટા પ્રત્યે ઘણો પ્રેમભાવ હતો અને સાધના ક્ષેત્રે તેમણે શ્રીમોટાને ઘણી મદદ કરેલી.

તથા ચા બનાવી ટોસ્ટ ડિશમાં કાઢ્યા અને થોડું ખાધું, પરંતુ શ્રીગોદડિયા મહારાજ જતા રહ્યા એટલે પછી મને થયું કે 'બે જ દિવસ માટે શું કામ રોજા તોડું? આટલા દિવસ ગયા તો બે દિવસ વધુ.' અને મેં સૂક્ષ્મ અહમ્‌ને જોરે મહારાજની આજ્ઞા પાળી નહિ.

બીજે દિવસે મારા યજમાનની સાથે ગાડીમાં હું ક્યાંક જઈ રહ્યો હતો ત્યારે જ એક મેલોઘેલો ઓલિયો ગાડીના રસ્તામાં ઊભો રહેલો અને તેણે મને બહાર બોલાવીને કહેલું કે 'હજુ તારો અહમ્ ગયો નથી ? લે આ મીઠાઈ ખાઈ લે અને રોજા પૂરા કર.' ત્યારે મને સમજાયું કે 'મારો સૂક્ષ્મ અહમ્ (સાત્ત્વિક હોવા છતાં) તોડવાને માટે ભગવાને આ બધું ગોઠવ્યું છે !' એટલે મેં એમની આપેલી મીઠાઈ - મારા યજમાનની મનાઈ છતાં - ખાઈ લીધી અને રોજા પૂરા કર્યા ! તો શુભ સંકલ્પનું જે અભિમાન આપણામાં હોય છે, તે પણ તોડવાનું છે. ઈશ્વર કૃપા કરીને આપણી પાસે તે તોડાવે છે.'

પૂજ્યશ્રી આ વાત કરી રહ્યા હતા ત્યારે શેઠ નટવરલાલ અને ડૉ. ક્લાર્ક સભામાં આવ્યા. એમના મોડા આવવાથી શ્રીમોટા નારાજ થયા અને બોલ્યા કે 'આવે પ્રસંગે પણ વખતસર ના અવાય, તો આવવું નહિ.'

ત્યાર બાદ ઉત્સવ આનંદમય વાતાવરણમાં પૂરો થયો.

■

## (૨૦)

જગતમાં કશું નકામું નથી. જેને માનવી તદ્દન ખરાબ ગણે છે તે પણ નકામું નથી. એ ખરાબ દેખાય છે કે ગણાય છે એનું કારણ આપણે એને એ રીતે ગણતા, દેખતા, સમજતા, માનતા આવ્યા કર્યા છીએ તે છે.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

પૂજ્ય શ્રીમોટાના સુરતના એક ભક્ત શેઠ વિનાયકભાઈ જરીવાલા તા. ૬-૫-૧૯૬૬ના રોજ દેવલોક પામ્યા. એટલે એ નિમિત્તે ચંદ્રકાંત મહેતા અને હું, સુરત તેમને ઘેર ગયા. વિનાયકભાઈના દીકરા જિતુભાઈને દિલાસો આપીને અમો બંને પછી આશ્રમે ગયા. ત્યાં જે સત્સંગ થયો તેમાંની વાતો :

## 'તુજ ચરણે' લખવાનું નિમિત્ત

**પ્રશ્ન :** 'મોટા, 'તુજ ચરણે' કાવ્ય લખવાની પાછળ કોઈ નિમિત્ત હતું ?'

**શ્રીમોટા :** 'હા, તેની પાછળ એક નાની વાત છે. નડિયાદમાં મારી ૨૫-૨૬ વર્ષની ઉંમરે એક 'મેથડિસ્ટ ચર્ચ'ના પાદરી મળેલા. તેણે કહેલું કે 'તમારા ધર્મમાં ઘણાં દેવદેવીઓ હોવાથી ગૂંચવાડો થાય છે. વળી, શાસ્ત્રો અને પુરાણો પણ ઘણાં ! અમારે તો એક જ શાસ્ત્ર અને એક જ ઈશ્વર.' ત્યારે મેં કહેલું કે 'ના, એવું નથી. અમારે ત્યાં જુદી જુદી રુચિના જુદા જુદા માણસોને માફક આવે તે રીતે ધર્મની વાતો અને આચારો નક્કી કરવામાં આવ્યા છે. અમે પણ એક જ ઈશ્વરમાં-એક જ પરમ તત્ત્વમાં માનીએ છીએ !' પાદરી બોલ્યા કે 'મારા જોવામાં એવું કાંઈ આવ્યું નથી. એવું હોય તો બતાવજો મને.'

એટલે તે જ રાત્રે આખી રાત બેસીને **'તુજ ચરણે'** સળંગ લખી કાઢ્યું અને બીજા દિવસે તે પાદરીભાઈને બતાવ્યું. તેનો લેખક કોણ છે, તે કહેલું નહિ. તેઓ ગુજરાતી જાણે, તેથી તેમને તે વાંચી સંભળાવ્યું ત્યારે તે પાદરીભાઈ રાજી થયેલા. અને આ પુસ્તિકાના વેચાણમાંથી મળેલી રકમમાંથી હિમાલયનો પ્રથમ પ્રવાસ ખેડાયો હતો.

## સદ્‌ગુરુ સાથેનો સંબંધ

**પ્રશ્ન :** 'અમુક વ્યક્તિ ગુરુ થવા લાયક છે કે નહિ, તે કેવી રીતે જાણી શકાય ?'

**શ્રીમોટા :** 'એની હાજરીમાં તમને શાંતિ મળતી હોય અને તેના માટે તમને માન તથા પ્રેમભાવ ઊપજતા હોય, તો તેવી વ્યક્તિ ગુરુ થવાને લાયક છે એમ કહેવાય.'

**પ્રશ્ન :** 'ગુરુનો દેહ પડે તે પછી પણ તેની સાથે સંપર્ક અને તેની અસર ચાલુ રહી શકે છે ?'

**શ્રીમોટા :** 'ગુરુ એ શારીરિક રૂપ નથી. એટલે ગુરુનું શરીર પડે તે પછી પણ તેની સાથેનો સંબંધ ચાલુ રહી શકે છે. જેણે એકવાર ગુરુની કૃપા પ્રાપ્ત કરી હોય, તેવાને ગુરુ કદી છોડતો હોતો નથી.'

**પ્રશ્ન :** 'મોટા, કોઈ મહાત્મા તેના ભક્તોનું જે તે કાંઈ ભોગવતો હોય છે એમ કહેવાય છે, તો તે જીવનું જે તે બધું કર્મ બંધ થઈ જતું હોય છે ?'

**શ્રીમોટા :** 'તાદાત્મ્યભાવને લીધે તેના ભક્તોનું તે મહાત્મા ભોગવતો હોય છે, તેથી કાંઈ પેલા જીવનું બધું કર્મ બંધ થઈ જાય છે એવું નથી હોતું, પરંતુ તે જીવને તેનું દુઃખ ભોગવવામાં હળવાશ જન્મે છે.'

## જીવ શિવ ક્યારે થઈ શકે ?

**પ્રશ્ન :** 'પ્રત્યેક જીવ શિવ થઈ શકે છે એમ કહેવાય છે, તો તે ક્યારે શિવ બની શકે ?'

**શ્રીમોટા :** 'તેના સમયની મર્યાદા આંકી ના શકાય, પણ તેથી કરીને તે જીવ પોતાનો જીવસ્વભાવ બદલી શકશે જ નહિ, એમ માનવું યથાર્થ નથી. એ તો ગમે ત્યારે બદલાય. જે મહાત્માઓ થઈ ગયા તે બધાની દેખીતી પ્રકૃતિની પાછળ કોઈ ગૂઢ દૈવી સંસ્કારો રહેલા હતા જ.'

**જગત મિથ્યા છે ?**

**પ્રશ્ન :** 'આ સંસાર કે જગત મિથ્યા છે એમ ઘણાં કહે છે, તો તે ખરેખર મિથ્યા છે ?'

**શ્રીમોટા :** 'જે લોકો એને મિથ્યા ગણે છે તેમની વાત ખોટી છે. એવું જે મિથ્યા બોલનારા છે, તે તેને કદી મિથ્યા સમજતા નથી અને તેને સાચું માનીને જ બધો વ્યવહાર કરે છે. આદ્ય શંકરાચાર્યે 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા' એમ કહેલું, પણ એમનું કહેવું બધું 'રિલેટીવ'★ છે, (સાપેક્ષ) છે. (ચેતનની અપેક્ષાએ મિથ્યા) સાધકે તો આ સૂત્ર ઉપર હંમેશાં મનન કરતાં રહેવાનું છે અને તે પ્રમાણે વર્તતા રહેવાનું છે.'

■

**(૨૧)**

પ્રકૃતિજન્ય પોતામાં પ્રવાહો જે ઊઠ્યા કરે,
ઘસડાઈ ગયા વિના સંયમે સમતા ધરે;
પ્રવાહોની ગતિ ક્યાં તે પ્રેરાવે છે લઈ જવા,
સળંગે ને સમગ્રે તે, જોવાનું રાખવું સદા.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

તા. ૮-૫-૧૯૬૬ના દિવસે શ્રીમોટા, મુંબઈ પધાર્યા. હરમુખભાઈ જોગીની દુકાનના નવા રેડિયો વિભાગનું ઉદ્‌ઘાટન સોમવારે કરવાનું હતું તેથી.

---

★ ચેતનની અપેક્ષાએ મિથ્યા. ચેતનના જે ગુણધર્મો છે જેવા કે ઉદારતા, વિશાળતા વગેરે. તેની સરખામણીમાં જગતના એટલે કે પ્રકૃતિના ગુણધર્મો દ્વંદ્વવાળા હોય છે. ચેતનમાં દ્વંદ્વ હોતું નથી. એટલે ચેતનની અપેક્ષાએ પ્રકૃતિ કે જગત મિથ્યા. એટલે 'રિલેટીવલી' મિથ્યા.

**તેમનો ઉપદેશ કેવો છે તે જુઓ**

સોમવારે સવારે એક પારસી યુવાનભાઈ શ્રીસત્ય સાંઈબાબાએ ગાયેલ-ગવડાવેલ ભજનોની કૅસેટ શ્રીમોટાને સંભળાવવા લઈ આવ્યા. તે ઉપરાંત શ્રીસત્ય સાંઈબાબાના ફોટાઓનું 'ઍલ્બમ' પણ તેમને બતાવવા લઈ આવ્યા હતા. શ્રીમોટાએ પથારીમાં જ બેઠા થઈને ફોટાઓને નમસ્કાર કર્યા અને પછી જોવા માંડ્યા.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે 'શ્રીસત્ય સાંઈબાબા શિરડી બાબાના અવતાર છે કે નહિ ?' ત્યારે તેમણે ઉત્તરમાં કહ્યું કે 'એ જોવાનું આપણે શું કામ છે ? તેમનો જે ઉપદેશ છે, તે જ જુઓને.'

શ્રીસત્ય સાંઈબાબાએ ગાયેલ ભજનોની કૅસેટ શ્રીમોટાએ તથા શ્રી નંદુભાઈએ પંદરેક મિનિટ સુધી સાંભળી. ત્યાર બાદ પારસી યુવાનભાઈએ થોડા પ્રશ્નો પૂછ્યા.

**'-એ કાયરતા છે'**

**પ્રશ્ન :** 'હું પુટ્ટપરથી ગયેલો ત્યારે સાંઈબાબાએ (હવામાં) હાથ હલાવીને તેમની છબીવાળું 'વિઝિટિંગ કાર્ડ' મને આપ્યું. એનો શું અર્થ ? મેં તો ભક્તિ માગેલી.'

**શ્રીમોટા :** 'એ છબીવાળા સાંઈબાબાની ભક્તિ કરો.'

**પ્રશ્ન :** 'ભક્તિ કેમ થાય ?'

**શ્રીમોટા :** 'બાબાની સતત હાલતાં ચાલતાં યાદ લાવવી. બધું તેને સમર્પણ કરતાં રહેવું. તેને ભક્તિ કહેવાય.'

**પ્રશ્ન :** 'શાંતિ કેવી રીતે મળે ?'

**શ્રીમોટા :** 'ભક્તિ હોય તો શાંતિ મળે. તમે બાબાને વારંવાર યાદ કરો છો ?'

**પારસી યુવાન :** 'હા પ્રભુ !'

**શ્રીમોટા :** 'તો શાંતિ મળવી જોઈએ.'

**પ્રશ્ન :** ‘હું એક ‘યુનિયન’નો મંત્રી છું. તેમાં ઝઘડા થાય છે, એથી રાજીનામું આપી દેવાનો વિચાર આવી જાય છે, તો શું કરવું ?’

**શ્રીમોટા :** ‘રાજીનામું આપી દેવું એ કાયરતા છે. સાચો ભક્ત મળેલા સંજોગોમાંથી ભાગે નહિ. સત્ય માટે લડવું જોઈએ. પ્રેમથી આપણો મુદ્દો સમજાવવો જોઈએ. ચૂંટણીમાં હારી જઈએ તો વાંધો નહિ, પણ નિરાશ થઈને રાજીનામું ના આપવું અને નિરાસક્ત ભાવે જે કામ આવે તે કરવું, તેથી શાંતિ મળશે.’

## રેડિયો વિભાગનું ઉદ્‌ઘાટન

ત્યાર બાદ શ્રીમોટા, હરમુખભાઈની દુકાનના રેડિયો વિભાગનું ઉદ્‌ઘાટન કરવા માટે કેટલાક ભક્તોની સાથે ગયા. દુકાનના પ્રવેશદ્વારે લાલ રંગની ‘રિબન’ બાંધી રાખી હતી, ત્યાં તેમણે બે હાથ જોડી નમન કર્યા પછી મનોમન પ્રાર્થના કરીને સ્પર્શ કર્યો, પછી પગથિયાં ઉપર ચંદનથી સાથિયો દોર્યો અને બાજુમાં ૐ તથા ત્રિશૂળ દોર્યું અને પછી અક્ષત, કંકુ, ફૂલ વગેરેથી તેનું પૂજન કર્યું, પછી ચાંદીની કાતર વડે ‘રિબન’ કાપીને તેમણે દુકાનમાં પ્રવેશ કરતાં ‘હરિઃૐ’નો ઘોષ કર્યો. એ વખતે તેમના ઘણા ફોટા લેવાયા, પાછી તેમણે પ્રાર્થના ગવરાવી :

**જે લક્ષ્મી સુખ નિત્ય વૈભવ અને ઐશ્વર્ય દે પૂર્ણદા,**
**તે લક્ષ્મી અજવાળજો જીવનને, તે લક્ષ રે’જો સદા.**

તે ઉપરાંત વ્યાપારમાં બરકત મળે તે માટેની પ્રાર્થના બધાં પાસે ગવરાવી★. પછી તેમને દક્ષિણા તથા પ્રસાદ અપાયો. મહેમાનોને ઠંડાં પીણાં અપાયાં. કલાકેક બાદ પૂજ્યશ્રીએ વિદાય લીધી.

---

★ શ્રીમોટાએ આવી બધી રચેલી પ્રાર્થનાઓ ‘વિધિવિધાન’ નામના પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલી છે.

## સ્વજનને ઠેકાણે લાવવાનો પ્રયોગ

પૂજ્યશ્રીએ જેમને પોતાનાં સ્વજન માનેલાં હોય, તેવા કુટુંબના સભ્યો નરમગરમ રહેતા હોય ત્યારે તેમને ઠેકાણે લાવવા માટે તેઓશ્રી કેવા શબ્દપ્રયોગ કરતા તે જોવા જેવા છે :

એક બહેનને શ્રીમોટાએ કહેલું, 'આ સાહેબ (બહેનનાં પતિ) ગુસ્સે થાય ત્યારે તેના માથા ઉપર ઘડો ભરીને પાણી રેડવું.'

એ જ 'સાહેબ'ને વળી તેઓશ્રીએ પૂછેલું, 'તારે જ્ઞાન જોઈએ છેને ?'

'હા જી.'

'તો આની (પત્નીની) શરણાગતિ સ્વીકારી લે. એ કહે તેમ કરજે.'

'હું જરૂર પ્રયાસ કરીશ.'

એ પછી શ્રીમોટાએ તે જ 'સાહેબ'ને કહેલું, 'બધું છોડવા માંડ. આમેય મરીશું ત્યારે બધું છોડવું જ પડશેને ? તો અત્યારથી રાગ, દ્વેષ, મોહ, માયા, ગુસ્સો, મમતા વગેરે શું કામ ના છોડાય ?'

'હા જી, બરાબર છે.'

'તારે ગરમ ના થવું. એ (પત્ની) ભલે ગરમ થાય.'

તે જ સાંજે તેઓશ્રી સુરત ગયા.

■

**(૨૨)**

વ્યાપક તત્ત્વ જે સૂક્ષ્મ, ગૂઢમાં ગૂઢ્યે જ જે;
અનંત રીતનું એવું, સદ્‌ગુરુનું જ હોય છે.

**-શ્રીમોટા**

## સાધ્ય માટેનાં સાધન

તા. ૨૦-૬-૧૯૬૬, સોમવારના રોજ શ્રીમોટા, મુંબઈ પધાર્યા અને આખો દિવસ શેઠ નટવરલાલ ચિનાઈને ત્યાં રોકાયા.

બીજે દિવસે સવારે તેઓશ્રીને સહકાર નિવાસમાં લઈ આવવા માટે અમે, હરમુખભાઈ તથા બે જણ નટવરલાલ ચિનાઈને ત્યાં ગયા.

આર. આર. શેઠની કંપની. 'શ્રીમોટાનું જીવનચરિત્ર' પ્રસિદ્ધ કરવાની હતી અને તેના એક સંપાદક તરીકે મારે પણ કામ કરવાનું હતું. એટલે શ્રીમોટા, મને ઉદ્દેશીને બોલ્યા, 'ચાલો થોડી વાત કરી લઈએ. સત્યાગ્રહ કરવાનો, લાઠીમાર ખાવાનો, જેલમાં જવાનો તથા સાથીઓ તરફથી થતી મશ્કરીને અવગણવાનો હેતુ 'ગુણ અને ભાવ' કેળવવાનો અને વિકસાવવાનો તથા નિર્ભયતા, ધૈર્ય, તિતિક્ષા, ઉદારતા અને પ્રેમભાવના કેળવવાનો પણ હતો. હું જે કાંઈ સાધના કરતો તેનું પ્રત્યક્ષ લક્ષણ પ્રગટ થાય છે કે નહિ તે જોતો. ભયમાં અભય અને અશાંતિમાં શાંતિ રાખવી, પ્રસન્નતા રાખવી, અનાસક્ત રહેવું - આ બધા ગુણો કેળવવાનો મારો હેતુ હતો. હરિજન સેવા પણ મારા સાધ્ય માટેનું સાધન હતું.'

## ગુરુમહારાજની કાળજી

શ્રીમોટા આજે તેમની અંગત વાતો કરવાના મૂડમાં હતા, તેથી બધાંને સાંભળવામાં મઝા પડી. તેમના જેલવાસની એક વાત કરતાં તેઓએ કહ્યું,

'જેલમાં એટલું બધું દળવાનું આપે, તેય વળી ઊભાં ઊભાં દળવાનું હોય કે હાથમાં ફોલ્લા પડી જાય ! ઘંટીનો દાંડો પકડાય નહિ એવી સ્થિતિ થઈ જાય. વળી, અમુક કલાકમાં અમુક વજનનું દળણું દળાઈ જવું જોઈએ. વખત થોડો બાકી

રહ્યો હોય અને દળણું ઘણું બાકી રહ્યું હોય ત્યારે હું ગુરુમહારાજને પ્રાર્થના કરતો અને કહેતો કે 'હે પ્રભુ ! હું કામથી નથી થાકતો પણ હાથના ફોલ્લાથી કામ થતું નથી, તો આ કેવી રીતે કરવું ? માટે મને શક્તિ આપ કે જેથી આ કામ પૂરું થાય.' અને પ્રભુની કૃપા થાય અને જોતજોતામાં બધું કામ પૂરું થઈ જાય ત્યારે મને ખાતરી થઈ જાય કે 'મારા ગુરુમહારાજ મારી સામે જ બેઠા છે અને મારી કાળજી રાખે છે.' આમ, હું પ્રત્યક્ષ લક્ષણો જોવાની દૃષ્ટિ રાખતો. જે કાંઈ કરું તેની અસર પ્રત્યક્ષ થવી જોઈએ એમ માનતો. જો તેમ ના થાય તો, 'જે કરીએ છીએ તે ખોટું છે કે ક્યાંક ભૂલ થાય છે.' એમ સમજતો. મારું પ્રત્યેક કર્મ છેક ૧૯૩૯માં નિર્ગુણ સાક્ષાત્કાર થયા સુધી સાધ્ય અંગે હતું. તે પછી જે થવા લાગ્યું તે 'એફર્ટલેસ એફર્ટ'ની જેમ. એટલે કે વિના પ્રયત્ને આપોઆપ થવા લાગ્યું.'

તે બાદ તેઓશ્રી સહકાર નિવાસ પધાર્યા.

## સાધના પછીનું જીવન

વહેલી સવારે તેમણે કમરના દુઃખાવા ઉપર વરાળિયો શેક લીધો ત્યારે તેઓશ્રી બોલ્યા, 'રાત્રિના કલાકે કલાકે પેશાબ કરવા ઊઠવું પડે છે, કારણ કે સાધનાકાળ દરમિયાન ખૂબ 'ઇન્ટેન્સિટી'ને કારણે, ઉગ્ર ભાવનાને કારણે મળમૂત્ર ઉપર કાબૂ આવી ગયો હતો.★ એના પ્રત્યાઘાત રૂપે અત્યારે એમ થાય છે. ડૉક્ટરે એક

---

★ તેઓશ્રી સાબરમતી હરિજન આશ્રમે સેવા આપતા હતા ત્યારે સાધના પણ ગુપ્તપણે કરતા અને ગમાર કે બુડથલ હોવાનો દેખાવ કરતા. એકવાર તેઓશ્રી દિશાએ જઈ રહ્યા હતા ત્યારે ત્યાંની બાળાઓએ તેમને કહ્યું, 'ચૂનીભાઈ, આજે નહિ જાવ તો નહિ ચાલે ?' અને ચૂનીભાઈ સ્મિત કરતા પાછા વળી ગયા ! મળમૂત્ર ઉપર તેમનો કેવો કાબૂ હતો તેની આ બાબત સાક્ષી પૂરે છે.

ગોળી લેવાનું કહ્યું છે. તે ગોળીથી દિવસે વધુ પેશાબ થશે અને રાત્રે પેશાબ નહિ આવે, અને ઊંઘ પણ આવશે, પણ એનાથી ઊલટું જ થાય છે ! પેશાબ કરવા વારંવાર ઊઠવાથી ઊંઘ ઊડી જાય છે.'

ત્યારે અમે પૂછ્યું, 'સાધારણ રીતે પહેલાંની સાધનાનું 'રીઍક્શન' (પ્રત્યાઘાત) હવે આપને શી રીતે થાય ? તમે ઘણી વાર કહેલું છે કે 'સંતોનું સાધના પછીનું જીવન પરાર્થે હોય છે. એટલે જે કંઈ તેને થાય તે બધું કોઈ કોઈના શરીર અંગે જ થતું રહે, ખરુંને ?'

શ્રીમોટાએ કહ્યું, 'એવું કંઈ બધાંને કહેવાય છે ? એ સમજવા માટે ઠીક છે.'

**હઠયોગીનો નિષ્ફળ પ્રયોગ**

બુધવારની વહેલી સવારે લગભગ પાંચ વાગ્યે પૂજ્યશ્રી રોજની જેમ શેક લેતા હતા ત્યારે તેમણે સત્સંગ કરવા કહ્યું. એટલે મેં એક હઠયોગીની વાત કહી : 'બ્લિટ્ઝ' નામના એક અંગ્રેજી સાપ્તાહિકે રાવ નામના હઠયોગીની પાણી ઉપર ચાલી બતાવવાની શક્તિનું પ્રદર્શન મુંબઈના એક પરામાં યોજેલું. તે સમયે થોડા પત્રકારો અને કોઈ સન્માનનીય વ્યક્તિ પણ ત્યાં હાજર રહેલા, પણ તે યોગી રાવ પાણી ઉપર ચાલવાને બદલે પાણીમાં બેસી ગયા ! પ્રયોગ નિષ્ફળ ગયો. (આ પ્રયોગ શ્રીસત્ય સાંઈબાબાને એક પડકાર આપવા ખાતર યોજાયેલો હતો.)

**ચેતનનું અમર્યાદપણું**

શ્રીમોટાએ કહ્યું, 'જોકે મને એવું કરતાં નથી આવડતું, પણ એવું બધું શક્ય છે. આપણા શરીરમાં છિદ્રે છિદ્રે વાયુ રહેલો છે, આ વાયુ કુંભકની ક્રિયાથી કાઢી નાખવામાં આવે એટલે શરીર

હલકું ફૂલ થઈ જાય, એમાં જરાયે નવાઈ નથી.★ હઠયોગ પણ ઈશ્વર પ્રાપ્તિ માટેનો એક માર્ગ છે, પણ તે સહેલો નથી અને ટૂંકો પણ નથી. તેમાં જન્મોજન્મ નીકળી જાય, પરંતુ આ રીતે શક્તિનું જે પ્રદર્શન કરવામાં આવ્યું તે યોગ્ય નથી. ચેતન બધે વિલસે છે. શરીરધારી હોવાથી માણસમાં ચેતન મર્યાદિત હોય છે, છતાં નિમિત્ત મળતાં તે ચેતનની હાજરીનો પુરાવો, તેનું અમર્યાદિતપણું બતાવી આપે છે, એ પણ સાચી વાત છે.

**વૉર ઍટ 'ફ્રંટ'**

પૂજ્યશ્રી ગુરુવારે બપોરે કુંભકોણમ્ જવા ઊપડ્યા. સ્ટેશને વીસેક ભક્તો આવેલા. 'નવનીત' માસિકમાં તેમનું જીવનચરિત્ર પ્રસિદ્ધ થયેલું તે તેમને બતાવ્યું. તે જોઈને તેમણે 'નવનીત'નાં સંપાદિકા બહેનનો આભાર માનવા અમને કહ્યું. તેમને પગે લાગવા આવતા દરેક ભક્તને તેઓશ્રી યથાયોગ્ય સૂચન કરતા. એક જણને કહ્યું, 'વૉર ઍટ ફ્રંટ, ઍન્ડ પીસ ઍટ હોમ' યાદ રાખવું. બહાર ભલે લડો, પણ ઘરમાં શાંતિ રાખવી. જે બને છે તે આપણા વિકાસ માટે છે, એમ જ માનીને તે સ્વીકારવું.'

અને 'હરિઃૐ'ના ઘોષ સાથે ગાડી ઊપડી.

■

**(૨૩)**

ન સદ્‌ગુરુ કોઈ આકાર, ન સદ્‌ગુરુ સ્થૂળ શરીર પોતે,
સ્વરૂપે ભાવ સદ્‌ગુરુ છે, વળી શો ભાવ અતીત પણ તે.

'જીવન કથની' **-શ્રીમોટા**

---

★ શ્રીઅરવિંદ તેમની સાધના દરમિયાન ઘણી વાર જમીનથી અધ્ધર પલાંઠી-વાળેલી સ્થિતિમાં તેમના નજીકના મિત્રોને દેખાયેલા તે હકીકત છે.

શ્રીમોટા, કુંભકોણમ્‌થી પાછા મુંબઈ તા. ૨૪-૭-૧૯૬૬ના રોજ પધાર્યા. વી.ટી. સ્ટેશનેથી સીધા શેઠ નટવરલાલ ચિનાઈને ત્યાં ગયા.

**હવે શરીર ભાંગી ગયું છે**

સાંજે ચાર વાગ્યે કેટલાક ભક્તો આવ્યા. વાતવાતમાં કોઈએ તેમના શરીર વિશે પૂછતાં તેમણે કહ્યું, 'આ શરીરને ચાર રોગો છે - ઝામરનો, હરસનો, પ્રોસ્ટેટ ગ્લેન્ડનો અને કરોડના મણકા ખસી જવાનો, પણ એને પ્રેમથી ભોગવવાના. એથી થતાં દર્દ કોને કહું ? કરોડનો રોગ તો મટે એમ જ નથી. કોઈ વાંધો નહિ. લોકો જીવતા નરને સમજે નહિ. મરી ગયા પછી બધાં કહેશે, 'એને આટ આટલા રોગ હતા, તોપણ તેઓ કામ કરતા હતા !' હવે શરીર ભાંગી ગયું છે. બહુ ફરાય નહિ એટલે સમાજનાં કામ થાય એમ નથી. ભગવાનની ઈચ્છા હશે ત્યાં સુધી કરીશું.'

**ચીલા છાંડ તીન્હુ ચલે**

તેમણે એક વધુ જાહેર ઉપયોગી યોજનાનો ખ્યાલ આપ્યો :

'નદીઓનાં મૂળ સુધી કોઈ પગે ચાલીને જાય, રસ્તામાં આવતી વનસ્પતિઓ વગેરેની શોધખોળ કરે અને અભ્યાસ કરી તેની અગત્ય વિશે જાહેરાત કરે, તેવા લોકોને આપણે મદદ કરવી.'

એક જણે પૂછ્યું, 'આવાં કાર્યોમાં સરકાર મદદ ના કરે ?'

**શ્રીમોટા :** 'સરકારને કાંઈ પડી નથી. પ્રધાનોને ભાષણો કર્યાં કરવાં છે. તેમની કોઈ આશા રાખવા જેવી નથી.'

એ પછી તેમણે પાયાની કેળવણી ઉપર ભાર મૂક્યો. ચેતનના અનુભવી પુરુષો ચાલુ ચીલે ચાલનાર નથી હોતા, તેના સંદર્ભમાં તેમણે એક દુહો ટાંક્યો :

ચીલે ચીલે તીન્હુ ચલે - કાયર, કેર, કપૂત,
ચીલા છાંડ તીન્હુ ચલે - શાયર, શેર, સપૂત.

આવા અનુભવી લોકો અનોખું, આગવું એવું સમાજોપયોગી કામ કરી બતાવતા હોય છે.

**ભક્તિ કરે તે... મંદતા ના બતાવે**

તા. ૨૫-૭-૧૯૬૬, સોમવારના રોજ પૂજ્યશ્રી સહકાર નિવાસ પધાર્યા. તેઓ થોડી મિનિટો ચંદ્રકાંત મહેતાને ત્યાં બેઠા અને પછી મારે ત્યાં પધાર્યા ત્યારે જે સત્સંગ થયેલો તેના અંશો :

**પ્રશ્ન :** 'જે ભક્તિ કરતો હોય તે રોજબરોજનાં કાર્યો પરત્વે મંદતા બતાવે ?'

**શ્રીમોટા :** 'શરૂઆતમાં મંદતા આવે, કારણ કે ત્યારે એને એની (મંદતા આવી હોય એ વિશેની) ખબર હોતી નથી. મને પણ એમ થયેલું પછી ખબર પડી કે આ બરાબર નથી. રોજનું મળેલું કામ બરાબર થવું જ જોઈએ અને સાથોસાથ ભક્તિ પણ થવી જોઈએ.

ભક્તિ ઉત્સાહ ઉમંગ, ઉલ્લાસ ખંત ઉદ્યમ,
પ્રેરાવે કર્મ, ભક્તિનો ક્રમ એવો સનાતન.

**પ્રશ્ન :** 'મોટા, આપ કરાંચીમાં હતા ત્યારે આપને સાંઈબાબા મળતા, તે અગાઉથી તમને ખબર પડતી તેથી તમે મળવા જતાં કે એકાએક મળતા ?'

**શ્રીમોટા :** 'ના, એકાએક મળતા.'

**પ્રશ્ન :** 'કેટલાકને એવું કહેતા સાંભળ્યા છે કે 'તેમને બાબાનો અવાજ સંભળાય છે અને તેમના કહ્યા મુજબ તેઓ બધું કરે છે.' આમ સાંભળવું શક્ય છે ?'

**શ્રીમોટા :** 'હા.'

■

અનેકાનેક કેવી છે મોહની તો પરંપરા !
એક પછીથી શી એકધારા ચાલ્યા કરે સદા;
નવો નવો જ અદ્‌ભુત સંસાર મોહનો શું છે !
ચક્રાવા, વ્યૂહ તે કેવા કેવા એના અપાર છે !
'મોહ' : ખંડ ૨જો, ૬૯-૭૦ **-શ્રીમોટા**

## તેને અમે ગુરુ માનીએ

તા. ૨૦-૧૨-૧૯૬૬ના રોજ રાંદેર આશ્રમે પૂજ્યશ્રીની સારવાર માટે જાણીતા ડૉક્ટર શ્રી મંચેરશા આવેલા ત્યારે શ્રીમોટા, બાળકની જેમ વર્તવા લાગ્યા ! દશેક ભક્તો બેઠેલા હતા. શ્રીમોટા, ખાટલા ઉપર પલાંઠીવાળીને તથા લુંગીને કમરે વીંટાળીને બેઠેલા હતા. તેઓ બહુ આનંદમાં હતા.

ડૉ. મંચેરશાએ સલાહ આપેલી હતી કે પલાંઠીવાળીને બેસવું અને વાળેલા ઢીંચણ પકડીને એક પછી એક હલાવવા. તેમના પગે સોજો દેખાતો હતો. એટલે ડૉક્ટરે પૂછ્યું, 'આપ કેટલી વાર પગ હલાવતા હતા ?'

**શ્રીમોટા :** 'સો-બસો વાર'

**ડૉક્ટર :** 'એટલી બધી વાર નહિ હલાવવાનો.'

**શ્રીમોટા :** 'તમે ગઈકાલે આપેલી કિકથી (લાતથી) સારું લાગતું હતું. એવી ૮-૧૦ લાતો લગાવોને ! ચિંતા નહિ...' શ્રીમોટા, આમ બોલતા જાય, ઢીંચણ હલાવતા જાય અને ઊછળી ઊછળીને હસતા જાય. વળી, તેઓશ્રીએ કહ્યું, 'બાવાજી, તમે અમારા ગુરુ, જે અમારું કંઈક કરે તેને અમે ગુરુ માનીએ.'

## તમારાં દુ:ખોમાં ભાગ લેવો છે.

મૌનસપ્તાહ પૂરું થતાં તેમાંથી બહાર આવનારાંઓ અને

મૌનમાં બેસવા જનારાંઓ તથા અન્ય મુલાકાતીઓ આગળ પૂજ્યશ્રી થોડી વાર બોલતા. તે પહેલાં ભીખુકાકા, 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે' ભજન બહુ ભાવથી ગાતા. તે રવિવારે પૂજ્યશ્રી નીચે મુજબ બોલ્યા :

'તમે બધાં મારી પાસે આવીને તમારાં દુઃખોનું નિવેદન કરો છો, પણ તે પૂરેપૂરું કરતાં નથી, પડદો રાખો છો. તેમ થવું ના જોઈએ. તમારાં સુખમાં નહિ, પણ દુઃખમાં મારે ભાગ લેવો છે. હવે થોડા વખત માટે આ શરીર છે. મારે એમ તો મરવુંયે નથી અને જીવવુંયે નથી, પણ શરીર ચાલે ક્યાં સુધી ? મારે તો તમને મદદ કરવી છે.

**છોકરાંને સુધારવાની વાત છોડી દો**

આજે ઘણાં સ્વજનો મારી પાસે આવીને ફરિયાદ કરે છે. કહે છે કે 'મારો છોકરો મારું કહ્યું માનતો નથી !' તો મારી તમને સલાહ છે કે ભઈ, છોકરાંને સુધારવાની વાત છોડી દેજો. આપણી પોતાની જાતને સુધારવાની છે. આજે કાળ એવો આવ્યો છે કે જુવાન છોકરાં માબાપનું કહ્યું કરશે નહિ, પછી તો સેવા કરવાની વાત જ ક્યાં રહી ? જો મોટી ઉંમરનાં છોકરાં સાથે ઝઘડા થયા કરે તો એક દહાડો પ્રેમભાવે તેમને કહી દેવું કે 'ભઈ, જુદો થઈને રહે, જેથી કરીને આપણે પ્રેમભાવે રહી શકીએ. આ વાત હું કોઈ બે સ્વજનોનાં નામ દઈને વ્યક્તિગત કહેતો નથી, પણ સહુને કહું છું.'

**ભગવાને લાજ રાખી**

પછી તેઓએ ચમત્કાર વિશે બોલતાં કહ્યું, 'ઘણાં પૂછતાં આવે છે કે ફલાણા મહાત્મા આવા આવા ચમત્કારો કરે છે, તો તે શું છે ?' જેમ સૂર્યને તેની ગરમી તથા પ્રકાશ સહજ છે,

અંગારાને તેની ગરમી કુદરતી હોય છે, તેવી રીતે આત્મનિષ્ઠ માણસમાં આત્માનો પ્રકાશ કુદરતી રીતે પ્રકાશે છે. આત્માની શક્તિ બહાર આવે છે, પણ એવું કોઈ નિમિત્ત મળે ત્યારે, એમ ને એમ બહાર નહિ દેખાય. તમને ખબર હશે ડૉ. જગન્નાથના બચાવનો બનાવ. એને તરતાં આવડતું ન હતું, તોપણ મૌનમાંથી નીકળીને એમણે અભાન અવસ્થામાં તાપીમાં પડતું મૂકેલું. પાણી બે કાંઠે હતું, પણ પ્રભુકૃપાએ તેઓ રાંદેર આગળ હેમખેમ બહાર નીકળી આવ્યા હતા. જો એ બચ્યા ના હોત, તો આશ્રમને કાળી ટીલી લાગત, પણ ભગવાને લાજ રાખી.★

**દૃષ્ટિ પાછી મળી**

તે બાદ શ્રીમોટાએ મને સુરત શહેરમાં જઈને મંજુલાબહેન તમાકુવાળાને મળવા તથા તેમની જમણી આંખની જતી રહેલી દૃષ્ટિ કેવી રીતે પાછી મળી તે જાણી લેવા સૂચવ્યું. એટલે હું મંજુલાબહેનને મળ્યો. તેમની પાસેથી મને જાણવા મળ્યું કે ૧૯૬૧માં તેમને થયેલ 'મેનિન્જાઈટીસ' રોગને લીધે તેમની જમણી આંખની દૃષ્ટિ ચાલી ગઈ હતી ત્યારે તેમને ૧૦૧ દિવસ હૉસ્પિટલમાં રહેવું પડેલું. સુરતના આંખના ડૉક્ટરે 'હવે કાંઈ થઈ શકશે નહિ.' એવું સ્પષ્ટ કહી દીધેલું. (તમાકુવાળા કુટુંબ પૂજ્યશ્રી પ્રત્યેની બહુ ભાવનાવાળું તથા સેવા કરનાર ગણાય.)

એ પછી પૂજ્યશ્રીએ તે બહેનને ૧૯૬૧ના ઑગસ્ટમાં ૨૧ દિવસ સુધી તેના પોતાના ઘરમાં મૌનએકાંત લેવા સૂચવ્યું. તે દરમિયાન તદ્દન અંધારામાં રહેવાનું, કશું વાંચવાનું નહિ. માત્ર

★ આ અલૌકિક ઘટના વિશેની સંપૂર્ણ વિગત શ્રી નંદુભાઈ લિખિત 'આશ્રમની અટારીએથી' પુસ્તકમાં આપવામાં આવી છે.

'હરિઃૐ'નો જાપ કર્યા કરવાનો. તે મુજબ મંજુલાબહેને મૌન લીધું. શ્રીમોટા તો ત્યારે કુંભકોણમ્ આશ્રમમાં હતા.

૨૧ દિવસ પછી તે બહેનને જમણી આંખે કંઈક કંઈક દેખાવા લાગ્યું. દિનપ્રતિદિન વધુ સારું ને સારું, આજે ઘણું સારું દેખાય છે. હવે તેઓ સારી રીતે લખીવાંચી શકે છે. 'આ પૂજ્ય શ્રીમોટાના પ્રતાપે છે.' એમ તેમણે અમને કહ્યું હતું. તે ૨૧ દિવસના મૌન દરમિયાન મંજુલાબહેનને 'અંધારામાં પૂજ્યશ્રીનું છાયાદર્શન પણ થયાં કરતું હતું' એમ તેમણે ભારપૂર્વક કહેલું.

**મગજના રોગીનો ઉદ્ધાર**

ઉપરોક્ત મંજુલાબહેનના કુટુંબી બાબુભાઈ તમાકુવાળાને ૧૯૬૦માં 'મેનિન્જાઈટીસ' થયેલો અને તેમના મગજને અસર થઈ હતી તથા તેઓની તબિયત ગંભીર થઈ ગયેલી, તે વખતે તેમના ભાઈઓએ શ્રીમોટાને કંઈક કરવા વિનંતી કરેલી ત્યારે શ્રીમોટાએ કહેલું કે 'જો હવે પછી બાબુભાઈને બીજી કોઈ પણ વેપારી પ્રવૃત્તિમાં ના નાખો અને તેઓ ઈશ્વરસ્મરણ કર્યા કરે તો હું, ઈશ્વર આગળ ધા નાખું.' બધા ભાઈઓ કબૂલ થયેલા અને બાબુભાઈ એમાંથી બચી ગયા. એ પછી બાબુભાઈ વર્ષનો ઘણો ખરો સમય મૌનમાં બેસીને ઈશ્વરસ્મરણમાં ગાળતા હતા અને તેમ કરતાં કરતાં તા. ૨૦-૮-૧૯૮૯ના દિવસે ૭૬ વર્ષની વયે તેમનો દેહ પડેલો.

**તો એનો ઓશલો કૂટીશું !**

તા. ૩-૧-૧૯૬૭ની સવારે બધાં ભોજન કરવાં બેઠાં. કોઈ ભક્તે મલાઈ-પૂરી મોકલેલ, જેને શ્રીમોટા બધાંને આગ્રહ કરી કરીને જમાડતા હતા. તે દરમિયાન એક બહેનને તેમણે કહ્યું કે

'તું ફેબ્રુઆરીમાં (દીક્ષાદિન નિમિત્તે) આણંદ આવજે. આ સાહેબ (તે બહેનના પતિ) ભાડું ના આપે તો જોઈ લઈશું, પણ તારે આવવાનું છે. એ (પતિદેવ) જો ના પાડે તો એનો ઓશલો કૂટીશું !' પૂજ્યશ્રી શુદ્ધ ગ્રામ્ય ભાષામાં, જરાક ગંભીરપણે, વહાલા વડીલની જેમ એવું બોલ્યા. એટલે અમને સાંભળવાની મજા પડી.

**ગાંધીજી કાળપુરુષ**

હંમેશ મુજબ ભોજન પછી તેઓશ્રી આરામ કરવા ગયા અને પછી સત્સંગ થયો ત્યારે હું અને ડાહીબહેન બે જ હતાં.

**પ્રશ્ન :** 'મોટા, ગાંધીજીનો પુનર્જન્મ થઈ ગયો હશે ?'

**શ્રીમોટા :** 'એ તેમના સંકલ્પ ઉપર આધાર રાખે છે. બાકી, ગમે ત્યારે તેઓ જન્મ લઈ શકે અને તે હિંદમાં જ. ગાંધીજી કાળપુરુષ હતા. એમનો ઝોક બહુ આધ્યાત્મિક સાધના પરત્વે ન હતો, છતાં પણ તેઓ આધ્યાત્મિક પુરુષ તો ખરા જ. તેમની બધી પ્રવૃત્તિ ઈશ્વરને સમર્પિત હતી. સમાજની જે તે સમયની જરૂરિયાત (ડીમાન્ડ ઑફ ધી ટાઈમ) મુજબ આવા પુરુષો પાકતા હોય છે.

**વળગેલાં રહેવું જોઈએ**

**પ્રશ્ન :** 'મોટા, આપ સ્ત્રીનો પુનર્જન્મ લેવાના છો એમ સાંભળ્યું છે, શું તે ખરી વાત ?'

**શ્રીમોટા :** (સસ્મિત) 'હા, કારણ કે મારે સ્ત્રીઓ માટે કામ કરવું છે. જે આ (પુરુષ) દેહથી થઈ શકે નહિ.'

**પ્રશ્ન :** 'આપ દક્ષિણમાં જન્મ લેશો ?'

**શ્રીમોટા :** 'ચોક્કસ નહિ.'

**પ્રશ્ન :** 'દેહ છોડ્યા પછી કેટલા વખતમાં ?'

**શ્રીમોટા :** 'તુરત જ'★

**પ્રશ્ન કર્તા :** 'પ્રભુ, અમને તમારી સાથે રાખજો.'

**શ્રીમોટા :** 'એનો આધાર તમારા ઉપર છે. અત્યારે તમે બધાં મળ્યાં છો, તે એમ ને એમ મળ્યાં છો ? વળગેલાં રહેવું જોઈએ.'

ત્યાર પછી અમે તેમને પગે પડીને વિદાય થયાં.

■

## (૨૫)

બધા સંસારીની સાથે જીવન જીવવાનું છે,
નર્યું તે નગ્ન એવાનું બધું પ્રત્યક્ષ અમ નજરે.
છતાં ના બોલવાનું છે, સમજ ત્યાં ધારવાની છે,
-પૂરેપૂરી શી ચૂપકીદી ! છતાં ભળવાનું છે સાથે !

**-શ્રીમોટા**

પૂજ્ય શ્રીમોટા તા. ૯-૪-૧૯૬૭ના દિવસે મુંબઈ પધાર્યા, કેમ કે તા. ૧૯-૪-૧૯૬૭ના દિવસે શ્રી ચંદ્રકાંત મહેતા પૂજ્યશ્રીનો 'નવો અવતાર દિન' ઊજવનાર હતા. તા. ૧૧-૪-૧૯૬૭ના દિવસ તેઓશ્રી સહકાર નિવાસમાં પધાર્યાં ત્યારે થયેલા સત્સંગમાંથી કેટલોક ભાગ અહીં આપ્યો છે.

### કુદરતના ચાલન વચ્ચે હસ્તક્ષેપ

**પ્રશ્ન :** 'એક પ્રશ્ન કદાચ ધૃષ્ટતા ભર્યો લાગે તો માફ કરશોજી. યોગનિષ્ઠ, ચેતનનિષ્ઠ મહાત્મા કુદરતના ચાલન વચ્ચે હસ્તક્ષેપ કરી શકે ?'

**શ્રીમોટા :** 'ના.'

---

★ થોડાં વર્ષો બાદ ગુજરાતમાં તેમના ભક્તો વધ્યા એથી તેમને ભાવિ જન્મમાં સાથે રાખવાના હેતુથી તેમણે પુનર્જન્મ મોડો લેવાનું કહ્યું હતું.

**પ્રશ્ન :** ‘કેટલાક સંતો હવામાંથી ખાદ્ય, પેય અને અન્ય વસ્તુઓ પેદા કરે છે, તો તેવું જ મોટા પાયા ઉપર બિહાર જેવા દુકાળના સ્થળે જ્યાં ભૂખમરો પ્રવર્તે છે ત્યાં તે ના કરી શકે ?’

**શ્રીમોટા :** ‘એવા મહાત્માને પૂછોને.’

**પ્રશ્ન :** ‘આપ એ કક્ષાના છો, જાણકાર છો એટલા માટે પૂછું છું.’ ત્યારે શ્રી નંદુભાઈ બોલ્યા કે ‘મોટા, હાલમાં આપ નજીક છો એટલે તમને પૂછે છે.’

**શ્રીમોટા :** ‘કુદરતના કાનૂન વચ્ચે પડી ના શકાય, કોઈ મહાત્મા પડે પણ નહિ.’

### કોનું માનવું-માબાપનું કે સદ્‌ગુરુનું ?

**પ્રશ્ન :** ‘મોટા, માબાપનું કહ્યું માનવું કે સદ્‌ગુરુનું ?’

**શ્રીમોટા :** ‘બંનેનું માનવું.’

**પ્રશ્ન :** ‘એ શી રીતે બને ?’

**શ્રીમોટા :** ‘વ્યાવહારિક બાબતોમાં માબાપનું માનવું અને જીવનવિકાસની બાબતમાં ગુરુનું માનવું.’

**પ્રશ્ન :** ‘લગ્ન જેવી બાબતમાં કોનું માનવું ?’

**શ્રીમોટા :** ‘આ બાબતમાં ગુરુની સલાહ માનવી.’

### સુકોમળ હૃદયવાળા મોટા !

હરમુખભાઈ જોગીનાં પત્ની હસમુખબહેનની સાથે વાતચીત કરતાં શ્રીમોટા બોલ્યા, ‘પરીક્ષાની સિઝન ચાલે છે. કિરણને ઊભાં ઊભાં ખવરાવ્યુંને ?... પ્રકાશને દહીં ના ખવરાવ્યું ?...’ પછી પોતાના વિશેની વાતો કહેવા લાગ્યા : ‘પરીક્ષા વખતે મારી બા મને દહીં ખાવા આપે ત્યારે હું ડાબો હાથ ધરું. તે વખતે તે કહેતી કે ‘તારું નસીબ જ વાંકું છે. એટલે ડાબો હાથ

ધરે છે.' આમ, હું તેને ચીડવું અને તે ચિડાય, પણ હું સવાદિયો ખરોને ! પાપડ, અથાણું એવું બધું મને ભાવે. અમે બહુ ગરીબ છતાં મારી બા ગમે ત્યાંથી માગી લાવીને ખવડાવે !' એમ કહેતાં કહેતાં તો એમનું ગળું રૂંધાયું અને આંખો ભીની થઈ ગઈ, જે તેમણે રૂમાલથી લૂછી લીધી. બા માટે કેટલો પ્રેમભાવ ! તેઓશ્રી તેમની બાની કે તેમના ગુરુમહારાજની વાતો કરે ત્યારે ગળગળા થઈ જાય અને સાંભળનારાં પણ દ્રવી જાય ! ભરચક સભામાં પણ રોઈ પડે ! કેટલું સુકોમળ તેમનું હૃદય !

**મારી બા મને ના સમજે**

તેમનાં બા વિશે વધુ બતાવતા તેઓશ્રીએ કહ્યું, 'મારી બા મને સમજે નહિ. હું તેને ખૂબ લાડ કરું, તો તે ચિડાય. જ્યારે મેં દેશસેવાનું વ્રત લીધું ત્યારે તે કહેવા લાગી, 'કરી દેશસેવા ! ચકલાંને ચણ નાખવા તો પૈસો નથી અને દેશસેવા કરવા નીકળ્યો છે !' હું મોટેથી ભજનો ગાઉં, નાચું, તો તેય તેને ના ગમે. એટલે દુર્ગાબહેન (સ્વ. મહાદેવભાઈ દેસાઈનાં પત્ની) તેને કહેતાં, 'સૂરજબહેન, ચૂનીલાલ તો ઘણો સારો દીકરો છે. શું કામ એને વઢો છો ?' દુર્ગાબહેન મને સમજે ખરાં અને મારા ઉપર એમનો ભાવ પણ ખરો.'

**ગુરુમહારાજ એકલા પ્રેમ કરે**

તા. ૧૭-૪-૧૯૬૭ના દિવસે સવારમાં તેઓશ્રી અમારે ત્યાં એકાએક પધાર્યા. અને તેમણે ખાંડ-દૂધ વિનાની માત્ર ત્રણ પાંદડી ઉકાળીને બનાવેલી ચા પીધી. ચા પીતાં પીતાં તેઓશ્રી ગોપાલ સાથે વાતો કરતા કહેવા લાગ્યા કે 'તારે તારી બાને ચીડવવી અને રોજ નવો નવો નાસ્તો માગવો. મારી બાને હું બહુ પ્રેમ

કરતો, તોપણ તે મને ગાળો દેતી. બિચારીને વખત મળતો ન હતો. ગરીબીને લીધે તે પારકાનું ઘણું કામ કરતી. હા, મારા ગુરુમહારાજ એકલા મને પ્રેમ કરતા.'

**બધાંનું મૂળ આપણામાં**

**ગોપાલ :** 'મારી બાની કેટલીક આકાંક્ષાઓ હું પૂરી કરી શકતો નથી, તેથી તે નાખુશ રહે છે અને ચિડાય છે, તો મારે શું કરવું ?'

**શ્રીમોટા :** 'બધાં કારણોનું મૂળ આપણામાં રહેલું છે. મેં જાતે સહન કરેલું છે, અનુભવેલું છે. હું અઢાર માણસોની વચ્ચે કામ કરતો. બધાંયનાં મન મારે સાચવવાં પડતાં. બધાંને હું અનુકૂળ થઈને રહેતો. અરે, અત્યારે પણ જેને ત્યાં જાઉં, તેને ત્યાં પણ અનુકૂળ થઈને રહું છું ! ત્યારે સાધનાકાળ દરમિયાન મારાથી કામ બરાબર ના થયું હોય ત્યારે તો બધાં મારા ઉપર ખિજવાતાં, પણ સારું કામ થયેલું હોય તોયે ખીજાતાં ! એટલે હું મારી જાતને ટકોરી ટકોરીને તથા ગમ ખાઈને રહેતો અને મને સોંપાયેલું નાનામાં નાનું કામ ઉત્તમ રીતે કરવાનું રાખતો. કોઈ આપણા ઉપર પ્રેમ કરે કે ગુસ્સો કરે, તેનું મૂળ તો આપણામાં જ છે. આ વાત સમજવા જેવી છે. માટે આપણી જાતને જ આપણે સમજવી અને આપણામાં રહેલાં તે કારણને શોધી કાઢવું. આમ કરશો તો બધું સમજાઈ જશે.'

એટલામાં શ્રી નંદુભાઈ ઘરનાં બારણાંને ટકોરો મારીને અંદર આવ્યા. પૂજ્યશ્રી હસતાં હસતાં બોલ્યા, 'ભાઈએ આપણને શોધી કાઢ્યા.' અને બંને વિદાય થયા.

■

## (૨૬)

પ્રભુ શો એકી સંગાથે રહેલો સત્ અસત્ વિશે !
છતાં પાછો ઉભયથી શો તદ્દન છૂટો જ તે સાથે !
'જીવન ઝલક' -શ્રીમોટા

તા. ૧૯-૪-૧૯૬૭ને બુધવાર, રામનવમીનો દિન એટલે પૂજ્ય શ્રીમોટાનો 'નિર્ગુણ સાક્ષાત્કાર દિન.' તેમના શબ્દોમાં કહીએ તો 'નવો અવતાર દિન.' શ્રી ચંદ્રકાંત મહેતાએ મુંબઈમાં સચિવાલયના જીમખાના હૉલમાં આ દિન નિમિત્તે ઉત્સવ યોજ્યો હતો. શરૂઆતમાં ભજનો થયાં, પછી પૂજ્યશ્રીએ ટૂંકામાં પણ મુદ્દાસર પ્રવચન કર્યું. તેનો સાર નીચે મુજબ આપ્યો છે :

### સંસારનાં ઝેર પીવો

'મારે બીજું કાંઈ કહેવાનું નથી. નામસ્મરણ અને ચિત્તશુદ્ધિ કરો. શબ્દમાં નિરંતરતા પ્રગટતાં આકાશતત્ત્વ ખીલે. એટલે સત્ત્વગુણ મોખરે આવે અને રજસ અને તમસ ગૌણ બની જાય. જીવનમાં આ જ કરવાનું છે. મને પંડિતાઈની વાતો આવડતી નથી. શાંતિ અને પ્રસન્નતા જાળવીને પ્રેમથી જે તે સહન કરો. ઝેર (સંસારનાં) પીવો, પણ જ્ઞાનપૂર્વક પીવો.

મારે ભગવાનને દક્ષિણા આપવી છે. મેં તેની પાસેથી જે મેળવ્યું છે એ મારે પાછું આપવું છે. તેટલા વાસ્તે તમારી પાસે દાન માગું છું. તમારી પાસેથી લઈને હું સમાજને પાછું આપું છું.

### નવો અવતાર એટલે શું ?

જેમ માંદગીમાંથી માણસ ઊગરી જાય ત્યારે તેને નવો અવતાર આવ્યો એમ કહીએ છીએ, તેવી જ રીતે જીવદશામાંથી વિકાસ પામીને માણસ આત્મનિષ્ઠ બને અને તેનાં પડળ ખૂલે ત્યારે નવો

અવતાર થયો એમ કહેવાય, પણ આવા માણસને આપણે સમગ્ર રીતે જાણી નહિ શકીએ. એને વિચારોની પરંપરા હોતી નથી. એને સ્વપ્ન હોતાં નથી. તે સત્‌માં પ્રવર્તે અને અસત્‌માંય પ્રવર્તે. એ પરસ્પર વિરોધાભાસી છે. છતાં એ બધાંથી પર છે.'

કાર્યક્રમ પૂરો થયા બાદ તેઓશ્રી રાત્રે જ નડિયાદ ગયા. જતાં જતાં અમને કહ્યું, 'ભઈ, કારખાનું બરાબર ચલાવજો !' આ વાક્યનો મર્મ સમજતાં અમને જરા વાર લાગી. (એટલે કે ભગવાનનું નામ લેજો.)

**હું કોણ ?**

પૂજ્ય શ્રીમોટા, મુંબઈમાં હતા ત્યારે એકવાર ઢેબરભાઈ અને મંકોડીસાહેબ પૂજ્યશ્રીને મળવા આવેલા ત્યારે ઢેબરભાઈએ પૂછ્યું, 'હું કોણ ? એ પદ્ધતિએ જીવનવિકાસ કરવાની શ્રીરમણ મહર્ષિની સલાહ સહેલી નથી. ?'

**શ્રીમોટા :** 'એક રીતે એ સહેલું છે ખરું, પણ 'હું કોણ ?' એ પ્રશ્નનું નિરંતર રટણ થવું જોઈએ, ઘુંટાવું જોઈએ. તેના પ્રત્યેની 'અવૅરનેસ' એટલે કે જાગ્રતિ, સતત જાગ્રતિ રહેવી જોઈએ. તો જ તેની અસર થાય. કોઈ પણ જાતનું સાધન કરીએ તેમાં સાતત્ય, જાગ્રતિ અને શ્રદ્ધા હોવાં જોઈએ. જેવી જેવી પ્રકૃતિ, વલણ અને લગન તેવું તેવું સાધન તે સ્વીકારે, તેનો કોઈ વાંધો નહિ.'

**આત્મનિષ્ઠ બનવામાં જન્મો જાય**

**પ્રશ્ન :** 'મોટા, ગીતામાં ભગવાને કહેલું છે કે 'ઘણા જન્મોની સાધના પછી સાધક મને પામતો હોય છે.' તો સાધારણ રીતે કેટલાં વર્ષ થાય એમ કરતાં ? કેટલા જન્મો થાય ?'

**શ્રીમોટા :** ‘દરેકને માટે ચોક્કસ કાળ હોઈ ના શકે. દરેકનાં કર્મ અને સંસ્કારો ઉપર એનો આધાર છે.’

**પ્રશ્ન :** ‘એક જ જન્મમાં કોઈ આત્મનિષ્ઠ બની જાય કે ?’

**શ્રીમોટા :** ‘ના, અરે ! મારા જેવાને સાત સાત જન્મો સુધી સાધના કરવી પડેલી. પાછલા જન્મમાં મારે એક ગુરુ હતા, તે આ જન્મે ગૃહસ્થનું જીવન જીવે છે.’

**પ્રશ્ન :** ‘એ બહુ આશ્ચર્યજનક ના કહેવાય ?’

**શ્રીમોટા :** ‘આ જન્મે તે સંસાર ભોગવશે. આવતા જન્મમાં તે સાધુ બનશે. આથી બહુ નવાઈ પામવા જેવું નથી.’

■

**(૨૭)**

અજીઠું ના કશું એને ખપે, એને સહુ પહેલું.
ધરાવી નિજનું સઘળું, પ્રસાદીરૂપ લો પછી સૌ.

‘જીવન સંદેશ’ **-શ્રીમોટા**

## માટુંગામાં શ્રીમોટા

શ્રીમોટા તા. ૧૭-૫-૧૯૬૭ના રોજ ડાંગના જંગલનો એકાંતવાસ છોડીને માટુંગા (મુંબઈ) એક ભક્તની દીકરીનાં લગ્નમાં હાજરી આપવા પધાર્યા હતા. તેમનાં દર્શન કરવા હરમુખભાઈ જોગી, ચંદ્રકાંત મહેતા અને હું એમ ત્રણ જણા ગયા. અમને બધાને જોઈને તેઓશ્રી રાજી થયા અને બધાને વહાલ કર્યું. તેમનું શરીર સારું ન હતું. તેમને બહુ ભારે ઉધરસ થયેલી અને દમ પણ ચડતો. તેમનો અવાજ બેસી ગયો હતો અને આંખોની કીકીઓ એકદમ ઝીણી થઈ ગઈ હતી. તેમને

પેટમાં ચૂંક પણ આવતી હતી. તેઓની સાથે થોડી વાતચીત કર્યા પછી તેમણે અમને ત્રણેયને જમવા બેસાડ્યા.

**જાપથી બળિયા મટ્યા**

એક બહેન પૂજ્યશ્રી પાસે આવીને કહેવા લાગ્યાં કે 'મારી દીકરીને બળિયા નીકળેલા. અમે તુરત જ આપને યાદ કરીને, 'હરિઃૐ'નો જાપ શરૂ કરી દીધો. પહેલે દિવસે જે થોડાક બળિયા નીકળ્યા તે નીકળ્યા, પછી બંધ થઈ ગયા !' શ્રીમોટાએ અમારી સામે સૂચક નજર કરી જોયું. અમે સહેજ મસ્તક નમાવ્યું.

**સંજોગોથી ગભરાઈ ના જવું**

રાત્રિના તેમને વિદાય આપવા કેટલાક ભક્તો સ્ટેશન ઉપર આવ્યા હતા. તેમાં 'જન્મભૂમિ' દૈનિકના તંત્રીમંડળના એક સભ્ય જ્યોતીન્દ્ર મઝુમદાર હતા. પૂજ્યશ્રીને પગે પડતાં તેઓ રડી પડ્યા. પૂજ્યશ્રીએ પોતાના હૃદય આગળ નિશાની કરતા કહ્યું, 'આની સાથે સંબંધ બાંધો. સંજોગોથી ગભરાઈ ના જવું. આશ્રમે આવજો.' તે ભાઈના હૃદયનો ભાર ઓછો થયો હોય એવું તેમને લાગ્યું. અને 'હરિઃૐ'ના ઘોષ વચ્ચે ગાડી ઊપડી.

**નિર્ભય બનાવવા માટે**

કિશોરોમાં નિર્ભયતા આવે એ શ્રીમોટાનો એક હેતુ હતો અને તેથી તેઓશ્રી અનેક રીતો અજમાવતા. અમદાવાદના ચીમનભાઈ મહાજનની બે દીકરીઓને નિર્ભય બનાવવા શ્રીમોટાએ શું કરેલું તે જોઈએ. એક દીકરીને તેમણે નડિયાદ આશ્રમના વડલા ઉપર બાંધેલા માંચડા ઉપર એક રાત સુવડાવેલી. બીજી દીકરીને પીપળા ઉપર સૂવા કહેલું, પણ તેને

ત્યાં ફાવ્યું નહિ. એટલે તેને મૌનરૂમમાં બેસાડી. પછીથી બંને બહેનોને પોતાને ઘરે અગાસી ઉપર એકલાં સૂવાનું કહેલું.

બહેનો નિર્ભય અને સશક્ત બને તે માટે તેમણે 'મહાજન શક્તિ દળ' નામના ટ્રસ્ટને એક લાખ રૂપિયા આપ્યા કે જેથી તેના વ્યાજમાંથી હિંમત, સાહસ, નિર્ભયતા અને અનોખું એવું સેવાકાર્ય કરનાર બહેનોને પ્રોત્સાહિત કરવા માટે, દર વર્ષે 'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ' ઈનામો આપી શકે.

■

**(૨૮)**

લોકથી ચઢિયાતા જે હોય છે, ચિત્ત તેમનાં
-સમર્થ જાણવા કોણ ? ગૂઢમાં ગૂઢ તે સદા.

'જીવન સંદેશ' **-શ્રીમોટા**

## શ્રીમોટાની મુલાકાતે વિજયગુપ્ત મૌર્ય

પૂજ્ય શ્રીમોટા મદ્રાસ જતાં તા. ૧૨-૭-૧૯૬૭ના રોજ મુંબઈ રોકાયા. મને જોઈને બોલ્યા, 'મુંબઈ સમાચાર'માં આવેલ પ્રશ્નોત્તરી જોઈ. એ બધું ક્યાંથી આણ્યું ?' મેં ઉત્તર આપતાં કહ્યું કે 'એ બધું ભેગું કર્યું હતું અને આપ તે જોઈ ગયા હતા.' એટલે તેમણે કહ્યું કે 'સારું, એવું બધાંને ગમે છે ખરું.'

સાંજે લગભગ પાંચ વાગ્યે 'જન્મભૂમિ' દૈનિકના કટાર લેખક શ્રી વિજયગુપ્ત મૌર્ય મારી સાથે શ્રીમોટાને મળવા આવ્યા. તે લગભગ એક કલાક સુધી બેઠા. પૂજ્યશ્રીએ તેઓને 'ગુણ-ભાવ' વિકાસક યોજનાઓનો ખ્યાલ આપ્યો, તે બાદ સત્સંગ થયો.

**શ્રી વિજયગુપ્ત** : 'તમે સંન્યાસ કેમ ના લીધો ?'

**શ્રીમોટા :** ‘સંન્યાસ વૃત્તિનો હોય. લોકોને ‘ગુણ-ભાવ’ને પોષક યોજનાઓ માટે દાન આપવાનું ગમતું નથી. મંદિરો બંધાવવામાં, ભોજન કરાવવામાં અને એવી બીજી બાબતો માટે લોકો ધન ખર્ચી શકે છે.’ ત્યારે શ્રી મૌર્ય બોલ્યા, ‘લોકો પોતાને પુણ્ય કેટલું મળે છે, તે હેતુથી જ દાન કરતા હોય છે.’

## એ શક્ય જ નથી

એ પછી શ્રી મૌર્યે પૂછ્યું, ‘આપે દેહત્યાગ કરવા માટે નર્મદા નદીમાં ભૂસકો મારેલો, પણ પાછા ઉપર ફેંકાઈ ગયા હતા, તે કેવી રીતે બન્યું ?’

**શ્રીમોટા :** ‘એની ખબર નથી, પણ કિનારા ઉપર ફેંકાઈ ગયો હતો એ હકીકત છે.’

**શ્રી વિજયગુપ્ત :** વિજ્ઞાન અને તર્કની ઓથે ચાલનારા તથા દૈવીશક્તિ કે ચમત્કારમાં જરાયે ના માનનારા એવા. એટલે ‘જેને તરતાં આવડતું ના હોય તે પાણીમાં પડતાં બહાર કેવી રીતે ફેંકાઈ જાય ? તેમ થવું શક્ય જ નથી,’ એમ તેમનું કહેવું હતું. શ્રીમોટાને થયેલો ફેફરુંનો રોગ ‘હરિઃૐ’ના જાપથી મટી ગયો તે બાબતને વિજયગુપ્ત એ રીતે ઘટાવે કે ‘જાપ કરવાથી મનોબળ વધ્યું, એટલે ફેફરું મટી ગયું હોય.’ મંત્રશક્તિને તેઓ માને નહિ.

એ પછી શ્રી વિજયગુપ્તે ‘જન્મભૂમિ’માં આવતી એમની ‘વ્યક્તિ-વિશેષ’ની કટારમાં પૂજ્યશ્રી વિશે એક લેખ લખીને, એમના કર્મયોગને બિરદાવેલો.

## અનોખા કાર્યની કદર

બીજા દિવસે શ્રીમોટા, સહકાર નિવાસમાં હરમુખભાઈ જોગીને ત્યાં પધાર્યા. એમનાં દર્શને ઘણાં સ્વજન ભાઈબહેનો આવ્યાં. ‘નવનીત’નાં સંપાદિકા કુંદનિકાબહેન કાપડિયા પણ આવેલાં.

શ્રીમોટાએ તેમને સુખડની એક સુંદર કલાત્મક પેટી ભેટ આપી. અનોખી કામગીરી કરનારાને, પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થનારાને, નૃત્ય-સંગીત અને ઇતર લલિતકળામાં અગ્ર સ્થાને આવનારાંઓને તેઓશ્રી રોકડ રકમ કે ચીજવસ્તુની ભેટ આપીને કદર કરતા. આ પ્રકારે ભેટ તથા દાન આપવાનું કામ તેમણે લગભગ ૧૯૪૧ની સાલથી શરૂ કરેલું. ૧૯૪૧માં કોઈએ તેમને એક હજાર રૂપિયા ભેટમાં આપેલા, જે તેમણે કરાંચી તરફ ચાલતા કોઈ રાહત કાર્યમાં આપી દીધેલા. આમ તેમને અંગત મળેલી ભેટ તથા તેમનાં પુસ્તકોની આવક તેઓએ ક્યારેય પોતાની પાસે રાખી ન હતી. એક વખત કોઈએ પૂછેલું કે 'આવી ભેટ-સોગાદ આપવા પાછળનો આપનો હેતુ શું છે ?' ત્યારે ઉત્તરમાં તેમણે કહેલું કે 'તેથી કરીને સામેવાળાની ભાવનાનો વિકાસ થાય છે અને તેને મોટામાં રસ જાગ્રત થાય છે.'

જુલાઈની ૧૫મી તારીખે તેઓશ્રી મદ્રાસ ગયા.

■

**(૨૯)**

યુદ્ધ એટલે માત્ર સંહાર એ સમજણ ઘણી અધૂરી છે. યુદ્ધથી ખંડન અને મંડન બંને થાય છે. યુદ્ધ એટલે ખંડન-મંડન બંને.

**-શ્રીમોટા**

## કુંભકોણમ્ આશ્રમ વિશે

શ્રીમોટા, મદ્રાસથી મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને તા. ૧૭-૮-૧૯૬૭ના દિવસે સાંજે ચાર વાગ્યે પહોંચ્યા અને 'વેઇટિંગ-રૂમ'માં આરામ કરવા લાગ્યા.

તેમણે અગાઉ એક વ્યાખ્યાનમાં કહેલું કે 'કુંભકોણમ્ આશ્રમ

જે જગ્યાએ છે ત્યાં એક મહાત્માની સમાધિ છે. ત્યાં આગળ આખી દુનિયાના શબ્દો છે.' તે વિશે વિગતે કહેવા અમોએ વિનંતી કરતાં તેમણે જણાવ્યું, 'આ હૉલમાં (વેઈટિંગ રૂમમાં) આખી દુનિયાના શબ્દોનાં મોજાં છે કે નહિ ?'

'હા જી, એપરેટસ હોય તો સંભળાય.'

ત્યારે પૂજ્ય શ્રીમોટાએ કહ્યું, 'તો તે રીતે ત્યાં પણ છે. અને એ મહાત્માની સમાધિ જોઈને તથા ત્યાંનું વાતાવરણ સારું લાગ્યું, તેથી મેં ત્યાં જ આશ્રમ કરવાનું નક્કી કર્યું.'

**પ્રશ્ન :** 'મોટા, એ મહાત્મા વિશે બીજું કંઈ ખાસ જાણવા જેવું ખરું ?'

**શ્રીમોટા :** 'એ મહાત્મા ઘણા વખત ઉપર ક્યાંકથી આવીને ત્યાં રહેલા. થોડે દૂર એક રાજા રહેતો હતો. તેના પેટમાં દુઃખાવો ઊપડ્યો. તે કેમેય કરીને મટે નહિ. એટલે કોઈકની સલાહથી રાજાએ તે મહાત્માને પોતાની દવા કરવા માટે આવવાનો સંદેશો મોકલ્યો ત્યારે મહાત્માએ કહેલું કે 'ગરજ હોય તો અહીં આવે.' પછી રાજા તેમની પાસે ગયો. એટલે રાજાને મહાત્માએ કહ્યું કે 'મારા પગ ધોઈને પાણી પી જા. તારો દુઃખાવો મટી જશે.' અને એ રીતે પાણી પી જતાં તેનો દુઃખાવો મટી ગયો !'

થોડી વાર પછી તેઓશ્રી પ્લૅટફૉર્મ ઉપર ગયા. લગભગ ચાળીસ જેટલાં ભાઈબહેન વિદાય દેવાને આવેલાં. એક બહેનને તેઓશ્રીએ કહ્યું, 'અમદાવાદમાં મારું લગ્ન (હીરક મહોત્સવ) છે, તેથી તારે આવવાનું છે. આવીશને ? મારાં ગીતો ગાવાં પડશે.' તે બહેને 'હા' પાડી.

એમના જીવનચરિત્રમાં આશ્રમોનો ઈતિહાસ આપવાનો હોઈને તે વિશે તેમના શ્રીમુખે બધી વિગત સાંભળવા મારે રાંદેર

આશ્રમે જવાનું હતું. એટલે તેમણે મને બને તેટલા વહેલા સુરત આવી જવા ફરમાવ્યું. તે બાદ તેઓશ્રી ગાડીમાં જઈને બેઠા અને 'હરિ:ૐ'ના ઘોષ વચ્ચે ગાડી ઊપડી.

■

**(૩૦)**

તમે જે આપ્યું છે અમને, અમે રાખી મૂક્યું ના તે,
તમારું આપ્યું તે પાછું જીવી, ચરણે ધરેલું છે.

**-શ્રીમોટા**

## હરિ:ૐ આશ્રમોનો ઈતિહાસ

શ્રીમોટાની સાથે નક્કી થયા મુજબ હું, તા. ૨-૯-૧૯૬૭ના રોજ રાંદેર આશ્રમે ગયો ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું, 'જેટલી વાત કરવી હોય તેટલી અત્યારે કરી લઈએ, કેમ કે મારે ત્રણ વાગ્યે શહેરમાં જવાનું છે અને આવતી કાલે સવારે 'ચિન્મય મિશન ગ્રુપ'ના સભ્યો આવવાના છે.'

## સાબરમતી આશ્રમમાં શ્રીગણેશ

**પ્રશ્ન :** 'મોટા, મૌનએકાંત પદ્ધતિ ક્યારથી શરૂ થઈ ?'

**શ્રીમોટા :** '૧૯૪૬ના જૂનમાં સાબરમતી આશ્રમમાં એના શ્રીગણેશ મંડાયા અને ૧૯૫૦ સુધી ત્યાં મૌનમાં બેસાડવાનું ચાલ્યું. હરિજન આશ્રમમાં વિનોબાજીની મીરાં-કુટિરમાં એક પડદો રાખીને સાધક મૌનમાં બેસતા, તે વખતે તેનાં ભોજન, શૌચ, પેશાબ-પાણી વગેરેની વ્યવસ્થા હું કરતો. તે પછી ૧૯૫૫ના મે માસમાં નડિયાદમાં આશ્રમ સ્થપાયો. ૧૯૫૪માં અત્રે (રાંદેરમાં) તાપી નદીના ઓવારા ઉપરના એક મંદિરના ઓરડામાં પડદો રાખીને ભીખુકાકાને ૫૧ દિવસનું મૌન આપ્યું હતું. ૧૯૫૬થી અહીં આશ્રમનું બાંધકામ શરૂ થયું હતું.'

## કુંભકોણમ્ આશ્રમ

**પ્રશ્ન :** 'મોટા, કુંભકોણમ્ આશ્રમ ક્યારે સ્થપાયો ?'

**શ્રીમોટા :** 'હા, આપણા ભાઈ (શ્રી નંદુભાઈ) અને તેમના મામા ગોપાલદાસ મહેતા તથા અન્ય ભાઈઓએ ભેગા મળીને ૧૯૪૮માં આશ્રમની સ્થાપના માટે રૂપિયા ૮૮ હજાર રોકડા અને રૂપિયા ૨૩ હજારની કિંમતના મકાનની ગોઠવણ કરી આપેલી, પણ 'તે લઈને હું શું બદલો આપીશ ?' એવા વિચારથી બધી રકમ પાછી આપી દીધી.★ પણ બે વર્ષ પછી ૧૯૫૦માં ત્યાં, કાવેરી નદીને કાંઠે આશ્રમ સ્થાપ્યો.

## વસ્તીથી દૂર કેમ ?

**પ્રશ્ન :** 'મોટા, હરિઃૐ આશ્રમો નદીકિનારે એકાંતમાં સ્થપાયા છે, તેની પાછળ કોઈ ખાસ કારણ ખરું ?'

**શ્રીમોટા :** 'પહેલાંના સમયમાં આવા આશ્રમો નદીકિનારે સ્થપાતા, કારણ કે એક તો પાણીની સુવિધા રહે. બીજું, જળ-તત્ત્વ વિચારોનાં ઉગ્ર મોજાંઓને મોળાં પાડે છે. અને વસ્તીથી દૂર આશ્રમો એટલા વાસ્તે રાખવામાં આવે છે કે વસ્તીમાં ચેતનનાં આંદોલનો આપણને સહેલાઈથી ના મળે.'

## નડિયાદ આશ્રમ વિશે આગાહી

**પ્રશ્ન :** 'મોટા, નડિયાદનો આશ્રમ આપે કર્યો તે પહેલાં તે જ જગ્યાએ બીજા સાધુઓ રહેતા હતાને ?'

★ ૧૯૩૯ના સપ્ટેમ્બરમાં હરિજન સેવક સંઘ (સાબરમતી)માંથી નિવૃત્ત થઈને શ્રીમોટા ૧૯૪૦-૪૧ દરમિયાન ત્રિચિ ગયા હતા. ત્યાં તેમને શ્રી નંદુભાઈની સાથે મુલાકાત થઈ. શ્રી નંદુભાઈ, તેમના મામા ગોપાલદાસ મહેતા સાથે ઝવેરાતનો ધંધો કરતા હતા. શ્રીમોટા, નંદુભાઈને તેમની સાધનામાં માર્ગદર્શન કરતા હતા ત્યારથી શ્રી નંદુભાઈએ, શ્રીમોટાની અને હરિઃૐ આશ્રમની સેવા ૧૯૮૮ના માર્ચ સુધી કરી નિવૃત્તિ લીધી.

**શ્રીમોટા :** 'હા, નડિયાદમાં શેઢી નદીને કિનારે બિલોદરા ગામે કબીરપંથી સાધુઓ રહેતા અને તેમના ઉપયોગમાં આવેલો એક ચોતરો આજે પણ ત્યાં મોજૂદ છે. એ ચોતરા ઉપર એ સાધુઓ આરામ કરતા. મૌનમાં બેસનાર પણ ત્યાં આરામ કરે છે. તે સમયના કબીરપંથી શ્રી પહેલદાસજી મહારાજ આ જગ્યાએ રહેતા હતા. તેમણે તેમના દેહવિલય પહેલાં ભવિષ્યવાણી ઉચ્ચારેલી (જે એક જણ પાસે લેખિત છે) કે આ જગ્યા ઉપર કોઈ તપસ્વી થશે.★ મારા આ શરીરની જ્ઞાતિના એક કુબેરદાસ ભાવસાર, જે નડિયાદમાં 'ભારત ભુવન હિંદુ હોટેલ'ના માલિક હતા, તેમણે મને આશ્રમ માટે લગભગ પંદર હજારની અને સર સી. વી. મહેતાએ પણ પંદર હજારની મદદ કરેલી. આ રીતે આ કબીરપંથી જગ્યા ઉપર આપણો પાકો આશ્રમ થયો. રાંદેર આશ્રમ કરતાં અહીં શરૂઆતમાં ઘણી અગવડો ઊભી થતી, પણ પ્રભુકૃપાએ બધું ગેબી રીતે સરળ થઈ જતું. સને ૧૯૬૧માં બંને આશ્રમો 'ચૅરિટેબલ ટ્રસ્ટ' તરીકે રજિસ્ટર કરાવવામાં આવ્યા હતા.

### વૈદ્યરાજોની સભામાં

બપોરે ત્રણ વાગ્યે શ્રીમોટાને શહેરમાં જવાનું હતું. સુરતના વૈદ્યોની સભાએ (મંડળે) એક હૉલ બાંધેલો તેમાં પગલાં પાડવાં પૂજ્યશ્રીને આમંત્રણ હતું. શહેરમાં હૉલ આગળ પહોંચતાં શ્રીમોટાને ખુરશીમાં બેસાડીને પહેલાં માળે લઈ જવામાં આવ્યા,

---

★ ૧૯૨૪-૨૫માં શ્રીમોટાના સદ્‌ગુરુ શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદાના શિષ્ય શ્રીબાળયોગી મહારાજે મોટાને આ જ જગ્યા ઉપર રાત્રે ઝાડ ઉપર બેસાડીને નામસ્મરણ કરાવેલું અને ત્યારે તેમણે શ્રીમોટાને કહેલું કે 'આ જગ્યા ઉપર તારો આશ્રમ થશે.'

કેમ કે હવે તેઓથી જરાય પગથિયાં ચડાતાં ન હતાં. પલાંઠી-વાળીને તો બેસી શકાય તેમ હતું જ નહિ, છતાં તેમને ગાદી-તકિયા ઉપર બેસાડવામાં આવ્યા ત્યારે તેઓ એક કલાક સુધી પલાંઠીવાળીને બેઠા ! તેમના માટે ખુરશી લેવા જવાની મેં તૈયારી બતાવી, પણ તેમણે ના પાડી !

**તન્મય થઈને હોમાઈ જવું**

જાણીતા વૈદ્યરાજ શ્રી બાપાલાલ વૈદ્યે પ્રાસંગિક બોલ કહેવાને બદલે પૂજ્યશ્રીની પ્રશંસા કરવા માંડી, જે પૂજ્યશ્રીને ગમ્યું નહિ. એ પછી પૂજ્યશ્રીએ વ્યાખ્યાન કરતાં જણાવ્યું કે 'વિદ્યાપ્રાપ્તિ માટે તન્મય થઈને હોમાઈ જવું જોઈએ. સમર્પણ કરનારા જાગશે ત્યારે ખરું હીર પ્રગટશે. નિરંતર-દીર્ઘકાળ પર્યંત અને સાતત્યથી મનનચિંતવન થાય, તો જ આયુર્વેદ વિદ્યા સજીવન થાય.'

**પોતાના પ્રયોગની યાદ**

પૂજ્યશ્રીએ સતત પ્રયોગો કરતા રહેવાની બાબત ઉપર ભાર મૂક્યો. સાધનાકાળ દરમિયાન તેમણે પોતાના શરીર ઉપર કરેલ પ્રયોગની વાત બતાવતાં કહ્યું કે 'મારા ગુરુમહારાજની સૂચના મુજબ છાણાંઓની ઘણી ધૂણીઓ ગોળાકારે ગોઠવી અને પછી સળગાવીને ભર ઉનાળે તેની વચ્ચે શિલા ઉપર બેસીને સાધન કરેલું. ઘણા કલાક સુધી તેવા તાપમાં બેઠા બાદ હું બહાર આવતો અને પછી લીમડાનો રસ પીતો. તેમ કરવાનો હેતુ કામ-વિકાર અને વિષયો મિટાવવાનો હતો.'

**શ્રેષ્ઠ દિલાસો**

આ કાર્યક્રમ બાદ તેઓશ્રી તેમના એક ભક્તને ત્યાં સ્વજનના અવસાન બદલ દિલાસો આપવા ગયા. ત્યાં તેમણે કહ્યું કે 'શ્રેષ્ઠ દિલાસો નામસ્મરણથી મળશે. તે અખંડિતપણે તેર દિવસ સુધી

કરો. મૃતાત્માની શાંતિ અર્થે પણ તે જ સારો અને સાચો એવો ઉપાય છે.

### 'ગુણભાવ' વિશે સમજૂતી

તા. ૩-૯-૧૯૬૭ની સવારે સુરત શહેરથી શ્રી વૈકુંઠભાઈ શાસ્ત્રી 'ચિન્મય મિશન સ્ટડી ગ્રુપ'ના પચીસેક સભ્યોને લઈને આશ્રમે આવ્યા ત્યારે થયેલો સત્સંગ :

**વૈકુંઠભાઈ :** 'મોટા, 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને...' એ કાવ્યનો તત્ત્વાર્થ શો હશે ?'

**શ્રીમોટા :** 'આમાં કોઈ ગૂઢ અર્થ કે રહસ્ય નથી... ए તત્ત્વ આપણને કામ કરવા પ્રેરતું હોય છે. ઘણી વાર જાણી બૂઝીને પ્રયત્નો થતાં હોય છે. પરંતુ કુદરતી પ્રયત્નથી થતાં કાર્ય અને પ્રયાસોથી થતાં કાર્ય વચ્ચે ફરક હોય છે. તો તેવો પ્રયત્ન ક્યારે ફળે ? ગુણ અને ભાવ હોય ત્યારે એવો પ્રયત્ન ફળે. 'ગુણ અને ભાવ' વિના કાંઈ પ્રગટે નહિ. ગુણ એટલે હિંમત, સાહસ, શૌર્ય, ધૈર્ય, તિતિક્ષા, સેવા, ત્યાગ, પરોપકાર વગેરે અને ભાવ એ સૂક્ષ્મ છે. કોઈ પણ ગુણ સાથે ભાવ ઓતપ્રોત ના હોય તો તે ગુણ દીપતો નથી, શોભતો નથી. તેથી પરિણામ ફળે નહિ. ભાવનું બીજું લક્ષણ શ્રદ્ધા છે. શ્રદ્ધા વિનાનું કામ વાંઝિયું છે. શ્રદ્ધાનાં પણ લક્ષણો છે -

**ગતિને દઢ પ્રેરાવી, શ્રદ્ધા શી કર્મશીલ છે !**
**પ્રેરણા, ભાવે ને જ્ઞાને, શ્રદ્ધા સર્જનશીલ છે.**

### ચર્ચા કરવાથી અહમ્ વધશે

ચેતનનો પ્રત્યક્ષ અનુભવ કરવો હોય તો પહેલું મસ્તક મૂકવું જ રહ્યું. પ્રાપ્ત કર્મને પરિપૂર્ણ રીતે પાર ઉતારવું રહ્યું. તેને વર્તનમાં ઉતારવું જોઈએ. દ્વંદ્વાતીત અને ગુણાતીત થવું જોઈશે,

જો ચેતનનો અનુભવ કરવો હોય તો. જો કોઈએ સાધનાક્ષેત્રમાં પ્રવેશવું હોય તો આ રીતે પ્રથમ પહેલું મસ્તક મૂકવું જોઈશે.'

**પ્રશ્ન :** 'એ માટે માર્ગ કયો ?'

**શ્રીમોટા :** 'ઘણા માર્ગ છે, પણ જપ ઉત્તમ સાધન છે. તેનો ઉઠાવ જીવનમાં આવતો નથી, કારણ કે રાગદ્વેષ મોળા પડતા નથી. માટે સતત નામસ્મરણ કરવાની સાથે મૌન, અભય અને નમ્રતા કેળવવાં રહ્યાં. રોજ બારતેર કલાક સુધી સ્મરણ થાય તો સભાનતા અને વિવેકશક્તિ ક્રિયાશીલ બને. અને ત્યારે આપણે એના રસ્તા ઉપર છીએ, એમ કહેવાય. બહુ વાંચવું નહિ, ચર્ચા કરવી નહિ. 'ચર્ચા કરવાથી અહમ્ વધશે,' એમ મારા ગુરુ-મહારાજ શીખામણ આપતા કહેતા.'

**સ્મરણથી પૈસો કમાવાય ?**

**પ્રશ્ન :** 'ભગવાનના સ્મરણથી પૈસા કમાવાય ?'

**શ્રીમોટા :** 'હા, તેથી એક પ્રકારની ઓથ મળે છે. બુદ્ધિ તેજસ્વી થાય છે, વિકાસ પામે છે અને હૈયાસૂઝ પ્રગટે છે. હૈયાસૂઝને લીધે કમાણી થાય. દુઃખના પ્રસંગોમાં શાંતિ મળે છે. પ્રયોગ કરી જુઓ. બારથી ચૌદ કલાક સુધી સ્મરણને લઈ જાવ.'

**જાગતા નર સેવીએ**

**પ્રશ્ન :** 'મંત્ર-જાપ કેવી રીતે કરવો ?'

**શ્રીમોટા :** 'મંત્રો સાધારણ રીતે કલ્પિત દેવી-દેવતાના હોય છે. 'કલ્પિત' એટલા માટે કે 'રામ', 'કૃષ્ણ', 'શિવ' વગેરેને આપણે ચિત્રોથી જ ઓળખીએ છીએ. તે જ ચિત્રો સાચાં છે એમ ના કહેવાય. સાચો તો માત્ર 'ૐ' છે. કબીરને રામનો મંત્ર હતો, પણ તેમણેયે 'સંતો ! જાગતા નર સેવીએ !' એમ લલકાર્યું હતું. તો એવા 'જાગતા નર'ને તમે જપ કરતી વખતે તમારી સામે રાખો.

**એક સ્થાને, સમયે અને નિયમિત**

ગમે તે એક મંત્ર લઈને એક સ્થાને અને એક જ સમયે, પૂર્વાભિમુખ કે દક્ષિણાભિમુખ બેસીને બ્રાહ્મ મુહૂર્તમાં નાહી ધોઈ સ્વચ્છ થઈને, નિયમિત સતત જપ કરવો. આસન કોઈ પણ રાખો, ગીતાજીમાં બધું કહ્યું છે. આધાર માટે ગમે તે દેવનું ચિત્ર રાખો કે 'ૐ'નું ચિત્ર તમારી સન્મુખ રાખો. ગુરુ કર્યા હોય તો તેમની છબી સન્મુખ રાખો. જ્યારે હું સાધનાર્થે સ્મશાનમાં રાત્રિના સમયે જતો ત્યારે પલાંઠીવાળીને બેસતો અને થાંભલા સાથે મારી કેડ અને છાતીનો ભાગ એક જણ પાસે બંધાવી લેતો, જેથી કરીને આસન અસ્થિર ના થાય. એમ ટટ્ટાર બેસીને હું લાંબા સમય સુધી જપ-ધ્યાન કરતો.'

**મહાત્માને ભગવાન કહેવાય ?**

**પ્રશ્ન :** 'મોટા, મહાત્માને ભગવાન કહેવાય ?'

**શ્રીમોટા :** 'ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુર્, ગુરુર્દેવો મહેશ્વરઃ' - એમ કહેવાયું છે, પણ તે કોના માટે ? જેણે જેને પોતાના ગુરુ કર્યા હોય તેના માટે. આમ છતાં દેહધારી મહાત્મા ભગવાનની તોલે ના આવે. સમુદ્રનાં પાણી અને કુલડીમાંના સમુદ્રનાં પાણી વચ્ચે તેના ગુણધર્મનું સામ્ય ખરું, તેમ છતાં બંને વચ્ચે અનંતતા, વિસ્તાર વગેરેનો તફાવત હોય છે. તે સમજવું જોઈએ.'

આમ, સવારના સાડા સાતથી સવા નવ સુધી પૂજ્યશ્રીનો સત્સંગ ચાલ્યો. વચ્ચે વરસાદનું એક ઝાપટું પડેલું. એટલે બધાં ચોકમાંથી ઊઠીને પડાળીમાં જઈને બેઠેલાં. સાડા નવ વાગ્યે બધાં વિખેરાયાં.

ભોજન સમયે પૂજ્યશ્રીએ તેમના ભાણામાંની એક ભાખરી અને થોડી છાસ મને આપ્યાં ત્યારે 'Thanks God !' એવું બોલાઈ ગયું.

### હું તો ભિખારી થઈ ગયો

બપોરે લગભગ ત્રણ વાગ્યે ગુજરાતના કેળવણી ખાતાના પ્રધાન શ્રી ગોરધનદાસ ચોખાવાલા પૂજ્યશ્રીનાં દર્શને આવ્યા. શ્રીમોટા, સૂતાં સૂતાં પ્રધાનશ્રીને કહેવા લાગ્યા કે 'ગોરધનભાઈ, તમે સુરતમાં તરણકુંડ બંધાવવા શહેરીજનોને અપીલ કરી, પણ કોઈ તૈયાર થયું નહિ ત્યારે મેં મારા આશ્રમમાંથી ૮૫ હજાર રૂપિયા આપી દીધા. હું તો સાવ ભિખારી થઈ ગયો. હવે છાપાં દ્વારા તમે કાંઈ અપીલ કરો. મારે અખિલ હિંદ તરણ હરીફાઈમાં સવા લાખ રૂપિયા આપવાના છે. એ બધા હું ક્યાંથી લાવું ? આ તો મારે તમારી સાથે અંગત સંબંધ છે. એટલે કહું છું.'

**ચોખાવાલા :** 'તમે અપીલ કરો તો શું ના થાય ?'

**શ્રીમોટા :** 'ના ભાઈ, ફેર પડે. માટે મારા વાસ્તે આટલું કરો. એટલા માટે તમને લખ્યું હતું.'

શ્રી ચોખાવાલાએ તેમ કરવાની હા કહી.

### ભલાઈનાં કામો માટે ઈનામો

એ પછી શ્રીમોટાએ કહ્યું કે 'મારો વિચાર આખા ગુજરાતની શાળાઓનાં ૧૧ વર્ષની ઉંમર સુધીનાં છોકરાંઓને ભલાઈનાં કામો કરવા માટે ઈનામો વહેંચવાની યોજના કરવાનો છે. હું તમને બે લાખ રૂપિયા ઉઘરાવી આપું. તેના વ્યાજમાંથી સરકાર ઈનામો આપે. અમુક લખાણવાળા ચાંદીના સિક્કા પડાવવાનું કામ તમારે કરી આપવાનું, કેમ કે બધી મશીનરી તમારે તૈયાર હોય. એટલે વાર ના લાગે.'

શ્રી ચોખાવાલા સંમતિમાં માથું હલાવતા જાય અને સાંભળતા જાય. 'ભલાઈનાં કામો'માં કયાં કયાં કામ આવે તેની યાદી શ્રીમોટાએ પછી અમદાવાદ જઈને 'હું મોકલી આપીશ' એમ કહ્યું.

### દરિયો તરવાની હરીફાઈ

તે પછી અખિલ હિંદ ધોરણે ગુજરાતનો દરિયો તરવાની હરીફાઈની યોજના અંગે શ્રીમોટાએ વાત કરી, પછી કહ્યું કે 'સુરતની એક ક્લબના ૧૦-૧૫ સભ્યો મારી પાસે આવેલા. તેઓ બધા જુલાઈ-ઑગસ્ટ માસમાં એક ઠેકાણે તરેલા. માટે તેઓને આશ્રમ તરફથી પાંચસો રૂપિયા જેટલી રકમ ઇનામ આપવામાં આવશે.' વધુમાં તેમણે કહ્યું કે 'યુવાનોને તરવા માટે ઉત્તેજન મળે તેવું કરવું જોઈએ.'

ચાપાણી લીધાં પછી શ્રી ચોખાવાલા વિદાય થયા.

### નોકર માટે પ્રેમભાવ

પૂજ્યશ્રી તેમના આશ્રમના સેવક વર્ગ માટે પણ કેવો પ્રેમભાવ રાખતા, તે આ દિવસો દરમિયાન જોવામાં આવ્યું. આશ્રમનું કામ કરતો એક નાની વયનો છોકરો કેટલાક દિવસોથી માંદો હતો. તેને તાવ આવતો હતો. પૂજ્યશ્રીએ ડાહીબહેનને તે છોકરાના શરીરે 'સ્પન્જ' કરવા સૂચવ્યું, કેમ કે તે બે દિવસથી નાહ્યો ન હતો. શ્રી નંદુભાઈ પણ તેની નાડી જોતા અને તાવ માપતા. એક ડૉક્ટર રાંદેરથી તેને તપાસવા આવ્યા ત્યારે પૂજ્યશ્રીએ તેમને કહ્યું કે 'ભઈ, રોજ આવતા રહેજો અને છોકરાને તપાસજો. તમારો ચાર્જ જે હોય તે તમારે લેવાનો' ત્યારે ડૉક્ટરે કહ્યું કે 'મોટા, ચાર્જ વળી શું લેવાનો ?' એ પછી પૂજ્યશ્રીએ કહ્યું કે 'છોકરાને આવી સ્થિતિમાં તેના ગામ મોકલાય નહિ.' દવા-સારવાર લેવા છતાંય જ્યારે તે છોકરાનો તાવ ના ઊતર્યો ત્યારે તેને હૉસ્પિટલમાં ભરતી કર્યો. ત્યાં તેને સારું થયું.

■

## (૩૧)

હૃદયના ભાવ પર મારે ભૂમિકા ચાલવા કાજે
જગતમાં ક્યાંય હો ઠરવા મને તો ઠામ,-ભાવ જ છે.

'જીવન સંદેશ' **-શ્રીમોટા**

### જીવંતયજ્ઞ

સુરતમાં તા. ૫-૧૧-૧૯૬૭, રવિવારે શ્રી છગનલાલ પ્રા. રેશમવાલાએ પૂજ્ય શ્રીમોટાને ૭૦ વર્ષ પૂરાં થતાં હોઈને એક મિલન સમારંભ ગોઠવ્યો હતો. ગુર્જર ફળિયામાં વિશા લાડ વણિક વાડીનો હૉલ ભક્તોથી ચિકાર ભરાઈ ગયો હતો. શ્રી મધુરીબહેન ખરેએ ભાવવાહી સ્વરે ભજનો ગાયાં, પછી પૂજ્યશ્રીએ પ્રવચન કર્યું.

'અત્યારે આર્થિક સંજોગો સારા નથી, એથી આવા ઉત્સવો થવા દઉં છું, કારણ કે તેને લીધે મારી સામાજિક પ્રવૃત્તિઓને મદદ મળે છે. મારા માટે તે સિવાય બીજો કોઈ રસ્તો નથી. આ જીવતો યજ્ઞ છે અને સાચો યજ્ઞ છે. શરીર ચાલશે ત્યાં સુધી કર્યાં કરીશ.

### ધર્મ શેના ઉપર ઊભો છે ?

કેટલાક પૂછે છે કે 'તમારી આ યોજનાઓમાં ધર્મ ક્યાં આવ્યો ? ધર્મને કેવી રીતે બઢતી મળે છે ?' હું એમને પૂછું છું કે ધર્મ શેના ઉપર ઊભો છે ? તો કહે 'ગુણ અને ભાવ' ઉપર. ત્યારે જ ભગવાન જીવતો પ્રત્યક્ષ થાય. આજે સમાજ ઘોર તામસમાં પડેલો છે. માત્ર ધનથી સમાજ બેઠો નહિ થાય. ધનની સાથોસાથ પ્રજામાં ગુણ અને ભાવ પ્રગટવા જોઈએ.

આજની કેળવણીથી આ કામ જોઈએ તેટલું નહિ થાય, કેમ કે કેળવણીનું માળખું નકામું છે. શિક્ષકોમાં પ્રાણ નથી. એટલે તેઓ શું શીખવી શકશે ?'

આર્થિક ભીડથી કદી લાચારી ભોગવવી નહિ. હિંમતથી જીવનસંગ્રામ ખેલો. ખમીર અને ખુમારી પ્રગટે તો લાચારી નહિ અનુભવાય.'

**અર્જુનને દર્શન કેમ ?**

તે પછી થયેલ પ્રશ્નોત્તરીમાં એક યુવાને પૂછેલા સવાલથી પૂજ્યશ્રી રાજી થઈ ગયા હતા. પ્રશ્ન હતો કે 'અર્જુન અભિમાની હતો, તોયે તેને શ્રીકૃષ્ણ ભગવાને વિશ્વરૂપનું દર્શન કેમ કરાવ્યું ?'

પૂજ્યશ્રીએ ઉત્તરમાં કહ્યું, 'અર્જુન, શ્રીકૃષ્ણ ઉપર સખા ભાવે પ્રેમ રાખતો હતો, એથી તેનું અભિમાન શ્રીકૃષ્ણે ગીતા સંભળાવીને તોડ્યું. યુધિષ્ઠિર કાંઈ ઓછા લાયક ન હતા, તોયે અર્જુનનો સાચો સખાભાવ હતો, તેથી તેને દિવ્ય દર્શન કરાવ્યું.

**શિષ્યભાવે નહિ પણ મિત્રભાવે આવો**

ઉપસ્થિત ભાઈબહેનોને તેઓશ્રી બહુ ભારપૂર્વક કહેવા લાગ્યા, 'તમે કદાચ મારી પાસે શિષ્યભાવે ના આવી શકો કે તમે બીજી કોઈ સાધના પણ ના કરી શકો, કદાચ તમે મૌનમાં પણ ના બેસી શકો તેનો મને કશો વાંધો નથી, પણ તમે મારી સાથે મિત્રતા રાખજો. તમને કદાચ એમ લાગશે કે 'મોટા, પૈસા માગશે.' તો પૈસા પણ ના આપશો. જોકે જે પૈસા મળે છે તે હું પાછો સમાજને આપી દઉં છું. ખેર, મૈત્રી રાખશો તો તમને કેવી ઓથ મળે છે, કેવો આત્મવિશ્વાસ પ્રગટે છે, જીવનમાં કેવો રસ પડે છે, કેવી સૂઝ પ્રગટે છે, તેનો અનુભવ થશે. ગોપીભાવ તો આપણામાં ઊઠી શકે એમ નથી. એ તો મુશ્કેલ છે. માટે ઈશ્વરના પ્રતિનિધિરૂપ સંતમહાત્માઓ સાથે મૈત્રી બાંધો.'

ત્યાર બાદ ઉપસ્થિત ભાઈબહેનો તરફથી ગુરુદક્ષિણા આપવામાં આવી અને પ્રસાદ લઈ બધાં વિખરાયાં.

## યત્નેષુ કિમ્ દ્રારિદ્ર્યમ્ ?

સાંજે શહેરમાંથી આશ્રમે ગયા ત્યારે રસ્તામાં પૂજ્યશ્રી બોલ્યા, 'શરીર હવે બહુ થાકી ગયું છે.' બોલતાં બોલતાંય તેમને હાંફ ચડતો હતો. આશ્રમે પહોંચતાં જ ચોકમાં પડેલા ખાટલા ઉપર જ તેઓશ્રી સૂઈ ગયા. ભક્તો તેમના પગ દાબવા લાગ્યા. કેટલાક લોકો બોલ બોલ કર્યા કરતા હતા, એથી તેમની એવી ટેવના સંદર્ભમાં એમણે કહ્યું, 'વચનેષુ કિમ્ દ્રારિદ્ર્યમ્ ? બધાં બોલ બોલ કર્યે જાય છે, પણ યત્નેષુ કિમ્ દ્રારિદ્ર્યમ્ ? એ કોઈને સૂઝતું નહિ !'

■

## (૩૨)

તમારી પાસ ઢગલો છે અને તેમાંથી કણ માત્ર,
તમે જો આપ્યું, કાં તેને હૃદય ગણગણ કરો છો શાં ?
'જીવનઅનુભવગીત' **-શ્રીમોટા**

## લક્ષ્મીનો ઉપભોગ નહિ

તા. ૩-૨-૧૯૬૮, શનિવારે હું, નડિયાદ આશ્રમે ગયો. ઠંડીને લીધે પૂજ્યશ્રી પ્રવેશમાર્ગ સામે ખાટ ઉપર તડકો ખાતા બિરાજેલા હતા. તેઓશ્રી મને દૂરથી જોઈ ગયા, એથી એક સેવકને સામાન લેવા મોકલ્યો. મેં એમની પાસે જઈને નમન કર્યું અને ચરણ ચૂમ્યા. તેમણે બધાંના ખબર અંતર પૂછ્યા.

ભોજન સમયે બધાં ચોકમાં બેઠાં. બાજરીનો સરસ કડક રોટલો - અંદર તલ નાખેલા, દાળભાત અને શાક ભોજનમાં હતું. ભાત સંબંધે તેઓશ્રીએ કહ્યું કે 'જો ભઈ, ભાત અમારે આવો (લાલ રંગનો જાડો) ખાવાનો. ઊંચામાંના ત્રણ પાંખવાળા, કમોદ અને બાસમતી ચોખા આશ્રમને ભેટ મળે છે, પણ અમે તો

તે વેચી દઈએ અને પૈસા ઉપજાવીએ છીએ. અમે આવા હલકા ચોખા ખાઈએ છીએ. ગરીબને તો આવા જ ખપે. લક્ષ્મીનો ઉપભોગ ના થાય. સમાજ આજે લક્ષ્મી સાથે વ્યભિચાર કરી રહ્યો છે.' હરિઃૐ આશ્રમમાં કદી ચૂલે તવો ચડતો નથી અને આશ્રમમાં ફરસાણ પણ બનાવવામાં આવતું નથી. રોટલી પણ બનતી નથી. આશ્રમના રસોડે ભાખરી અને રોટલા થાય, પરંતુ ભક્તો વારતહેવારે ફરસાણ-મિષ્ટાન્ન મોકલે તો સ્વીકારવામાં આવે છે.

પૂજ્યશ્રીને ત્યારે દમ વધુ ચડતો હતો અને તાવ તો હતો, 'બ્લડપ્રેશર' પણ ઊંચું હતું. એટલે એમણે માત્ર કૉફી પીધી, પછી તેઓ આરામ કરવા ગયા.

**જવલ્લે જ પરમાર્થ કરે**

એકાદ કલાક પછી પૂજ્યશ્રી બહાર આવ્યા ત્યારે આવેલા એક ભાઈએ પૂછ્યું, 'મોટા, કોઈ આજ્ઞા છે ?' ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું, 'ખાસ તો કાંઈ નથી. બધા સ્વાર્થ તો કરતા હોય છે. કોઈક પરાર્થ કરતા હોય છે. જ્યારે પરમાર્થ તો કોઈ જવલ્લે જ કરતા હોય છે ! માટે પરાર્થ અને પરમાર્થ કરવાનું રાખવું.'

થોડી વાર પછી બે પોસ્ટમૅન આવ્યા. 'મનીઑર્ડર' આવેલું તેમાં 'હીઝ હોલીનેસ શ્રીમોટા' એમ લખેલું હતું. એટલે તેઓશ્રીએ પોસ્ટમૅનને પૂછ્યું કે 'મોટા' એટલું લખું, સહી કરું તો ચાલશેને ?' પોસ્ટમૅને 'હા' કહી. પોસ્ટમૅન રોજ એટલે દૂરથી આવે. એટલે તેને રોજ નાસ્તો આપવામાં આવે છે.

દરમિયાન ઈંદુકાકા, પૂજ્યશ્રીના ઘૂંટણની પાછળના ભાગમાં અમુક ખાસ તેલ ઘસવા લાગ્યા, જે એક કલાક સુધી ચાલ્યું.

## એ ફોગટ જતું નથી

શ્રીમોટા સાંજે ડભાણ શ્રી રાવજીભાઈ પટેલને ત્યાં ગયા. (તેઓશ્રી રાવજીકાકાના ઘરને પોતાનું 'પિયર' ગણતા.) ત્યાં થોડી વાર બેઠા પછી તેઓ હજામત કરાવવા બેઠા ત્યારે નાથીભાઈને કહ્યું કે 'આવતી કાલે મારું લગ્ન છે. એક પણ કાંટો રહેવા ના દેશો.'

રાવજીભાઈનાં વિધવા બહેન ડાહીબહેન પૂજ્યશ્રીની સેવામાં રહેતાં, પણ તે (ડાહીબહેન) ભોંય ઉપર લપસીને પડી જતાં થોડું વાગેલું. એટલે સાતેક દિવસથી તેઓ તેમના ભાઈના (રાવજીભાઈના) ઘરે હતાં. અને એમની જગ્યાએ ઇંદુકાકા સેવામાં હતા. એટલે શ્રીમોટાએ રાવજીભાઈને પૂછ્યું, 'ડાહીબહેને મારી સાથે લગ્ન કર્યાં તો પછી મારાથી છૂટાં કેમ પડાય ?' રાવજીભાઈએ કહ્યું, 'ના પડાય.' પછી પૂજ્યશ્રીએ કહ્યું, (રાવજીભાઈના ઘરે) 'હા, મારા જેવાની સાથે રહેવામાં તપ છે. વહેલા ત્રણચાર વાગ્યે ઊઠીને તે સૂતાં સુધી કામકાજ કરવાનું, જરાય આરામ નહિ પણ એ ફોગટ જતું નથી હોં ભાઈ !'

પછી ડાહીબહેન બોલ્યાં, 'મોટા, માંદા માણસથી આશ્રમમાં ના રહેવાય. એટલે શું કરું ? તમે કહો ત્યારે આવું.'

ત્યારે શ્રીમોટાએ કહ્યું કે 'બુધવારે સવારથી આવી જા.'

## '...એટલે બધું પતી જાય'

ભોજન સમયે તેમણે એક કેળું અને સફરજનની થોડી ચીરી લીધી. જમતાં જમતાં તેઓશ્રી એક ભાઈને ઉદ્દેશીને બોલ્યા કે 'આમને અને એમની વહુને બારમો ચંદ્રમા. 'બહાદુર'નો ઈલકાબ આપ્યો છે, પણ તેવા થતા નથી. અરે ! હા એ હા કહેવી એટલે બધું પતી જાય... એકવાર ગિરના જંગલમાં સિંહની પાસે

(એમને) ધકેલી દેવા પડશે' ત્યારે રાવજીભાઈ ટાપસી પૂરતા બોલ્યા કે 'બરાબર છે.'

**'જેના સાક્ષી નહિ તેની વાત નહિ'**

જમી રહ્યા પછી શ્રીમોટા ચાલતાં ચાલતાં કહેવા લાગ્યા કે 'હું જ્યારે સાધના કરતો ત્યારે મારી સાધનાને શ્રીસાંઈબાબાએ 'ફાઈનલ ટચ' (આખરી ઓપ) આપેલો. મારા ગુરુમહારાજે જે જે સંતોનાં નામ લીધેલાં અને તેમના હૃદયપ્રદેશે તેમનાં દર્શન કરાવેલાં, તે તે સંતોનાં દર્શન મને થયેલાં અને તેમની પાસેથી મને મદદ પણ મળેલી.'

મેં પૂછ્યું, 'અક્કલકોટના સ્વામી શ્રીસમર્થ અને તાજુદ્દીન બાબાનાં પણ દર્શન થયેલાંને ? તેમના વિશે આપે કાંઈ વિશેષ લખ્યું લાગતું નથી.'

**શ્રીમોટા :** 'હા, પણ તેના કોઈ સાક્ષી નથી. એટલે તે વિશે કાંઈ લખ્યું નથી. મારા ગુરુમહારાજની આજ્ઞા હતી કે 'જે જે પ્રસંગના કોઈ સાક્ષી ના હોય તેની વાત લખવી નહિ કે કહેવી નહિ, નહિ તો જગના લોકો હાંસી કરશે...' નંદુભાઈને પણ તેમના વિશે મેં કાંઈ વિશેષ જણાવ્યું નથી.

**અઘોરી બાવાનો સામનો**

હિમાલયના પ્રવાસે જતાં શ્રીમોટાને કોઈ અઘોરી એટલે કે પિશાચવત્ પરમહંસને જોવાની ઈચ્છા હતી. એથી બહુ મહેનત લઈને કેટલાંક સીધાં ચડાણ કર્યા પછી શ્રીમોટા, અઘોરી બાવાની જગ્યાએ પહોંચ્યા. તે જગ્યા ખૂબ ગંધાતી અને સૂગ ચડે તેવી હતી. મળમૂત્ર અને હાડકાં અહીં તહીં પડેલાં હતાં. શ્રીમોટા જ્યારે તે જગ્યાએ પહોંચ્યા ત્યારે અઘોરી બાવા હાજર ન હતા. બાવાજી મધરાતે આવે અને દિવસે ચાલ્યા જાય. ત્રીજા દિવસે

તેમણે શ્રીમોટાને દુર્ગંધથી માથું ફાટી જાય એવું કંઈક પીણું આપ્યું. એ વિશેની વાત કરતાં શ્રીમોટાએ કહ્યું કે 'આપણે તો ભગવાનનું નામ લઈને પી ગયા. બાવાજી ખુશ થઈ ગયા. તેમની ઇચ્છા મને ત્યાં જ રાખી લેવાની હતી. મેં તો ના પાડી ત્યારે તેમણે ધમકી આપી કે 'જો હું તેમની પાસે નહિ રહું તો માર્યો જઈશ.' હું તો નીચે ઊતરી પડ્યો, પણ રસ્તામાં મને ઘણા ઝાડા થયા. હું ગંગા કિનારે સૂઈ રહ્યો. એક બંગાળી સાધુએ મારી ચાકરી કરી. થોડા દિવસ બાદ મને શક્તિ આવી ત્યારે ચલાયું. પેલા સાધુ મહારાજને મારી પાસેના થોડા રૂપિયા આપવા માંડ્યા, પણ તેમણે તે સ્વીકાર્યા નહિ અને થોડેક આગળ જઈને તેઓ અદૃશ્ય થઈ ગયા ! આમ, મારા ગુરુમહારાજે મને મરતો મરતો બચાવ્યો, એ સો ટકા સાચી વાત !'

■

**(33)**

નકામું ના કાંઈ અમથું બનતું, સર્વમાં હેતુ એનો
રહે સંતાયેલો સકળ જીવને સંકળાયેલ એ તો.
'જીવન પગલે' **-શ્રીમોટા**

**શ્રીમોટાની પત્રશૈલી**

પૂજ્યશ્રી સ્વજનોને કેવા પત્રો લખતા હતા, તેમની લેખનશૈલી કેવી હતી અને પત્ર દ્વારા કેવો સદ્બોધ આપતા તે જાણવા નમૂનારૂપે એક પત્ર નીચે મુજબ આપીએ છીએ :

પ્રિય ભાઈ...

તમારો તા. ૧૫-૫-૧૯૬૮નો લખેલો કાગળ અને પ્રેસ કટિંગ્ઝ અમોને મળ્યાં. ચંદ્રકાંતભાઈ, યોગિનીબહેન, પૂજ્ય બા બધાંને ઘણા પ્રેમથી ખબર પૂછશોજી. જો જેની સાથે જિંદગીભર

જોડાયેલાં તેને જે ગમતું હોય તે તેમાં જો હૃદયના ભાવથી સાથ ના આપી શકાતો હોય તો ભગવાનને માટે આપણાથી શું થવાનું છે ? ત્યારે એવી ભાવનાથી એમ સમજવાનું કે આથી તો આપણી જે એક અણગમાની લાગણી હોય તેને નિર્મૂળ થવાં આવાં મળેલાં કર્મનો હેતુ છે. જીવનનો શ્રેયાર્થી ગમે તેવાં પોતાને ના ગમતાં એવાં કર્મ આવી મળતાં તેનો વળાંક જીવનના વિકાસના હેતુ સાથે સતત જ્ઞાનભાન સાથે વાળ્યાં કરતો હોય છે. બહાદુર નામ રાખ્યું છે - એવી પળે એ જ - ચેતી, જાગીને વિકાસના હેતુ ભાવે વર્તવાનું હોય... બહેનને, ગોપાલને સપ્રેમ વહાલ... મોટાનાં સપ્રેમ વહાલ.

પૂજ્યશ્રી કદી કોઈને 'અ.સૌ.' 'ચિ.' વગેરે તેના નામ પૂર્વે લખતા નહિ, તેમ જ 'મોટાના આશીર્વાદ' કે 'મોટાની શુભેચ્છા' એમ પત્રોના અંતે લખતા નહિ. નાના કે યુવાનને 'પ્રિય ભાઈ' અને 'પ્રિય બહેન' લખે, વયોવૃદ્ધ ભાઈબહેનને 'મુરબ્બી' કે 'પૂજ્ય' લખે. પત્રને અંતે 'તમારા મોટાનાં વહાલ', 'તમારા મોટાનાં સપ્રેમ પ્રણામ' વગેરે લખે. તેમણે કદી કોઈના માથે હાથ મૂક્યો હોય એમ જોયું નથી. તેઓ બરડે હાથ ફેરવતા યા તો ખભો દબાવતા. નિકટના ભક્તની છાતી ઉપર તેઓ હાથ ફેરવતા. તેમણે કદી કોઈને 'ગુરુ'ના સંબંધથી પત્ર લખ્યો હોય તેવો પત્ર જોયો નથી. તેઓશ્રી વારંવાર કહેતા હતા કે 'કોઈ મારો શિષ્ય નથી, હું કોઈનો ગુરુ નથી... મિત્ર બનીને આવો તોયે બસ.' અને એ જ રીતે તેમનો પત્રવ્યવહાર થતો. તેમના ઉપરના દરેક પત્રનો ઉત્તર તેઓશ્રીએ કે શ્રી નંદુભાઈએ આપેલો તે એક નોંધપાત્ર બાબત છે.

**બાર માસ પછી મુંબઈમાં**

પૂજ્યશ્રી લગભગ બાર માસ પછી તા. ૩૦-૬-૧૯૬૮ના દિવસે મુંબઈ પધાર્યા. પહેલાં તો તેઓશ્રી બે કે ત્રણ મહિને મુંબઈ પધારતા હતા, પણ પછી ગુજરાતમાં તેઓનાં સ્વજનો વધવાથી તથા તેઓની દાનની સંકલ્પ પૂર્તિ થઈ જતી હોવાથી તેઓનું મુંબઈ આવવાનું ઓછું થયું હતું.

**બહેનોમાં અભય પ્રગટે**

શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા પૂજ્યશ્રીનાં દર્શને આવ્યાં અને કહેવાં લાગ્યાં કે ‘મોટા, અમે તમારા ગુજરાતમાં આવીએ છીએ. સરકાર તરફથી જમીન મળશે...’ શ્રીમોટાએ તેમનાં કામની પ્રશંસા કરી અને સૂચવ્યું કે ‘બહેનોમાં અભય, સાહસ, હિંમત પ્રગટે તેવું કરજો. નામસ્મરણ-ધ્યાન વગેરે કરે, તો તે પણ સારું.’

**દર્દીઓની સેવા એ ભગવાનની સેવા**

બીજા દિવસે સવારે તેઓશ્રી શેઠ નટવરલાલ ચિનાઈને ત્યાંથી સહકાર નિવાસ આવ્યા ત્યારે હરમુખભાઈને ત્યાં જતાં પહેલાં થોડી મિનિટ માટે અમારે ત્યાં પધાર્યા. ગોપાલે જ્યારે તેમને પ્રણામ કર્યા ત્યારે મેં કહ્યું કે ‘ગોપાલ, શ્રીસત્ય સાંઈબાબાની ભક્તિ કરે છે અને તેમની સૂચના મુજબ તે હૉસ્પિટલમાં જઈને દર્દીઓને ફળ વગેરે વહેંચે છે.’ પૂજ્યશ્રીએ કહ્યું કે ‘દર્દીઓની સેવા કરતી વખતે ‘ભગવાનની સેવા કરીએ છીએ’ એવો ભાવ રાખવો.’

**સદ્‌ગુરુની સતત સભાનતા**

વધુમાં પૂજ્યશ્રીએ કહ્યું, ‘Constant awareness of God of Guru-ઈશ્વર કે સદ્‌ગુરુની સતત સભાનતા, સ્મરણ અને જાગ્રતિ રખાય તો જીવનમાં આગળ વધાય.’

**પ્રશ્ન :** 'એવી awareness એટલે કે સભાનતાનાં લક્ષણ શું હોય, મોટા ?'

**શ્રીમોટા :** 'એથી જીવનમાં નમ્રતા, મૌન, અભય ખીલે છે અને વિકારોનું શમન થાય છે.'

**પ્રશ્ન :** 'સદ્‌ગુરુ આપણું બધું કરી આપે ?'

**શ્રીમોટા :** 'ના, પણ એવી પૂરી શરણાગતિ હોય તો એવું બને. મહેનત કરીએ તો જ પામીએ, ભઈલા !'

એ પછી દૂધ-સાકર સ્વીકારીને તેઓશ્રી હરમુખભાઈને ત્યાં ગયા.

**જ્ઞાનનો અપચો**

તા. ૧-૭-૧૯૬૮, સોમવારે સાંજે સહકાર નિવાસમાં એક જાહેર સભા યોજવામાં આવી હતી. શ્રીમોટા પ્રવચન કરવાના હોય એવી જાહેર સભાનું મુંબઈમાં પહેલી વાર જ આયોજન થયેલું હતું. પ્રથમ તો શ્રીમોટાની જીવનઝરમર અને તેમના 'મિશન' એટલે કે મુખ્ય કાર્ય સંબંધે સંપાદક તરફથી ખ્યાલ અપાયા બાદ પૂજ્યશ્રીએ પ્રવચન કરતાં કહ્યું, 'એક ડગલું બસ થાય. આજે જ્ઞાનનો અપચો થયો છે. આત્માની અને ટોચની મોટી મોટી વાતો થાય છે, પણ વાસ્તવમાં કાંઈ ઊગી નીકળતું હોતું નથી, તેથી નામસ્મરણ - જપ ખાસ કરવાં જોઈએ. અભય-નમ્રતા કેળવવાં ઘટે. કામક્રોધાદિ નિવારવા પ્રયત્ન થવા જોઈએ.'

તેમની યોજનાઓ વિશે બોલતાં તેઓશ્રીએ જણાવ્યું કે 'સમાજમાં 'ગુણ અને ભાવના'નો વિકાસ થાય તથા હિંમત અને નિર્ભયતા, ધૈર્ય અને સહિષ્ણુતા જીવનમાં વણાઈ જાય એટલા ખાતર કંઈક કરી રહ્યો છું. એવા ગુણોની સાથે પ્રભુપ્રેમની ભાવના જોડાવી જોઈએ. હિંમત અને સાહસ તો લૂંટારાઓમાંયે હોય છે. તેવા

ગુણોની સાથે ભાવના જોડાયેલી ના હોવાથી લૂંટારો લૂંટારો જ રહે અને એથી એવાનો જીવનવિકાસ ના થાય. આથી હું 'ગુણ અને ભાવના'ની ખિલવણી ઉપર હંમેશાં ભાર મૂકું છે.'

પ્રવચન કરતાં કરતાં તેઓશ્રીને એકદમ શ્વાસ ચડ્યો. એટલે તેઓશ્રીએ બોલવાનું બંધ કર્યું. બીજા દિવસે તેઓશ્રી મદ્રાસ તરફ જવા નીકળ્યા.

■

**(૩૪)**

કંઈક ભાર જેવું લાગતું હોય, કંઈક ગમગીનીમાં ડૂબી જવાયું હોય કે બીજી કોઈ નકારાત્મક વૃત્તિનું જોર ઊભરાતું લાગતું હોય ત્યારે એકાંતમાં જઈને ખૂબ મોટેથી 'હરિઃૐ'ની બૂમ પાડવી. તેથી ચિત્તની પ્રસન્નતાનો આહ્‌લાદ પાછો અનુભવાશે.

**-શ્રીમોટા**

## વિમાનમાર્ગે મુંબઈમાં

તા. ૧૫-૮-૧૯૬૮ની બપોરે શ્રીમોટા, અમદાવાદથી વિમાનમાર્ગે મુંબઈ પધાર્યા, કેમ કે ૧૬મીના રોજ આચાર્ય શ્રી બી.એલ.કોટકના પુત્રનાં લગ્નમાં હાજરી આપવાની હતી, તથા શેઠ નટવરલાલ ચિનાઈ પરદેશ જવાના હોઈ તેમને વિદાય આપવાની હતી. તેઓશ્રીએ ઘણાં વર્ષોથી વિમાની મુસાફરી છોડી દીધી હતી, પણ તા. ૬-૮-૧૯૬૮ના દિવસે ગુજરાતભરમાં ભારે વરસાદ અને વાવાઝોડાને લીધે રેલવેમાર્ગ બંધ થઈ ગયો હતો. સુરત શહેર અને બીજાં ઘણાં ગામોમાં પૂરનાં પાણીથી ભયંકર તારાજી થઈ હતી. સેંકડો જાનવર તણાઈ ગયાં હતાં અને માનવ ખુવારી પણ થઈ હતી.

## આશ્રમને પૂરનાં પાણીની અસર

રાંદેર આશ્રમને ઝાઝું નુકસાન થયું ન હતું, પણ રસોડોમાં, ઑફિસ વિભાગમાં તથા મૌનમંદિરોમાં પાણી ભરાઈ ગયાં હતાં. પૂરનાં પાણી ફેલાઈ જવાં છતાંય રસોડાની કાચી દીવાલો અડીખમ ઊભી હતી ! બધા આશ્રમવાસીઓ તથા મૌનમંદિરના સાધકો માળ ઉપર ચડી ગયા હતા. એકમાત્ર બાબુભાઈ તમાકુવાળાએ મૌનમંદિર છોડ્યું ન હતું. અંદર પાણી ભરાઈ ગયું ત્યારે હીંચકા ઉપર ટેબલ મૂકીને તેની ઉપર તેઓ બેસી રહેલા ! અને એવાં પૂરનાં પાણી કાપીને પણ આશ્રમના એક સેવક શ્રી ઝીણાભાઈ તેમને ચાનાસ્તો પહોંચાડી આવતા !

## ઈશ્વરને ત્યાં અન્યાય નથી

**પ્રશ્ન :** દુનિયામાં દેખાતાં બધાં દુ:ખ, ત્રાસ, અંધાધૂંધી, અન્યાય વગેરે જોતાં ઘણી વાર ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા ઊપજે છે. જો ઈશ્વર ખરેખર હોય તો આવું બધું કેમ સંભવે ?

**શ્રીમોટા :** આવા પ્રશ્નો કેટલીક વાર ઉપરછલ્લા હોય છે. પ્રશ્નો ઉપરથી એમ લાગે કે લોકોમાં મથામણ થાય છે, પણ એ ખરી રીતે કેવળ ચર્ચા પૂરતી જ હોય છે. આવી ચર્ચાઓ આ માર્ગમાં બિલકુલ જરૂરી નથી. જેને ખરા દિલથી એ મથામણ જાગેલી હશે તેને એક દિવસ તેની સમજણ પડશે. જગતના મોટા ભાગના મનુષ્યોના હૃદયમાં કોઈ ને કોઈ પ્રકારના ભગવાન કે દેવ વિશેની ભાવના રહેલી જ છે. એટલે એમ કહી શકાય કે એ ભાવના સુષુપ્તપણે આખા જગતમાં પડેલી છે. આ હકીકત આપણે ગળે પૂરેપૂરી ઊતરી હોય તો આપણા જીવનના ધ્યેયને આપણે સતત વધારે ને વધારે તમન્નાવાળું બનાવવું જોઈએ. એને માટે નામસ્મરણ એ મોટામાં મોટું સાધન છે.

### આકસ્મિક મૃત્યુ અને જીવની ગતિ

**પ્રશ્ન :** 'આવી આપત્તિમાં માણસનું એકાએક મૃત્યુ થાય ત્યારે તે જીવની કેવી ગતિ થતી હશે ?'

**શ્રીમોટા :** 'તે પ્રેતયોનિમાં જાય. બહુ ઓછા લોકો આવે સમયે ઈશ્વરને યાદ કરે. જો તેવે વખતે નામસ્મરણ થઈ જાય તો ઘણું સારું થાય, પણ તે શક્ય નથી. જે ભક્ત હોય તેનાથી ઈશ્વરસ્મરણ થઈ શકે.'

**પ્રશ્ન :** 'મોટા, પ્રેતયોનિમાં જીવની આયુમર્યાદા કેટલી હશે ?'

**શ્રીમોટા :** 'માનવજીવનની આયુમર્યાદા કરતાં થોડી વધુ.'

### ચેતનનાં આંદોલન કેમ પકડાય ?

**પ્રશ્ન :** 'ચેતનનાં આંદોલન કેવી રીતે પકડી શકાય ?'

**શ્રીમોટા :** 'જો આપણું હૃદય આપણા ગુરુમહારાજમાં કે કોઈ મહાત્મામાં કેંદ્રિત થયેલું હોય, તો તેવાં આંદોલન પકડી શકાય ! એના માટે સદા જાગ્રતિ રહેવી જોઈએ, ચેતનાત્મક એકાગ્રતા હોવી જોઈએ.'

**પ્રશ્ન :** 'ભક્તથી જીવદશામાં ભૂલચૂક થઈ જાય, તો તે તેના સદ્‌ગુરુથી બચી જઈ શકે ?'

**શ્રીમોટા :** 'હા, પણ તેવી ભક્તિ પ્રગટેલી હોવી જોઈએ.'

### પ્રકૃતિને વશ ના થવું

**પ્રશ્ન :** 'કોઈ કોઈ વાર નામસ્મરણ કરતાં કરતાં એવો ઉત્સાહ આવે કે કૂદકા મારવાનું મન થઈ જાય, જ્યારે કેટલીક વાર બેસી પડાય છે, તો ત્યારે શું કરવું ?'

**શ્રીમોટા :** 'જ્યારે વેપાર કરતાં નફો થાય ત્યારે વધારાની આવકને આપણે કશામાં રોકવી જોઈએ, તો વધુ નફો થાય. જો તે નફો વાપરી નાખીએ તો કશું બચે નહિ કે વધે નહિ. માટે સાધન

કરતાં આવો ઉત્સાહ પ્રગટે ત્યારે તો જ્ઞાનપૂર્વક સ્વસ્થ રહીને, તે ઉત્સાહનો નામસ્મરણમાં ઉપયોગ કરવો જોઈએ, જેથી વધુ ને વધુ લાભ થાય અને જ્યારે બેળેબેળે કરવા છતાં પણ નામસ્મરણ ના થાય, તો તેનું કારણ આપણી પ્રકૃતિ છે. તેથી પ્રકૃતિને વશ ના થવું અને વધુ પ્રયત્નપૂર્વક સાધનામાં મંડ્યા રહેવું જોઈએ.'

**પરદેશ જતાં ભક્તને શુભેચ્છા**

બીજા દિવસે વહેલી સવારે પાંચ વાગ્યે શેઠ નટવરલાલ ચિનાઈને વળાવવાને પૂજ્યશ્રી ઍરપૉર્ટ ઉપર ગયા. તેમની સાથે ચારેક ભક્તો પણ હતા. ચિનાઈ શેઠે પૂજ્યશ્રીને સોને મઢેલી તુલસીમાળા પહેરાવી અને પૂજ્યશ્રીએ ફૂલહાર તથા સૂતરની આંટી ચિનાઈ શેઠને પહેરાવ્યાં બાદ પૂજ્યશ્રી તેમને ભેટ્યા. ઘણા આગંતુકો શ્રીમોટાને જોઈ રહેલા, કેમ કે તેઓશ્રી તો તેમના હંમેશ મુજબનાં લુંગી અને ખેશમાં સજ્જ હતા. થોડી ઓળખાણવાળા પારસી ભાઈઓમાંથી એક ટીખળી બાવાજીએ રમૂજમાં કહ્યું કે 'You can produce a ticket and fly !- તમે હવામાંથી ટિકિટ પેદા કરો અને ઊડો !' ત્યારે પૂજ્યશ્રીએ એમના સામું જોઈને મોહક સ્મિત કર્યું.

**લગ્નપ્રસંગમાં હાજરી**

શ્રીમોટા, ઍરપૉર્ટ ઉપરથી શ્રી કોટક સાહેબના દીકરાનાં લગ્નપ્રસંગમાં ગયા. તેમને હાથે વરવધૂનો હસ્તમેળાપ થયો અને હાર પહેરાવવામાં આવ્યા, પછી બધાં જમવા ગયાં. સાંજે છ વાગ્યે લગ્ન નિમિત્તે સત્કારસમારંભ રાખવામાં આવ્યો હતો. તેમાં પણ પૂજ્યશ્રીએ હાજરી આપી. કોટક સાહેબે પૂજ્યશ્રીને રૂપિયા ૧૦૦૧/- તથા ચાંલ્લાની આવેલી રકમ રૂપિયા ૧૫૦૦/- અર્પણ કરી.

બીજા દિવસે હવાઈ માર્ગે પૂજ્યશ્રી અમદાવાદ ગયા.

■

## (૩૫)

જીવન સર્વસ્વ ધણીનું છે, ધણી મરજી પ્રમાણેને,
હુકમ ઉઠાવીને પ્રેમે, અમારે જીવવાનું છે !
**-શ્રીમોટા**

### શ્રીમોટાને મધુપ્રમેહ

પૂજ્યશ્રી લગભગ છ મહિના પછી તા. ૨૭-૨-૧૯૬૯ના દિવસે ફરીથી મુંબઈ પધાર્યા. તેમને ‘ડાયાબિટીસ’ એટલે કે મધુપ્રમેહ થયેલો એમ કહેતા હતા. આ રોગનાં બહારનાં લક્ષણો બધાં જણાતાં હતાં, પણ ડૉક્ટરી તપાસમાં તેનો જરીકે ઈશારો જોવા મળતો ન હતો. ‘ખરેખર આવું થાય ખરું ?’ એમ તેઓને પૂછતાં તેમણે સસ્મિત ‘હા’ કહી. ૧૯૪૪માં જ્યારે તેઓશ્રી ત્રિચિમાં હતા ત્યારે તેમને કંઈ કંઈ જાતના અવનવા એવા રોગ થતાં અને મટી જતાં ! ડૉક્ટરો મુંઝાઈ જતાં અને તેઓશ્રીની કઈ દવા કરવી, તે તેઓને સમજ પડતી નહિ !

### શિરડી - સાકોરી તરફ

તા. ૨૮-૨-૧૯૬૯ની બપોરે તેઓશ્રી સહકાર નિવાસ પધાર્યા અને તા. ૧-૩-૧૯૬૯ના દિવસે ચંદ્રકાંત મહેતાની સાથે નાંદેડ ગયા. એક મિનિ બસ તથા એક નાની ગાડી ચંદ્રકાંતે કરેલી, જેમાં પૂજ્યશ્રીની સાથે શ્રી રામજીભાઈ પટેલ, ડાહીબહેન અને બીજાં ચાર જણ હતાં. આ કાર્યક્રમ ભાઈ ચંદ્રકાંતે તેમના નાંદેડ ખાતેના કારખાનાનું ઉદ્‌ઘાટન પૂજ્યશ્રીના હાથે કરાવવા માટે યોજ્યો હતો. એટલે નાંદેડ જતાં પહેલાં તેમને શિરડી અને સાકોરી પણ લઈ જવામાં આવ્યા હતા. ૨૦-૨૫ વર્ષ પછી

બીજી વાર તેઓશ્રી શિરડી ગયેલા એમ તેમણે કહેલું. નાંદેડ ખાતે બે દિવસ રોકાઈને તેઓશ્રી તા. ૪-૩-૧૯૬૯ના દિવસે મુંબઈ પાછા ફર્યા. ભાઈ ચંદ્રકાંતે પૂજ્યશ્રીને મોટી રકમનું દાન પણ આપ્યું હતું.

**બોલ્યા વિના કંઈ ચાલે ?**

તા. ૬-૩-૧૯૬૯ના દિવસે શ્રીમોટા, સહકાર નિવાસમાં હરમુખભાઈ જોગીને ત્યાં છઠ્ઠા માળે વહેલી સવારે પધાર્યા. ત્યાં થોડી વાર રોકાઈને તેઓશ્રી એકાએક અમારી રૂમે આવ્યા ત્યારે લગભગ સાડા પાંચ વાગેલા હતા. તેઓશ્રીએ પૂછ્યું કે 'તમે રોજ વહેલા ઊઠો છો ?' 'હા જી.' પૂજ્યશ્રીએ થોડી ચા પીધી અને ભાઈ ચંદ્રકાંતને ત્યાં જવા વિદાય થયા. આ વખતે તેમનું શરીર ખૂબ થાકી ગયેલું હતું. ગળાની તકલીફને કારણે તેઓથી બરાબર ખવાતું ન હતું. વાત વાતમાં તેઓશ્રીએ કહ્યું કે 'ડૉક્ટરે બહુ બોલવાની મનાઈ ફરમાવી છે, પણ બોલ્યા વિના કંઈ ચાલે ખરું ?'

■

**(૩૬)**

આકાશે પ્રસરેલી છે અનંત જે અનંતતા,
તેવી પ્રત્યક્ષ છે ગૂઢ શ્રીહરિની અનંતતા.
સૂર્યને ઓળખાવે છે ઉષા, પ્રભાત, તેજ તે
તેવી અનુભવીથી કૈં ઝાંખી થાય હરિની જે.

**-શ્રીમોટા**

**મહારાષ્ટ્ર સરકારને એક લાખનું દાન**

તા. ૨-૪-૧૯૬૯ના દિવસે શ્રીમોટા, સુરતથી મુંબઈ પધાર્યા અને શેઠ નટવરલાલ ચિનાઈને ત્યાં ગયા. ત્રીજી તારીખે તેઓશ્રી

ચિનાઈ શેઠની સાથે માથેરાન ગયા અને છઠ્ઠી તારીખે મુંબઈ પાછા આવ્યા અને 'વેલાર્ડ વ્યુ'માં ભાઈ ચંદ્રકાંત મહેતાને ત્યાં રોકાયા. તા. ૭-૪-૧૯૬૯ના રોજ સાંજે તેઓશ્રી અમારે ત્યાં ભોજન કરવા પધાર્યા ત્યારે તેમણે અગાઉથી કહેલું તે મુજબ ખીચડી, કઢી અને શાક બનાવેલાં, તે તેઓશ્રીએ આરોગ્યા.

આ વખતે તેઓશ્રી એક લાખ રૂપિયા ઉઘરાવવાના સંકલ્પ સાથે મુંબઈ આવ્યા હતા, પણ ગળાની તકલીફને લીધે મુલાકાતીઓ સાથે ઝાઝી વાત કરી શકતા ન હતા. પૂજ્ય ચાચાજી (ગુરુદયાળ મલ્લિક) ગળાના કૅન્સરની બીમારીને લીધે છેલ્લી અવસ્થામાં હતા, તેથી તેમને મળવા માટે તેમના મુકામ ઉપર પૂજ્યશ્રી ગયા ત્યારે ચાચાજી તેમને જોઈને બહુ રાજી થયા હતા. જોકે તેઓશ્રી બોલી શકતા ન હતા.

તા. ૯-૪-૧૯૬૯ના રોજ રાખવામાં આવેલી પ્રેસ કૉન્ફરન્સમાં મહારાષ્ટ્રના નાણાં અને રમતગમત ખાતાના પ્રધાન શ્રી વાનખેડેએ હરિઃૐ આશ્રમ તરફથી 'રૂપિયા એક લાખનું દાન દર વર્ષે અખિલ હિંદ તરણ સ્પર્ધા યોજવા માટે રાજ્યને મળશે.' તેવી જાહેરાત કરી. આ વાતને દરેક ભાષાનાં વર્તમાન-પત્રોએ પ્રસિદ્ધિ આપીને આવકાર આપ્યો. શ્રી વાનખેડેએ આ પ્રકારના દાનને એક નવીન પ્રયોગ તરીકે બિરદાવ્યો અને પૂજ્યશ્રીનો તેઓએ આભાર માન્યો.

## ભગવાનની નકલ કરતાં રહો

દશમી તારીખે પૂજ્યશ્રી માનવમંદિરની મુલાકાતે ગયા ત્યારે ત્યાં નાનાં બાળકોએ સરસ મઝાનાં ગીત ગાયાં. કેટલાંક લેખક ભાઈબહેનો ત્યાં આવેલાં. એક ભાઈએ છેલ્લે છેલ્લે પૂજ્યશ્રીને કહ્યું કે 'હું જાણીતા કેટલાક લોકોની બોલી, વર્તન વગેરેની

નકલ કરી શકું છું.' ત્યારે પૂજ્યશ્રીએ સૂચવ્યું કે 'અરે ભાઈ ! તો પછી ભગવાનની પણ નકલ કરો !'

એક ભાઈ 'ઈશ્વર અકળ છે, સમજી શકાતો નથી...' વગેરે બોલી રહ્યા હતા ત્યારે તેમનું વાક્ય પૂરું કરે તે પહેલાં જ તેમને અટકાવીને શ્રીમોટા બોલ્યા, 'ए' બુદ્ધિમાં નહિ આવે. એટલે એવું બધું પૂછવું નહિ. વખત બગાડ્યા વિના કંઈક સાધના કરો.'

૧૧મીએ સાંજે તેઓશ્રી સુરત ગયા.

■

## (૩૭)

ભલે જે આપવું હો તે તમે દેજો હૃદયથી તે,
'ગણતરી રાખશો ના કૈં' હૃદયથી પ્રાર્થના તમને !

'જીવનઅનુભવગીત' **-શ્રીમોટા**

### સ્થાનશુદ્ધિ માટે યજ્ઞ

તા. ૧૧-૫-૧૯૬૯, રવિવારના દિવસે પૂજ્ય શ્રીમોટા ચંદ્રકાંત મહેતાને ત્યાં પધાર્યા. ભાઈ ચંદ્રકાંત 'વેલાર્ડ વ્યુ'માં નવા બ્લૉકમાં રહેવા જવાના હતા, તે પહેલાં પૂજ્યશ્રીના હાથે ત્યાં યજ્ઞ કરાવવાનો હતો. નવી જગ્યામાં હોમ-હવન શા માટે થાય છે, તેનું કારણ સમજાવતાં પૂજ્યશ્રીએ કહ્યું, 'નવા આવાસમાં શુભ-અશુભ, દૈવી-આસુરી તત્ત્વોનો વાસ હોય છે, તેથી તેવા સ્થાનની શુદ્ધિ કરવા માટે યજ્ઞ કરવો યોગ્ય છે.' ચંદ્રકાંતભાઈનાં બાને લોટની સાત નાની વાટકીઓ બનાવી તેમાં દીવા પેટાવવા તથા યજ્ઞ ચાલે ત્યાં સુધી તે જલતા રાખવાનું શ્રીમોટાએ સૂચવ્યું. તેનો હેતુ 'સાત પિતૃઓને યાદ કરીને તેમને સંતુષ્ટ રાખવાનો હોય છે,' એમ પણ તેમણે કહ્યું.

## કિશોરો માટે પ્રેમ

શ્રી લલિતચંદ્ર દલાલ તથા તેમના મિત્ર શ્રી ભગવાનદાસ કોટક, (જેઓ પૂજ્યશ્રીના લોનાવાલા ખાતેના યજમાન હતા) હરમુખભાઈને ત્યાં ભોજન માટે આવનાર હતા, પણ ભોજનનો સમય થઈ ગયો, છતાંય તેઓ આવ્યા નહિ ત્યારે પૂજ્યશ્રીએ અને બધાં મહેમાનોએ પોતાનાં આસન લીધાં. પૂજ્યશ્રીએ નિયમ મુજબ પ્રાર્થના કરવા માટે બે નાના કિશોરોને પૂછ્યું કે 'ભઈ, હવે આપણે 'ૐ' બોલીએ ?' તેમણે હા કહી. એટલે બધાંએ 'ૐ સહ નાવવતુ'ની પ્રાર્થના કરીને જમવાનું શરૂ કર્યું. પૂજ્યશ્રીએ જમતાં જમતાં કિશોરોને પૂછ્યું કે 'શું જોઈએ છે ? ખાવાનું ભાવે છેને ?' વગેરે. કિશોરોની એક મોટી બહેન ત્યાં હતી. તેને નાના ભાઈઓની કાળજી રાખવાની પૂજ્યશ્રીએ સલાહ આપી. ભાઈ ચંદ્રકાંત જગ્યાના અભાવે બધાં સાથે જમવા નહિ બેઠેલા, તે જોઈને પૂજ્યશ્રીએ તેમને પોતાની એકદમ પાસે એક નાની ખુરશી મુકાવડાવીને જમવા બેસાડ્યા. આ રીતે તેઓશ્રી નાનાંમોટાં દરેકની કાળજી રાખતા.

## અગ્નિ એ પ્રત્યક્ષ શક્તિ

તા. ૧૨-૫-૧૯૬૯, સોમવારે, ચંદ્રકાંતના નવા બ્લૉકમાં પૂજ્યશ્રીના હાથે યજ્ઞ થયો ત્યારે ઘણાં સ્વજન ભાઈબહેન આવ્યાં હતાં.

પૂજ્યશ્રીએ શરૂઆત કરતાં કહ્યું, 'અગ્નિ એ પ્રત્યક્ષ શક્તિ છે. જેમ આ અગ્નિમાં ઘી, જવ વગેરે હોમીને વાતાવરણ શુદ્ધ બનાવીએ છીએ, તેવી રીતે આપણા શરીરમાંના અગ્નિને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ તથા કામક્રોધાદિકની આહુતિ

આપી ભારેલા અગ્નિને પ્રજ્વલિત કરવાનો છે અને ચિત્તને શુદ્ધ કરવાનું છે. આપણો માંહ્યલો અગ્નિ જ્યારે શુદ્ધ થઈને પ્રજ્વળે ત્યારે કામક્રોધાદિ નષ્ટ થાય અને ઈશ્વરની ઝાંખી થાય.'

પછી તેમણે અગ્નિ પ્રગટાવવા માટેનો સ્વરચિત શ્લોક ગવડાવ્યો :

**અગ્નિ પેટાવીએ ભાવે, અગ્નિ અંતરનો ઊંડે.**
**હૈયે પેટાવવા કાજે, પ્રાર્થીએ હે પ્રભુ ! તને.**

તે પછી જવની આહુતિ ૧૦૮ વાર અપાઈ અને ત્યાર બાદ શ્રીફળ હોમવામાં આવ્યું. છેલ્લે ગૃહપ્રવેશની પ્રાર્થના તથા 'જય જગદીશ હરે'ની આરતી કરવામાં આવી.

અંતમાં બધાંને પ્રસાદ વહેંચાયો. પૂજ્યશ્રીને શાલ, લીલું શ્રીફળ, ફૂલહાર તથા દક્ષિણા અર્પણ કરવામાં આવ્યાં. આરતીમાં મુકાયેલી રકમ તથા ચંદ્રકાંતભાઈ અને તેમનાં પત્નીને વડીલો તરફથી પાયલાગણ અંગે જે ભેટ મળેલી તે રકમ પણ પૂજ્યશ્રીને અર્પણ કરવામાં આવી.

### કહ્યું છે તેટલું કરશો તોય બસ

એક્સાઈઝ (જકાત) ખાતાના એક પારસી ઑફિસર શ્રી કેળાંવાળા તેમનાં કુટુંબ સાથે પૂજ્યશ્રીનાં દર્શને આવ્યા. તેમણે પૂજ્યશ્રીને શરીર સુખાકારી વિશે પૂછ્યું ત્યારે શ્રીમોટાએ તબિયતના સમાચાર ના પૂછવા જણાવ્યું. અને કાગળ લખવાની પણ મનાઈ કરતાં ખાસ ભારપૂર્વક કહ્યું કે 'મને રાજી કરવો હોય, તો મેં કહ્યું છે તેટલું (નામસ્મરણ વગેરે) કરશો તોય બસ.

### અજાણ્યાને ઉચ્છિષ્ટ ચા

બારમી તારીખે બહારના મુલાકાતીઓ પૂજ્યશ્રીને બપોરે બેથી ચાર દરમિયાન મળી શકશે એમ જાહેર કરેલું. એટલે કેટલાંક

ભાઈબહેનો પ્રથમ વાર જ આવેલાં. પૂજ્યશ્રીનાં ચરણસ્પર્શ કરવા એક વૃદ્ધ સજ્જનને આગળ આવવું હતું, પણ વચ્ચે થોડી બહેનો બેઠેલી હતી, તેથી તેઓ પાછળ જ બેસી ગયા. દરમિયાન પાંચ-છ કપ ચાના આવ્યા. પૂજ્યશ્રીને ખાંડ વિનાની મોળી ચા મળી, જે તેમણે થોડી પીધી અને પછી પાછળ બેઠેલા ભાઈને વધેલી ચાનો કપ મોકલતાં પૂછ્યું કે 'ભાઈ, આ ચા ખાંડ વિનાની છે, તો તમને ભાવશે ?' 'હા જી' કહી, તેમણે પૂજ્યશ્રીની આપેલી ચા પીધી. પૂજ્યશ્રીએ તેમને પૂછ્યું કે 'ભાઈ, ચા ભાવી કે ?' 'હા જી, પ્રસાદ હતો એટલે વાંધો નહિ.' ત્યારે પૂજ્યશ્રીએ જાણે આશિષ આપતા હોય તેમ હાથનો પંજો ઊંચો કરી કહ્યું, 'તો તો સારું ભાઈ.'

પૂજ્યશ્રીએ તદ્દન અજાણ્યા માણસને પોતાની ઉચ્છિષ્ટ ચા આપી તે નવાઈની વાત નહિ કે ?! આગલા દિવસે પણ તેઓશ્રીએ તેમનું ઉચ્છિષ્ટ દૂધ એક સ્વજનને પીવા આપેલું, તે પણ યાદ આવ્યું. 'અનુભવીનું કોઈ પણ કર્મ હેતુ વિનાનું નથી હોતું,' એટલું જ કહી શકાય.

**શક્તિ મુજબ આપજો**

એટલામાં આર. આર. શેઠની કંપનીના મૅનેજર ધીરુભાઈ મોદી, તેમનાં માતુશ્રી અને પત્નીને લઈને આવ્યા. તેઓ પૂજ્યશ્રીનાં પુસ્તકો પણ વેચે અને પરબ માટે દાનની રકમ પણ ઉઘરાવે, તેથી તે નિમિત્તે એકત્ર થયેલ રૂપિયા ૯૦૦/-ની રકમ તેમણે પૂજ્યશ્રીને આપી ત્યારે શ્રીમોટાએ કહ્યું કે 'ભાઈ, તમે અમારું આવું કામ કરો છો, તેથી આનંદ થાય છે. ઘણું સારું કામ કરો છો.' દરમિયાન કોઈ ભાઈ, થોડી ચલણી નોટો અને એક પાકી કેરી તેઓની (પૂજ્યશ્રીની) આગળ મૂકી ગયા હતા, તેમાંથી

તેઓશ્રીએ તે કેરી બે હાથે લઈને પોતાના કપાળે લગાડી ત્યારે આંખો મીંચી અને પછી મસ્તક નમાવીને ધીરુભાઈને કેરી આપી. આવું દશ્ય કોઈક વાર જ જોવા મળતું ! ધીરુભાઈએ, શ્રીમોટાને પોતાને ત્યાં પ્રસાદ લેવા આવવા આમંત્રણ આપ્યું. શ્રીમોટાએ તે સ્વીકારતા કહ્યું, 'હું જ્યાં જાઉં છું ત્યાં ફી-દક્ષિણા લઉં છું.' ધીરુભાઈએ કહ્યું, 'શક્તિ મુજબ આપીશ.' ત્યારે શ્રીમોટાએ કહ્યું, 'હા, શક્તિ મુજબ આપજો.'

**કૃપા તો વરસતી જ હોય છે**

'ગુરુમહારાજની કૃપા' વિશે પ્રશ્ન થતાં પૂજ્યશ્રીએ કહ્યું, 'કૃપા તો વરસતી જ હોય છે, પણ કોઈ તેને ઝીલનાર છે ક્યાં ? સૂર્યનો તાપ ઠેર ઠેર પડતો હોય છે - મકાન ઉપર, પથ્થર ઉપર, માટી ઉપર, ઘાસ ઉપર, બધાં ઉપર. એ વાત તો સાચીને ?

'હા જી.'

'છતાં એના તાપની અસર દરેક ઉપર એકસરખી નથી થતી. જેની જેવી ભૂમિકા તેવી તેના ઉપર અસર થતી હોય છે.'

**શ્રી દયાનંદ સરસ્વતી વિશે**

'શક્તિ મુજબ' દક્ષિણા આપવાની ધીરુભાઈની વાત ઉપરથી પૂજ્યશ્રીએ શ્રી દયાનંદ સરસ્વતી વિશે બોલતાં કહ્યું, 'દયાનંદ સરસ્વતીને તેમના સદ્‌ગુરુ શ્રીવિદ્યાનંદજી ખૂબ મારતા. જ્યારે તેમનો વેદ વગેરેનો અભ્યાસ પૂરો થઈ ગયો ત્યારે તેમના ગુરુ મહારાજે દક્ષિણા માગી. દયાનંદજી કહે, 'શું આપું ? મારી પાસે કાંઈ નથી !'

ત્યારે ગુરુમહારાજ બોલ્યા, 'જા, ઠેર ઠેર ફરીને વેદનો પ્રચાર કર. એ મારી દક્ષિણા.' અને શ્રી દયાનંદજીએ આજ્ઞાનું પાલન કર્યું.'

## ભક્તનું દેવું

પોતાનો દાખલો આપતાં પૂજ્યશ્રીએ કહ્યું, 'આશ્રમ સ્થાપવા માટે મને એક લાખ રૂપિયા મળેલા', પણ 'તે લઈને તેના બદલામાં હું શું આપીશ ?' એવા વિચારથી તે પૈસા પરત આપી દીધા હતા. સમય વીતતાં ગુરુમહારાજે એકવાર અવાજ દીધો કે 'જા, તું આશ્રમ બાંધ. તને આપનારનું દેવું તારા માથા ઉપર નહિ રહેવા દઉં.' એટલે મેં આશ્રમ બાંધ્યા. સંતમહાત્માઓ પૂર્વજન્મમાં કોઈનું લીધેલું આ જન્મમાં ચૂકવી દેતા હોય છે, જેની પેલાને (લેનારને) ખબર પણ પડતી નથી હોતી. શ્રીમદ્ રાજચંદ્રે તેમનું પાછલા જન્મનું બે લાખ રૂપિયા જેટલું દેવું, આ જન્મમાં કમાઈને વાળી દીધું હતું.'

## કંજૂસ માણસનો વિકાસ

શ્રી રાવજીભાઈ પટેલે પૂછ્યું, 'જો કોઈ પૈસાદાર માણસ ફક્ત બે જ રૂપિયા આપે, તો શું તેની અધોગતિ થાય ?'

શ્રીમોટાએ કહ્યું કે 'કંજૂસ તો કંજૂસ જ રહે. એના જીવનનો વિકાસ ના થાય.'

**પ્રશ્ન :** 'પ્રભુની એટલે કે ગુરુની કૃપા વિના એના તરફ મોં નથી ફરતું હોતું, એ તો ખરી વાતને ?'

**શ્રીમોટા :** 'બધાં ઉપર ઈશ્વરની કૃપા વરસતી હોય છે, પણ એને ઝીલનારા ક્યાં છે ?'

## અશાંતિનું કારણ

એક પ્રતિષ્ઠિત ઘરનાં બહેને પૂછ્યું, 'મોટા, આત્માને બહુ અશાંતિ થાય છે અને એવું વારેઘડીએ થાય છે, તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'આત્માને અશાંતિ થતી નથી. અશાંતિ તો આપણા દિલને થાય છે. એવું થવાનું કારણ આપણે પોતે શોધી કાઢવું

જોઈએ અને તે કારણને દૂર કરવા પ્રયત્ન કરવો. આપણા અણગમા અને આગ્રહોને કારણે આપણને અશાંતિ થતી હોય છે. આપણો જે વાતવાતમાં આગ્રહ રાખવાનો સ્વભાવ હોય છે, તે બદલાવો જોઈએ.'

**કૂતરાને અંતઃ પ્રેરણા !**

મેં પૂજ્યશ્રીને કહ્યું કે 'એક બાવા જેવો માણસ પોતાના પાળેલાં એક સુંદર સફેદ મોટા કૂતરાને લોકોનાં ટોળાંમાં ફેરવે છે અને પોતે પૂછેલા પ્રશ્નોના જવાબ ઊભેલા માણસોમાંથી જેને લાગું પડતા હોય તેવા માણસને તે કૂતરો શોધી બતાવે છે. થોડા દિવસ પહેલાં ગોપાલ, એવાં એક ટોળાંમાં ચોપાટી ઉપર ઊભેલો હતો ત્યારે કૂતરાના માલિકે કૂતરાને પૂછ્યું, 'ઈસ લોકમેં કૌન જીવ પરદેશ યાત્રા કરકે સફલ હોકર વાપસ આનેવાલા હૈ ? ઐસે જીવકો બતાવ, ભૈરવ !' (ભૈરવ કૂતરાનું નામ) અને ભૈરવ, ગોપાલ પાસે આવીને ઊભો રહ્યો અને ઊંચું મોં કરીને જોવા લાગ્યો ! તો કૂતરામાં એવી શક્તિ★ હશે ?'

શ્રીમોટાએ કહ્યું, 'ઇન્ટ્યુઇશન' એટલે કે અંતઃ પ્રેરણાથી તે તેમ કરી શકે ?

તે દિવસે સાંજે પૂજ્યશ્રી સુરત ગયા ત્યારે તેઓશ્રી ટ્રેનમાં દરવાજા આગળ ભક્તોના ભાવને ઝીલવા આવી શક્યા નહિ તેથી શ્રી નંદુભાઈ આવીને ઊભા રહ્યા.

■

---

★ અમારો પુત્ર ગોપાલ તા. ૬-૬-૧૯૬૯ના રોજ અમેરિકા વધુ અભ્યાસાર્થે ગયો હતો. એટલું સાચું, પણ તે આજ સુધી કાયમ માટે પાછો ફર્યો નથી, એ નોંધવું રહ્યું. નોકરીમાંથી નિવૃત્ત થશે ત્યારે પાછા આવવાની આશા.

## (૩૮)

આવી મળતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના, તે ખૂબ પ્રેમપૂર્વક કરો. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

**પૂજ્યશ્રીનો 'રક્ષાદિન'**

આજ સુધી પૂજ્યશ્રીના ત્રણ ઉત્સવ ઉજવાતા : દીક્ષાદિન વસંતપંચમીના દિવસે. નવો અવતાર દિવસ રામનવમીના દિવસે તથા જન્મદિન ઉત્સવ ભાદરવા વદ ચોથના દિવસે. તા. ૧-૬-૧૯૬૯ના રોજ બારડોલી પાસે વણેસા ગામે શ્રી ઠાકોરભાઈ પટેલે 'રક્ષાદિન' ઊજવ્યો. (શ્રીમોટાએ ફેફરુંની બીમારીથી કંટાળીને નર્મદાજીમાં શરીરનો અંત આણવા ભૂસકો મારેલો, પણ દૈવી રીતે બચી ગયેલા તે નિમિત્તે.★)

**'...ત્યારે તમારી કસોટી !'**

આ પ્રસંગ છેક અંદરના દૂરનાં ગામડામાં યોજાયો હતો, તેથી ભક્તોની હાજરી થોડી ઓછી હતી.

અમે પૂજ્યશ્રીના બે સુંદર ફોટા ખરીદ્યા. એક ફોટા ઉપર પૂજ્યશ્રીએ હસ્તાક્ષર કરતાં લખ્યું : 'મારા માથા ઉપર નરકનો ટોપલો ઢોળાયો હોય ત્યારે તમારી બધાંની ખરી કસોટી થાય.' બહુ ગૂઢાર્થ ભર્યું વાક્ય !

મધુરીબહેન ખરેનાં ભજનો પછી તેમણે ટૂંકમાં પ્રવચન કર્યું, જેમાં કહ્યું કે 'તમે બધાં મળ્યાં છો, તો મળી જાણજો. સતત નામસ્મરણ કરતાં રહેજો અને તમે તમારું જીવન વેડફી ના દેશો.'

તે સમયે થયેલ પ્રશ્નોત્તરીનો અંશ :

★ આ બનાવ સંબંધે વધુ વિગત માટે જુઓ શ્રીમોટા કૃત **'નર્મદાપદે'.**

## મૌનમંદિરોથી લાભ

**પ્રશ્ન :** 'મોટા, મૌનમંદિરમાં બેસવાથી શું લાભ થાય ?'

**શ્રીમોટા :** 'મૌનએકાંતનો સમય મારે મન તે તે જીવો સાથે (આ જીવને) સંકળાઈ રહેવાની ક્રિયા છે. મૌનમાં બેસનારા શ્રેયાર્થી સાથે મારો સંબંધ બંધાઈ જાય છે. અને એથી તેને અંતર્મુખ થવાને બળ મળે છે.'

**પ્રશ્ન :** 'આ યોજનાનો વિચાર કેવી રીતે સાંપડ્યો ?'

**શ્રીમોટા :** 'સ્વાનુભવથી. સાધના માટે મૌન, એકાંત, અભય, નમ્રતા, ભજન, કીર્તન, સ્મરણ અને આત્મનિવેદન એ આઠ જરૂરી અંગો છે. એ બધાંને કેળવવાને માટે ગુરુમહારાજના આદેશથી આ મૌનમંદિરનો વિચાર સ્ફુર્યો. સંસારમાં રહેતા લોકો આવા કાળમાં જંગલમાં જઈને સાધના નહિ કરી શકે, તેથી આ યોજના ગુરુમહારાજની પ્રેરણાથી થઈ છે.

**પ્રશ્ન :** 'મૌનમંદિરમાં બધો વખત જપ-ધ્યાન થઈ ના શકે, અને કંટાળો આવે તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'આધ્યાત્મિક પુસ્તકોનું વાંચન કરવું, ભજન ગાવાં.'

**પ્રશ્ન :** 'મૌનમંદિરનો લાભ લેવાથી માણસ એકદમ બદલાઈ જશે ખરો ?'

**શ્રીમોટા :** 'ના, એકદમ કંઈ તે જીવનો શિવ નહિ થઈ જાય, પણ આ સાધનનો નિયમિત આશરો લેવાથી તે જીવના ચિત્ત ઉપર ચેતનના સંસ્કારો જડબેસલાક પડશે અને એ સંસ્કારો ગમે ત્યારે એક દિવસ ઉદય વર્તમાન થયા વિના નહિ રહે.'

■

(૩૯)

ના ઓળખાય કદી જે મન ઈંદ્રિયોથી,
જેને ન ધોધ જળનો શકતો ડુબાવી,
શોષાય વાયુ થકી ના જરી જે કદાપિ,
એવા પ્રભુ ! હૃદયથી તુજને નમું હું.
'તુજ ચરણે' **-શ્રીમોટા**

**'... તે નર-માનવ'**

શ્રીમોટા, તા. ૧૨-૭-૧૯૬૯ના દિવસે મુંબઈ પધાર્યા અને શ્રી નટવરલાલ ચિનાઈને ત્યાં જઈને પછી સાંજે સહકાર નિવાસમાં આવ્યા અને ચંદ્રકાંતભાઈને ત્યાં રોકાયા. ત્યાર બાદ મોડી સાંજે અમારે ત્યાં પધાર્યા. અધિક માસ હોવાથી તેઓશ્રીને તુલસીપત્રનો હાર અર્પણ કરવામાં આવ્યો. તે જોઈને તેઓશ્રીએ ડાહીબહેનને કહ્યું કે 'આ તુલસીની ચા આવતી કાલે કરજે.' તેમની પૂજા-આરતી વગેરે કર્યા પછી જ્યારે ગોપાલ વતી રૂપિયા ૨૦૩/-ની ભેટ મૂકી ત્યારે તેમણે પૂછ્યું, 'ગોપાલે ભેટ આપવાનું કહેલું ?'
'હા જી.'

એ પછી અમે ગોપાલને ઉદ્દેશીને 'ઍરોગ્રામ' લેટર ઉપર બે શબ્દો લખી આપવા પૂજ્યશ્રીને વિનંતી કરી ત્યારે તેઓ સૂતા હતા, છતાંય આડા ફરીને તેમણે નીચે પ્રમાણે લખ્યું :

હરિ:ૐ

**ધારેલું કામ જે પાર પાડે તે નર-માનવ**

તા. ૧૨-૭-૧૯૬૯ **-શ્રીમોટા**

**બોધદાયી ભાવ**

પૂજ્યશ્રીની એક ખાસિયત નોંધવા જેવી છે. કોઈનાય ઘરે તેઓશ્રી જાય ત્યારે તેઓ ઘરમાં રહેલી દેવદેવીઓની છબીઓની

પાસે જઈને નમસ્કાર કરે. એવી રીતે અમારે ત્યાં પણ તેમણે નમસ્કાર કર્યા. અને જતાં પહેલાં અમારા દેવમંદિર પાસે બેસીને હાથ જોડ્યા. અમોએ તેઓને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કર્યા. ત્યાર બાદ તેઓશ્રી 'વેલાર્ડ વ્યુ'માં ચંદાભાઈને ઘરે સૂવા માટે ગયા. શ્રી નંદુભાઈ હિસાબ કરવા બેઠા. રોજેરોજની દાનની આવકનો હિસાબ મેળવી લઈને તેઓ લખી લે. ગમે તેટલું મોડું થાય તોય. ઘણી વાર મુંબઈમાં તેમને રાતના બાર વાગ્યા સુધી હિસાબ મેળવતા જોયા છે. એમની સાથે પત્રવ્યવહાર અંગેની સામગ્રી એટલી સંપૂર્ણ રહેતી કે જાણે 'મોબાઈલ'-પોસ્ટઑફિસ !

**ગમે તેની ભક્તિ કરે, તેમાં કોઈને શું ?**

તા. ૧૩-૭-૧૯૬૯, રવિવાર, પૂજ્યશ્રી દૈનિકો જોતા હતા. ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ ભગવતી સાહેબ, શ્રીસત્ય સાંઈબાબાના ભક્ત હોઈને તેમને ત્યાં 'બાબા' પધારેલા અને રહેલા ત્યારે તે સમયના મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈ અને તેમના પ્રધાનો તથા ન્યાયાધીશો વગેરે બાબાનાં દર્શને ગયેલાં, તે બાબતે છાપાંઓમાં તેમની ટીકા થઈ હતી. આ અંગેની વાત નીકળતાં પૂજ્યશ્રીએ કહ્યું, 'ગમે તેવો મોટો હોદ્દો ધરાવતો માણસ, પોતે ગમે તેની ભક્તિ કરતો હોય તેમાં બીજાને શું ? શું એ લોકોને હૃદય જેવું કાંઈ ના હોઈ શકે ?' ભગવતી સાહેબે ટીકાઓના જવાબમાં લખ્યું હતું કે 'એવી ટીકાઓની હું જરાયે દરકાર કરતો નથી.' આમ શ્રીમોટાએ ભગવતી સાહેબના વલણને ટેકો આપ્યો, તેથી શ્રી કાંટાવાળા સાહેબ તથા શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા વગેરે રાજી થયાં.

**સહન કરે તેને પ્રભુ પ્રેમ કરે**

સાંજે શ્રીમોટા, ભાઈલાલભાઈ પટેલને ત્યાં વિલેપાર્લે જમવા

ગયા ત્યારે ત્યાં શ્રીમતી સરોજબહેન કાંટાવાળાએ ભજનો ગાયાં, પછી કેટલીક બહેનોએ જાતજાતના પ્રશ્નો પૂછ્યાં. તેમાંથી મુખ્ય મુખ્ય નીચે મુજબ છે :

**પ્રશ્ન :** 'બહેનોને હજુ બધા દબાવે છે, તો શું કરવું ?'

શ્રીમોટા ઉત્તર આપે તે પહેલાં પુરુષ વર્ગમાંથી એક ભાઈ બોલ્યા કે 'બહેનો હવે દબાતી નથી.'

ત્યારે એક જાજરમાન દેખાતાં બહેને કહ્યું, 'ગામડાંમાં જુઓ, બહેનોની શું હાલત છે ? અરે ! શહેરોમાં કેટલીય બહેનો બળી મરે છે કે તેમને બાળી મુકાય છે.'

પૂજ્યશ્રીએ તે બહેનની વાતને ટેકો આપ્યો, છતાં સહન કરવાં ઉપર ભાર મૂકતાં તેઓશ્રીએ જણાવ્યું કે **'જેઓ સહન કરે છે તેમને પ્રભુ પ્રેમ આપતો હોય છે.'**

જમીને શ્રીમોટા ત્યાર બાદ 'વેલાર્ડ વ્યુ' ગયા.

**સોમવતી અમાસને દિવસે**

તા. ૧૪-૭-૧૯૬૯, સોમવતી અમાસ, અધિક માસનો છેલ્લો દિવસ હતો. પૂજ્યશ્રીએ કહ્યું, 'આજે બહુ પવિત્ર દિવસ છે. મારે અહીં (ચરણ બતાવીને) થોડું થોડું મૂકશો તો બહુ પુણ્ય મળશે. લોકો આજે નદીએ નાહવા જશે, મંદિરે જશે, મહાદેવની પૂજા કરશે...' ત્યારે અમારા મનમાં વિચાર આવ્યો કે 'અહીં જીવતા દેવ-મહાદેવ બિરાજેલ છે, તો તેમની પૂજા કેમ ના કરવી ?'

પૂજ્યશ્રીએ દાઢી કરાવ્યા પછી હાથમોં ધોયાં અને લુંગી પહેરીને બેઠા. એટલે ડાહીબહેન, નર્મદાબહેન કાંટાવાળા, યોગિનીબહેન મહેતા વગેરેએ એક પછી એકે પૂજ્યશ્રીની પૂજા કરી અને પાંચ પાંચ રૂપિયા દક્ષિણામાં મૂક્યા, તથા 'હરિઃૐ'ની ધૂન બોલતાં બોલતાં તેમની પ્રદક્ષિણા કરી. તે સમયે તેઓશ્રી આંખો મીંચીને બે હાથ

જોડીને બેઠા હતા ત્યારનો તેમનો દેખાવ અતિશય દિવ્ય હતો. હાજર રહેલાં સ્વજનો સાત્ત્વિક આનંદ અનુભવી રહ્યાં હતાં.

**એ તારો ધર્મ**

મુંબઈનાં વર્તમાનપત્રો તથા સામયિકોમાં પૂજ્યશ્રી તથા તેઓશ્રીના આશ્રમો વિશે તેમની પરવાનગીથી અમારાથી જે થોડું થોડું લખવાનું થતું હતું, તેના સંદર્ભમાં તેમણે અમને સૂચન કર્યું કે 'આવું લખવાનું તમે શરૂ કર્યું છે. એટલે એ તમારો ધર્મ ગણાય, તેથી તે ધર્મ તમારે બજાવવો. એ તમારું પ્રાપ્ત કર્મ અને એ તમારી સેવા પણ ખરી.'

**ધીરુભાઈ મોદીને ત્યાં**

સાંજે તેઓશ્રી થોડા ભક્તો સાથે બે ગાડીમાં સાંતાક્રુઝ, ધીરુભાઈ મોદીને ત્યાં ગયા. ધીરુભાઈએ બહુ સુંદર રીતે ફૂલહાર વગેરેથી પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું. ગૃહપ્રવેશ કરતી વખતે તેમનાં ચરણકમળ કંકુવાળાં પાણીમાં ભીંજવીને એક સફેદ ચોખ્ખા કટકા ઉપર લીધા, પછી તેમને ગાદી ઉપર આસન આપ્યું. ધીરુભાઈના ગુરુમહારાજ પણ પધારેલા. તેમની ઓળખ શ્રીમોટાને આપવામાં આવી.

આખો ઓરડો ભાઈબહેનોથી ચિકાર ભરાઈ ગયો હતો. આ મંગળ પ્રસંગે લગ્નપ્રસંગ કરતાંય વધુ ઉત્સાહ-ઉમંગથી બહેનોએ સુંદર વસ્ત્રો તથા અલંકાર ધારણ કર્યાં હતાં. ધીરુભાઈનાં માતુશ્રીએ ભજનો ગવડાવ્યાં અને અન્ય બહેનોએ સરસ રીતે ઝીલીને ગાયાં. એ પછી સત્સંગ થયો.

**સાકાર કે નિરાકાર ભક્તિ વિશે**

**પ્રશ્ન :** 'સાકાર કરતાં નિરાકાર ભક્તિ વધુ યોગ્ય નથી ? મુસલમાનો અને ખ્રિસ્તીઓ નિરાકારને ભજે છેને ?'

**શ્રીમોટા :** 'આપણે આપણાં માબાપની છબીઓ રાખીએ છીએને ? તે દ્વારા તેમને પ્રત્યક્ષ પ્રગટ કરવાનો હેતુ હોય છે. એક આધાર તરીકે, અવલંબન તરીકે સાકારની જરૂર છે. મુસલમાનો કાબામાં પથ્થરને પૂજે છે, તથા તેને અતિ પવિત્ર ગણીને તેના ઉપર ફૂલોય ચડાવે છે. ખ્રિસ્તીઓ ક્રૉસને એટલે કે જિસસને વંદન કરે છે. એ બધું સાકાર જ છે, તેથી સાકારને ભજવામાં કશું ખોટું નથી. સાકારમાંથી નિરાકારમાં જવાય છે. નિરાકારની ભક્તિ કે સાધના કરવી મુશ્કેલ છે.'

પછી બધાં પ્રસાદ લઈને વિદાય થયાં.

**'અરેરે ! એવું ના કરવું !'**

સાંતાક્રુઝથી રાત્રે 'વેલાર્ડ વ્યુ'માં ચંદાભાઈને ઘરે આવીને શ્રીમોટાએ પલંગ ઉપર લંબાવ્યું. તેમની પાસે યોગિનીબહેન ઊભાં હતાં. શ્રીમોટાએ તેમને પૂછ્યું, 'ઉદયને (તેમનો મોટો દીકરો) તમે મારો છો ખરાં ?' શરમાઈ જઈને તેમણે 'હા' કહી ત્યારે બે હાથ જોડીને પૂજ્યશ્રી બોલ્યા, 'અરેરે ! એવું ના કરવું. પછી બીજા દીકરા પિંકીને પૂછ્યું કે 'ઉદય તને મારે છે ?' તેણે ના કહી. યોગિનીબહેન બોલ્યાં કે 'કદાચ તે મારેય ખરો.' એટલે પૂજ્યશ્રીએ ઉદયના માથે હાથ મૂકીને એવું ના કરવા કહ્યું. બંને છોકરાઓને પૂજ્યશ્રીએ બહુ વહાલ કર્યું. એકવાર ઉદયને જોઈને તેઓએ કહેલું કે 'આ ઉદય અમારી ન્યાતનો છે.'

તા. ૧૫-૭ની વહેલી સવારે તેઓશ્રી હરમુખભાઈને ત્યાં પધાર્યા અને ૧૬મીની બપોર સુધી રોકાયા. બપોરે મદ્રાસ જવા નીકળ્યા.

■

## (૪૦)

(શિખરિણી-મંદાક્રાંતા)

જેનાથી કૈં જગત પરનાં સર્વ સામાન્ય એવાં,
જેઓ જેઓ નિજ જીવનમાં કૈંક સામર્થ્ય પામ્યાં;
એવી શક્તિ ગૂઢ, સકળને જે રમાડી રહી જ્યાં,
તે શક્તિનાં સહુ રમકડાં આપણે તો બિચારાં.

'જીવન પગલે' **-શ્રીમોટા**

### દક્ષિણના પ્રવાસેથી મુંબઈમાં

શ્રીમોટા, તા. ૧૬-૮-૧૯૬૯ના દિવસે કુંભકોણમ્, મદ્રાસ, ત્રિચિ, પૂણે વગેરે સ્થળે જઈને મુંબઈ પધાર્યા. તેમને આવકારવા કેટલાક ભક્તો વી. ટી. સ્ટેશને હાજર હતા. શ્રીમોટાના પગમાં ચંપલ ન હતાં. તે જોઈને અમારાથી તે વિશે પુછાઈ ગયું. એટલે તેઓશ્રીએ મોં મલકાવીને કહ્યું, 'તું અપાવને.' એટલે મેં નીચા નમીને કાગળ ઉપર તેઓશ્રીના પગનું માપ લીધું, પછી તેઓ શેઠ નટવરલાલ ચિનાઈ કે જેમને બીમાર હોવાથી હરકિસન હૉસ્પિટલમાં દાખલ કરેલા, તેમને જોવા ગયા. મેં, જે. જે. ઍન્ડ સન્સની દુકાનેથી રબરનાં ચંપલ લીધાં, પણ પૂજ્યશ્રીને તે અનુકૂળ ના આવ્યાં. એટલે હૉસ્પિટલમાંથી નીકળીને અમે બધા જે. જે. ઍન્ડ સન્સની દુકાને ગયા, જ્યાં શ્રીમોટાએ ચંપલ તથા મોજડી પણ લીધા. આ દુકાનવાળા પૂજ્યશ્રીના પ્રશંસક હોઈને તેમણે ચંપલ તથા મોજડીના પૈસા લીધા નહિ.

### આળસુ દાતા

ત્યાંથી બધા મરીન ડ્રાઈવ ઉપર શ્રી ભગવાનદાસ કોટકને ત્યાં ગયા, કેમ કે તેઓ બીમાર હતા. ત્યાં ચા પીને શ્રી નંદુભાઈ અને હું એક વેપારી - એમ.ડી. મહેતાને ત્યાં ફૉર્ટમાં ગયા.

તેમણે ત્રણચાર માસ પહેલાં પૂજ્યશ્રીને પાંચ હજારનું દાન આપવાની વાત કરેલી, પણ પછી તેમના તરફથી કોઈ જવાબ ન હતો. તેમની ઑફિસે જઈને શ્રી નંદુભાઈએ દાનના વચનની યાદ આપી કે તુરત જ શેઠે પાંચ હજારનો ચેક લખીને આપ્યો ! આશ્ચર્ય સાથે આનંદ થયો, કેમ કે તેઓ પત્રનો ઉત્તર આપતા ન હતા કે ટેલિફોન ઉપર મળવા માટે સમય આપતા ન હતા. જ્યારે રૂબરૂ મળવા ગયા ત્યારે તુરત જ ચેક આપ્યો !

**કેનેડિયન યુવાનનો જપયજ્ઞ**

રોબિન આર્મસ્ટ્રૉંગ નામનો કેનેડાનો યુવાન, રાંદેર આશ્રમે લગભગ ત્રણ માસ અને કુંભકોણમ્ આશ્રમે બાર મહિનાથી વધુ સમય મૌનમાં બેઠેલો અને 'હરિઃૐ'ના જાપ કરેલા. તે વિશે પૂજ્યશ્રીએ કહ્યું. તે ૩૮૮ દિવસ સુધી અંદર રહેલો, જાણે કે હરિઃૐમય થઈ ગયો ! પાછળથી તેનામાં ગાંડપણનાં ચિહ્ન દેખાવા લાગ્યાં હતાં. અને તેનો તેના મન ઉપર કાબૂ રહ્યો ન હતો. એટલે તે પોતાનાં કપડાં કાઢી નાખતો, રૂમમાંની વસ્તુઓ ફેંકી દેતો.'

**પ્રશ્ન :** 'મોટા, એનું શું કારણ ?'

**શ્રીમોટા :** 'જ્યાં સુધી આંતરશુદ્ધિ થાય નહિ ત્યાં સુધી સાધનાનું ફળ મળે નહિ. તેને થોડા થોડા સમયના અંતરે મૌનમાં બેસવાની સલાહ આપી છે.'

**એ એની ધૂનનું કારણ**

**પ્રશ્ન :** 'બાર માસ સુધી મૌનમાં બેસી રહેવું એ નાનીસૂની વાત ના કહેવાયને ?'

**શ્રીમોટા :** 'હા, પણ એ એની ધૂનનું કારણ હતું. પાછળથી ખબર પડેલી કે એનાં માબાપને છોડીને કામધંધાની પરવા કર્યા

વિના, ભાઈસાહેબ રખડવા નીકળી પડેલા. તે હિપ્પી જેવો હતો, તેથી કદાચ તેને અંદર પુરાઈ રહેવું ગમ્યું હશે. એણે આપણું કોઈ શાસ્ત્ર વાંચ્યું નથી. માત્ર 'હરિઃૐ'નું રટણ કરતો, જપ કરતો. તેમાંથી તેને અંતરની સમજણ ખૂલી ગઈ હોવી જોઈએ. છતાં ચિત્તશુદ્ધિ થયેલી નહિ હોવાથી, તેનાથી આગળ વધાયું નહિ.'★

**યાત્રાએ જનારને સલાહ**

૧૯૬૯ના સપ્ટેમ્બરમાં સારસા (આણંદ) ખાતે પૂજ્યશ્રીના જન્મદિનનો ઉત્સવ સમારંભ હતો, પણ ગુજરાતમાં થયેલ કોમી તોફાનોને લીધે પૂજ્યશ્રીએ તે ઉત્સવ સમારંભ રદ કરાવ્યો હતો, તેથી અમે શ્રીનાથજીનાં દર્શને જવાનું ગોઠવ્યું. શ્રીનાથજી જતાં પહેલાં અમદાવાદમાં પૂજ્યશ્રીનાં દર્શન કરવા અમે રોકાયાં. તેઓશ્રી ત્યારે શ્રી નંદુભાઈના મોટા ભાઈ વાડીભાઈને ત્યાં હતા. એટલે અમે બધાં ત્યાં ગયાં. યોગિનીબહેને આપેલ રૂપિયા ૫૦૦/- તથા 'જીવનપાથેય' પુસ્તક વેચાણના રૂપિયા ૧૨૫/- અમે પૂજ્યશ્રીને આપ્યા, તથા અમે શ્રીનાથજીનાં દર્શને જઈએ છીએ તેમ કહ્યું ત્યારે તેમણે અમને સલાહ આપી કે 'જાત્રાએ જઈએ ત્યારે ઓછામાં ઓછું પાછા વળવાનું થાય ત્યાં સુધી સંસારી વાતો કરવાનું તદ્દન છોડી દેવું, પણ આજકાલ તો લોકો જાત્રાને નામે ફરવા જતાં હોય છે.'

અને પછી અમે પૂજ્યશ્રીને પગે લાગીને વિદાય થયાં.

■

★ રોબિન આર્મસ્ટ્રૉંગ પછી પોતાને દેશ ગયો અને ત્યાં સ્થિર થયો તથા ત્યાં કામધંધામાં લાગી ગયો હતો. એમ પૂજ્યશ્રી ઉપરના તેના પત્રોમાંથી જાણવા મળે છે.

## (૪૧)

ચરણરસ ભક્તિ-જળ-છાલક, હૃદય છાલક પરે છાલક
તને હરિ મારી મારીને, પ્રભુ નવરાવવાનો છે !
'જીવનઅનુભવગીત' **-શ્રીમોટા**

**ભગતભાઈનાં લગ્નમાં**

આર. આર. શેઠ ઍન્ડ કંપનીના માલિક શ્રી ભગતભાઈનાં લગ્ન પ્રસંગે શ્રીમોટા, તા.૨૬-૧૨-૧૯૬૯ના દિવસે મુંબઈ પધાર્યા. મહાલક્ષ્મી માતાના મંદિર પાસે ટી. જી. પેવેલિયનમાં લગ્ન સમારંભ રાખવામાં આવ્યો હતો. ૧૧ વાગ્યે લગ્ન થયાં ત્યારે પૂજ્યશ્રીએ હાજરી આપી. લગ્ન નિમિત્તે સ્વાગત સમારંભ સાંજે ૭ વાગ્યે હતો. પૂજ્યશ્રી તેમનાં સ્વજનો સાથે ૭ વાગ્યા પહેલાં ત્યાં પહોંચી ગયા. તે પછી થોડી મિનિટો બાદ નવદંપતી આવ્યાં, અને પૂજ્યશ્રીને પગે લાગ્યાં ત્યારે પૂજ્યશ્રીએ આશીર્વાદ આપ્યા. ભગતભાઈએ પૂજ્યશ્રીને રૂપિયા એક હજારની ભેટ અર્પી.

**શરીરને મહત્ત્વ નહિ**

આર. આર. શેઠ ઍન્ડ કંપનીના મૅનેજર ધીરુભાઈના પ્રશ્નના ઉત્તરમાં શ્રીમોટા બોલ્યા, 'શરીર શોષાવા માંડ્યું છે. તે કાંઈ અનંતકાળ સુધી ટકી શકવાનું છે કે ? શરીરને મહત્ત્વ આપવું નહિ. શરીર એ ગુરુ નથી. ચેતના પરત્વેની ભાવના એ ગુરુ છે અને આપણો સંબંધ કંઈ અત્રે જ પૂરો થઈ જવાનો નથી. એ તો ચાલ્યા જ કરવાનો છે.'

તે પછી એ જ રાત્રે તેઓશ્રી અમદાવાદ ગયા.

**શ્રીમોટાનું જીવનચરિત્ર**

તા. ૧૪-૨-૧૯૭૦ના દિવસે ધીરુભાઈ મોદી, તેમના એક

મિત્ર અને હું રાંદેર આશ્રમે ગયા. પૂજ્યશ્રીએ સૌ પ્રથમ ધીરુભાઈને તેમનાં બા, જે મૌનરૂમમાં બેઠેલાં હતાં, તેમને બહારથી 'હરિઃૐ' કહી આવવા જણાવ્યું.

અમે બધા જમી આવ્યા એટલે શ્રીમોટાએ અમને શ્રી નંદુભાઈ સાથે પહેલાં તો (પૂજ્યશ્રીના) 'જીવનચરિત્ર' પુસ્તક છાપવા બાબતે વાત કરી લેવા જણાવ્યું. એટલે શ્રી નંદુભાઈ સાથે પુસ્તકના વેચાણ ઉપરની રોયલ્ટી, સંપાદક મંડળ, ભેટનકલો વગેરે વિશે ચર્ચા કરી. છેવટે નક્કી થયું કે 'આર. આર. શેઠ ઍન્ડ કંપની કુલ ૧૨૫૦ પુસ્તકની પ્રત છાપશે. ૧૫ ટકા રોયલ્ટી, ૫૦ નકલો ભેટ તરીકે તથા પુસ્તકના સર્વ હક્કો આશ્રમને આપશે.'

સંપાદક મંડળમાં ધીરુભાઈએ ચાર જણનાં નામ સૂચવ્યાં; શ્રી નંદુભાઈ, ઈશ્વર પેટલીકર, રમેશ ભટ્ટ અને રતિલાલ મહેતા. શ્રી નંદુભાઈએ તેમની અશક્તિ દર્શાવી એટલે પછી ત્રણ જણનું સંપાદક મંડળ બન્યું.

## ચરિત્ર લેખનની તૈયારી

એ પછી અમે બધા પૂજ્યશ્રી પાસે ગયા. તેમની સાધના, કર્મયોગ તથા જીવનની બીજી વિગત આપવા માટે અમે તેઓશ્રીને વિનંતી કરતાં તેમણે કહ્યું કે 'હું કેવી રીતે મારા પોતાના વિશે લખાવી શકું ? હું કાંઈ કહી ના શકું.' ત્યારે મેં પૂછ્યું, 'મોટા, તમારી મદદ વિના અમારાથી શું લખાશે ?' શ્રીમોટાએ કહ્યું, 'બધું લખાશે.'

છેવટે મેં તેમને કહ્યું કે 'હું અવારનવાર ટેપરેકૉર્ડર લઈને આવીશ અને જે કાંઈ વિગત-માહિતી પૂછું તેના જવાબ આપશો.' પૂજ્યશ્રીએ સંમતિ દર્શાવી. અમે શ્રી નંદુભાઈને પણ બને એટલી

આ વિશે મદદ કરવા વિનંતી કરી ત્યારે તેમણે પણ પૂજ્યશ્રીના જીવન વિશેની નોંધો તથા સૂચનો આપવાની તૈયારી દર્શાવી. તે નોંધો ઉપરથી પોતાનું વિસ્તૃત જીવનવૃત્તાંત શ્રીમોટા પોતે કહે તે ટેપ કરી લેવાનું અમે નક્કી કર્યું. એ પછી ૧૦ થી ૧૫ દિવસના અંતરે દિલીપ મણિયાર અને હું રાંદેર આશ્રમે પૂજ્યશ્રીને મળવા જવા લાગ્યા તથા અમારા પ્રશ્નોના તેઓશ્રી જે જવાબ આપતા તે ટેપ કરી લેતા. આ રીતે તેમના જીવનચરિત્રનો ઘણો મોટો ભાગ પ્રભુકૃપાથી તૈયાર થવા લાગ્યો હતો.

## ચેતનનિષ્ઠનો વ્યવહાર

અરસપરસના સંબંધોના મંડાણ વિશે પૂજ્યશ્રીને કંઈક કહેવા વિનંતી કરતાં તેમણે કહ્યું, 'સંસારી જીવોના સંબંધો વિશે એમ કહી શકાય કે લોકો એકબીજાને ઋણાનુબંધે મળે છે, પણ અનુભવી-ચેતનનિષ્ઠ આત્મા માટે એ જ ધોરણ હોઈ ના શકે. રસ્તે જતાં તદ્દન અજાણ્યા માણસનું હિત ચેતનનિષ્ઠ આત્માના હાથે એકાએક થઈ જાય, જેની પેલા માણસને ખબરેય ના હોય અને જે માણસ ઘણાં વર્ષોથી એવા મહાત્માની પાસે રહેલો હોય છતાંય તેનું કશું વળતું ના હોય !'

**પ્રશ્ન :** 'મોટા, આવું કેમ થતું હશે ?'

**શ્રીમોટા :** 'તે આપણા જેવા માણસોથી સમજી નહિ શકાય કે બુદ્ધિથી માપી નહિ શકાય. એવા ચેતનનિષ્ઠ આત્માઓનાં ધોરણ અલગ અલગ હોય છે, તેથી એવાઓનો વ્યવહાર સમજી નહિ શકાય.

## ગુરુમહારાજ સાથેનો સંબંધ

**પ્રશ્ન :** 'મોટા, આપે લખ્યું છે કે ગુરુમહારાજે પોતે આવીને

આપને દીક્ષા આપી હતી. તો એનો અર્થ એ કે તેઓશ્રી આપને ઓળખતા હતા કે કોઈ પરાપૂર્વનો આપની સાથે સંબંધ હતો ?'

**શ્રીમોટા :** 'સમજવા માટે એમ કહી શકાય, તેમ છતાં એવા મહાપુરુષોનો વ્યવહાર સમજી નહિ શકાય. એવા મહાત્માઓ નિરીચ્છ અને મુક્ત હોઈને, તેમને પરાપૂર્વનો સંબંધ કેમ હોઈ શકે ? કેમ કે એમને પ્રારબ્ધ તો હોતું નથી, છતાં સંસારીઓને સમજવા માટે એવું કહેવું હોય તો કહી શકાય. ખરેખર આવા લોકોનો સંબંધ નૈમિત્તિક હોય છે.'

**સાંઈબાબાની પ્રાર્થના - ગઝલો**

**પ્રશ્ન :** 'મોટા, આપ હાલમાં સાંઈબાબાને ઉદ્દેશીને પ્રાર્થનાઓ તથા ગઝલો લખી રહ્યા છો ?'

**શ્રીમોટા :** 'હા, ચંદાભાઈને (ચંદ્રકાંત મહેતાને) સાંઈબાબા માટે ભાવ છે. એટલે એના આધારને મારામાં લઈને સાંઈબાબાને સંબોધું છું. ઠીક ઠીક લખાઈ ગઈ છે. થોડી વધુ લખાશે પછી કોઈ હરિનો લાલ મળશે તો છાપશે. આપણે એની (છાપવાની) ભાંજગડમાં નથી પડવું.★

આ છે ભક્તના ભાવને 'વજ્રલેખ' બનાવી દેવાનો પૂજ્યશ્રીની ઉત્તમ કળાનો એક નમૂનો !

**ભક્ત ખાતર 'તપશ્ચર્યા' !**

સાંજે લગભગ પાંચ વાગ્યે પૂજ્યશ્રી આશ્રમના ચોકમાં ખાટલા ઉપર બેસીને નગીનભાઈ નામના એક સેવકના નાના પુત્રના હાથની રેખાઓ જોઈ રહ્યા હતા ત્યારે હું ત્યાં જઈ ચડ્યો, ત્યારે તેઓશ્રી બોલ્યા, 'આ નગીનભાઈએ મારી ઘણી સેવા કરી છે અને ઘણા સમય પછી મારી પાસે એક જ વસ્તુ માગી હતી. તેની

★ 'સાંઈ-સ્તવન' નામે એ ગઝલો પ્રસિદ્ધ થયેલી છે.

એ ઇચ્છા સંસારી હોવા છતાં તે પૂરી કરવા માટે તપશ્ચર્યા કરવી પડેલી અને પ્રભુકૃપાએ તે ફળી પણ ખરી.'★

**પ્રશ્ન :** 'આપને તપશ્ચર્યા ? તપ કરવાના દિવસો તો ક્યારના પૂરા થઈ ગયા, મોટા !'

**શ્રીમોટા :** 'ના ભઈ, તપ કરવું પડે હોં !'

**'આનું કશું ધોરણ નહિ'**

**પ્રશ્ન :** 'મોટા, આવી વાત નીકળી છે, તો એક એવો બીજો પ્રશ્ન પૂછવાની ધૃષ્ટતા કરું ?'

**શ્રીમોટા :** 'પૂછો.'

**પ્રશ્ન :** 'આપનાં એક જૂનાં સ્વજન છે અને તેમણે પણ આપની ઘણી સેવા કરી છે, પણ તેમના મનની એક એવી ઇચ્છા પૂરી થઈ નથી, તેથી તેઓ કોઈ કોઈ વાર નિરાશા વ્યક્ત કરતાં હોય છે.'

**શ્રીમોટા :** (હસતાં હસતાં) 'વાત કરે છેને ?'

'હા જી.' ત્યારે તેમણે ઉત્તરમાં માત્ર સ્મિત વેર્યું. બપોરના જ તેમણે ચેતનનિષ્ઠનાં ધોરણની સમજ આપેલી કે 'આનું કશું ધોરણ નથી. આપણી બુદ્ધિથી આ બધું નહિ સમજાય.' એ જ સિદ્ધાંત સર્વ બાબતોમાં લગાડવાનો.+

**દોસ્તી બાંધવાની સલાહ**

એટલામાં ધીરુભાઈ આવ્યા. એટલે તેમને શ્રીમોટા કહેવા

---

★ આ વિશેની અમુક હકીકત પ્રસિદ્ધ ના કરવાની પૂજ્યશ્રીની આજ્ઞા હોઈને અહીં સંપૂર્ણપણે લખાયું નથી.

+ આવી બાબતો વિશે સાંઈબાબા કહેતા કે 'અમે ઈશ્વરની ઇચ્છા વિરુદ્ધ કશું કરી શકતા નથી' - તે યાદ આવે છે.

લાગ્યા કે 'આપણામાંથી કોઈ સાધના કરી નહિ શકે. બહુ બહુ તો એકબે કલાક કંઈક થાય તો થાય, પણ તેથી વધુ નહિ થાય. કલાક સુધી સ્મરણ મારી સાથે થાય તો જ ખરું. માટે સાધનાની વાત જવા દો, મારી સાથે દોસ્તી બાંધો, એ સહેલું છે.'

**પ્રશ્ન :** 'દોસ્તીથી એનું કામ આગળ ધપશે ?'

**શ્રીમોટા :** 'જોકે ચેતનમાં પ્રગટવાનું તો ના બની શકે. એમ થવામાં તો ઘણી વાર લાગે, પણ સંસ્કાર પડશે અને ઓથ મળશે. પ્રયોગ કરી જુઓ.'

ધીરુભાઈની ઇચ્છા પૂજ્યશ્રી સાથે કંઈક અંગત વાત કરવાની હતી. એટલે તેમની પાસેના અમે બધાં ત્યાંથી ખસી ગયાં.

**મઢીવાળા ડૉક્ટરની સલાહ**

બીજે દિવસે સવારે ચાર વાગ્યે ડાહીબહેન, પૂજ્યશ્રીને તેલ માલિસ કરતાં હતાં. અમે પણ તેમાં ભાગ લીધો ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું, 'મંચેરશા મઢીવાળાએ કહેલું છે કે 'રોજ તેલ માલિસ કરાવજો, નહિ તો કરોડનાં દર્દને લીધે આગળ જતાં પગ રહી જશે.' ડાબા પગે અસર લાગે છે પણ ખરી. એટલે આ માલિસ કરાવું છું.'

**પ્રશ્ન :** 'મોટા, કરોડનાં તથા કમરનાં દર્દવાળા તો બેસી જ ના શકે, નીચા પણ વળી ના શકે, પણ આપ તો બરાબર પલાંઠી-વાળીને ઘણી વાર સુધી બેસો છો ! એ કેમ ફાવે ?'

**શ્રીમોટા :** 'બેસવું ફાવે તો નહિ જ. દુઃખે પણ ખરું, પણ સૂતા રહેવાથી પાઠાં પડે તથા બરડો દુઃખે. ડૉક્ટર કહે કે 'કોલન વૉટર ચોપડો.' અલ્યા ભાઈ ! એટલું મોંઘું કોલન વૉટર આપણે ક્યાંથી વાપરી શકીએ ? પૈસા આપણા બાપના છે ? એ કરાવે તેમ કરીએ અને રહીએ, પણ આપણાથી પૈસા વેડફી ના દેવાય.'

તેલ માલિસ કર્યા પછી શ્રીમોટાને કમરે દુ:ખદબાણ લેપ ચોપડવામાં આવ્યો. તે પછી તેઓશ્રી ખાટલા ઉપર સૂઈ ગયા અને ભક્તો શેતરંજી ઉપર બેઠા, પછી સત્સંગ થયો.

**ખરો ધર્મલાભ**

સવારે સાડા પાંચ વાગ્યે તેઓશ્રી અને શ્રી નંદુભાઈ, બારડોલી પાસેના વાંકાનેર ગામે જવાના હતા. એટલે સ્વજનો એક પછી એક વિખરાયાં. મેં તેમના પગ ઉપર માથું નમાવ્યું અને ચરણ ચૂમ્યા ત્યારે પૂજ્યશ્રી ખૂબ પ્રેમભાવે ધીમેથી બોલ્યા, 'જય પ્રભુ ! જય મારા વહાલા ! જય શ્રીહરિ !' જે સાંભળીને ગદ્ગદ થઈ જવાયું ! ખરો ધર્મલાભ મળ્યો !

તે પછી અમે ત્રણેએ (ધીરુભાઈ અને તેમના મિત્ર સહિત) મુંબઈ તરફ પ્રયાણ કર્યું.

■

**(૪૨)**

સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંપૂર્ણ ને જે પાછું અવ્યક્ત છે,
પ્રસરે છે થતાં વ્યક્ત આધારે રોમરોમયે.
'ભાવ' **-શ્રીમોટા**

**શ્રી ઝીણાકાકા માટે કાળજી**

નક્કી થયા મુજબ તા. ૩-૯-૧૯૭૦ના દિવસે ભાઈ દિલીપ મણિયાર અને હું આશ્રમે ગયા. અમને જોઈને શ્રીમોટાએ કહ્યું કે 'આવો સાક્ષરો !' થોડી ઔપચારિક વાતો કર્યા પછી તેઓશ્રીએ કહ્યું કે **'જિજ્ઞાસા'**નું થોડું લખી લઉં ત્યાં સુધીમાં તમે નાહીધોઈને તૈયાર થઈ જાવ અને પ્રસાદ લીધા બાદ કંઈ પણ પૂછવું હોય તો પૂછીને ટેપ કરી લેજો.'

રસોડે જમવા બેઠા ત્યારે તેઓશ્રી ઝીણાકાકાને કહેવા લાગ્યા

કે 'ઝીણાભાઈ, તમારી તબિયત સારી લાગતી નથી. તમે માંદા પડશો તો રસોડાનું શું થશે ? આશ્રમ બંધ કરવો પડશે. જરૂર જેવું જો હોય તો છોકરો રાખો અને આપવું પડે તે આપો. તે વખતે શ્રી ઝીણાકાકાએ કહ્યું કે 'મોટા, મારું શરીર સારું છે.'★

જમ્યા પછી તેઓશ્રીએ તેમની 'પુરોહિત' તરીકેની કામગીરી ઉપર ટેપ કરાવ્યું. તે પછી કહ્યું કે 'આપણે સવારે સાડા પાંચ વાગ્યે ડુમસ જવાનું છે, તો તે પહેલાં જે કંઈ પૂછવું હોય તે પૂછી લેજો. જેટલું કામ થાય તેટલું સારું.'

**ડુમસ તરફ**

તા. ૪-૯-૧૯૭૦, શુક્રવાર, સવારે સાડા પાંચ વાગ્યે શેઠ શ્રી ચૂનીભાઈ રેશમવાલાની જીપ આવી. પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈની સાથે રમેશભાઈ ભટ્ટ સહિત ચારપાંચ જણ ડુમસ તરફ ઊપડ્યા.

રસ્તામાં એક ભક્ત શ્રી છોટુભાઈ (બ્રિજ કૉન્ટ્રેક્ટર)ને ત્યાં સાતેક મિનિટ રોકાયા. જવલ્લે જ જોવા મળે તેવું દૃશ્ય ત્યાં જોવા મળ્યું. શ્રી છોટુભાઈ, પૂજ્ય શ્રીમોટાને પગે પડીને પાછા જતી વખતે, પીઠ ફેરવીને ના જતા, પાછા પગે ગયા ! આપણે દેવમંદિરે જઈએ છીએ ત્યારે પણ આવો આચાર પાળતા હોતા નથી. પૂજ્યશ્રી ડુમસમાં હતા ત્યારે શ્રી છોટુભાઈ રોજ બે વખત આવતા તથા દૂધ મોકલતા અને રસોડામાં જઈને મહારાજને કંઈ ચીજવસ્તુ જોઈએ છે કે ? એવી પૂછપરછ પણ કરતા. જોકે શેઠ ચૂનીભાઈ રેશમવાલાએ

---

★ શ્રી ઝીણાકાકા (શ્રી ઝીણાભાઈ મકનજી પટેલ) રાંદેર આશ્રમ થતામાં શ્રીમોટાની નજરે પડેલા અને ત્યારથી તેમણે તેમને આશ્રમ માટે લઈ લીધા હતા, તે આજ સુધી ટ્રસ્ટી તરીકે આશ્રમની સેવા કરે છે. શ્રી ઝીણાભાઈ નિરીચ્છ સમર્પિત જીવાત્મા છે.

ચારપાંચ દિવસનો સામાન અગાઉથી મોકલી આપ્યો હતો. વરસાદને લીધે અમારે બધાને વધુ બે દિવસ ત્યાં રોકાઈ જવું પડ્યું ત્યારે શ્રી છોટુભાઈને ત્યાંથી જરૂરી સામાન અમોને મળી જતો.

એમ કરતાં શેઠ ચૂનીભાઈને બંગલે પહોંચ્યા. રસ્તામાં શ્રીમોટાએ નવાબના કાળની એક વાત કરતાં કહ્યું કે 'એક સાધુ ફરતો ફરતો ત્યાં આવી ચડ્યો અને તેણે નવાબની બાજુએ બેકી કરી. એટલે તેને જેલમાં પૂર્યો ! પણ ગામના એક અગ્રણીએ સાધુ વિશે સાચી વાત કરી. એટલે તેને છોડી મૂકવામાં આવ્યો હતો.'

**શ્રીમોટાએ ભજન ગાયું**

પૂજ્યશ્રી વિશે લખાયેલું પુસ્તક 'જીવન અને કાર્ય' વાંચી સંભળાવવાનું શુક્ર અને શનિ એમ બે દિવસ થયું. અને તે પછી 'જિજ્ઞાસા' ઉપર તેમણે લખેલ કાવ્યો વાંચવામાં આવ્યાં તથા તેની પહેલી આવૃત્તિ છપાવવા માટે યથાયોગ્ય વિભાગમાં તે બધાંને ગોઠવવામાં આવ્યાં. કોઈ કોઈ વાર પૂજ્યશ્રી તે કાવ્યો જાતે લલકારતા. તેનો કેટલોક ભાગ ટેપ કરવામાં આવ્યો હતો. શ્રીમોટા, તેમના સાધનાકાળ દરમિયાન સ્વરચિત ભજનો ગાતાં, તેમાંથી એકાદ ભજન ગાવા વિનંતી કરવામાં આવી ત્યારે તેમણે નીચે મુજબનું ભજન ગાયું :

હરિ ! હું શું કરું રે ? મુજને ચેન પડે નવ ક્યાંયે !..ટેક.<br>
ચિત્ત ચોંટે મુજ કોઈ વિશે ના, મનોમથામણ ભારે,<br>
કાં હડસેલી મુજને મૂક્યો વહેણ વમળમાં ભારે. હરિ.<br>
સુંદર મેળ હતો જામેલો મુજ જીવનનો બાપુ,<br>
કોણે મારું ઘર વણસાવ્યું હતું જે લીંપ્યું ગૂંપ્યું ? હરિ.<br>
જીવનપથમાં ક્યાંથી આવ્યાં, સૂકાં રણ મેદાનો ?<br>
રસકસ મારા ઊડી ગયા ક્યાં ?, ક્યાંથી આ તોફાનો ? હરિ.

ડામાડોળ થતી મુજ નૌકા, ચડ્યું મુજ મન વંટોળે,
નિવૃત્તિ-પ્રવૃત્તિ વચ્ચે, કાં સપડાવી મારે ? હરિ.
જેમ સૂઝ્યું તેમ દીધે રાખ્યું, મદાર તુજ પર બાંધી,
હાવાં કાં અથડાવી મારે, આવી જ્યાં મને આંધી ? હરિ.

**પૂજ્યશ્રીનું રૌદ્ર સ્વરૂપ**

પૂજ્યશ્રીના જીવનચરિત્ર વિશેના કેટલાક લેખો જે મેં લખેલા, તેનાથી તેમને સંતોષ નહિ થયેલો, તેથી તેમણે તે બધા લેખોને ફરીથી બરાબર મઠારી લખવા કહ્યું. તે પુસ્તક માટે લખેલું ‘વીણેલાં મોતી’ નામના પ્રકરણમાંથી ઘણા ખરા પ્રસંગો ‘મુંબઈ સમાચાર’ દૈનિકમાં ‘ગોપાલ’ના નામે પ્રગટ થયેલા, તેથી પૂજ્યશ્રીએ સૂચવ્યું કે દરેક તેવા તેવા પ્રસંગની નીચે ‘મુંબઈ સમાચાર’ અને પ્રગટ થયાની તારીખ લખવી. તે સામે મારાથી એવી દલીલ થઈ ગઈ કે ‘આપણે એવું ના લખીએ તો ના ચાલે ? કેમ કે એ પ્રસંગો કોઈ પણ રીતે ‘મુંબઈ સમાચાર’ની માલિકીના નથી. તેના તંત્રીએ તે પ્રસંગો છાપ્યાનો પુરસ્કાર આપ્યો નથી. એટલે કે વિના મૂલ્યે છાપ્યા હતા.’

ત્યારે પૂજ્યશ્રીના અવાજમાં રુદ્રતાનાં દર્શન થયાં. તેમણે કડકાઈથી કહ્યું કે ‘એવું લખવામાં આપણું શું જાય છે ? ઊલટું ‘મુંબઈ સમાચારવાળા’ને સારું લાગશે.’ તેઓશ્રીનાં રૌદ્ર સ્વરૂપને જોઈને હું તો ઠરી ગયો. આ વખતે તેઓશ્રીનાં વિવિધ પાસાંનો અનુભવ માણવા મળ્યો અને તેઓશ્રીએ મારા અહમ્‌ને ઠપકારીને મને પાઠ ભણાવ્યો.

**વરસાદથી જળબંબાકાર**

શનિવારની રાતે એકદમ હવામાન બદલાયું અને ધોધમાર વરસાદ પડવો શરૂ થયો, તે સોમવાર સુધી એકધારો વરસ્યો.

એથી સુરત અને ભરૂચ જિલ્લામાં તથા સૌરાષ્ટ્રમાં ભારે પૂર આવ્યાં અને સેંકડો માણસો તથા ઢોર મૃત્યુ પામ્યાં. કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન પણ થયું.

તા. ૬-૯-૧૯૭૦ થી તા. ૧૯-૯-૧૯૭૦ સુધી મુંબઈથી અમદાવાદની ગાડીઓ વરસાદને કારણે બંધ રહેલી અને તે પછી પણ ઘણા દિવસે વાહન વ્યવહાર રાબેતા મુજબ થયેલો. આથી પૂજ્યશ્રી અને મંડળીનો રવિવારે સાંજે ડુમસ છોડવાનો કાર્યક્રમ રદ કરવો પડ્યો અને છેક મંગળવારે સવારે અગિયાર વાગ્યે શ્રી હસમુખભાઈ રેશમવાલા મોટી લૉરી લઈને આવ્યા ત્યારે સુરત જવાનું થયું.

**સ્વજનો માટે સહાનુભૂતિ**

રાંદેર આશ્રમમાં પણ પાણી ભરાઈ ગયેલાં. પૂજ્યશ્રીએ કહેલું કે 'જ્યારે જ્યારે પૂર આવેલાં અને આશ્રમમાં બધાં મુશ્કેલીમાં મુકાઈ ગયેલાં હતાં ત્યારે ત્યારે હું જ તેમનાથી દૂર હતો ! આવે સમયે આપણે સ્વજનો સાથે હોઈએ તો સારું.' આ રીતે તેઓશ્રીએ પોતાની ભાવના બતાવી. વળી, લેખનકાર્યના સંદર્ભમાં બતાવ્યું કે 'ભલે વરસાદ પડ્યો અને રસ્તા બંધ થઈ ગયા, પણ એથી આપણને વધુ સમય સાથે રહેવાનું બન્યું અને આપણું કામ સારું થયું એ એની કૃપા ગણાય. પ્રભુકૃપાએ આપણું કામ સારું થશે, ચિંતા નથી.'

**'જેને દૃષ્ટિ હોય તે જુએ'**

તા. ૫-૯ થી ૭-૯ દરમિયાન પડેલા મુશળધાર વરસાદ દરમિયાન ચમત્કારિક ગણાય એવા બે બનાવો બન્યા. પહેલી રાતે તા. ૫-૯ના રોજ અમે જે મકાનમાં રહેલા, તેના બધા ઓરડા પૂરનાં પાણીથી ભરાઈ ગયેલા. શ્રી નંદુભાઈ, જે બહાર

ઓટલા ઉપર સૂતેલા તે પણ મધરાતે ઊઠીને અંદર જતા રહેલા, પણ શ્રીમોટા, જે બહાર ઓટલા ઉપર મચ્છરદાનીવાળા ખાટલા ઉપર સૂતેલા, તે ખાટલો અને આજુબાજુની જગ્યા જરાયે ભીંજાઈ ન હતી ! શ્રીમોટા તો ઊઠીને અંદર જવા માગતા હતા, પણ બધાંની ઊંઘમાં ખલેલ ના પડે એટલા માટે તેઓ બહાર જ સૂઈ રહેલા, એમ તેઓશ્રીના કથનથી સમજાયેલું.

તા. ૬-૯-૧૯૭૦ના દિવસે આખા ડુમસમાં વીજળી બંધ થઈ ગયેલી હતી ત્યારે પણ અમારા મકાનમાં વીજળી ચાલુ હતી. છેક બપોરે લગભગ બે વાગ્યાના સુમારે પૂજ્ય શ્રીમોટા, જે ઓરડામાં અમારી આગળ 'જિજ્ઞાસા' ઉપર લખેલાં કાવ્ય વાંચી રહ્યા હતા ત્યારે 'બલ્બ' બંધ થઈ ગયો અને બીજી ક્ષણે ચાલુ થઈ ગયો, પણ બીજા ઓરડાઓમાં અંધારું હતું ! આ રીતે પૂજ્યશ્રીનું કામ અર્ધો-પોણો કલાક ચાલ્યું અને જેવું કામ પૂરું થયું કે ઓરડામાંની લાઈટ ગઈ ! ત્યારે અમારામાંના ઘણા એમ બોલી ઊઠ્યા, 'અરે ! વાહ !' એ સમયે શ્રીમોટા સહજ ભાવે બોલ્યા કે 'જેને દૃષ્ટિ હોય તે જુએ અને આ બનાવને સમજે.'

તા. ૭-૯-૧૯૭૦ના રોજ ડુમસમાં નવા રહેવા આવેલા એક લેખક શ્રી ઈશ્વરલાલ દેસાઈ, તેમનાં પત્ની સાથે પૂજ્યશ્રીને મળવા આવેલા, પણ ત્યારે તેઓશ્રી સૂતેલા હોવાથી તેઓ પાછા જતા રહ્યા. જ્યારે તેમણે આ વાત જાણી ત્યારે તેઓશ્રી પોતે અમને બધાને લઈને ઈશ્વરભાઈને મળવા ગયા હતા.

**શક્તિનું વ્યક્ત થવા પણું**

આ દિવસો દરમિયાન પૂજ્યશ્રીએ એકવાર મને ખાસ ભારપૂર્વક પૂછેલું કે 'રતિભાઈ, મોટાનું જીવનચરિત્ર પ્રસિદ્ધ કરવા તમે આર. આર. શેઠ ઍન્ડ કંપનીને સૂચવેલું ?' આમ પૂછવાનું

કારણ એ હતું કે તેઓશ્રી કદી પોતાના વિશે કે આશ્રમ વિશે પોતે કંઈ પણ લખીને પ્રસિદ્ધ કરવા કે કરાવવા માગતા ન હતા.

મેં કહ્યું, 'અંતરમાં એવી ઈચ્છા ખરી કે આપનું જીવનચરિત્ર કોઈ છાપે, પરંતુ મેં પોતે તેમને કદી એવું સૂચન કર્યું ન હતું.'

**શ્રીમોટા :** 'તો તેવી ઈચ્છા તેમને શી રીતે જાગી હશે ?'

મેં કહ્યું, 'આપના વિશેના એક સ્મૃતિગ્રંથનું★ અવલોકન 'જન્મભૂમિ'માં પ્રસિદ્ધ થયેલું, જે ધીરુભાઈએ વાંચેલું હશે અને તેમાંથી તેમને આપનું જીવનચરિત્ર છપાવવાની પ્રેરણા મળી હશે.'

**શ્રીમોટા :** 'વગર કહ્યે આ જીવનચરિત્ર છાપવા કોઈ તૈયાર થાય, એમાં હું, ઈશ્વરની શક્તિનું વ્યક્ત થવાપણું સમજું છું.'

અને આ રીતે આનંદ-ઉલ્લાસના વાતાવરણમાં પણ વરસાદથી થયેલી તારાજીને લીધે જરા ગંભીર ભાવમાં શ્રી હસમુખભાઈ રેશમવાલા મોટર લૉરી લઈને આવ્યા ત્યારે અમે સુરત પહોંચ્યા.

■

**(૪૩)**

ભાવમાં જ્ઞાનનો ભાવ, ભાવમાં ભક્તિ પૂર્ણ છે-
જન્મે છે ભાવથી કર્મ, ભાવ એવો ત્રિવેણી છે.

'ભાવ' **-શ્રીમોટા**

## ઢોંગી સંત

તા. ૧૦-૧૦-૧૯૭૦ના રોજ દિલીપ મણિયાર અને હું, રાંદેર

---

★ પૂજ્ય શ્રીમોટાની ૭૦મી જયંતી 'હીરક મહોત્સવ' તરીકે ઊજવવામાં આવી ત્યારે એક સ્મૃતિગ્રંથ બહાર પડેલો અને તેનું અવલોકન 'જન્મભૂમિ'માં પ્રસિદ્ધ થયું હતું, તે ધીરુભાઈએ (આર. આર. શેઠ ઍન્ડ કંપનીના મૅનેજરે) વાંચેલું અને તે પછી તેની કેટલીક નકલો તેમણે ખરીદી પણ હતી ત્યારથી તેમને શ્રીમોટા ઉપર ભાવ જાગેલો.

આશ્રમે ગયેલા ત્યારે પૂજ્યશ્રીનું કેટલુંક વક્તવ્ય ટેપ કરી લીધું. એ પછી તેઓશ્રીના શરીરની બીમારી સંબંધે વાત થતી હતી ત્યારે દિલીપ મણિયારે કહેલું કે 'મોટા, તમને શાની બીમારીઓ આવે ? તમે ઢોંગ કરો છો !' એનાથી બોલતા તો બોલાઈ ગયું, પણ શ્રીમોટાએ તેને સોનાના પતરાં ઉપર 'ઢોંગી સંત' એવું કોતરાવીને ભરસભામાં એમને (શ્રીમોટાને) તે પહેરાવવાનું ફરમાવેલું. દિલીપ મણિયારે એવું બોલવા બદલ માફી માગી લીધી, તોપણ એવું સોનાનું પતરું એને કરાવવું પડેલું. ભરસભામાં શ્રીમોટાએ તે માથે પહેરેલું અને પછી તે વેચી દીધેલું.

**ભક્તના હાથે સત્કર્મ**

પૂજ્યશ્રી ભક્તોના હાથે સત્કર્મ કરાવતા તેનો એક દાખલો આપું તો તેને આત્મપ્રશંસામાં નહિ ખપાવવા વિનંતી. તેઓશ્રી નડિયાદ જવા ઊપડ્યા તે અગાઉ તેમણે મારાં પત્ની કીર્તિદાને એક ચિઠ્ઠીમાં લખી જણાવ્યું કે 'કુંભકોણમ્‌માં થોડા ગરીબ વિદ્યાર્થીઓને ઈડલી ખવરાવવા ગયે વર્ષે રૂપિયા ૭૦/- આપ્યા હતા. આ વખતે તું રૂપિયા ૩૫/- આપજે.' બસ, ત્યારથી દર વર્ષે આવું સત્કર્મ તેઓશ્રીની પ્રેરણાથી થતું રહે છે.

બીજો દાખલો : નડિયાદમાં તેમનાં એક ભાભી રહેતાં હતાં. જે મિલમાં નોકરી કરતાં હતાં. શ્રીમોટા કોઈ કોઈ વાર ભાભીને ત્યાં જઈને 'બટકું રોટલો' માગીને ખાતા અને તેમના કલ્યાણ અર્થે પ્રાર્થના કરતા.

એવી જ રીતે એકવાર અમારે ત્યાં કૃપા કરીને તેમણે ભોજન લીધા પછી જતાં જતાં મધુરભાવે બોલતાં કહેલું કે 'ખાનારનું ભલું થજો અને ખવરાવનારનુંયે ભલું થજો !'

■

## (૪૪)

સાચા હૃદયની નમ્રતા ઘેટાંના જેવી નથી હોતી, એનામાં તો અગ્નિનું પ્રચંડ તેજ અને શક્તિ પણ રહેલાં છે.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

**આરામગૃહમાં શ્રીમોટા**

લગભગ બાર મહિના પછી પૂજ્યશ્રી તા. ૨૨-૭-૧૯૭૧ના દિવસે મંબઈ પધાર્યા ત્યારે તેઓશ્રીની પાસેથી જાણવાનું મળ્યું કે તેઓશ્રી ત્રણ જણને ગઝલો લખીને મોકલે છે. (૧) કુ. ડૉ. સુજાતા, (૨) શ્રી કાંતિલાલ કાંટાવાળા અને (૩) ડૉ. કાંતાબહેન. પૂજ્યશ્રી જેને માટે લખે તેની પાસેથી દક્ષિણા લેવાતી અને તે રકમનો કેળવણી અર્થે ઉપયોગ થતો.

શ્રીમોટા, એકબે ભક્તોને લઈને કુંભકોણમ્ ગયા અને તા. ૨-૮-૧૯૭૧ના રોજ વિમાનમાર્ગે મુંબઈ પાછા આવ્યા. આ મુસાફરીનો પ્રબંધ 'એલેમ્બિક કેમિકલ્સ'વાળા શેઠ રમણભાઈ અમીને કરેલો હતો.

તેઓશ્રી મુંબઈ ઍરપૉર્ટથી સીધા 'મુંબઈ સેન્ટ્રલ' સ્ટેશને આવ્યા અને આરામગૃહમાં એક કોચ ઉપર આરામ કરવા લાગ્યા. ખાટલાવાળા ઓરડામાં આરામ કરવાની વ્યવસ્થા થઈ શકે એમ હતી છતાં તેમણે ના પાડી. બિસ્તરામાંથી ઓશીકું કાઢવાની પણ ના પાડી અને તેમના ફેંટાને તેમણે માથા નીચે રાખીને ઓશીકું બનાવ્યું. કોચ ટૂંકો હતો. એટલે ટૂંટિયુંવાળીને સૂઈ ગયા. તે પહેલાં ઉપસ્થિત ભક્તોને તેમણે શ્રી નંદુભાઈ પાસે જઈ બેસવા સૂચના કરી. આ રીતે તેમણે ત્રણ કલાક સુધી આરામ કર્યો.

તે વખતે ત્યાંનું દૃશ્ય : આજુબાજુ બાળકો રમતાં હતાં. ચાર-પાંચ મુસાફરો આરામખુરશીમાં લાંબા થઈને સૂતા હતા, તો કેટલાંક બેઠાં બેઠાં ઝોકાં ખાતાં હતાં. સામાન અસ્તવ્યસ્ત પડેલો હતો. બાજુના રેસ્ટોરન્ટમાંથી તળાઈ રહેલી વસ્તુઓની ગંધ આવતી હતી.

જો તેઓની ઇચ્છા હોત તો પાસે રહેતા તેમના કોઈ સ્વજનના ફ્લૅટ ઉપર તેઓશ્રી જઈ શકત, પણ તેમણે પહેલેથી કોઈને ત્યાં નહિ જવાનું નક્કી કર્યું હતું. તેઓશ્રી ઘણી વાર કહેતા કે 'નરકમાં સૂઈ જવાની પણ તૈયારી રાખવી જોઈએ.' સાંજની ગાડીમાં તેઓશ્રી સુરત ગયા.

**શ્રીમોટાને ઊભા થવાની મુશ્કેલી**

તા. ૮-૮-૧૯૭૧ના રોજ હું રાંદેર આશ્રમે ગયો. તેમને નમન કરતાં તેમણે કહ્યું, 'પરવારીને પગે તેલ ચોળવા આવજો.'

તેલ ચોળવાં બેસતાં ડાહીબહેને (જે એક પગે તેલ ચોળતાં હતાં) કહ્યું કે 'મોટાને કુંભકોણમ્‌માં પગે જરાયે સારું ન હતું. ઊભું પણ થવાતું ન હતું. પગ અકડાઈ ગયેલા. એથી ઊભા થઈને ચાલી શકાતું ન હતું. હસમુખભાઈએ (શ્રી નંદુભાઈના-મામાના દીકરા-ભાઈ) એક ખાસ તેલ આણ્યું છે. તે બહુ મોંઘું છે. સાઠ રૂપિયે કિલો ! તેનાથી જરા ફાયદો છે.' પૂજ્યશ્રી બોલ્યા, 'આવું તેલ આ બાજુ મળે છે કે કેમ એ સવાલ છે.'

**એક બહેનના તુક્કા**

મુંબઈનાં એક બહેને આઠ પાનાં ભરીને એક પત્ર પૂજ્યશ્રીને લખેલો અને એવી ફરિયાદ કરેલી કે 'તમે બીજાની આગળ અમારી નિંદા કેમ કરો છો ?' મેં પૂજ્યશ્રીને કહ્યું, 'એ બહેને મને પણ એવું જ્યારે કહ્યું ત્યારે બહુ આશ્ચર્ય થયું હતું અને તેમને

મેં કહેલું કે 'તમારી વાત હું સ્વપ્નેય માનવા તૈયાર નથી.' ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું, 'એ તો એમનાં (એ બહેનનાં) મનના તુક્કા હતા.'

સાંજનું ભોજન લીધા પછી, પૂજ્ય શ્રીમોટાએ મૌનમાં બેઠેલા એક અમેરિકન યુવાનનું નિવેદન મોટેથી વાંચવા કહ્યું. નિવેદન પૂરું સાંભળ્યા બાદ શ્રીમોટાએ કહ્યું કે 'એ સમજ્યો છે ખરો... એ કાલે (રવિવારે) બહાર નીકળે ત્યારે તેની સાથે વાતો કરજો, સત્સંગ કરજો.'

એટલામાં એક યુવાન સંન્યાસી મૌનમાં બેસવા આવ્યા. તેમને ભોજન માટે કહ્યું ત્યારે તેમણે 'ભૂખ નથી', એમ કહેતાં શ્રીમોટાએ તેમને એક કેળું આપ્યું.

**'પગે પડવાનો શો અર્થ ?'**

'આર. આર. શેઠની કંપનીએ કેટલાં પુસ્તક વેચ્યાં ?' એમ તેઓશ્રીએ પૂછ્યું. મેં જણાવ્યું કે 'ખાસ નહિ'. તે સાંભળીને તેઓશ્રી કહેવા લાગ્યા, 'જે અમારું કામ કરે તે અમારો ભગત. કોઈ ખાલી ખાલી પગે પડે તેનો કાંઈ અર્થ નથી. બધાં ખોટું ખોટું લઈ બેઠાં છે ! પગે પડવાનો શું અર્થ - જો કંઈ કામ ના કરે તો ?'

**લોકોને તૈયાર ખીચડી જોઈએ છે**

મુંબઈનાં એક વિધવા બહેને પૂજ્યશ્રીની આગળ તેમની તકલીફ વર્ણવી હતી, તે યાદ કરતાં તેમણે કહ્યું, 'એમની દીકરીનું લગ્ન થતું નથી. હું શું કરું ? મારી પાસે એવી કોઈ શક્તિ નથી કે હું તે કરાવી આપી શકું ? આજકાલ લોકોને તૈયાર ખીચડી જોઈએ છે. કોઈ પણ મહાત્મા એકદમ અજાણ્યાને કશું ના આપી દે. પહેલાં સંબંધ બાંધો, સંબંધ કેળવો અને તેની કંઈક સેવા

કરો. તેના હૃદયમાં તમે પેસો, પછી એમની મદદની આશા રાખો, પણ એમ કરવું નથી અને થોડા પૈસા ભેટમાં મૂક્યા એટલે જાણે કે તે મહાત્મા તમારી બધી ગૂંચો ઉકેલી આપવા બંધાઈ ગયો, એવી લોકોની ગણતરી હોય છે !'

બીજે દિવસે રવિવારે, પૂજ્યશ્રીએ જેની વાત કરેલી તે અમેરિકન યુવાન મૌનમાંથી બહાર આવ્યો. તેણે ખાદીની લુંગી અને બનિયન પહેર્યું હતું. તેની સાથે વાત કરતાં તેણે જણાવ્યું કે 'અમેરિકાના યુવાનોને હાલની રાજકીય નીતિ, સામાજિક વ્યવસ્થા વગેરે પસંદ નથી. તેમને સાચું સુખ અને શાંતિ જોઈએ છે. એટલે તેઓ નશીલી દવાઓનો આશરો લે છે અને છેવટે ભારત તરફ નજર નાખે છે. આમાં વધુ પ્રમાણમાં હિપ્પીઓ હોય છે.'

એ પછી અમે પૂજ્યશ્રીનાં ચરણમાં વંદન કરીને વિદાય લીધી.

■

**(૪૫)**

નિમિત્ત સાથ એવાની સંકળાયેલ જે હશે,
સ્વીકારાત્મક ભૂમિકાવાળાં છો નવ હોય તે,
છતાં સંસ્કાર પેલાના બીજાંમાં તો પ્રવેશશે,
લાંબા ગાળાતણો એવો સંબંધ, 'પ્રાણ' પ્રેરશે.

'નિમિત્ત', અ. ૧૧/૪-૫ **-શ્રીમોટા**

## જીવનચરિત્ર માટે ફોટા

જ્યારે પૂજ્યશ્રીનું જીવનચરિત્ર છપાવવાનું નક્કી થયું ત્યારે અમારા કેટલાકના મનમાં વિચાર ઉદ્ભવ્યો કે 'પૂજ્યશ્રીના જીવનના તથા આશ્રમના ફોટા વિના પુસ્તક અધૂરું રહે.' માટે આ બધા ફોટા કેવી રીતે મેળવી શકાય તે વિચારવા લાગ્યા.

દરમિયાન અમારા એક પરમ મિત્ર લેફ્ટનન્ટ કર્નલ બળવંત ભટ્ટ (રિટાયર્ડ)ને મળવાનું થયું. અને જ્યારે તેમણે જાણ્યું કે શ્રીમોટાનું જીવનચરિત્ર લખાઈ રહ્યું છે અને આર. આર. શેઠની કંપની તે પ્રસિદ્ધ કરનાર છે ત્યારે તેઓ (બળવંત ભટ્ટ) રાજી થયા. તેઓ અવારનવાર મૌનમાં પણ બેસતા હતા. તેથી એમને શ્રીમોટા પ્રત્યે ભાવ પણ હતો. વળી, તેઓ નિષ્ણાત ફોટોગ્રાફર હતા, જોકે ધંધાદારી નહિ.★ તેમણે કહ્યું કે 'આવા પુસ્તકમાં ફોટા હોવા જોઈએ.' 'હું પણ એ જ વિચારનો છું, પણ ફોટા કોણ લઈ શકે ? કેટલે બધે સ્થળે ફરવું પડે ?' એવું મેં કહ્યું એટલે બળવંતભાઈએ તુરત જ કહ્યું, 'ચાલો, આપણે ફોટા પાડવાનું કરીએ. તમે શ્રીમોટાને પૂછી જુઓ. તેઓશ્રી તથા શ્રી નંદુભાઈ થોડું માર્ગદર્શન આપે તો આપણા ખર્ચે ફોટા પાડીને લઈ આવીએ.'

મેં કહ્યું કે 'શ્રીમોટાને વાંધો નહિ હોય, પણ તેના ખર્ચનું શું ?'

બળવંતભાઈએ કહ્યું કે 'ખર્ચની ચિંતા ના કરશો. ફિલ્મથી માંડીને 'નેગેટિવ-પૉઝિટિવ' કઢાવવા સુધીનો બધો ખર્ચ મારો.'

'અચ્છા, બહુ સરસ. આપણે બંને સાથે જઈશું. મુસાફરીનો ખર્ચ 'ફિફ્ટી-ફિફ્ટી' બરાબર ?'

'કબૂલ', તેમણે તુરત જ હા પાડી.

**પૂજ્યશ્રીની શક્તિના પ્રતાપે**

મેં તુરત જ આ વાત પૂજ્યશ્રીને તથા શ્રી નંદુભાઈને કરી. તેઓ રાજી થયા. શ્રી નંદુભાઈએ પૂજ્યશ્રીના જન્મસ્થાનથી માંડીને આશ્રમો થયા તે બધાં સ્થળોની યાદી બનાવી આપી, તથા

★ મહાત્મા ગાંધીનો દાંડીકૂચનો પ્રખ્યાત ફોટો શ્રી બળવંતભાઈએ પાડેલો. તેની મોટી રંગીન નકલ સાબરમતી આશ્રમની દીવાલ ઉપર મૂકેલી છે.

જે જે જગ્યાઓએ ઓળખાણ કરાવવાની જરૂર હતી, તે તે જગ્યાઓના લાગતાવળગતા ભાઈઓ ઉપર પત્રો પણ લખી આપ્યા. એટલે અમારું કામ ખૂબ સરળ થઈ ગયું. રાંદેર આશ્રમના તથા પૂજ્યશ્રીના ફોટા પાડીને શ્રી બળવંતભાઈએ કામ શરૂ કર્યું. તે કુલ મળીને લગભગ દોઢસો ફોટા પાડવામાં આવ્યા. આ ફોટા પાડવાની કામગીરી દરમિયાન અમને જે કંઈ આકસ્મિક મદદ પ્રવાસ દરમિયાન મળ્યા કરતી હતી, તે પૂજ્યશ્રીની શક્તિનો પ્રતાપ હતો. એટલું કહ્યા વિના રહી શકાતું નથી.

■

**(૪૯)**

મરી પરવારવું જીવતાં, ખરું તે મરવું યોગ્ય જ છે,
અમે તે ભેટીને મૃત્યુ, જીવનને શું સ્વીકાર્યું છે ?
'જીવનઅનુભવગીત' **-શ્રીમોટા**

**નિમિત્ત મળે તો....**

અમે બંને તા. ૨૩-૧૦-૧૯૭૧ના રોજ વહેલી સવારે રાંદેર આશ્રમે ગયા. થોડી વાર પછી પૂજ્યશ્રી નડિયાદથી આવ્યા. તેમનાથી હવે ઝાઝું ચાલી શકાતું નથી. તેઓના પગે, કમરે અને થાપા ઉપર સવારસાંજ વૈદ્યે બતાવેલાં તેલનું માલિસ થતું હતું. તેઓશ્રીએ કહ્યું, 'શરીર હવે તેની મર્યાદા વટાવી રહ્યું છે, પણ પ્રભુકૃપાએ માઈન્ડ એલર્ટ છે-મગજ સાબૂત છે. એટલું સારું છે.'

'મોટા, તમારું માઈન્ડ તો સાબૂત જ રહેને ?'

'ના, જો એવું નિમિત્ત મળે તો, એય ઠેકાણે ના રહે !'

**હળવા હાથે ચાબખા !**

જમવા બેસતાં પૂજ્યશ્રી હંમેશાં હળવા મૂડમાં આવી જતાં અને જેને કંઈક સલાહ આપવા જેવી હોય તેને આડકતરી રીતે

સલાહ આપતા, કોઈને ઠપકો આપવા જેવો હોય તો તેને મીઠો ઠપકો આપતા અને કોઈ પ્રત્યે વહાલ પણ દર્શાવતા. એક બહેનને સંબોધીને બોલ્યા :

'.... અહીં ના આવે તો એને બેચાર માણસો દ્વારા બાંધીને લેતા આવજો.... આ પણ સાંઈબાબાનું જ (સ્થાન) છે. એમ જાણજો... એ (તેના પતિ) ગાડીભાડાના પૈસા ના આપે તો હું આપીશ, પણ તું આવતી રહેજે. તું આવે તો મને બહુ ગમે છે. તારા વિના મને વહાલ કોણ કરશે ?'

મારી તરફ હાથ લંબાવીને તેઓશ્રીએ કહ્યું, 'આમને ચમત્કારમાં બહુ રસ પડે છે ! અરે ! ડુમસમાં બધે અંધારું હતું, છતાં અમારી એકલાની જગ્યાએ લાઈટ ચાલુ રહી, અને અમારું લેખન-વાંચન ચાલ્યું ત્યાં સુધી લાઈટ રહી ! વળી, ત્યાં આખી રાત ધોધમાર વરસાદ વરસ્યો, છતાં (પડાળીમાં સૂતેલા હોવા છતાં) મારો ખાટલો પલળ્યો નહિ ! એ કેવો ચમત્કાર ! આનું આ લોકોને ભાન નહિ ! અને ચમત્કાર જોવા મંડે છે !.... કશું કરવું નહિ. નહિ ભજન, નહિ પ્રાર્થના, નહિ સ્મરણ અને કાંઈ નહિ.... એમના દિલમાં અમારે માટે કેવી ભાવના અને પ્રેમ છે તે જોયાં ?'

ભોજન પછી તેઓશ્રી આરામ કરવા ગયા. એકાદ કલાક બાદ ઊઠીને તેમણે જાતે પોતાની દાઢી કરી, કારણ કે દાઢી કરવાવાળો નાઈ આવેલો નહિ.

**શ્રીમોટાની મદદ**

પૂજ્યશ્રીના જીવનચરિત્ર માટેના ફોટા બાબતે વાત નીકળતાં, મેં તેમને સાવલી, કાલોલ, પેટલાદ, વડોદરા, ગરુડેશ્વર, સુરપાણેશ્વર વગેરે સ્થળોએ જઈ આવ્યાની વાત કરી. પેટલાદની

સ્કૂલના અને તેમના નિવાસસ્થાનના ફોટા લેવા ગયા ત્યારે ભારે વરસાદ પડતો હતો, છતાં પણ શ્રી બળવંતભાઈએ હિંમતથી ફોટા પાડેલા તે વાત બતાવી કહ્યું કે ‘એ ફોટા કેવા આવશે તેની ખબર નથી, કેમ કે આકાશ ઘનઘોર હતું તથા વરસાદ પણ જોરમાં પડતો હતો.’ ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું, ‘સારા ફોટા આવશે.’★ સુરપાણેશ્વર પાસેના રણછોડજીના મંદિરે પહોંચતાં આખો રેતીનો લાંબો પટ પાર કરવાનો હતો, પણ તેમાં પગકેડી જેવું કાંઈ ન હતું. એટલે અમે અંદર ને અંદર જ ફર્યા કરતા હતા ત્યારે એવા સમયે મંદિરના પૂજારી આવી પહોંચ્યા. તેઓએ અમોને પ્રભુકૃપાથી સીધા રસ્તે દોર્યા હતા

તે વાત કરી ત્યારે તેઓશ્રીએ સ્મિત કર્યું અને વિશેષમાં કહ્યું કે ‘જીવનચરિત્ર લખવાની આ સાચી રીત છે. તે તે જગ્યાઓએ જઈને બધું જુઓ કરો ત્યારે સાચો ખ્યાલ આવે અને તેમાં તન્મય થવાય અને ત્યાર પછી લખાણમાં પ્રાણ પ્રગટે. તમે બધાએ આ બહુ સારું કામ કર્યું.’

■

**(૪૭)**

પ્રભુને પામવાના અનંત માર્ગ છે, સાધનાના અનંત પ્રકાર છે અને ભગવાનનાં દર્શન પણ અનંત રૂપોમાં થાય છે.

‘જીવન પરાગ’ **-શ્રીમોટા**

## ‘.... છતાં ભક્તિ વધી ?’

તા. ૨૬-૧૧-૧૯૭૧ના રોજ શ્રીમોટા, મુંબઈ પધાર્યા. મને

★ જ્યારે ફોટા ધોવાઈને આવ્યા ત્યારે તે તદ્દન સારા આવેલા જણાયા હતા !

જોતાં જ તેઓશ્રી બોલ્યા, 'પેલા વરસાદમાં પાડેલા ફોટા★નો ચમત્કાર જોયો ? એથી ભક્તિ કેટલી વધી ? બેત્રણ વાર તેમણે એ પ્રશ્ન કર્યો. મેં નકારમાં માથું હલાવ્યું.

ચિનાઈ શેઠને ત્યાં બપોર સુધી રોકાઈને તેઓશ્રી 'વેલાર્ડ વ્યુ'માં ચંદ્રકાંત મહેતાને ત્યાં પધાર્યા. દૈનિકોમાં 'આજના કાર્યક્રમ'ના મથાળાં હેઠળ પૂજ્યશ્રીના અત્રેના રોકાણ બાબતનો ઉલ્લેખ થયો હતો, તેથી તેઓશ્રીનાં દર્શનાર્થીઓની સંખ્યા વધી ગઈ હતી.

**પૂજ્ય શ્રીમા આનંદમયીની યાદ**

પૂજ્યશ્રીનાં દર્શન માટે એક 'હાર્ટ સ્પેશિયાલિસ્ટ' ડૉક્ટર આવ્યા, કે જે શ્રીમા આનંદમયીના ભક્ત છે, એવી તેમની ઓળખાણ આપતાં શ્રીમોટાએ કહ્યું કે 'માતાજી એકવાર મારા દક્ષિણના આશ્રમે (કુંભકોણમ્) પધારેલાં અને તે પછી સાબરમતી આશ્રમે પણ આવેલાં, પણ હું તો ભૂત ! શહેરમાં ક્યાંક ફરતો હતો. કોઈએ મને માતાજીની આવ્યાંની ખબર આપી. એટલે હું સાબરમતી આશ્રમે ગયો અને તેઓશ્રીનાં દર્શન કર્યાં. તેઓશ્રી મને મળવા માટે મારી રાહ જોતાં બેસી રહેલાં.'

**'હવે સમય ઓછો છે.'**

તા. ૨૭-૧૧ના રોજ તેઓશ્રી મલાડમાં આવેલ ડૉ. સૂચકની મૅટર્નિટી ઍન્ડ જનરલ હૉસ્પિટલમાં ગયેલા. ત્યાં સત્સંગ હૉલમાં ઘણા દર્શનાર્થીઓ આવેલા. ત્યાં દીવાલ ઉપર ઘણા મહાત્માઓના

---

★ શ્રી બળવંત ભટ્ટ અને હું, પેટલાદની હાઈસ્કૂલ અને એક મકાન કે જ્યાં પૂજ્યશ્રી ભણેલા અને રહેલા તેના ફોટા લેવા ગયેલા ત્યારે ધોધમાર વરસાદ પડેલો તોય ફોટા સારા આવ્યા હતા. તેના સંદર્ભમાં શ્રીમોટા આમ બોલ્યા હતા.

ફોટા હતા. પૂજ્યશ્રીએ તેમને નમન કર્યા. પછી ડૉ. સૂચકે, શ્રીમોટા વિશે ટૂંકમાં કહ્યું અને શ્રીમોટાએ તેમની સમાજોપયોગી ગુણભાવની પ્રેરક એવી યોજનાઓનો ખ્યાલ આપી દાન આપવા વિનંતી કરી.

પૂજ્યશ્રીએ ત્યાં પ્રસાદ લીધો અને પછી અંધેરી શ્રી સુરેન્દ્ર વાડીલાલને ત્યાં ગયા. બંને ઠેકાણેથી ઠીક ઠીક રકમ દાનમાં મળી.

તા. ૨૮મીએ તેઓશ્રી પાછા 'વેલાર્ડ વ્યુ' પધાર્યા. શ્રી કેળાંવાળા કરીને તેમના એક જૂના ભક્ત ત્યાં આવ્યા હતા. તેમને ઉદ્દેશીને શ્રીમોટા બોલ્યા કે 'અલ્યા ! હવે મારે મરવાનું આવ્યું છે. માટે મદદ કર. હમણાં નહિ સમજાય. મરી ગયા પછી બધાં કહેશે કે 'મોટો, આવો હતો અને તેવો હતો.' ત્યાર પછી સમજાશે.'

૨૯મી તારીખે સવારમાં તેઓશ્રી ઘાટકોપર ગયા અને સાંજે પાછા 'વેલાર્ડ વ્યુ'માં હરમુખભાઈને ત્યાં ગયા. આમ આ વખતે તેઓશ્રીએ અત્ર-તત્ર સારું એવું મળવા જવાનું રાખ્યું હતું, કેમ કે મોટી રકમ ભેગી કરવાનો તેઓશ્રીએ સંકલ્પ કરેલો હતો.

**પૂજ્ય ચાચાજીને અંજલિ**

તા. ૩૦-૧૧ની વહેલી સવારે પાંચ વાગ્યે મને બોલાવીને કહ્યું કે 'પાંચ મિનિટમાં તૈયાર થઈને નીચે ઊભો રહે. બહાર જવાનું છે.' ચાચાજી (ગુરુદયાળ મલ્લિક)નું દેહાવસાન થોડા દિવસો પહેલાં ચેમ્બૂર ખાતે તેમના એક ભક્ત ડૉ. ફૂલવરને ત્યાં થયેલું. તેમણે પૂજ્યશ્રીને તેમના નિવાસે પધારવા આમંત્રણ આપ્યું હતું. એટલે તેઓશ્રી ચેમ્બૂર ગયા. ડૉક્ટરના ઘરમાં પ્રવેશતાં જ તેઓશ્રીની નજર ચાચાજીની તસવીર ઉપર પડી. એટલે તેઓશ્રીએ ઊંચા થઈને ચાચાજીની તસવીરને સ્પર્શ કરી નમસ્કાર

કર્યા ત્યારે હૉલમાં સાતઆઠ ભાઈબહેન હાજર હતાં. ચાચાજી વિશે કંઈક બોલવાની વિનંતી થતાં તેઓશ્રીએ હિંદીમાં વાત કરી :

'હું, કરાંચીમાં મારા એક વડીલને ('બાપુ' એટલે પરસદભાઈ મહેતા, સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપનીના મૅનેજરને) ત્યાં રહેતો હતો ત્યારે પહેલી વાર મેં ચાચાજીનાં દર્શન કરેલાં અને ત્યારથી તેમની સાથે મૈત્રી થઈ હતી. તેમની સાદાઈ, તેમની નમ્રતા, નિખાલસતા અને સર્વજન પ્રત્યેનો તેમનો પ્રેમભાવ મને સ્પર્શી ગયેલો. તે પછી હું શાંતિનિકેતનમાં (કલકત્તા) એક માસ માટે રહેવા ગયેલો ત્યારે ત્યાં ચાચાજીની સાથે મારે ઘણી વાર મળવાનું થયું હતું. એટલે અમારી મૈત્રી ગાઢ બનેલી. તેઓ નમ્રતાની મૂર્તિ હતા. તેઓશ્રી જે પ્રેમ વરસાવતા તેની ગંગધારામાં સ્નાન કરવાનું મને સદ્‌ભાગ્ય સાંપડેલું, તેથી હું મારી જાતને ઘણી ભાગ્યશાળી માનું છું. એમનું સદાય પ્રસન્ન મન અને હસતો ચહેરો જોઈને હું બહુ આનંદ પામતો.'

તે પછી ભોજન થયું. ભોજન સાદું પણ સ્વાદિષ્ટ હતું. જે પૂજ્યશ્રીને બહુ ગમ્યું. મુખ્ય તો કાબૂલી ચણાની 'આઈટેમ' તેઓશ્રીને પસંદ પડી, તેથી તેઓશ્રીએ પૂછ્યું કે 'આપણી બાજુ આવા ચણા થતા નથી ?' મેં કહ્યું કે 'ગુજરાતમાં ઝીણા ચણા મળતા હશે, આવા મોટા કદાચ નહિ મળતા હોય. આવા ચણા બાફેલા બટાકા સાથે રગડો બનાવવામાં આ બાજુ વપરાય છે.' એટલે તેઓશ્રીએ કહ્યું કે 'થોડા લઈ લેજો.' ડૉ. ફૂલવરે મંગાવી દેવાનું કહ્યું. તે પછી પૂજ્યશ્રી આરામ કરવા ગયા.

**ખાલી વખાણ કામના નથી**

પૂજ્યશ્રી સાંજે બ્રીચ કેન્ડી એક ભાઈને ત્યાં ગયા ત્યારે ત્યાં આવેલા એક વેપારી ગૃહસ્થે શ્રીમોટાના વખાણ કરવા માંડ્યા.

'ઓહો ! મોટા ! આપને વિશે તો હું કેટલું બધું છાપાંમાં વાંચું છું. આપનાં દર્શન કરવાનું અમદાવાદમાં મને ઘણું મન હતું, પણ એમ નહિ બની શક્યું. આજે લાભ મળ્યો. આપ ઘણું સારું કામ કરો છો....' પૂજ્યશ્રીએ એ ભાઈને વચ્ચેથી અટકાવીને કહ્યું કે 'ખાલી ખાલી વખાણ કોઈ કામના નથી. કામ ગમતું હોય તો ફાળો આપો.' એણે કહ્યું કે 'હા, હા, મોટા, જરૂર.' અને જતાં જતાં રૂપિયા ૨૫/- થાળીમાં મૂકતા ગયા !

એવામાં એક ભાઈ એમનાં પત્નીને લઈને હાંફળા ફાંફળા આવ્યા અને બોલવા લાગ્યા, 'મોટા, બહુ મોડું થઈ ગયું. ક્યારનો નીકળેલો પણ વહેલા નહિ અવાયું.' એટલે શ્રીમોટાએ કહ્યું કે 'ગરજ હોય તો વહેલા નીકળવું જોઈએ.'

**વિદ્યાર્થીઓને**

તે પછી પૂજ્યશ્રી 'વેલાર્ડ વ્યુ' પાછા આવ્યા ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ દર્શનાર્થે ત્યાં આવીને બેઠેલા હતા. પૂજ્યશ્રીએ તેઓને એકાગ્ર થઈને અભ્યાસમાં મંડી પડવા અને નકામો ટાઈમ નહિ બગાડવા સલાહ આપી, તથા આશીર્વાદ લેવાની વૃત્તિ છોડી દેવાનું પણ જણાવ્યું.

**મૌન ક્યાં લેવું ?**

તા. ૧-૧૨-૧૯૭૧ના રોજ ત્રણ પ્રતિષ્ઠિત કુટુંબની શિક્ષિત બહેનો મળવા આવી. તેમાંની એક બહેને પ્રશ્ન પૂછવાની રજા માગી ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે 'દુનિયામાં કશું મફતમાં મળતું નથી એ જાણો છોને ?'

'હા જી.'

'તો દક્ષિણા મૂકો.' એટલે બહેનોએ દક્ષિણા મૂકી.

'હવે પૂછો જે પૂછવું હોય તે.' પૂજ્યશ્રીએ કહ્યું.

**પ્રશ્ન :** 'ઘરમાં મૌન રહીને સાધના કરવી અને આશ્રમની મૌનરૂમમાં બેસવું, એ બેમાં શું ફરક છે ?'

**શ્રીમોટા :** 'સંસારીનું ઘર અને એકાંતમાં આવેલ આશ્રમની મૌનરૂમ એ બે વચ્ચેનો તફાવત સમજી શકો તો ક્યાં બેસવું વધુ સારું એ તમે જાતે જ નક્કી કરી શકો તથા સમજી પણ શકો. જે કોઈ લોકો આશ્રમમાં મૌનમાં બેસી આવ્યા હોય તેમને તમે પૂછી જોજો. તો તમને ખ્યાલ આવશે. મારાથી મારા આશ્રમની અગત્યતા વિશે કશું કહેવાય નહિ.'

મુંબઈમાં છ દિવસ રહીને પૂજ્યશ્રીએ ફંડ એકઠું કરવા માટે ખૂબ મહેનત કરી અને ઠીક ઠીક પ્રમાણમાં દાન મેળવ્યું. તેઓશ્રીની તબિયત સારી ના હોવાથી તેઓશ્રીએ હવે ભોજન લેવાનાં આમંત્રણ સ્વીકારવા ઉપર નિયંત્રણ મૂકવા માંડ્યું હતું. જેઓ રૂપિયા ૫૦૧/- આપવા તૈયાર હોય, તેઓને ત્યાં ભોજન લેવાનું આમંત્રણ સ્વીકારવું, એમ નક્કી થયું હતું.

તા. ૧-૧૨-૧૯૭૧ની સાંજે તેઓશ્રી સુરત ગયા.

■

**(૪૮)**

ગત જીવનનાં જૂનાં સ્મરણો આપણને આવે અને તે રીતે આપણે વિચારીએ તે સાધકને માટે ઈષ્ટ નથી.... બધું ભગવાનને સોંપીને નિશ્ચિંત રહીએ.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

**સ્વપ્ન વિશે**

તા. ૧૫-૪-૧૯૭૨ના રોજ હું રાંદેર આશ્રમે ગયો. જમી પરવાર્યા પછી પૂજ્યશ્રીએ સત્સંગ કરવા કહ્યું. એટલે મેં કહ્યું કે 'મોટા, C. A. ની પરીક્ષા પાસ થયા પછી એનાં જ-પરીક્ષામાં

બેસવાના અને નાપાસ થવાના એવા ભયનાં-સ્વપ્નો વારંવાર આવે છે. તેનું શું કારણ હશે ?'

**શ્રીમોટા :** 'એ પરીક્ષામાં પાસ થવા બહુ મહેનત કરવી પડી હશે. તેના સંસ્કાર ચિત્ત ઉપર બહુ ઊંડા પડેલા હશે. એટલે તેનાં સ્વપ્નો આવે, પણ તમારે હવે એના વિશે કોઈ વિચાર નહિ કરવો.

પૂજ્યશ્રી સાથે આ વાત કર્યા પછી તેવાં સ્વપ્નો આવતાં બંધ થઈ ગયાં હતાં.

## દ્રૌપદીનાં ચીરહરણ વિશે શ્રીમોટાનો આક્રોશ

'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે'★ એ ભજન પૂજ્યશ્રીને શાથી પ્રિય છે તેની વાત કરતાં કરતાં દ્રૌપદીની મદદે સભામાં બેઠેલા મહાનુભાવોમાંથી કોઈ ના ગયું, એ વાત ઉપર તેમણે આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું :

'ભરી સભામાં દ્રૌપદીનાં ચીર દુઃશાસન ખેંચવા લાગ્યો ત્યારે કોઈ માઈનો પૂત તેની મદદે ધાયો નહિ ! ભિષ્મ પિતામહની વાત સમજી શકાય કે તેઓ જ્ઞાની પુરુષ હતા. એટલે તેઓને વિશેષ કાંઈ લાગે વળગે નહિ, પણ બીજાં બધાં સગાંવહાલાંઓ અને મહારથીઓમાંથી કોઈનું પણ લોહી કેમ ઊકળી ઊઠ્યું

---

★ સાધનાકાળ દરમિયાન શ્રીમોટાએ તેમનાં માસી પાસેથી પોતાના મોટા ભાઈની ક્ષયની બીમારીની દવા કરવા રૂપિયા ૭૦૦/- ઉછીના લીધેલા. તે વસૂલ કરવા માસી, મોટાને જાહેરમાં અપમાનિત કરતાં, તેથી તેમને બહુ દુઃખ થતું. દરમિયાન 'હરિને ભજતાં....' આ ભજન તેમના સાંભળવામાં આવ્યું. તેનું તેમણે સતત રટણ કર્યું. પ્રાર્થના કર્યા કરી અને એક દિવસ એક અનામી વ્યક્તિ તરફથી તેઓશ્રીને સાતસો રૂપિયા ટપાલ દ્વારા મળી ગયા અને પોતાનું દેવું ત્યારે વાળી શક્યા ! બસ, ત્યારથી તે ભજન તેઓને અતિ પ્રિય થઈ પડ્યું હતું અને આશ્રમમાં આજે પણ એ ભજન રવિવારની સવારે પ્રાર્થનામાં ગવાય છે.

નહિ ? તે સમજી શકાતું નથી !★ આવી નિઃસહાય સ્થિતિમાં કોઈ પણ ભાયડો તેની મદદે દોડ્યો નહિ ત્યારે તેણીએ ભગવાનને પોકાર્યો. એટલે ભગવાને તેનાં ચીર પૂર્યાં ! આ બધું જાણી, ભગવાન વિશે મને ભાવ જાગવા માંડ્યો અને પ્રાર્થના કરવા લાગ્યો ત્યારે ભગવાને મારી પણ લાજ રાખી.'

પૂજ્યશ્રી ઊંચા સાદે મને ઉદ્દેશીને કહેવા લાગ્યા, 'સાંભળ્યુંને ? ચમત્કાર ચમત્કાર શું કરો છો ? ભક્તિ કરો પછી ચમત્કાર જોઈએ તેટલા થશે ! મારી હાહુના હાલી નીકળ્યા છે !'

**કર્મનાં પોટલાં**

પછી તેમને શહેરમાં જવાનો સમય થયો. એટલે બીજી લુંગી પહેરતાં પહેરતાં બોલ્યા, 'મને એક જ વાતનું દુઃખ છે કે મારી પાસે આવનારાંઓનું દુઃખ હું કાપી શકતો નથી.'

'કેમ પ્રભુ ?'

**શ્રીમોટા :** 'કેમ કે તેમનાં કર્મ તેમની આડે આવે છે.'

**પ્રશ્ન :** 'એ દુઃખ કયાં ? સંસારી કે આધ્યાત્મિક ?'

**શ્રીમોટા :** 'બધાં પ્રકારનાં.... પણ કર્મ વચ્ચે આવે તેથી શું થાય ? કર્મનાં પોટલાં છૂટે તોને ? કોઈ કાંઈ કરતું નથી.'

તેમના અવાજમાં દર્દ હતું.

**એકાશ્રય જરૂરી**

તે પછી તેઓશ્રી જાદવજીભાઈની ગાડીમાં શહેર તરફ ગયા. તેમના મકાનનું ખાતમુહૂર્ત પૂજ્યશ્રીના હસ્તે કરાવવાનું હતું. મોટરગાડીમાં સામે જ ભગવાન સ્વામીનારાયણ, શ્રીરામદેવપીર

---

★ આ વિશે એક પ્રસંગ : શ્રીમોટા જ્યારે હાઈસ્કૂલમાં હતા ત્યારે તેમણે એક નિબંધમાં 'મહાભારત રાગદ્વેષનો ઈતિહાસ હોવાનું જણાવ્યું હતું.' અને શિક્ષકે તેમના વિચારની કદર કરી હતી અને વધુમાં જણાવ્યું હતું કે 'ચૂનીલાલ, આગળ ઉપર તું બહુ મોટો માણસ થઈશ !'

અને પૂજ્ય શ્રીમોટાના ફોટાઓ મૂકેલા હતા. તે જોઈને તેઓશ્રીએ જાદવજીભાઈને કહ્યું કે 'બધા સંતો પરત્વે આપણને માન હોય જ, પણ આપણે આગળ વધવું હોય તો એકાશ્રય રાખવો જરૂરી છે. મને ભગવાન સ્વામીનારાયણ માટે ઘણો પ્રેમભાવ છે. એમનાથી તે કાળમાં થયેલી સમાજોપયોગી સેવા અનોખી હતી, પણ આપણે આપણો ભાવ ખીલવવા એકાશ્રય બહુ જરૂરનો છે.'

જાદવજીભાઈ સ્વામીનારાયણ ભગવાનના ભક્ત. એટલે પૂજ્યશ્રીએ આ સદ્બોધ આપેલો. પછી તેઓશ્રીએ ખાત મુહૂર્તની વિધિ તેમની રચેલી પ્રાર્થના સાથે કરી.

વિધિ પૂરી થયા બાદ જાદવજીભાઈને કહ્યું કે 'વિઘ્નો તો આવશે, પણ આપણે મક્કમ રહીને ભગવાનને શરણે જઈશું, તો વિઘ્નો ટળી જશે એ ચોક્કસ.'

તે બાદ મેં મુંબઈ જવા પૂજ્યશ્રીની રજા લીધી ત્યારે તેઓશ્રીએ મુંબઈનાં બધાં સ્વજનોનાં નામ બોલીને યાદી આપીને 'હરિઃૐ' કહ્યા. જાણે સાક્ષાત્ માબાપ !

■

**(૪૯)**

સ્વપ્નાંને આપણે સર્વાંશે, નક્કરપણે જેમ ફેંકી દેવાનાં નથી તેમ સર્વાંશે, નક્કરપણે મહત્ત્વ પણ આપવાનું નથી, છતાં એનાથી દિશાસૂચન મળી શકે છે ખરું.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

## સ્વપ્નાં એટલે સંસ્કારોનો શંભુમેળો

૧૯૭૨ના મે માસમાં એકવાર હું, રાંદેર આશ્રમે ગયેલો

ત્યારે મને જોતાં જ શ્રીમોટાએ પૂછ્યું, 'કેમ હવે પરીક્ષાનાં સ્વપ્નો આવે છે ?'

'ના જી, પરીક્ષાનાં સ્વપ્નો તો તદ્દન બંધ થઈ ગયાં છે. છતાં બીજાં તો આવે છે. આપનાં સ્વપ્નો પણ ઘણી વાર આવે છે.'

**શ્રીમોટા :** 'ભઈલા, એને બહુ મહત્ત્વ ના આપવું. સ્વપ્ન એ તો અનેક પ્રકારના સંસ્કારો જે ચિત્તમાં પડેલા હોય છે તેનો શંભુમેળો થઈને પ્રગટ થતાં હોય છે. કોઈક વાર તેમાંથી આપણને સમજવાનું બને છે. જે ખરેખરો સાધક છે તેને તેના સદ્ગુરુ તરફથી સ્વપ્ન દ્વારા માર્ગદર્શન મળતું હોય છે. મને મારા ગુરુ-મહારાજે સતત પાંચ વખત એક જ પ્રકારનું સ્વપ્ન બતાવી બતાવીને અમુક સાધના કરવા સૂચવેલું ત્યારે હું સમજી શક્યો, અને પછી તે મુજબ મેં સાધના કરેલી.'

**'શ્રેષ્ઠ દાન'**

**પ્રશ્ન :** 'મોટા, આપ 'ગુણ અને ભાવ'ના વિકાસ માટે અપાતું દાન બીજાં દાનો કરતાં શ્રેષ્ઠ છે, એમ વારંવાર કહો છો, તો એ વિશે સમજાવશો ?

**શ્રીમોટા :** બીજાં દાન નકામાં છે એમ નથી કહેતો, પણ તેના કરતાં સમાજમાં 'ગુણ અને ભાવ'નો વિકાસ થાય તેના માટે કરેલું દાન ચિરંજીવ છે. મરતી વખતે જીવ 'ગુણ અને ભાવ'ને સાથે લઈને જાય છે. ચેતનના અનુભવ માટે 'ગુણ અને ભાવ'નું બહુ મહત્ત્વ છે. ગુણ અને ભાવથી જ જીવન સમૃદ્ધ થાય છે. ગુણ અને ભાવ વિના સમાજ બેઠો થવાનો નથી. જ્યાં ગુણ અને ભાવ છે ત્યાં ધર્મ છે. એટલે એવાં દાન થકી સમાજમાં ગુણ અને ભાવ વધે અને બીજા જન્મમાં પણ સાથે રહે છે. માટે તે દાનનું ક્ષેત્ર ઉત્તમ.

## સાધુનું દવાખાનું

**પ્રશ્ન :** 'મોટા, આજકાલ ઘણા કાળાબજાર કરનારાઓ અને ધનવાનોને ત્યાં મહાત્માઓ વધુ પ્રમાણમાં જતાં હોય છે, એવી ટીકા થઈ રહી છે. એ વિશે આપ શું કહો છો ?'

**શ્રીમોટા :** 'બીજાઓની વાત કરવાને બદલે હું મારી પોતાની જ વાત કરું. સાધારણ રીતે સંકટમાં મુકાયેલો માણસ કે કોઈ બાબતે ગૂંચવાઈ ગયેલો માણસ મહાત્મા પાસે જતો હોય છે. દવાખાને દર્દી જ જાય, તેમ સાધુ પાસે એવા સાધુ નહિ પણ સંસારી જ જાય, પછી તે ગરીબ હોય કે તવંગર. અને તવંગર પાસે મહાત્માને રાખવાની વધુ સગવડ હોય. એટલે તેને ત્યાં વધુ જાય. તેમાં શું થઈ ગયું ? એથી તે મહાત્માને ગરીબ માણસો માટે ભાવ નથી હોતો, એમ માનવું નહિ. હું કંઈ કોઈને ચોખા મૂકવા જતો નથી. જેને આવવું હોય તે આવે. સુરતના નવાબી રાજ્ય સમયના નિર્મળદાસજી નામના એક મહાત્માનું નામ સાંભળ્યું છે ? તેમને ત્યાં નવાબ આવે, શેઠિયાઓ આવે અને એક વેશ્યા પણ આવે. નવાબ વગેરેએ મહાત્માને ત્યાં આવતી વેશ્યાને બંધ કરવા કહ્યું. તે મહાત્માએ એ વાત માન્ય ના રાખી. એટલે પછી નવાબ અને બીજા તેમને ત્યાં જતાં બંધ થઈ ગયા, પરંતુ વેશ્યા સત્સંગ કરતી રહી અને પરમ ભક્ત બની ગઈ ! આમ સાધુ મહાત્માને મન બધાં જ સરખાં છે. ઊલટું, ખોવાયેલાં ઘેટાંની એ વિશેષ સંભાળ રાખે છે.'

## આસક્તિ કેમ ટળે ?

**પ્રશ્ન :** 'મોટા, કોઈ પણ આસક્તિ ટાળવી બહુ મુશ્કેલ છે, તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'આપણને જેના માટે આસક્તિ હોય, તેનું કામ ના કરવું એમ નહિ. નિમિત્ત સાંપડ્યે એવું કામ બદલાની આશા ના રાખતાં પ્રેમથી અને પ્રભુપ્રીત્યર્થે કરવું, કારણ કે આસક્તિમાં સૂક્ષ્મ ઇચ્છાઓને પોષવાની વૃત્તિ હોય છે, જે નિવારવી જોઈએ અને સંસ્કારોની શુદ્ધિ કરવા માટે જબરજસ્ત પ્રયાસ કરવો ઘટે.'

■

**(૫૦)**

તમારું જે જે કૈં બનતું પ્રભુને આત્મભાવે નિવેદો,
બધું આરોગાવી પછીથી ગ્રહજો તે પ્રસાદી જ રૂપે,
અજીઠું એને તો કશું ન ધરશો, ના ગમે એવું એને,
ચખાડ્યા વિના તો હૃદય પ્રભુને ના કશો સ્વાદ લેશો.

'જીવન પગલે' **-શ્રીમોટા**

**અમારો ધર્મ તો ચાહવાનો છે.**

કુંભકોણમ્ આશ્રમે જતાં તા. ૧૪-૭-૧૯૭૨ના રોજ શ્રીમોટા, મુંબઈ પધાર્યા. ભાઈ ચંદ્રકાંતે તેમને લગભગ ૩ ફૂટ લાંબો હાર પહેરાવીને સાંઈબાબાના બારેક જેટલા ફોટાઓ અર્પણ કર્યા. પૂજ્યશ્રીએ હસીને બે હાથે ચંદ્રકાંતના ગાલ દબાવ્યા અને પીઠ થાબડી. શેઠ નટવરલાલ ચિનાઈને ત્યાં એક દિવસ રોકાઈને તેઓશ્રી બીજા દિવસે ચંદ્રકાંતને ત્યાં 'વેલાર્ડ વ્યુ'માં પધાર્યા અને આવીને તુરત આરામ કરવા લંબાવ્યું. ચંદ્રકાંતનાં માતુશ્રી બોલ્યાં કે 'મોટા, તમારા ચેલાને સીધો કરો.'

'મારે કોઈ ચેલો નથી,' મોટાએ કહ્યું.

ચંદ્રકાંતનાં માતુશ્રી કોઈ ગૃહક્લેશને કારણે અકળાયેલાં હતાં. એટલે તેમણે ફરીથી શ્રીમોટાને કહ્યું કે 'તમે ચંદાનો બહિષ્કાર કરો.'

ત્યારે શ્રીમોટાએ કહ્યું કે 'અમારે બધાં સરખાં છે. મારાથી કોઈનો બહિષ્કાર ના થાય. અમારો ધર્મ તો ચાહવાનો છે. જિસસ ક્રાઈસ્ટે એક શરીર વેચનારી સ્ત્રી ઉપર જુલમ કરવા તૈયાર થયેલા લોકોને શું કહ્યું હતું તે યાદ છે ? તેમણે કહ્યું હતું કે 'તમારામાંથી જે પવિત્ર હોય તે આ સ્ત્રીને પથરો મારે.' ટોળાંમાંથી કોઈ નીકળ્યું નહિ. અમારે તો ખોવાયેલાં ઘેટાંની સંભાળ રાખવાની છે.'

**'એ જીવતો બેઠો છે !'**

બહાર જતાં પહેલાં પૂજ્યશ્રીએ ચંદાભાઈ પાસે જઈને તેમને વહાલ કર્યું. તેમનાં બધાં સ્વજનો ગંભીર મુખમુદ્રાવાળાં ભાવે ઊભાં હતાં. બાજુના ખૂણામાં સાંઈબાબાની સુંદર, રંગીન અને પૂરા કદની (લગભગ પાંચ ફૂટની) છબી હતી. તેની સામે હાથ લંબાવીને શ્રીમોટા, બધાંને ઉદ્દેશીને પૂરા ગંભીર ભાવે બોલ્યા કે 'ગમે તેવા ભૂપજીને કહેશો તોયે કંઈ વળવાનું નથી. આ (સાંઈબાબા) મરી પરવાર્યો નથી, જીવતોજાગતો બેઠો છે ! એને દિલ વલોવી નાખે એવી પ્રાર્થના કરો. બીજું કંઈ કામ આવશે નહિ અને કોઈ કશું કરી શકશેય નહિ.'

■

**(૫૧)**

સંસાર હરિની લીલા, તેમાં જે હરિને સ્તવે,
ભજે, રમે જ આનંદે હરિની ભક્તિમાં હૃદે,
રમંતા હરિના ભાવે, તે નિરંતરનો થતાં,
સંસારે જીવવું ભારે રસીલું લાગતું તદા.

'ભાવપુષ્પ', પૃ. ૯૮ **-શ્રીમોટા**

**મુંબઈ સેન્ટ્રલના વેઈટિંગ રૂમમાં**

તા. ૨૮-૨-૧૯૭૧ના રોજ પૂજ્યશ્રી બેંગ્લોરથી હવાઈ માર્ગે

મુંબઈ પધાર્યા. કોઈને ત્યાં નહિ જતાં તેઓ સીધા 'બૉમ્બે સેન્ટ્રલ' ગયા. ત્યાંના આરામગૃહમાં તેઓશ્રીને 'વ્હીલચૅર'માં બેસાડીને લઈ જવામાં આવ્યા. તેઓનું શરીર એકદમ કૃશ થઈ ગયું હતું. તેઓશ્રીને ઍસિડિટીની તકલીફ પણ શરૂ થઈ હતી, તેથી તેઓશ્રીએ માત્ર કેળાં આરોગ્યા. પછી વાત કરતાં કહ્યું કે 'આ વખતે લખાણ સારું થયું છે. ગીતાજીના વધુ શ્લોકો પણ પાછા લખાયા છે અને **'કૃપા'** ઉપર પણ અનુષ્ટુપ છંદમાં લખાયું છે.

ખુરશીઓના અભાવે ઉપસ્થિત ભક્તોને આજુબાજુ બેસવા તથા બેત્રણ સ્વજનોને તેમની બાજુમાં કોચ ઉપર બેસવા કહ્યું. જેઓને બેસતાં સંકોચ થતો હતો તેઓને શ્રીમોટાએ કહ્યું કે 'બેસાય હોં, બેસો મારી બાજુમાં.' પછી થોડી વાતચીત કરીને તેઓશ્રીએ આરામ કર્યો.

## તાંબાના કડાની ભેટ

એકાદ કલાક બાદ તેઓશ્રી પ્લૅટફૉર્મ ઉપર આવ્યા. એ સમયે મુંબઈમાં વા અને હાડકાંના કેટલાક રોગવાળા હાથના કાંડા ઉપર ત્રાંબાનું કડું પહેરતા હતા અને એવું કહેવાતું કે 'એથી ઘણાંને ફાયદો થયો છે.'

એક બહેને શ્રીમોટાને ત્રાંબાનું કડું આપતાં કહ્યું કે 'મોટા, આ કડાના કાળાબજાર ચાલે છે. એક રૂપિયાની કિંમતના આ કડાના ચાળીસ રૂપિયા લેવાય છે.' પૂજ્યશ્રીએ ત્યારે કહ્યું કે 'હું તો આ વેચી દઈશ.' બધાં હસી પડ્યાં.

પછી તેઓશ્રી તેમના ડબ્બામાં જઈને બેઠા અને 'હરિઃૐ'ના ઘોષ સાથે ગાડી રવાના થઈ.

## રાજકોટમાં જન્મદિન ઉત્સવ

રાજકોટમાં તા. ૨૪-૯-૧૯૭૨ના રોજ પૂજ્યશ્રીનો જન્મદિન

ઉત્સવ ઉજવાયો. શરૂઆતમાં ભજનો ગવાયાં, પછી એક ભાઈ સંસ્કૃતમાં પૂજ્યશ્રીની પ્રશસ્તિ કરતું કાવ્ય વાંચવા લાગ્યા ત્યારે તેમને અટકાવીને પૂજ્યશ્રીએ કહ્યું, 'રહેવા દો. મારે ખોટાં વખાણ નથી જોઈતાં. કહ્યા મુજબ કરી બતાવો, તો જ મને સંતોષ થશે.'

**'સાહેબ' શબ્દનો ઉપયોગ કેમ ?**

શ્રી ઢેબરભાઈ આ પ્રસંગે પ્રમુખસ્થાને હતા, પરંતુ તેઓ પહોંચવામાં મોડા પડેલા અને એવું બોલેલા કે 'મારી તબિયત નરમ છે. એટલે મોડું થયું.' તે સમયે શ્રીમોટાએ ઠપકો આપતા કહેલું કે 'તો પછી પ્રમુખપદ લેવું ન હતું.'

પૂજ્યશ્રીએ પ્રવચન કરતાં શ્રી ઢેબરભાઈનો ઉલ્લેખ 'ઢેબરભાઈ સાહેબ' બોલીને કર્યો. એટલે 'સાહેબ ક્યાંથી ?' એમ ઢેબરભાઈએ પૂછ્યું ત્યારે શ્રીમોટાએ કહેલું કે 'કબીરસાહેબ જે અર્થમાં 'સાહેબ' કહે છે, તે અર્થમાં હું ઘણાને 'સાહેબ' કહું છું.'

તેમનાં પ્રવચનનો સાર નીચે મુજબ :

**પૈસાથી કૃપા નહિ મળે**

- અનુભવીને જ્યારે નિમિત્ત મળે છે ત્યારે તે એની મેળે પ્રગટ થાય છે, વ્યક્ત થાય છે, પણ તે પછી એને તે સંઘરતો હોતો નથી. એ તો એને સમર્પણ કરી દઈને ખાલી ને ખાલી જ રહેતો હોય છે.
- પચીસ ટકા પરમાર્થ કરો તો આપણે સરકારના કરતાં સારાં કામો કરવામાં આગળ વધી જઈશું.
- કૃપા અને આશીર્વાદની વાત કરશો નહિ. મારી સાથે પ્રેમસંબંધ બાંધશો તો કંઈક બનશે. મફતમાં કાંઈ મળતું નથી. મોંઘી વસ્તુ એમ માગવાથી ના મળે. પૈસા આપવાથી પણ કૃપા

નહિ મળે. મને પૈસા આપનારો તો મારો હજાર હાથવાળો ભગવાન બેઠેલો છે.બાકી, કૃપા અને આશીર્વાદની વાતોથી સમાજ લૂલો અને પાંગળો થઈ ગયો છે.

**મારી બાધા રાખશો નહિ**

- ભગવાનના થઈને રહો. ભગવાન બોથડને પણ વિદ્વાન બનાવે છે. માટે કર્મ કરો. કર્મ વિના ભક્તિ સાકાર થતી નથી.
- મારી પાસે આવીને વાત કરશો અને સલાહ માગશો, તો તે હું આપીશ અને ભગવાનને પ્રાર્થના કરીશ.
- કોઈ મને પૈસા આપે, તો તે હું ઈશ્વરને અર્પણ કરી દઉં છું અને દેનારનું કલ્યાણ ઈચ્છું છું. માટે મારી બાધા રાખશો નહિ.

તે પછી ખીચડી-શાકનો પ્રસાદ લઈને બધાં વિખેરાયાં.

■

**(પર)**

'હરિ'માં રાચવા જેનાં તત્પર સૌ મનાદિ છે,
આનંદમગ્ન તેવાની પ્રસન્નતા શી ઓર છે !

**-શ્રીમોટા**

**સુરતમાં દીક્ષાદિન ઉત્સવ**

તા. ૪-૨-૧૯૭૩ને રોજ સુરતમાં પૂજ્યશ્રીનો દીક્ષાદિન ઉત્સવ ઉજવાયો. શરૂમાં મધુરીબહેન ખરેએ ભાવસભર ભજનો ગાયાં. ત્યાર બાદ પૂજ્યશ્રીએ કરેલાં પ્રવચનનો ટૂંક સાર નીચે મુજબ :

દીક્ષા, સંન્યાસ, કર્મ વગેરે વિશે

- દીક્ષા એટલે 'ડેડિકેશન ઑફ લાઈફ'. કોઈ ઉચ્ચતમ આશયમાં હોમાઈ જવું તે.

● સંન્યાસનો અધિકાર કોને ? જેની નસેનસમાં, રગેરગમાં, શ્વાસોશ્વાસમાં ઈશ્વરભાવના ઓતપ્રોત થઈ ગયેલી હોય તેને.

● કોઈને કહેશો નહિ કે 'હું તમારો ગુરુ છું.' તમારામાંથી કોઈ શિષ્ય થવાની તમન્નાવાળો નથી. એવાનાં મોં જુદાં હોય. છતાં મિત્ર બનીને રહો તોય મને તે ગમશે. તમે મારું કામ કરશો તો એ પણ મને ગમશે.

● આ શરીરના કષ્ટમય, દર્દમય દિવસો દરમિયાન ભગવાનનાં ભજન વગેરે અસ્ખલિતપણે લખાય છે, તે મારે માટે બહુ મોટી અને આનંદની વાત છે.

**પરમાર્થે કર્મ કરવા**

● મારો મા જણ્યો સગો ભાઈ (મૂળજીભાઈ) ગુજરી ગયો, પણ ત્યાં નથી ગયો. ત્યાં દોડી જાઉં એમાં સ્વાર્થે કર્મ કર્યું કહેવાય, પણ પરમાર્થે કંઈક થતું હોય તો હમણાં આવા (માંદગીવાળા) શરીરની હાલતમાં પણ ઊભો થઈને જાઉં. (એક વખત તેઓશ્રી પોતાના શરીરની સારવાર અર્થે સુરતના એક 'ક્લિનિક'માં દાખલ થયેલા હતા, તેવા સમયે આશ્રમમાં એક જણનું લગ્ન ગોઠવાયેલું, તેથી વહેલી સવારે ભારે ઠંડી હોવા છતાં પણ ત્યાંથી નીકળીને આશ્રમે ગયેલા અને લગ્ન કરાવી આપેલું.)

**દાન વિશે**

● દાનની પાછળ આજે જ્ઞાન નથી. આજે દાન એ વ્યવહારનો ચીલો થઈ ગયો છે. અલ્યા ભઈ ! જે કંઈ આપો તે ભાવ અને જ્ઞાનપૂર્વક આપો. ત્યાગ સાથે પરમાર્થ પણ મોખરે હોય, તો ધર્મ આચર્યો કહેવાય.

● હજુ પણ રૂપિયાનું અવમૂલ્યન થશે. માટે પૈસા ચીજવસ્તુમાં રોકજો. એશઆરામની ચીજવસ્તુઓમાં રૂપિયા રોકવાનો કોઈ અર્થ નથી.

**લક્ષ્મી અભડાતી નથી**

● કોઈ કોઈ લોકો મને વઢતા આવે છે કે 'તમે કાળાબજારનું નાણું કેમ લો છો ?' (વળી, આવું કહેનારા એવા શેઠ લોકો જ હોય છે !) અરે ! ભઈ ! લક્ષ્મી અભડાતી નથી. વળી, એ લક્ષ્મી હું સમાજને પાછી આપી દઉં છું. મારા માટે નથી વાપરતો. એ તમે નથી જાણતા ?

**મુક્તિ માટે માગણી !**

● લોકો કેવું કેવું માગતા આવે છે ! એક જાણીતી સામાજિક કાર્ય કરતી બહેન, મને પગે પડીને પ્રાર્થે છે, 'મોટા, મને મુક્તિ મળે એવી કૃપા કરો.' બોલો, શું કહેવું ? કૃપા એમ મળતી નથી. મારામાં એવી શક્તિ પણ નથી. ભણેલા લોકો પણ જ્યારે આવું માગતા અને બોલતા આવે છે ત્યારે બહુ ગુસ્સો ચડે છે. તેમને કશું સાધન ભજન કરવું નથી અને મુક્તિ જોઈએ છે ! અમને ઘણી ઈચ્છા હોય છે કે તમારા માટે કંઈક કરીએ, પણ શું થાય ?

**અમારે તો તમારામાં પ્રવેશી કર્મ કરવું છે,**
**પરંતુ બારમણિયાં શાં બધે દ્વારે જ તાળાં છે !**

■

**(૫૩)**

'જગતને ચાહવા કેરો કૃપાથી તો દીધો અમને જીવનધંધો'. ફળવવાનો અમારે શો રહ્યો છે તે !

'જીવન સંદેશ', પૃ. ૫૪ **-શ્રીમોટા**

**પ્રેમના અધિકારી**

પૂજ્ય શ્રીમોટા ગુરુપૂર્ણિમા નિમિત્તે દક્ષિણમાં ગયેલા અને તા. ૨૫-૬-૧૯૭૩ના રોજ મુંબઈ પધાર્યા.

સ્ટેશનેથી તેઓશ્રી ચિનાઈ શેઠને ત્યાં જઈ રહ્યા હતા ત્યારે યોગિનીબહેને, તેમના દીકરાઓને બહારગામ અભ્યાસ માટે મૂકવા બાબતે તેમની સલાહ માગી ત્યારે પૂજ્યશ્રીએ ના પાડી અને કહ્યું કે 'તેઓ હજી નાના છે અને માબાપના પ્રેમના અધિકારી છે.'

**હવે પરવારવા માંડો**

તા. ૨૬-૬ને દિવસે તેઓશ્રી સી.આર.ને ત્યાં પધાર્યા. સી.આર.નાં માતુશ્રીએ કેટલીક બાબતો અંગે ખૂબ હૈયાવરાળ કાઢી ત્યારે પૂજ્યશ્રીએ તેમને સ્પષ્ટપણે ઘણું સમજાવ્યું તે તેમના શબ્દોમાં -

'બા, જવા દો એ બધું. હવે પરવારવા માંડો. હુંયે પરવારું છું. અને કંઈક (આશ્રમ માટે) ફંડ ભેગું કરવાનું હોય તે હું ભેગું કરી લઉં છું. તમે હવે બીજી વાતોમાંથી મનને પાછું વાળી લો. આ બધાં (સ્વજનો) કોઈ સાથે નહિ આવે. માત્ર ભગવાનનું નામ સાથે આવશે. એને જ હવે યાદ કરો. બીજી કોઈ માથાકૂટમાં પડશો નહિ. ભગવાનનું સ્મરણ કર્યાં કરો.

**પૈસાની માયા**

હું, મારી બાને મારી સાથે લઈને મારા ગુરુમહારાજનાં દર્શન કરાવવા માટે એકવાર તૈયાર થયો હતો ત્યારે મારી બા કહે કે 'સોમલાને (સ્વ. સોમાભાઈ, શ્રીમોટાના નાના ભાઈ) સાથે લઈ લે.' નાનો ભાઈ તેને બહુ વહાલો. મેં કહ્યું કે 'બા, સોમલો હજી નાનો છે. એ કાંઈ સમજે નહિ અને ભાડું નકામું ખર્ચવું પડે.' કેટલી સમજાવી...

પછી સાંઈખેડા (સદ્‌ગુરુ ધૂણીવાળા દાદાને ત્યાં) પહોંચ્યાં. ગુરુમહારાજ તો તદ્દન નગ્ન-દિગંબર અને ગમે તેવું બોલે. એટલે

મારી બા કહે, 'મેર મારા રોયા ! આની કને ક્યાં મને લાવ્યો ?' મેં એને બહુ સમજાવી કે 'બા, જો તો ખરી, નિરાંત રાખીને તેમનું દર્શન કર. તારું કલ્યાણ થઈ જશે.'

પછી તો બાને તેની પાસેના પાંચ રૂપિયા જે હતા તે ગુરુમહારાજને આપવા મેં કહ્યું ત્યારે બા બોલી કે 'હોવે, બહુ પાછું તેં મને આપી દીધું છેને ?' તેણીએ પાંચ રૂપિયા ના જ આપ્યાં, ઘણું સમજાવવા છતાં ! પણ એક દિવસ તેણે બાજરીનાં વડાં કરીને ગુરુમહારાજને ખવડાવ્યાં હતાં. આવી પૈસાની માયા છે, બા !

**શ્રીજીબાવાનું રટણ કરો !**

તો બા, હવે બધું છોડવા માંડો.★ જેને જેમ કરવું હોય તેમ કરવા દો. કુટાતું હોય તો કુટાવા દો. (ઘરમાં જે કંઈ થતું હોય તે સંદર્ભમાં) આપણે તેમાંથી છૂટી જઈએ.'

પોતાને મળતાં આટલાં બધાં દાન સંબંધે તેમણે કહ્યું, 'જુઓ, તમે બધાં મને પૈસા આપો છો, પણ તેમાંથી હું મારે માટે કંઈ રાખતો નથી. બધું આશ્રમમાં જમા થાય છે. હરિઃૐ આશ્રમનો જેવો વહીવટ થાય છે, તેવો દેશમાં બીજા કોઈ આશ્રમનો થતો નહિ હોય, તેની હું ખાતરી આપું છું. માટે આ બધાંની માયા વેગળી મૂકીને શ્રીજીબાવાનું રટણ કરો. આ રીતે તેમણે એક સંતપ્ત વયોવૃદ્ધ માતાને બને તેટલું આશ્વાસન અને સલાહ આપ્યાં.

**સાંઈબાબાએ લાફો માર્યો**

બપોરે પૂજ્યશ્રી પાસે ચંદ્રકાંતભાઈ, હરમુખભાઈ, ધીરેશભાઈ વગેરે બેઠેલા ત્યારે તેમણે તેમના 'બાપુ'ને (પરસદભાઈ એન.

★ આ સી.આર.નાં માતુશ્રી ૧૯૭૭માં શ્રીજીચરણ થયાં હતાં.

મહેતા, કરાંચીમાંની સિંધિયા કંપનીના મૅનેજરને) શિરડીમાં ૨૮ દિવસનું મૌન આપેલું ત્યારની વાત કરતાં કહ્યું કે 'એકવાર સાંઈબાબાના સમાધિ મંદિરમાં આરતી થઈ રહી હતી, તેનું મને ભાન નહિ, કેમ કે મને ધ્યાન લાગી ગયું હતું અને એક ખૂણામાં બેસી રહેલો. એટલામાં બાબા મારા ધ્યાનમાં દેખાયા.

તેઓ વરદ હસ્ત ઊંચો કરીને બધાંને આશીર્વાદ આપતા હતા, અને મારી પાસે આવ્યા અને મને લાફો જડી દેતા બોલ્યા, 'અલ્યા આરતી વખતે બધાં ઊભાં થયાં છે અને તું કેમ બેસી રહ્યો છે ? ઊભો થા.' મેં તેઓની માફી માગી અને ઊભો થયો.'

**તેમના મનને ડગમગાવવાં નહિ**

એક નવોદિત ભક્તે પૂજ્યશ્રીને પૂછ્યું કે 'મારા ગુરુમહારાજે મને લક્ષ્મીજીનું અનુષ્ઠાન કરવાની સલાહ આપેલી, પણ કાંઈ વળતું નથી, તો મારે તે છોડી દેવું કે નહિ ?'

**શ્રીમોટા :** 'આવા સવાલનો જવાબ આપી નહિ શકાય.'

પણ પેલા ભાઈ ઉત્તર માટે હઠ કરવા લાગ્યા ત્યારે શ્રીમોટાને તે પસંદ ના પડ્યું. તેઓશ્રીએ વારંવાર એ બાબત ના પૂછવા જણાવ્યું અને પછી ગીતાજીનો શ્લોક ટાંકતાં કહ્યું :

न बुद्धिभेदं जनयेत् अज्ञानां कर्मसंगिनाम् ।

जोषयेत सर्व कर्माणि विद्वान् युक्त समाचरन ॥ ગીતા ૩-૨૬

અર્થ : કર્મમાં આસક્તિવાળા અજ્ઞાનીઓના મનને જ્ઞાની પુરુષે ડગમગાવવું નહિ કે તેમને કર્મથી દૂર રહેવા ઉત્તેજન આપવું નહિ, પણ પોતે સર્વ કર્મો સારી રીતે કરી તેમની પાસે સર્વ કર્મો ભક્તિભાવે કરાવવાં.

પાછળથી એ ભાઈને પોતાની ભૂલ સમજાતાં શ્રીમોટાની માફી માગી હતી અને આશ્રમની સેવામાં લાગી ગયા હતા.

## અનુભવીનું કાર્ય

તા. ૭-૭-૧૯૭૩ની વહેલી સવારે પૂજ્યશ્રી હવાઈ માર્ગે બેંગ્લોર જવા માટે 'ઍરોડ્રામ' તરફ ઊપડ્યા ત્યારે તેઓશ્રી કોઈ પંક્તિઓ બોલ્યા, જેનો ભાવાર્થ એવો હતો કે 'અનુભવી અને મુક્તનું કાર્ય મૌલિક, સ્વાભાવિક અને અનોખું હોય છે.' '...ભગવાને કેવા કેવા ગૂઢ વિષયો ઉપર (એબસ્ટ્રેક્ટ વિષયો ઉપર) લખાવ્યું છે ! જેવા કે **'સ્વાર્થ', 'રાગદ્વેષ', 'જિજ્ઞાસા', 'કૃપા', 'શ્રીસદ્‌ગુરુ'** વગેરે. આવું લખેલું ક્યાંય જોવામાં આવતું નથી. વર્ષો પછી જ્યારે કોઈક અભ્યાસી જાગશે અને જોશે ત્યારે કહેશે કે 'કોઈક માણસ (અતિ વિદ્વાન અને અનુભવી) નીકળ્યો હતો જેણે લખ્યું છે ! અત્યારે કોઈને એની ખબર નહિ પડે કે કદર નહિ કરે.'

■

**(૫૪)**

પાપ, પુણ્ય ન જુએ છે હરિ એવો કૃપાળુ છે,
'અંતરનો ઊંડો ભાવ', ભોજન હરિનું જ તે;
હરિને રીઝવે એવા ભાવે જે પ્રેમથી સદા,
તેવાને નિજનો જાણી સ્થાન દે નિજ દિલમાં.

'ભાવપુષ્પ', પૃ. ૧૦૯ **-શ્રીમોટા**

## ભક્તની યાદે આંસુ

૧૯૭૩ના ડિસેમ્બરના છેલ્લાં સપ્તાહ દરમિયાન અમે બંને તથા યોગિનીબહેન રાંદેર આશ્રમે ગયાં. યોગિનીબહેન ત્રણ દિવસ માટે મૌનમાં બેસવાનાં હતાં. મૌનમાં બેસવા જતાં પહેલાં તેમણે તેમના પતિએ મોકલેલ દાનની રકમ અને સુખડનો હાર પૂજ્યશ્રીને આપ્યાં. એ સ્વીકારતાં પૂજ્યશ્રીની આંખમાં પ્રેમનાં

આંસુ આવી ગયાં ! યોગિનીબહેને પૂજ્યશ્રીને દંડવત્ નમસ્કાર કર્યા. તેમનો બરડો થાબડતાં પૂજ્યશ્રી બોલ્યા કે 'જાવ, બરાબર બેસજો. નામ તો યોગિની છે, નહિ તો ફોગિની !'

**ભજનમાં ભંગ થાય તે માફ ના થાય**

બીજા દિવસે વહેલી સવારે લગભગ સાડા પાંચ વાગ્યે પૂજ્યશ્રી ભજન લખાવતા હતા અને ભાઈશ્રી રજનીભાઈ લખી લેતા હતા અને ટેપ પણ કરી લેતા હતા. એટલામાં એક બહેન ચા લઈને આવ્યાં અને તે બોલ્યાં, 'પ્રભુ ! ચા લાવી છું.' ભજનો લખાવવાનું પૂરું થતાં તેઓશ્રીએ કહ્યું કે 'આજે આ બહેને (ચા લાવનારે) મારા ભજનમાં ભંગ પડાવ્યો તે ખૂબ ખોટું કર્યું. (બહુ ગંભીરતા અને સખ્તાઈથી) ભજનમાં જે ભંગ પાડે તે માફ ના થાય, માફ ના થાય, માફ ના થાય.'

થોડી વાર પછી મને ઉદ્દેશીને કહ્યું કે 'અલ્યા ! આટઆટલા અનુભવો થયા છતાં ભક્તિ ક્યાં પ્રગટી છે ? યાહોમ કરીને ઝુકાવવાનું ક્યાં થયું છે ?'

કોણ જાણે મારાથી હિંમતથી કહેવાઈ ગયું કે 'મોટા, મારોને તમાચો કે જેથી મોં ફરી જાય !'

'મારા કહ્યા પ્રમાણે કરતો હોય તો મારું.' વળી, ઠપકો આપતા બોલ્યા, 'આપણે આપણું સંભાળવાનું થતું નથી અને બીજાની પંચાતમાં પડવાનું કેમ થાય છે ? ખરી જિજ્ઞાસા જો જાગી હોય તો પછી સ્મરણ, ભજન, નિવેદન વગેરે કેમ થતાં નથી ?'

યોગિનીબહેન ત્રણ દિવસ પછી મૌનમાંથી બહાર આવ્યાં. એટલે અમે પૂજ્યશ્રીને પગે લાગીને મુંબઈ ગયાં.

**ફરવા જતી વખતે પણ ભજન**

તા.૨૭-૧-૧૯૭૪ના દિવસે અમદાવાદમાં પૂજ્યશ્રીનો દીક્ષાદિન કેટલાક ભક્તો તરફથી ઊજવવામાં આવનાર હતો, પણ રાજકીય તોફાનોને લીધે પૂજ્યશ્રીએ ઉત્સવ બંધ રખાવ્યો.

તા.૨૦-૨-૧૯૭૪ના દિવસે હું, રાંદેર આશ્રમે ગયો ત્યારે જ પૂજ્યશ્રી બહારથી ફરીને આવેલા. તેમની હાથગાડીમાં ટેપરેકૉર્ડર પડેલું હતું, તે બતાવીને તેઓશ્રીએ કહ્યું કે 'ફરવા જતાં પણ ભજનનું કામ ચાલે છે !'

**કેટલા રોગો !**

ફરી આવીને તુરત પેશાબ કરવા જવાનો શ્રીમોટાનો નિયમ, પછી માટીના પિંડા ઉપર ગુદાનો ભાગ દબાય તે રીતે તેઓશ્રી બેસતા, કેમ કે તેઓને ગુદા પાસે કરોડનું હાડકું દુઃખતું હતું, એમ તેઓશ્રી કહેતા. શેક કરવાની ઈલેક્ટ્રિક કોથળીઓ બંને પાસાંમાં બધો વખત રહેતી. પ્રવાસ દરમિયાન પણ મોટરગાડીમાં એવી કોથળીઓ ગરમ રાખવાની વ્યવસ્થા કરવામાં આવતી, કેમ કે ગાડીના આંચકાથી દુઃખાવો વધી જતો. આંખોમાં ઝામર થયેલો. દિવસમાં ત્રણચાર વખત શ્રીમોટા, આંખોને ઠંડાં પાણીમાં ઝબોળતાં. કમરમાં દુઃખાવો 'સ્પોન્ડિલાઈટીસ'ને કારણે ખરો જ ! વળી, પગમાં ઢીંચણ પણ દુઃખે એથી માલિસ કરવામાં આવતું. માથામાં સણકા આવતા !

ઍસિડિટીને લીધે ત્યારે તેઓશ્રી દૂધ અને ફળાહાર લેતા. રાત્રે ઊંઘ આવતી નહિ. પ્રોસ્ટેટગ્લૅન્ડની બીમારીને કારણે રાત્રે ચાર-છ વખત પેશાબ કરવા ઊઠવું પડતું. પહેલાં તો ડાહીબહેન તેમની સેવામાં ચોવીસે કલાક રહેતાં હતાં, પણ (૧૯૭૪માં આ લેખક પૂજ્યશ્રીને મળવા ગયેલા) ત્યારે સુરત શહેરમાંથી

પુષ્પાબહેન, દિવસ દરમિયાન તેઓશ્રીની સેવા કરતાં અને રાત્રે આશ્રમના કોઈ સેવક સેવામાં રહેતા. પથારીમાં બેઠા થવા કે ઊભા થવા કોઈનો ટેકો લેવો જ પડતો ત્યારે 'ફલક્ચ્યુ-એટિંગ બી.પી.' એટલે કે લોહીના દબાણમાં અસામાન્ય એવી વધઘટ થવાની તકલીફ પણ હતી ! ડાયાબિટીસ તો હતો જ ! કેટલા રોગો !

**એમ છતાં...**

એમ છતાં પૂજ્યશ્રી મુલાકાતીઓ સાથે વાતો કરતા ! ભક્તોની શંકાનું સમાધાન કરતા ! સતત ભજન-લેખન કરતા ! તદુપરાંત મૌનમંદિરમાંના સાધકોની સ્થૂળ અને સૂક્ષ્મપણે સંભાળ પણ લેતા ! એમનું બધું જ ઘડિયાળના કાંટા પ્રમાણે-નિયમિતપણે ચાલ્યા કરતું ! જેમ સૂર્ય, ચંદ્ર અને ગ્રહોની ગતિ એકધારી, જેમ ઋતુઓનું ચક્ર સતત ફરતું હોય, એ જ પ્રકારે પૂજ્ય શ્રીમોટાનું બધું અખંડપણે ચાલ્યા કરતું !

**પત્રવ્યવહાર બંધ**

તેમના કાર્યક્રમમાં (૧૯૭૪માં જ્યારે આ લેખકે લખ્યું ત્યારે) જો કોઈ ફેરફાર કર્યો હોય તો તે એક : બધો પત્રવ્યવહાર તેઓશ્રી જોતા, પણ હવે એમણે તે પણ જોવાનું છોડી દીધું છે. હવે બધું શ્રી નંદુભાઈ સંભાળે છે. સલાહ લેવા જેવી હોય તો તેઓ પૂજ્યશ્રી પાસે જઈને ચર્ચા કરી લે છે. આટલો સમય જે બચે છે તેનો તેઓશ્રી ભજનો લખવામાં, લખાવવામાં યા તો પુસ્તકોની પ્રસ્તાવના લખવામાં કે પછી 'પ્રૂફ-રીડિંગ' જોવામાં ઉપયોગ કરે છે.

**તેલમાલિસ**

શિયાળામાં તેઓશ્રી શરીરે તેલમાલિસ કરાવતા. એ રીતે

આજે તેમણે માલિસ કરાવ્યું અને સ્નાન તો મોડેથી ગરમ પાણીથી કર્યું, પણ તે પહેલાં એટલે કે માલિસ પછી તેમણે પથારીની ચાદર બગડે નહિ, એ માટે એક કટકાથી શરીર સારી પેઠે લુછાવી નાખ્યું, કેમ કે માલિસ વહેલી સવારે થાય અને સ્નાન મોડેથી ભોજન પહેલાં. એટલે તેઓશ્રી તે સમય દરમિયાન સૂતાં સૂતાં ભક્તો સાથે સત્સંગ કરતા. પહેલાં લગભગ દરરોજ તેઓશ્રી હજામત કરાવતાં, પણ હવે ત્રણ દિવસે કરાવે છે, કેમ કે હવે તેઓશ્રીની બહારની મુલાકાતો અને પ્રવાસો બહુ ઓછા થઈ ગયા છે. હવે તેઓ ગરમ પાણીએ સ્નાન કરે છે. જ્યારે પહેલાં રાંદેર આશ્રમમાં હોય ત્યારે શ્રી ઝીણાકાકા ડોલો ભરીભરીને તેમના શરીર ઉપર પાણી રેડતાં. પાણી ધોધની જેમ તેમના શરીર ઉપર પડતું ત્યારે તેમને કળતર થતાં શરીરમાં ખાસ કરીને પીઠ અને કમરના ભાગ ઉપર કંઈક રાહત થતી. સાબુ તો તેઓશ્રી કદી વાપરતા નહિ.

**ભોજન સમયે**

સ્નાન પતાવીને તેઓશ્રી વ્હીલચૅરમાં બેસીને રસોડે જાય. હવે જોકે તેઓશ્રી દાળ, ભાત, રોટલી અને શાક લેતા નથી, પણ રાબ અને ફળફળાદિ લે છે, છતાં બધાંની આગળ ખુરશી ઉપર બેસીને તેઓશ્રી વાતો કરે, મહેમાનોને બરાબર જમાડવા સૂચના પણ કરે. કોઈ આગંતુક સ્વજન ભાઈબહેનોની વળી તેઓશ્રી હળવી ટીખળ પણ કરવા જેવી હોય તો કરે અને બધાંને હસાવે, પણ કોઈને ખોટું ના લાગે તેનું ધ્યાન પણ રાખે. એ પછી તેઓશ્રી એકાદ કલાક આરામ કરવા જાય ત્યાર બાદ ઓટલા ઉપરના ખાટલા ઉપર આવીને આડા પડે. હવે બપોરે કોઈને આશ્રમમાં આવવાની મનાઈ ફરમાવવામાં આવી છે. પણ બહારગામથી

આવેલાં સ્વજનો પૂજ્યશ્રીની પાસે આવીને બેસી શકે તથા સત્સંગ પણ કરી શકે. આવેલા કોઈને તેઓશ્રી તેમના પત્રોની કે તેમનાં ભજનોની નકલો કરવાની હોય, તો તે કામ બતાવે અને તેઓશ્રીની પાસે બેસીને, આગંતુક સ્વજનો તે તે કામ કરે.

**અંદરનું બધું જે ભરેલું હોય, તે ઊભરે**

**પ્રશ્ન :** 'મોટા, હમણાં કશું સ્થિર રહેતું નથી, નિર્ણયો બરાબર લઈ શકાતા નથી, તો શું કરવું ?'

**શ્રીમોટા :** 'તમે ક્યાં સ્થિર થયા છો કે જેથી સ્થિરતા આવે ? પહેલાંનું અંદર ભરેલું હોય, તે બધું તક મળતાં ઊભરે. એ કંઈ બહારથી આવતું નથી. આવા સમયે પ્રાર્થના, ભજન, આત્મ-નિવેદન, સ્મરણ, સત્પુરુષોનો સમાગમ વગેરે કરવું જોઈએ. જ્યારે સાધનાકાળ દરમિયાન મારી આવી સ્થિતિ હતી ત્યારે હું ખૂબ ભજનો લખી લખીને ગાતો. **'કેશવચરણકમળે'**માં કેશવને (ગુરુમહારાજને) ઉદ્દેશીને જે બધી પ્રાર્થનાઓ-આવી સ્થિતિમાંથી ઉગારી લેવા માટે-થયેલી તે જ લખાયેલી છે.'

'હા જી,' મેં વધુમાં કહ્યું કે 'મન એવું લુચ્ચું છે કે આપણને આમથી તેમ ભમાવી દઈને ગોથાં ખવડાવે છે.'

ત્યારે શ્રીમોટા એકદમ જોશમાં બોલ્યાં કે 'ખોટી વાત. જો મન માણસના રૂપમાં હોત તો તમને તે તમાચો મારીને કહેત કે 'ખોટા તો તમે છો અને વાંક મારો કાઢો છો ?! તમારા નિશ્ચયમાં જ સગડગ છે અને મારા ઉપર આરોપ કરો છો ?'

એવા વખતે આપણે અડગ રહીને શા માટે યોગ્ય પગલાં ના લેવાં ? હંમેશાં 'પૉઝિટિવ' એટલે કે રચનાત્મક વિચારો કરવા. નિમ્ન વિચારો આવે ત્યારે સારી પ્રવૃત્તિમાં જોડાઈ જવું કે મોટેથી સ્મરણ કરવામાં લાગી જવું.'

સાંજે પાંચ વાગતાં તેઓશ્રી બહાર ફરવા જવા તૈયાર થયા. મેં તેમને પગે પડી તેમનાં ચરણ ચૂમ્યા ત્યારે તેમના તરફથી જોશીલો ધબ્બો માણવા મળ્યો. અને મેં વિદાય લીધી.

■

**(૫૫)**

લક્ષણો, ક્ષેત્ર ને દિશા એનાં ના એકદેશીય
એવાને માનવી માપે, માપી કેમ શકાય રે ?
'જીવન પરાગ' **-શ્રીમોટા**

## અમારી આબરૂ વધે છે

૧૯૭૪ના જૂન માસમાં પૂજ્યશ્રી મુંબઈ પધાર્યા. તેઓશ્રીનો મુકામ હરમુખભાઈ જોગીને ત્યાં હતો ત્યારે કેટલાંક સ્વજનો તેમનાં દર્શને આવેલાં. ચોપાટી પાસે રહેતા શ્રી વસંતભાઈ કોટક, સહકુટુંબ દર્શને આવેલાં અને થોડી વાર પછી જ્યારે તેઓ જવા માટે ઊભા થયા ત્યારે પૂજ્યશ્રીએ તેમને કહ્યું કે 'ભાઈ, તમે આમ આવતા રહેજો. મને ગમે છે. તમારા આવવાથી અમારી આબરૂ વધે છે. બાકી, મારી પાસે કોણ આવે ?!' આ સાંભળીને ઘણાંને હસવું આવ્યું. વસંતભાઈએ ત્યારે કહ્યું કે 'ના, ના. મોટા, આબરૂ તો અમારી વધે છે.'

## બધું ઊથલપાથલ થઈ જશે

કોઈએ કહ્યું 'મોટા, આજકાલ મંદિરો બહુ બંધાઈ રહ્યાં છે.'

**શ્રીમોટા :** 'મંદિરો બાંધવાં અને યજ્ઞો કરવા એ આ સમયે જરૂરી નથી. અરે ! એવો કાળ આવી રહ્યો છે કે તમારાં મંદિરો પણ ઊખેડી નાખશે, બધું ઊથલપાથલ થઈ જશે. બધા સાધુ-સંન્યાસીઓ આજે ચીલાચાલુ ચાલે છે.'

એક પારસી યુવાને આવીને પોતાનાં લગ્ન સંબંધે સલાહ માગી ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું, 'ગરીબ ઘરની છોકરી પરણજે. પૈસાવાળાંની છોકરી બધું સહન નહિ કરે. જોકે બધી પૈસાવાળાંની છોકરીઓ એવી નથી હોતી. કોઈ કોઈ સારી પણ હોય છે. હું ગરીબ છું માટે એમ નથી કહેતો.

**ભ્રષ્ટાચાર ક્યારે જશે ?**

'નવનીત' માસિકનાં માજી સંપાદિકા શ્રીમતી કુંદનિકાબહેન કાપડિયાએ પૂજ્યશ્રીને પૂછ્યું કે 'ભ્રષ્ટાચાર ક્યારે જશે ?'

**શ્રીમોટા :** 'જ્યાં સુધી લોકો અંતર્મુખ નહિ બને ત્યાં સુધી કશું નહિ વળે. દરેક જણે બીજાને સુધારવાનો વિચાર કર્યા વિના, પોતે સુધરવું, પોતાની જાતને સુધારવી. કેટલા બધા લોકો ભાષણો કરી બીજા બધાને સુધારવા પ્રયત્ન કરે છે ! પણ તેથી શું વળ્યું ? મહાત્મા ગાંધીજી કેટલું બધું કરી ગયા ! પણ એનાથી કંઈ બધા સુધરી નથી ગયા. સ્વરાજ મળ્યું પણ ઊથલપાથલ થઈ નહિ, એનું આ પરિણામ છે. લોકોમાં સાચો ધર્મ જાગશે ત્યારે ભ્રષ્ટાચાર જશે.

**સાધના માટેનો શ્રેષ્ઠ સમય**

તા.૩-૬-૧૯૭૪ના રોજ ભાઈ ચંદ્રકાંત મહેતાને ત્યાં પાંચેક ભક્તો પૂજ્યશ્રી પાસે બેઠા હતા ત્યારે ચંદ્રકાંતે પૂછ્યું, 'મોટા, સાધના માટેનો શ્રેષ્ઠ સમય કયો ગણાય ?'

**શ્રીમોટા :** સાધના માટે રાતના બારથી વહેલી સવારના ત્રણ વાગ્યા સુધીનો સમય શ્રેષ્ઠ સમય ગણાય છે. તે વખતે તમે ગુરુ-મહારાજને યાદ કરશો, તો એ તમને જરૂર મદદ કરશે. ત્યારે અકળામણ જેવું લાગે, ઊંઘ આવે તોપણ એ બધાંને હટાવી દઈને, નિશ્ચયપૂર્વક સ્મરણ, જપ અને પ્રાર્થનામાં લાગી જવું. હું

સ્મશાને તે જ ટાઈમે જતો. પહેલી વાર જ્યારે હું ત્યાં ગયેલો ત્યારે મને પરસેવો થઈ ગયેલો, પણ મેં જવાનું ચાલુ રાખ્યું. હું, એક થાંભલા સાથે મારા શરીરને બંધાવી દેતો, જેથી ચસી ના શકાય. આમ ટેવ પાડીશું તો કશું મુશ્કેલ નથી.

**સાચા અનુભવીની સોબત**

ઉપરોક્ત કથનના સંદર્ભે કોઈ ભાઈ ધીમેથી બોલ્યા કે જુવાની દરમિયાન આવી સાધના કે ઉજાગરા થઈ શકે. મોટી ઉંમરે શી રીતે થાય ? પૂજ્યશ્રીના કાન ઉપર આ શબ્દો પડતાં તેઓશ્રીએ કહ્યું કે 'સાચા અનુભવીની જે સોબત રાખે છે તે નકામી નથી જતી. આ ઈંદુકાકા અને જયશ્રી મારી કેટલી સેવા કરે છે ? તેઓ મને બહુ વહાલાં છે. તેથી કેટલાક લોકો મને પૂછે છે કે 'આ લોકોનું 'ટ્રાન્સફર્મેશન'-પ્રકૃતિનું રૂપાંતર થઈ ગયું છે ?' એવું પરિવર્તન થશે કે નહિ તે જુદી વાત છે, પણ તેમના મૃત્યુ સમયે કેવું થાય છે તે જોજો !'

**મૃત્યુ સમયે તેવા જીવની દશા**

**પ્રશ્ન :** 'એ વખતે શું થાય છે ? તે સમજાવશો પ્રભુ !'

**શ્રીમોટા :** 'આપણા શરીરમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એવાં ત્રણ શરીર છે. સ્થૂળ શરીરનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ સ્થૂળ રીતે-નિમ્ન કે ઊર્ધ્વ-સંસ્કારો મુજબ કામ કરે છે. તે આપણે જોઈ શકીએ છીએ. સૂક્ષ્મ શરીર છે તે અનુભવી મહાત્માની સોબતને લીધે તેના ચેતનવાળા સંસ્કારો જાણ્યે-અજાણ્યે ઝીલી લેતું હોય છે. સૂક્ષ્મ શરીરને સ્થૂળ શરીરનાં કર્મ સાથે એવો સંબંધ નથી. તેથી મૃત્યુ સમયે સૂક્ષ્મ શરીર ઉપરના સાત્ત્વિક સંસ્કારો મોખરે આવી જવાને લીધે તે જીવ ઈશ્વરને યાદ કરી શકતો હોય છે અને તેનું મરણ થાય ત્યારે સૂક્ષ્મ શરીર એ સંસ્કારો

લઈને જતું હોય છે. તેથી તેની ઊર્ધ્વગતિ થવામાં મદદ મળતી હોય છે. માટે સ્થૂળ શરીરે ગમે તેવી નિમ્ન પ્રવૃત્તિ થયા કરતી હોય તોયે ચેતનનિષ્ઠ સાથે મૈત્રી રાખીને તેની સોબતમાં રહેવું ઘણું લાભદાયી છે.'

એ પછી શ્રીમોટાએ તેમના સાધનાકાળ દરમિયાન ગુરુ-મહારાજ-શ્રીકેશવાનંદજીએ તેઓશ્રીને એક મરવા પડેલા 'ગામના ઉતાર' ગણાય એવા માણસની મૃત્યુ વખતની સ્થિતિ જોવા એક ગામમાં મોકલેલ તે વાત કરી. તે માણસ અંતકાળે ગુરુમહારાજ શ્રીધૂણીવાળા દાદાને ખૂબ યાદ કરીને પ્રાર્થના કરતો હતો, તેના ગુનાઓની માફી માગતો હતો અને એમ કરતાં કરતાં શાંતિથી તેણે છેલ્લો શ્વાસ લીધો !

■

**(૫૬)**

જીવન વેપાર કરવાની પ્રભુએ પેઢી ખોલી છે,
કશું આપ્યા વિના સોદો કશોયે ના થવાનો છે.
'જીવન પરાગ' **-શ્રીમોટા**

## શ્રીમોટાને 'ડાયાબિટીસ'

અમે પૂજ્યશ્રી પાસે તા. ૧૪-૯-૧૯૭૪ના રોજ રાંદેર આશ્રમે ગયેલાં. તેઓશ્રીને પગે પડતાં મેં પૂછ્યું કે 'મોટા, બે મહિનામાં આવું શરીર કેમ થઈ ગયું ?' તેઓશ્રીએ કહ્યું કે 'બે વાર ડાયાબિટીસ થઈ ગયો.' તેઓશ્રી હીંચકા ઉપર બેઠેલા હતા અને એક સેવક તેમની પીઠ ઉપર તેલમાલિસ કરતા હતા. તેઓશ્રીનો અવાજ બહુ ધીમો અને નરમ હતો. જીભ થોથવાઈ જતી હતી. આંખો સંકોચાઈને ઝીણી થઈ ગયેલી, છતાં તેજસ્વી હતી અને ચહેરા ઉપર દર્દનું એક પણ ચિહ્ન થતું ન હતું. એ સદાય સ્મિત

કરતું, ટીખળ કરતું, વાતો કરવાને આતુર હતું. તેઓશ્રીના પગ એકદમ પાતળા થઈ ગયા હતા. એથી ઊભા રહી શકાતું ન હતું. ચામડીનો રંગ બદલાઈ ગયો હતો. તેઓ કહેતા હતા કે 'લોહીનું પાણી થઈ ગયું હતું.' વળી, હૃદય જરા પહોળું થઈ રહ્યું છે. એટલે ડૉક્ટરે 'ટ્રાન્ક્વીલાઈઝર'ની (ઊંઘ આવે તેવી) ગોળીઓ આપવા માંડી હતી. તેથી ઊંઘ બહુ આવતી હતી. તોયે નિયમ મુજબ સવારે ચાર વાગ્યે ઊઠી જઈને નિત્યકર્મથી પરવારીને પાછા સૂઈ જતા હતા.

**તું મારી ગુરુ**

મુંબઈથી આવેલી નયના નામની કન્યાને તેઓશ્રીએ 'નયના, નયના !' કહીને વહાલ દર્શાવ્યું અને પૂછ્યું કે 'મા સાથે કેમ ચાલે છે ? અભ્યાસ ખૂબ સરસ થાય છેને ?... બાપા વઢે છે ખરા ?' ત્યારે નયનાએ કંઈ નહિ બોલતાં સ્મિત કર્યાં કર્યું. જ્યારે તેણી વિદાય લેવા પગે પડી ત્યારે તેઓશ્રીએ તેણીની પીઠ ઉપર હાથ ફેરવ્યો અને તેણીનો હાથ પંપાળ્યો, પછી તેણીનો હાથ પોતે પોતાના માથા ઉપર મૂકતા કહ્યું કે 'તું મારી ગુરુ છે !'

**આ શરીર બહુ નહિ ચાલે**

તા. ૨૬-૧૦-૧૯૭૪ના રોજ અમે રાંદેર આશ્રમે હતા ત્યારે તેઓશ્રીએ કહ્યું કે 'આ શરીર હવે ખોખરું થઈ ગયું છે. હાર્ટને અસર થઈ છે. મોઢું ફૂલેલું અને હસતું રાખીને બધાંની સાથે પ્રેમથી વાતો કરું છું. એટલે કોઈને શરીરની બીમારી અને દુઃખાવાનો ખ્યાલ નહિ આવે, પણ આ શરીર હવે બહુ નહિ ચાલે. ૧૦-૧૨ મહિના ચાલે તો ચાલે. તો અમારા ઉપર પ્રેમ રખાય તો રાખજો.' (શ્રી નંદુભાઈ સાથે વાત કરતાં તે કહેતા,

'આવું તો તેઓશ્રી કેટલાય વખતથી કહે છે ! પણ બહુ ચિંતા કરવા જેવું નથી.)

**હુકમ થાય તો...**

વળી, તેઓશ્રીએ કહ્યું, 'ઈશ્વર રાખે તેમ રહીએ. એનો હુકમ થાય તો હમણાં શરીર છોડી દઉં. એને પ્રાર્થના કરું છું, પણ હુકમ નથી. પ્રેમથી બધું સહન કરીશું. માટે સહન કરવાની શક્તિ માટે પ્રાર્થના કરીએ.'

આવી સ્થિતિમાં પણ તેઓશ્રી ભજનો લખતાં. દરમિયાન પાસે બેઠેલાં કેટલાંક સ્વજનો માટે ચા મંગાવી. તેમણે ખાંડ વગરની ચા પીધી. પછી સત્સંગ કરવા ફરમાવ્યું.

**જીવનચરિત્ર માટેના ફોટા**

તેઓશ્રીના 'જીવનચરિત્ર'માં છાપવાના ફોટા લેવાઈ રહ્યા હતા તે બાબતે મેં કહ્યું કે 'એ બધા ફોટાનું ઍલ્બમ બળવંત ભટ્ટ આપને ભેટ આપવા ઈચ્છે છે.' તે મને મારી હયાતી દરમિયાન ના આપશો, નહિ તો હું વેચી દઈશ !'

બનારસમાં પૂજ્યશ્રીને નિર્ગુણ સાક્ષાત્કાર થયેલો ત્યારે તેઓશ્રી જે મકાનમાં હતા તે જગ્યાનો ફોટો લેવાનો અમારો વિચાર હતો. એ બાબત વિશે તેઓશ્રીને પૂછ્યું ત્યારે તેઓશ્રીએ કહ્યું કે 'મને એ જગ્યા વિશે કશું યાદ નથી. બે વખત હું ત્યાં ગયેલો અને બીજાની સાથે પત્રવ્યવહાર પણ થયેલો. તેમાં જગ્યાનું સરનામું હોઈ શકે, પણ મેં તે પત્રો જાળવી રાખ્યા નથી.' અને નિઃસ્પૃહપણે બોલ્યા કે 'તે બાજુના ફોટા લેવા ના જવું, માત્ર યાત્રા અર્થે જવું હોય તો જજો.' એથી અમે બનારસના એ સ્થાનના ફોટા લેવા જવાનું માંડી વાળેલું.

## સાધના માટે દૈવી સહાય

**પ્રશ્ન :** ‘મોટા, આપ સાધના કરવા જે જે જગ્યાએ જતા હતા, તે કેવી રીતે નક્કી કરતા હતા ? શું ગુરુમહારાજ તમને આજ્ઞા કરતા હતા ?’

**શ્રીમોટા :** ‘મને એ જગ્યાઓનું ‘વિઝન’ એટલે કે દર્શન થતું, ફિલ્મની જેમ મારી નજર સમક્ષ આવતું. નદી, પર્વત, ગુફા, જંગલ, ઝાડી-ટેકરા વગેરે હૂબહૂ દેખાતું. પછી હું જગ્યાની શોધ કરતો અને જગ્યા મળી આવતાં ત્યાં સાધના કરવા બેસી જતો.’

**પ્રશ્ન :** ‘એકાદ મહિનાની રજા લઈને જ્યારે આપ સાધના કરવા જતા ત્યારે ખોરાક વગેરેનો પ્રબંધ કેવી રીતે થતો ?’

**શ્રીમોટા :** ‘મારી પાસે સામાનમાં ખાસ કાંઈ રહેતું નહિ. ઓઢવા-પાથરવા માટે ધોતિયું કે પંચિયું વાપરતો અને ઓશીકા તરીકે સપાટ પથ્થર જેવું રાખતો. જોકે નિદ્રા મને બેત્રણ કલાક જેટલી જ આવતી. એકાંત સ્થાન હોય એટલે નગ્ન રહું તોયે વાંધો નહિને ! ખાવાના વિશે સાચું કહું-બેચાર દિવસના કડાકા થાય પછી કોઈ ને કોઈ શાકરોટલો આપી જાય. હું આપી જનારનો ખૂબ આભાર માનતો અને તેમને દિવસમાં એક જ વાર ખાવાનું આપી જવા વિનંતી કરતો.’

**પ્રશ્ન :** ‘તે લોકોને આપની હાજરી વિશે કઈ રીતે ખબર પડતી ?’

**શ્રીમોટા :** ‘હું ભોજન લાવનારને પૂછતો કે ‘ભાઈ, તમને મારી અત્રેની હાજરીની જાણ કેવી રીતે થઈ ? હું ભૂખ્યો છું તેની ખબર કેવી રીતે પડી ?’ ત્યારે તેઓ કહેતા કે ‘સ્વપ્નમાં કોઈ આવીને મને કહી ગયું’ કે પછી ‘તમારાં દર્શન થયાં અને ફલાણી

જગ્યાએ તમે સાધના કરવા બેઠા છો તથા તમને ભોજનની જરૂર છે.' આ કેવી મારા ભગવાનની કૃપા ?!'

**પ્રશ્ન :** 'એટલે દૂર જવા આવવા તથા રહેવાના ખર્ચની વ્યવસ્થા કેવી રીતે કરતા ?'

**શ્રીમોટા :** 'મારા વડીલ જેમને હું 'બાપુ' કહેતો, (પી. એલ. મહેતા-કરાંચી સ્થિત સિંધિયા કંપનીના મૅનેજર) તેઓ મને રૂપિયા મોકલતા.'

**કામવાસના**

**પ્રશ્ન :** 'કામવાસનાને ઘટાડવાનો કે નિર્મૂળ કરવાનો કોઈ ઉપાય ખરો ?'

**શ્રીમોટા :** 'કામવાસનાને 'પ્રોબ્લેમ'-મહાપ્રશ્ન તરીકે શું કામ ગણો છો ? તેનાથી ગભરાવ નહિ. એ પણ શરીરનો એક ધર્મ છે. જેમ જેમ સાત્ત્વિક ગુણો વધતા જશે, તેમ તેમ કામવાસના ઘટતી જશે. સત્સંગ કરો, નામસ્મરણ નિયમિત રીતે ત્રણચાર કલાક કર્યા કરો. વાસનાને ભડકાવે તેવું વાંચન, તેવી ફિલ્મો અને તેવી સોબત છોડો. સત્ત્વગુણ વધે તેવા પ્રયત્ન કર્યા વિના કાંઈ વળે નહિ. એવે સમયે ખાસ જાગ્રતિ રાખવી.'

■

**(૫૭)**

એક રાતમાં જીવન પલટાઈ શકે નહિ. 'એક ક્ષણમાં બધું પલટાઈ જાય છે', એમ જે કેટલીક વાર કહેવામાં આવે છે તેમાં અતિશયોક્તિ સાધારણતઃ હોય છે. સ્વભાવનું રૂપાંતર એકદમ પૂર્ણપણે થતું હોતું નથી.

'જીવન પરાગ' **-શ્રીમોટા**

## પ્રકૃતિની બલિ

એક નવજુવાન વેપારમાં એકાએક ખૂબ કમાઈ જતાં પૂજ્યશ્રીને ખોબેખોબે દાન આપે અને સ્વગૃહે તેમની પધરામણી કરી સુંદર પ્રકારે આગતાસ્વાગતા કરે. આમ લગભગ ચાર વર્ષ સુધી તેમનો સત્સંગ ચાલ્યો હશે. એકવાર સાત દિન માટે મૌનમાં પણ બેસી આવેલો. તેમની ભક્તિ ગજબની દેખાતી. કૌટુંબિક રીતે ઘણા સુખી હતા. છ જણનો પરિવાર. સમાજમાં સારો મોભો. બુદ્ધિમાન, મીઠાબોલા અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતો યુવાન પૂજ્યશ્રી ઉપર જાણે વારી ગયેલો અને પૂજ્યશ્રી પણ તેના ઉપર પ્રેમ વરસાવે.

દરમિયાન પ્રકૃતિના ખેલ શરૂ થયા ! તેના જીવનમાં પ્રેમ-ત્રિકોણ રચાયો. પત્નીને છૂટાછેડા આપીને બીજી યુવતી સાથે લગ્ન કરવાનું તેણે નક્કી કર્યું. કુટુંબીજનો તેથી ખૂબ દુઃખી થયાં.

એક દિવસ તે ભાઈ પૂજ્યશ્રીની સંમતિ લેવા ગયા. શ્રીમોટાએ ઘસીને ના પાડી. શ્રીમોટા, પૈસાથી ખરીદાય તેવા મહાત્મા ન હતા.

એટલે ભાઈસાહેબની કમાન છટકી. પૂજ્યશ્રી તરફનું મોં ફેરવી લીધું. પત્નીને છૂટાછેડા આપવાની પ્રવૃત્તિ જોશભેર માંડી. તેનાં સ્વજનો પૂજ્યશ્રીને કંઈક કરવા પ્રાર્થે. શ્રીમોટાએ તેમને કેવળ પ્રાર્થના, ખરેખરી પ્રાર્થના કર્યા કરવાની સલાહ આપી.

પત્ની ના છૂટકે તલાક લેવા તૈયાર થઈ. તે માટે બધાં એક દિવસ સૉલિસિટરની ઑફિસમાં એકત્ર થયાં. ચર્ચા દરમિયાન પેલી યુવતી સાથે ભાઈસાહેબને ઉગ્ર ચર્ચા થઈ. કોઈ પણ કારણે અને તકરાર લગભગ મારામારી ઉપર પહોંચી જાય એવી થઈ ગઈ ! પરિણામે પેલી યુવતી ઑફિસ છોડી ચાલી ગઈ ! તેની

આંખ ખૂલી ગઈ. પરિણામે છૂટાછેડાની વાત ભુલાઈ ગઈ !

આપણા ભાઈસાહેબે તે પછી તેમનાં સ્વજનોનો ત્યાગ કરીને અન્યત્ર રખડવા માંડ્યું. પોતાના વેપાર ધંધાની ધૂળધાણી કરી નાખી. દેવાદાર બની ગયા. અંતે ઘણા દુઃખી થયા. હવે, કેટલાંક વર્ષો બાદ તેમને સ્વગૃહે પાછા ફરવું છે, પણ મોટી ઉંમરના દીકરા પિતાને સત્કારવા, સ્વીકારવા તૈયાર નથી, છતાં તેની પત્ની અને સગાં ભાઈબહેનો તેને મદદ કરી રહ્યાં છે.

હવે તે ભાઈને જાણનાર કેટલાક એવો પ્રશ્ન પૂછતા કે જે માણસે શ્રીમોટાને દાનગંગાથી નવરાવી દીધેલા, તેની બુદ્ધિને વિકૃત થઈ જતાં, તેની ગાડીને આડે પાટે ચડી જતાં તેમણે કેમ બચાવી ના લીધા ?!

પૂજ્યશ્રીએ જવાબ આપ્યો :

**'જે લોકોત્તર છે તેનાં મન પારખવા ખરું,**
**-તે શક્તિમાન છે કોણ ? માનવીનું નથી ગજું.'**

પૂજ્યશ્રી શું કરી શકે ? એ કોઈ જાદુગર નથી કે 'એક દો તીન' કહીને તેવા માણસને બકરો બનાવી દે ! એવો ચમત્કાર કોઈ મહાત્મા કરી શકે નહિ, કરે નહિ. પ્રકૃતિ એમ ને એમ, એકાએક બદલાતી નથી, ચમત્કારોથી તે સુધરી શકે નહિ.

પૂજ્યશ્રીએ એકવાર ઘણાં દુઃખ સાથે કહેલું પણ ખરું કે 'મને એનું દુઃખ છે કે તમારાં કર્મ આડાં આવતાં હોવાથી, તમારું દુઃખ ફેડી શકતો નથી.'

છતાં જુઓ, પેલી યુવતીની મતિ અકળ રીતે ફરી ગઈ ! છૂટાછેડાની વાત કાયમ માટે પડતી મુકાઈ. તેની પત્ની તેના દીકરાઓ સાથે દેખીતી રીતે આરામથી દિવસો પસાર કરી રહી છે. પોલીસ અને કોર્ટોના ઉંબરા (પતિના કારણે) ઘસવા છતાં

હિંમતથી, હોશિયારીથી, નિર્ભયતાથી, જાતજાતનાં દબાણો અને ધમકીઓની પરવા કર્યા વિના ! તેટલું ઓછુંછે ? આમાં પૂજ્યશ્રીની શક્તિનો, પરમેશ્વરની કૃપાનો કેટલો ભાગ ભજવાયો હશે તે કોણ જાણે ?! શ્રીમોટાને કોઈ કોઈ વાર એમ બોલતા સાંભળ્યા છે કે **'અમારા પેટમાં પડેલું કોઈનું લૂણ અમે ભૂલી શકતા નથી. તેનો બદલો ઈશ્વર તેની રીતે આપ્યા વિના નહિ રહે.'**

એક બીજી વાત યાદ રાખવા જેવી છે. તે ભાઈના ઓવર-ફ્લોઈંગ-ખળખળ વહેતા ભાવને કારણે પૂજ્યશ્રી તેને ખૂબ ચાહતા અને તે કારણે તેના સૂક્ષ્મ શરીરમાં પડેલા ચેતનના સંસ્કારો એક દિવસ ઉદયમાન થયા વિના રહેવાના નથી. આ મતલબનું કથન તેઓશ્રીને ઘણી વાર આવા બીજા બધા બનાવો સંબંધે કરતાં સાંભળ્યા છે.

■

**(૫૮)**

એ છે પ્રતાપ પદની રજ-ધૂલિકાનો,
દાંડી પીટી જગતને કહું-ધ્યાન દેજો.

**-શ્રીમોટા**

## શરીર છોડવાનો નિર્ણય

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૭૪થી પત્રો લખવાનું બંધ કર્યું હતું. સ્વજનોને મળવા આવવાની તથા પત્ર લખી ખબર પૂછવાની મનાઈ ફરમાવી હતી. નામસ્મરણ અને સત્કર્મ કરવાની જે સલાહ તેમણે આપેલી હતી, તે રીતે આચરવા માટે બધાં સ્વજનોને ભારપૂર્વક જણાવી દેવામાં આવ્યું હતું. તેઓશ્રીએ વર્તમાનપત્ર વાંચવાનું છોડી દીધું હતું. ૧૯૭૬માં તેમના શરીરના રોગો અસહ્ય દર્દ દેવા લાગ્યા અને શરીરની સેવા બીજાંઓ પાસે

લેવી પડતી હતી. એટલે તેઓશ્રીને લાગ્યું કે આ શરીરનો ઉપયોગ કરવાની હવે ઈશ્વરની ઇચ્છા નથી. એટલે તેઓશ્રીએ પોતાનું શરીર છોડી દેવાનું મનથી નક્કી કરી લીધું.

**છેલ્લી ગુરુપૂર્ણિમા**

તેઓશ્રી ગુરુપૂર્ણિમાના દિવસે સામાન્યતઃ ત્રિચિ અને કુંભકોણમ્ આશ્રમે રહેતા, પરંતુ ૧૯૭૬ની ગુરુપૂર્ણિમાના દિવસે તેમના શરીરની નાદુરસ્ત સ્થિતિ હોવાને કારણે તેઓશ્રી રાંદેર આશ્રમે જ રહ્યા. આમ તો તેઓશ્રી આ ગુરુપૂર્ણિમા ગુજરાતના કોઈ સ્થળે અજ્ઞાત રહીને વિતાવવા ઇચ્છતા હતા, પરંતુ સુરતના કેટલાક ભક્તોએ પૂર્ણિમા નિમિત્તે રૂપિયા પચીસ હજાર ઉઘરાવીને અર્પણ કરવાની તૈયારી બતાવી. એટલે તેઓશ્રી રોકાઈ ગયા હતા. અધૂરામાં પૂરું આ દિવસની આગલી રાતથી ગુજરાતભરમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. અને બધા રસ્તા લગભગ બંધ થઈ ગયા હતા. છતાં પૂર્ણિમાની વહેલી સવારે લગભગ અઢીસો જેટલાં સ્વજનો આશ્રમે પહોંચી ગયાં અને ગુરુવંદના કરીને લગભગ એક લાખ રૂપિયા અર્પણ કર્યા !

**નડિયાદ આશ્રમે છેલ્લો દિવસ**

તા. ૧૧-૭-૧૯૭૬ની સવારે સાત વાગ્યે પૂજ્યશ્રી નડિયાદ જવા નીકળ્યા, પણ ચારપાંચ કલાકે રાંદેર પાછા આવ્યા, કેમ કે વરસાદનાં પાણીને લીધે રસ્તા બંધ હતા. બીજા દિવસે (તા. ૧૨-૭-૧૯૭૬) રસ્તો ખુલ્લો થતાં તેઓશ્રી છેક સાંજે નડિયાદ આશ્રમે પહોંચ્યા.

૧૬મી તારીખે તેઓનું પ્રોસ્ટેટનું દર્દ ઉગ્ર બન્યું અને પેશાબ બંધ થઈ ગયો. નડિયાદના એક કિડ્‌ની સ્પેશિયાલિસ્ટ ડૉક્‌ટરને બોલાવવામાં આવ્યા. ૧૭મીએ ડૉક્‌ટર, રસ્તાથી આશ્રમ સુધી

શેઢી નાદીના પૂરનાં પાણી ખૂંદીને આવ્યા અને શ્રીમોટાના શરીરને તપાસ્યું. ડૉક્ટરે, શ્રીમોટા સાથે વાત કરીને તેમની પરિસ્થિતિ જાણી, પરંતુ તેઓ તેવાં કોઈ સાધનો લઈને આવ્યા ન હતા કે જેથી શ્રીમોટાને તાત્કાલિક પેશાબ કરાવી શકે. એટલે શ્રીમોટાની સ્થિતિ વિષમ બની.

બીજે દિવસે પૂજ્યશ્રીના જાણીતા એવા ડૉ. વીરેન્દ્ર દેસાઈ બધાં જ સાધનો અને સંપૂર્ણ તૈયારી સાથે સાંજના ચાર વાગ્યાના સુમારે આશ્રમે આવવા નીકળ્યા. સડકથી આશ્રમના ખેતરાઉ રસ્તે કાદવ ખૂંદતાં ખૂંદતાં તે આશ્રમે આવી પહોંચ્યા અને પૂજ્યશ્રીની અનુમતિ લઈને તેઓએ બે જ મિનિટમાં કૅથેટર દ્વારા લગભગ બે લિટર જેટલો પેશાબ બહાર કાઢ્યો.

૧૯મી તારીખે તેઓશ્રીએ નીચેનો કાગળ લખીને શ્રી નંદુભાઈને આપ્યો.

જે કોઈને લાગેવળગે છે તેઓ જોગ :

'હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા, રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ, જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઈચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું ઉત્તમ છે. અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું તેમ કરી દઈશ.

મારા શબનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ મૃત્યુ સ્થળની નજીકમાં કરવો અને તે પણ આપ છ જણની હાજરીમાં કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કાંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ (પ્રાથમિક) શાળાના ઓરડા બાંધવામાં કરવો.'

**ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા'**

તા. ૧૯-૭-૧૯૭૬

**શ્રીમોટાએ માયા સંકેલી**

તા.૨૧મીએ સાંજના શ્રીમોટાએ તેમની સેવામાં રહેતા શ્રી રાજુભાઈને બોલાવીને કહ્યું, 'મને વ્હીલચૅરમાં બેસાડી આખા આશ્રમમાં ફેરવ.'

રાજુભાઈએ, શ્રીમોટાને પૈડાંવાળી ખુરશીમાં બેસાડી પ્રદક્ષિણા કરતા હોય તેમ આશ્રમની ચારેબાજુ ફેરવ્યા. શ્રીમોટા, છોડ, વૃક્ષ, મકાન જે આવતું જાય તેને પ્રણામ કરતાં કરતાં આગળ વધતા જાય. એમ કરતાં કરતાં શ્રીમોટા પોતે રોજ નાહતા હતા તે ટબની પાસે આવ્યા ત્યારે તેમણે રાજુભાઈને એમ કહ્યું કે 'મારે નાહવા માટેનું આ ટબ વૈકુંઠકાકાનું છે. કાલે વહેલી તકે તેમને ત્યાં પહોંચાડી દેજે.'

**અશુભનાં એંધાણ !**

૨૨મીની વહેલી સવારે આશ્રમેથી ફાજલપુર જવા માટે પૂજ્યશ્રી તૈયાર થયા. વરસાદ ધોધમાર વરસતો હતો, છતાં તેઓ રોકાયા નહિ. શ્રીમોટાએ, રામભાઈ અને રાજુભાઈને બૂમ પાડીને બોલાવ્યા અને કહ્યું, 'મને તાડપત્રી નીચે લઈને ગાડીમાં બેસાડી દો. એકદમ જલદી. જરાય વાર ના લાગે.' તરત શ્રીમોટાની ઉપર તાડપત્રી રાખીને તેમને ગાડી નજીક લઈ જવામાં આવ્યા અને ગાડીમાં બેસાડી દીધા. બે ગાડી કરવામાં આવી હતી. શ્રી

નંદુભાઈ, શ્રી રામભાઈ પટેલ, ડૉ. કાંતાબહેન પટેલ અને શ્રી રાજુભાઈ વગેરે સાથે હતાં. ગાડી જેવી આશ્રમના દરવાજામાંથી નીકળી કે તુરત જ આશ્રમની વીજળીબત્તી બંધ પડી ગઈ. શ્રી ગોરધનકાકાના મોંમાંથી સહજ ઉદ્ગાર નીકળી ગયા કે 'નડિયાદ આશ્રમે શ્રીમોટા હવે પાછા નહિ આવે.'

આ પ્રસંગ સૂચક એટલા માટે છે કે શ્રીમોટાનાં બા નડિયાદમાં ગંભીર માંદગીમાં હતાં ત્યારે શ્રીમોટા બનારસમાં જે રૂમમાં પ્રાર્થનામય સ્થિતિમાં હતા તેની વીજળીબત્તી એકાએક બંધ થઈ અને શ્રીમોટા જાણી ગયા કે નડિયાદમાં બાએ દેહ છોડ્યો !

**હંસલાનું ઉડાન**

પૂજ્યશ્રીએ શ્રી નંદુભાઈને ફાજલપુર પહોંચતાં સૂચવ્યું કે રમણભાઈ અમીન (એલેમ્બિક કેમિકલ્સવાળા)ને પૂછી જુઓ કે 'મોટા, આજે તેમનો દેહ તેમના બંગલામાં છોડવાના છે, જો તેમની સંમતિ હોય તો ઠીક છે નહિ તો સુરત આશ્રમે જઈ છોડશે.' શ્રી નંદુભાઈએ, રમણભાઈને વાત કરી ત્યારે શેઠ રમણભાઈ પળવાર તો અવાક બની ગયા, પણ તુરત જ કહ્યું કે 'આ ઘર પૂજ્યશ્રીનું જ છે. તેમની ઈચ્છાનુસાર તેઓશ્રી કરી શકે છે.'

વાત પાકી થઈ ગઈ. એટલે સૌ પોતપોતાને કામે લાગી ગયાં. શ્રીમોટાએ ચશ્માં, માળા અને ઘડિયાળ શ્રી રામભાઈને આપતાં કહ્યું કે 'ભાઈને આપી આવો.' શ્રી રામભાઈએ તેમ કર્યું.

સામાન્ય રીતરિવાજ પ્રમાણે શ્રીમોટાને કંઈ કામ હોય ત્યારે આ વસ્તુઓ તેમની સેવામાં રહેતા ભાઈ કે બહેનને આપતાં અને કામ પૂરું થતાં પાછી લઈ લેતા. તેને બદલે આજે શ્રી નંદુભાઈ પાસે આવી. આ કંઈક અસાધારણ વાત હતી. એટલે

શ્રી નંદુભાઈ, શ્રીમોટા પાસે ગયા તો શ્રીમોટાએ, નંદુભાઈને કહ્યું, 'આજે ચાર વાગ્યા પછી હું દેહ છોડીશ.'

શ્રી નંદુભાઈએ કહ્યું કે 'મોટા, અત્યારે વરસાદ ઘણો છે. શરીરનો અગ્નિસંસ્કાર કરવો ફાવશે નહિ. તો થોડોક વધુ સમય પસાર કરો તો...'

'ના', પૂજ્યશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે 'અગ્નિસંસ્કાર કરી શકાય તેમ ના હોય તો શરીરને મહી નદીમાં ધકેલી દેજો. 'ધીસ ઈઝ નૉટ એ મૅટર ઑફ ડિસ્કશન' (આ ચર્ચાનો વિષય નથી) તેઓશ્રીનો નિરધાર અટલ હતો.

ફાજલપુરના ફાર્મહાઉસનું નામકરણ થયું ન હતું. તેની નામ લખાયેલી તકતી આવી ગઈ હતી. નામ રાખવામાં આવ્યું હતું- 'હરિસ્મૃતિ'. શ્રીમોટાને તે બતાવવામાં આવી. શ્રીમોટાએ કહ્યું, 'અત્યારે જ તે લગાવી દો.'

તુરત જ તેની ગોઠવણ થઈ. મકાનને 'હરિસ્મૃતિ'ની તકતી લાગી ગઈ અને ફાર્મહાઉસ 'હરિસ્મૃતિ'માં બદલાઈ ગયું. શ્રીમોટા હરિને ઘેર જવાના હતા તે જ દિવસે આ બન્યું એ પણ એક જોગાનુજોગ જને !

તેઓશ્રીએ દશ વાગ્યે નહિ જેવો ખોરાક લીધો. બીજાંઓને ભોજન લેવા કહ્યું. પછી વરંડામાં સૂતા. ત્રણેક વાગ્યે સૂતાં સૂતાં આડે પડખે સૂઈને કેટલાંક કાગળ અને ચિઠ્ઠીઓ લખીને શ્રી નંદુભાઈને આપી.

ચાર વાગ્યે પૂજ્યશ્રીએ શ્રી રમણભાઈ અને રાજુભાઈને પોતાને ફરતી ખુરશી દ્વારા અંદરના ઓરડામાં લઈ જઈ પલંગ ઉપર સુવાડવા કહ્યું. તે રીતે તેઓ પલંગ ઉપર સૂઈ ગયા. પછી તે બંનેને બહાર જવા અને શ્રી નંદુભાઈને અંદર મોકલવા કહ્યું.

તેઓશ્રીએ શ્રી નંદુભાઈને કંઈ પણ પૂછવું હોય તો પૂછી લેવા જણાવ્યું. ત્યારે ભાઈ (શ્રી નંદુભાઈ) એટલું જ બોલ્યા કે 'મારી શક્તિ હશે ત્યાં સુધી આશ્રમની સેવા કરીશ !★

શ્રી નંદુભાઈએ તેઓશ્રીને પૂછ્યું કે 'આપને પેશાબ માટે આ કૅથેટર મૂકી છે અને પ્લાસ્ટિકની કોથળી બાંધી છે તે કાઢી લઈએ ?' પૂજ્યશ્રીએ કહ્યું કે 'ના, એને ના કાઢશો. એ તો મારી જીવનસંગિની છે.' ત્યાર બાદ તેઓ છેલ્લી વાર બોલ્યા, 'હવે મને કોઈ બોલાવશો નહિ અને અડશો પણ નહિ. બહાર જવું હોય તો બહાર જઈ શકો છો.'

તેઓશ્રીએ બપોર પછી ૪-૨૦ વાગ્યે આંખો બંધ કરી. શ્રી નંદુભાઈ પૂજ્યશ્રીના પલંગ પાસે એક સ્ટૂલ ઉપર બેસી 'હરિઃૐ' 'હરિઃૐ' જપવા લાગ્યા. આઠ કલાક પસાર થયા ત્યારે શ્રી નંદુભાઈને સહજ પ્રેરણા થઈ અને તેઓને લાગ્યું કે પૂજ્યશ્રી ૧-૩૦ વાગ્યે (વહેલી સવારે) શરીર ત્યજી દેશે.+

રાતના સાડા બાર વાગ્યે ડૉ. કાંતાબહેને, શ્રીમોટાની નાડીના ધબકારા ગણ્યાં હતાં. જે ૩૦-૩૫ સુધી હતા, અને ૧-૨૫ કલાકે ધબકાર બંધ થયો હતો. 'સ્ટેથોસ્કોપ'થી પણ જાણવામાં

---

★ આ અગાઉ શ્રી નંદુભાઈએ કેટલીક વાર પૂજ્યશ્રીને કહેલું કે 'તમારી હાજરી નહિ હોય ત્યારે હું આશ્રમ છોડી ચાલ્યો જઈશ.' તેઓશ્રી આ સાંભળી લેતા, એમ શ્રી નંદુભાઈએ કહ્યું હતું, પણ કોણ જાણે પૂજ્યશ્રીની છેલ્લી ઘડીએ તેમના મુખમાંથી અચાનક આ શબ્દો નીકળી પડ્યા કે 'મારી શક્તિ હશે ત્યાં સુધી આશ્રમની સેવા કરીશ !'

\+ શ્રીઅરવિંદે પણ શુક્રવાર સવારે ૧-૩૦ વાગ્યે શરીર છોડેલું. વળી, તેઓશ્રીને પણ પ્રોસ્ટેટનું દર્દ હતું.

આવ્યું કે હૃદય બંધ પડ્યું હતું. પૂજ્યશ્રીના હોઠ સહેજ ખૂલી ગયેલા. એ સિવાય શરીરમાં ક્યાંય ખેંચ કે બીજું કોઈ પણ ચિહ્ન જણાયું ન હતું. સવારે ૭ વાગ્યા સુધીમાં તેઓશ્રીના શરીરમાં કોઈ ફેરફાર થયો ન હતો.

તા. ૨૩-૭-૧૯૭૬ના દિવસે શ્રી નંદુભાઈએ ૧-૩૦ થી ૫-૩૦ સુધીમાં જે સંદેશા અને પત્રો લખવાના હતા તે લખી પૂરા કર્યા.

**અસ્થિ વિસર્જન**

સવારે ૭ વાગ્યા પછી પૂજ્ય શ્રીમોટાના શરીરને શ્રી રમણભાઈના બંગલાની પાછળ, મહી નદીના કિનારાની ભેખડ ઉપર ચિતા ખડકીને સુવાડવામાં આવ્યું. વરસાદ બંધ થઈ ગયો હતો ! ઘીનો દીવો નહિ, અગરબત્તી નહિ, સુખડનું લાકડું પણ નહિ ! શ્રીમતી ધીરજબહેન અમીનના આગ્રહવશાત્ શ્રીમોટાના શરીરને માત્ર 'સ્પન્જ' કરવામાં આવ્યું હતું. શ્રી રામભાઈ પટેલે સૂચવ્યું કે 'મોટા તો નાગાબાવાની જમાતના ! આટલી લુંગીની પણ શી જરૂર છે ?' એટલે તેઓશ્રીની લુંગી પણ લઈ લેવાઈ. અને શ્રી રમણભાઈના હસ્તે અંતિમ અગ્નિસંસ્કાર થયો. લગભગ એક કલાકમાં પૂજ્યશ્રીનું શરીર સંપૂર્ણપણે માટીમાં મળી ગયું. તેઓશ્રીની આજ્ઞા મુજબ અસ્થિ-રાખ પાવડાથી ખેંચીને મહી નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવામાં આવ્યાં. હરિઃૐ તત્ સત્.

સવારે ૯-૪૫ વાગ્યે પ્રસાદ લઈને બધાં વિખરાયાં. શ્રી રમણભાઈ અને શ્રીમતી ધીરજબહેન વડોદરા ગયાં. બાકીનાં બધાં નડિયાદ આશ્રમે ગયાં. પ્રથમ શ્રી નંદુભાઈ એકલા આશ્રમમાં પ્રવેશ્યા. આશ્રમવાસીઓને આશ્ચર્ય થયું. ભાઈએ (શ્રી

નંદુભાઈએ) બધાંને ખબર આપી કે 'મોટાએ દેહત્યાગ કર્યો અને એમના શરીરને અગ્નિસંસ્કાર કરીને પાછા ફર્યા છીએ.'

આમ, પૂજ્ય શ્રીમોટાએ એક મહાયોગીની જેમ જ નિરુપયોગી થયેલું શરીર, અંગ ઉપરનું વસ્ત્ર ઉતારીને ફેંકી દે તેમ, સ્વેચ્છાએ ત્યજી દીધું અને અતિ વિશાળ ફલક ઉપર કાર્ય કરવાને મહાપ્રયાણ કર્યું. આ હકીકત સમાજની આંખ ઉઘાડનારી બની છે, તે તો તેઓશ્રીના દેહોત્સર્ગ પછી તેઓશ્રીના આશ્રમોની કલ્યાણકારી યોજનાઓ માટે સમાજ તરફથી વહી આવતી દાનગંગા સાક્ષી પૂરે છે.

**॥ હરિઃૐ ॥**

■

## છેલ્લા દિવસના પત્રો : અભયદાન

(૧)

હરિઃૐ

જેમણે જેમણે મને મદદ કરી છે, મારું કામ કર્યું છે તેમનો તેમનો આભાર માનું છું. ભગવાન તેમનું યશ-કલ્યાણ કરો.

(૨)

હરિઃૐ

અમારાનું અમે છાનું રાખ્યું છે ના,<br>
બધું ખુલ્લે ખુલ્લું સરળ સરળ રીતે લખેલું.<br>
ન લખાયેલું, ન વિદ્વાનોએ ન કવિઓએ<br>
કદી પણ ન લખેલું છે.<br>
અમે અમારી મેળે તો કદી ના લખેલું છે.<br>
કદી કોઈના કહેવાથી-ને પૈસા તેના દેવાથી<br>
અમે એનું એમ લખેલું.

(૩)

હરિ:ૐ

કદી પણ ગુજરાતી સાહિત્યમાં ન લખાયેલું લખેલું. ('નિમિત્ત', 'શ્રદ્ધા', 'શ્રીસદ્‌ગુરુ', 'ભાવ', 'રાગદ્વેષ', 'સ્વાર્થ')

એવું એવું કોઈને સૂઝેલું અને લખેલું.

(૪)

હરિ:ૐ

તેનો જશ મારા પ્રભુને ફાળે જાય.

કદી વિચારીને લખ્યું નથી.

દરેક કાવ્ય થોડાક વખતમાં લખેલું,

ને તે પણ લખાણના પૈસા મળેલા છે ત્યારે.

તા. ૨૨-૭-૧૯૭૬ **-મોટા**

(શ્રીમોટાનું ઉપરોક્ત લખાણ તેમનાં પુસ્તકો વિશે છે. કોઈ જિજ્ઞાસુઓ અધ્યાત્મમાર્ગને લગતા વિષયો ઉપર લખવાનું પૂજ્યશ્રીને સૂચન કરે, વિનંતી કરે ત્યારે તેઓશ્રી દાન લઈને લખે. જોકે તે પૈસા તો હંમેશાં સામાજિક ઉત્થાનનાં કાર્યો પાછળ વાપરવામાં આવતા હતા, તે આશ્રમના હિસાબના ચોપડા સાક્ષી પૂરે છે.)

(૫)

હરિ:ૐ

ઉમળકાથી અમે કરેલું છે,

નિરાશાને તો અમે સ્વપ્ને ન જાણી છે,

આવેલાં કામને પૂરા હર્ષથી સ્વીકાર્યું છે,

ગુરુમહારાજના હુકમને ઉરના આનંદથી પાળ્યો છે.

(૬)

હરિ:ૐ

ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી.
એ તો એમને કે આપણને ખપ પડે
માણસ જેવા થઈ આપણી આગળ થઈને
જે તે આપણું ઉકેલી આપે છે.
ખરે વખતે ખરા વખતના ભક્તનું ન
અટકી રાખે છે.
નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે છે.

તા. ૨૨-૭-૧૯૭૬ **-મોટા**

❑

# પરિશિષ્ટ

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાનાં વક્તવ્યો

પૂજ્ય શ્રીમોટા સદેહે હતા ત્યારે તેમના જીવનના ચાર દિનો- દીક્ષાદિન, નિર્ગુણ સાક્ષાત્કાર ('નવો અવતાર') દિન★ ગુરુપૂર્ણિમા અને જન્મદિન તેમના ભક્તો તરફથી ઊજવવામાં આવતા. જોકે ગુરુપૂર્ણિમા દિને તેઓશ્રી કુંભકોણમ્ રહેતા. તે વખતે તેઓશ્રીએ કરેલ વક્તવ્યોનો સાર-જે અન્યત્ર વિગતે નથી લખાયો તે-અત્રે ઉતારવામાં આવ્યો છે. તેમના દેહવિલય પછી માત્ર સાક્ષાત્કાર દિન અને જન્મદિન ઊજવવામાં આવે છે.

**દીક્ષાદિન (વસંત પંચમી)**

દીક્ષાનો અર્થ જીવદશાની સ્થિતિમાંથી ઉચ્ચવિકાસની સ્થિતિમાં ગતિમાન થવાનું પગલું.

ભગવાન માટે જેનામાં જ્વાળામુખીના જેવી તમન્ના હોય તેનું આમાં કામ છે. તો બીજાઓએ શું હાથ જોડીને બેસી રહેવું ? ના, નામસ્મરણ કરો, ભજન કરો, સત્સંગ કરો, સત્કર્મો કરો, ચિત્તશુદ્ધિ કરો.

જપમાં સિદ્ધ થશો એટલે ધ્યાનમાં સહેજે જવાશે. બાકી, પાયાનું કામ કર્યા વિના, ચિત્તશુદ્ધિ કર્યા વિના ધ્યાન કરવાના અને કુંડલિની જાગ્રત કરવાના લોભમાં પડશો નહિ. એ ફાંફાં છે, ફાંફાં. આ માર્ગ સંગ્રામ ખેડવાનો માર્ગ છે. સંગ્રામ વિના શક્તિ નહિ સાંપડે.

---

★ નિર્ગુણ સાક્ષાત્કાર દિનના મિલન સમારંભ સમયે કરેલ વ્યાખ્યાન અન્યત્ર આવી ગયું છે. એટલે ફરીથી ઉતાર્યું નથી.

નામસ્મરણથી કામક્રોધાદિ મોળા પડે ? હા, જ્યારે શબ્દમાં નિરંતરતા પ્રગટે ત્યારે આકાશતત્ત્વ ખીલે અને આકાશતત્ત્વ ખીલે ત્યારે સત્ત્વ ગુણ પ્રગટે. અને ત્યારે જ રજસ અને તમસ મોળાં પડે. એટલે પ્રકૃતિને જેમની તેમ રાખીને ભગવાનને માર્ગે નહિ જવાય.

સાચી જિજ્ઞાસા હશે તો સાચો ગુરુ મળશે, પણ ગુરુ માટે જ્યાં ત્યાં ફાંફાં ના મારશો, નહિ તો અથડાઈ મરશો.

મહાત્માથી, સદ્‌ગુરુથી આપણને લાભ ક્યારે મળે ? એનું આપણે નિમિત્ત હોઈએ ત્યારે. એનામાં આપણે હળી, મળી, ભળી અને ગળી ગયા હોઈએ ત્યારે. ૭-૧૧-૧૯૬૬ને રોજ એક ભાઈનો રેલવે અકસ્માતમાં પગ કપાઈ ગયો અને આઠ પાંસળીઓ ભાંગી ગઈ હતી. તે જ ક્ષણે 'હરિઃૐ'નો જપ થયો. અને સદ્‌ભાગ્યે તે બચી ગયા.

॥ હરિઃૐ ॥

## ગુરુપૂર્ણિમા દિન

### મૂર્તિપૂજાનો ઉગમ

વેદકાળમાં ગુરુની પ્રથા ન હતી ત્યારે ઋષિઓ હતા, ગુરુકુળો હતા. શિષ્યો ભણવાને ત્યાં જતા, પણ ભાવનાનું જેમ જેમ પતન થતું ગયું તેમ તેમ ભાવનાનું મિડિયમ-વાહન સૂક્ષ્મમાંથી સ્થૂળ થતું ગયું. તે ભાવના કૂંળી કૂંળી રાખવા મૂર્તિપૂજા સ્થપાતી ગઈ. એ લોકોએ જીવનનો સ્વીકાર કર્યો હતો. તે પછીના ગાળામાં સંસાર મિથ્યા હોવાનો વિચાર ઉદ્‌ભવ્યો. શંકરાચાર્યે તે કહ્યું પણ એ બધું રિલેટીવ છે-સાપેક્ષ છે.

### અણુપરમાણુનો ખેલ

ચેતનની અપેક્ષાએ જગત મિથ્યા છે. એનું રહસ્ય જુદું છે. જે

કાંઈ દેખાય છે તે બધું અણુપરમાણુંનું બનેલું છે. દા.ત. સોનું. એ પારાના અમુક પ્રમાણમાંથી બનેલું છે. એ પ્રમાણમાં વધઘટ થાય તો સોનું, સોનું ના રહે. આમ, બધો ખેલ અણુપરમાણુનો છે. તેથી અનુભવી પુરુષોએ કહ્યું કે, આ જગત મિથ્યા છે, છતાં આ બધું ચેતનથી જ ભરેલું છે અને તેથી દશ્યમાન છે.

**સંસાર મિથ્યા નથી**

અસલના ઋષિમુનિઓએ સંસારને 'મિથ્યા' કહ્યો ન હતો. તેઓ પ્રજોત્પત્તિ પણ કરતા, પણ એ કામવાસનાથી પ્રેરાઈને એવું સુખ ભોગવતા નહિ. ચેતનાની ભાવનાથી પ્રેરાઈને, તે સંસ્કાર ચાલુ રાખવા માટે ફરજંદ પેદા કરતા. આ ભાવ આપણી સમજમાં કદાચ ના આવે, છતાં તે હકીકત છે.

ગુરુનો અર્થ સમજવા જેવો છે. જેણે સગુણ અને નિર્ગુણનો (ચેતનનો) અનુભવ કર્યો છે તે ગુરુ. શંકરાચાર્ય એ દ્વૈતવાદી હતા. તેમણે નિર્ગુણનો અનુભવ કરેલો. છેવટે શ્રીનગરમાં તેમને સગુણનો પણ અનુભવ થયો. એવા જબરજસ્ત અદ્વૈતવાદીએ કેટકેટલાં અને સુંદર ભક્તિસ્તોત્રો રચ્યાં છે ! વળી, શ્રીનગરમાં પંચાયતનની (વિષ્ણુ, શિવ, પાર્વતી, ગણપતિ અને સૂર્ય) પ્રતિષ્ઠા કરી. આમ, નિર્ગુણવાદીને નીચે ઊતરવું પડ્યું. સગુણમાં, કેમ કે ભાવનાને પકડવા માટે કોઈ સાધન તો આપવું જ જોઈએ. વળી, સમાજ એવું ઊંચું જ્ઞાન સમજી શકે નહિ. આ રીતે તેમણે જીવનનો સ્વીકાર કર્યો.

**- તો ઈંદ્રિયો સંકેલી શકાય**

શંકર ભગવાનના મંદિરમાં નજર કરીએ તો એક સુંદર પોઠિયો છે અને તેની આગળ કાચબો છે. ચોમાસું ચરેલો, માતેલો સાંઢ

હોય, પણ જેનું મોં મહાદેવ તરફ ફરી જતાં એની ઇંદ્રિયો કાચબાની જેમ સંકોચાઈ જાય, અંતર્મુખ થઈ જાય અને વિકાસ સધાઈ જાય, તેમ આપણે પોઠિયા જેવા જીવદશામાં રાચતા, ઈશ્વરપ્રતિ મોં ફેરવી દઈએ તો કાચબાની જેમ ઇંદ્રિયો સંકેલી શકાય અને જીવનવિકાસ સાધી શકાય. આ મહાદેવના પોઠિયા અને કાચબાના પ્રતીકની વાત થઈ.

મારા શરીરનો આ છેલ્લો (૧૯૬૫-૭૦) ગાળો છે. તે દરમિયાન તમારો પ્રેમ સંપાદન કરી લઉં એ જ એક મારી ઇચ્છા છે. તમે બધાં પૈસા આપો છો, પણ તે મારું મુખ્ય કર્તવ્ય નથી. તમારામાં ભગવાન વિશે ભાવ પ્રગટે એ જોવાનું મારું મુખ્ય કર્તવ્ય છે.

**અનુભવીને ઓળખી શકાય ?**

હું તો ભગવાનનો વાણોતર છું. સમાજનો કારકુન છું. મારે કાંઈ ગુરુ તરીકે પૂજાવું નથી. છતાં, જ્યારે તમે બધાં મારી કને આવો છો ત્યારે મારે તમને કંઈક કહેવું જોઈએ. ઘણાં પૂછે છે કે અનુભવી આત્માને ઓળખી શકાય ? હા, કેમ ના ઓળખી શકાય ? એનાં લક્ષણ હોય છે. એને કોણ ઓળખી શકે ? જેનાથી દીર્ઘકાળ પર્યંત, પ્રેમભક્તિપૂર્વક, સદ્ભાવથી સેવાયેલો પરિચય હોય તો તેનાથી તેવો આત્મા ઓળખી શકાય.

**એનાં લક્ષણ**

શરીરધારી, અનુભવી આત્મા નિમિત્ત મળે તો જડને પણ ચલાવી શકે. જ્ઞાનેશ્વર મહારાજે ભીંતને ચલાવેલી. મારા મૌનમંદિરમાં (નડિયાદ આશ્રમે) ઓટલો ચારેબાજુથી હાલેલો.

પુછી જુઓ રમાકાંત જોષીને. આમ, ચેતનવાળા સત્ અસત્ બંનેમાં પ્રવર્તે. એને સ્થળકાળની મર્યાદા ના હોય. એ અનેક શરીર એક સાથે ધરી શકે. દિલીપ (મણિયાર)ને મારાં બે શરીર દેખાયેલાં. પેલા એક્સાઈઝ કલેકટરને મૌનમાં 'મોટા' દેખાયેલા. મૌનમાં બેસનારને ચેતના સાથે સંપર્ક થાય છે. આવું બધું તમને★ જ કહું છું, કેમ કે તમે મારાં સ્વજન છો અને તમારું હિત મારે હૈયે છે.

**સંબંધની સાંકળ**

શરીરધારી મહાત્માને પ્રારબ્ધ ખરું, પણ તે બળેલી દોરડીના વળ જેટલું આછુંપાતળું. એને લઈને એને નિમિત્ત મળે છે, પણ જે ચેતન છે તેને પ્રારબ્ધ નથી. આમ છતાં મુક્તાત્માને બંધન હોય નહિ.

આવા મહાત્માઓ નિમિત્તને લઈને મળે છે. શ્રીબાળયોગી મહારાજને હું ઓળખતો ન હતો, છતાં તેઓશ્રી સાબરમતીને કિનારે (અમદાવાદ) બેસીને મને (નડિયાદમાંથી) બોલાવી રહ્યા હતા. આમ, બધાંનો પરાપૂર્વનો સંબંધ છે, એ બતાવે છે. એ સંબંધની એક સાંકળ છે. એની આપણને જાણ હોતી નથી.

**કાળપુરુષ પાકશે**

આ બધું કહેવાનો હેતુ એક જ છે. તમારું લૂણ મારા પેટમાં પડેલું છે. એટલે મારી ફરજ તમને જગાડવાની છે. હું કોઈને બોલાવવા ગયો ન હતો. બધાં આપમેળે મળ્યાં છો અને મળશો. મેં આવી વાતો બીજે ક્યાંય કરી નથી.

---

★ શ્રીનંદુભાઈના મામા, ભાઈઓ, ભત્રીજાઓ વગેરે.

માટે બહુ મોડું થઈ જાય તે પહેલાં ભાવના પ્રગટાવો. પૈસાનો સારા માર્ગે ઉપયોગ કરો. એક કાળ એવો આવશે જ્યારે બધે અંધાધૂંધી ફેલાશે. મને સ્પષ્ટ દર્શન થાય છે. હું, જ્યોતિષી નથી. ઊથલપાથલ જરૂર થવાની. પ્રજામાં ચેતન પ્રગટાવવા ઊથલપાથલ થવી જ જોઈએ, અને તે થશે જ. પછી કોઈ કાળપુરુષ એવો પાકશે અને બધું સારું થશે, પણ એ ક્યારે થશે તે હું જાણતો નથી. કાળના પણ તબક્કા આવે છે એ ધ્યાનમાં રાખજો. હરિઃૐ તત્ સત્

**જન્મદિન : તા. ૪-૯-૧૮૯૮ (ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪)**

તમે બધાં મારો જન્મદિન ઊજવવા ભેગાં થયાં છો એ બદલ હું શું કહું ? એક ગરીબ માણસને ભગવાને કંઈક મોટો બનાવ્યો તે બદલ હું મારા ગુરુમહારાજનો ઋણી છું. તેને લઈને આજે તમે મને જે તે સ્થિતિમાં જુઓ છો, તે બદલ તમારો બધાંનો પણ આભાર માનું છું.

બાકી, મારા જેવાનો કોણ ભાવ પૂછવાના હતા ? એક રંગરેજનો છોકરો, જેની માએ લોકોનાં દળણાં-ખાંડણાં તેનાં છોકરાંને ઉછેરવા કરેલાં. બાપા તો અલ્લાની ગાવડી જેવા અને તે હું નાનો હતો ત્યારે ગયા. તે પછી અમારી મુશ્કેલીઓનો પાર ન હતો. તેથી નાની ઉંમરથી મજૂરી કરવા માંડી. ઘણાં અપમાનો વેઠ્યાં. વચ્ચે વચ્ચે થોડું ભણાય, પણ એક દિવસ અપમાનો અસહ્ય થતાં ખૂબ ભણવાની ચાનક ચડી. એટલે પટાવાળાનું કામ કરતો અને ભણતો, મિત્રોની સેવા કરતો અને ભણતો, મજૂરી કરતો અને ભણતો, કેમ કે આરામથી, ફિકર વિના ભણવાને પૈસા ન હતા. વડોદરા કૉલેજમાં પણ ગયેલો. ભગવાન મદદ કર્યા કરતો હતો. એ બધું તમે જાણો છો. એટલે એની લાંબી વાત નથી કરતો.

પેટલાદમાં હું ત્રણ વર્ષ એક મુરબ્બીને ત્યાં રહેલો. ત્યાં સાત આઠ નોકરો હતા. માલિક, મારા ગુણોને લીધે રાજી રહે અને હું વહાલો લાગું. તેથી બીજા બધા મારી ઈર્ષા કરે. એટલે ત્યાં પણ મારે સહન કરવું પડેલું. આમ છતાં હું બધાં કામ કરતો. માંદે-સાજે બધાંની સેવા કરતો. મને ભણવાની તત્પરતા હતી. મારે એટલી બધી ગરજ હતી, તેથી હું બધાનું મન જીતી લેવા પ્રયાસ કરતો.

માનવી માત્ર જો પોતાના દોષોનું પૃથક્કરણ કરવાનું, પોતાના સ્વભાવને સુધારવાનું કર્યાં કરે તો તેને જણાશે કે દુઃખનું મૂળ કારણ તેના પોતાનામાં છે.

ઘરની માલિકી પણ આપણી પોતાની એકલાની કે બે જણની ગણવી નહિ, સમજવી નહિ. માલિકીપણાનું ભાન છોડતાં જવાનું છે. ઘરમાં આપણું જ ધાર્યું જે તે થાય તેવી મડાગાંઠ કદી પણ મનમાં ના રાખવી.

આથી, મારી ગરીબાઈને લીધે જે જે સગવડ હું મેળવી શક્યો ન હતો, તે બીજાઓને મળે. કેળવણી, રમતગમત વગેરે મળે તે માટે ભગવાનના વાણોતર તરીકે હું યોજનાઓ કરું છું.

સમાજમાં ભલાઈ વધે, ચારિત્ર્ય વધે એ મારો પ્રયત્ન છે. સૌ સત્કર્મ કરે છે, પણ પોતપોતાનું સાચવીને કરતાં હોય છે. મેં વીસ વર્ષ સુધી દેશની સેવા કરી છે. એટલે રોટલો મારું પેન્શન છે. હું ભીખ માગું છું, પણ તે સમાજનાં કાર્ય માટે માગું છું.

સમાજમાં ગુણ અને ભાવના નહિ પ્રગટે ત્યાં સુધી સમાજ બેઠો થઈ શકવાનો નથી. ઉપદેશથી આ કામ નહિ બને. કથાવાર્તાઓથી પણ જોઈતો સુધારો નથી થતો. એટલે હું ભાષણ

કરવાને બદલે કર્મ કરું છું. અને બાળકો, બહેનો, કિશોરો, યુવાનો સારી કેળવણી પામે, શરીરે સશક્ત બને અને વર્ષે દહાડે એકાદ સપ્તાહ માટે એકાંતમાં બેસીને ભગવાનનું નામ લે. તે માટે મારા ગુરુમહારાજની આજ્ઞા અનુસાર આશ્રમો સ્થાપ્યા છે. તે માટે હું કદી જાહેરાત આપતો નથી, છતાં લોકો તેનો ઠીક ઠીક પ્રમાણમાં લાભ લે છે.

આ રીતે તમે બધાં સત્કર્મ કરો, નામસ્મરણ કરો અને જીવન-વિકાસ સાધો એ જ મારી પ્રાર્થના છે.

**॥ હરિઃૐ ॥**

• • •

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ

થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषु‌ની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર ૭ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭


●

## જીવનકવન


| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |


●

## અન્ય પુસ્તકો


| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |


●

# हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

|| હરિઃૐ ||

પ્રશ્ન : 'મોટા, હરિઃૐ આશ્રમો નદીકિનારે એકાંતમાં સ્થપાયા છે, તેની પાછળ કોઈ ખાસ કારણ ખરું ?'

શ્રીમોટા : 'પહેલાંના સમયમાં આવા આશ્રમો નદીકિનારે સ્થપાતા, કારણ કે એક તો પાણીની સુવિધા રહે. બીજું, જળતત્ત્વ વિચારોનાં ઉગ્ર મોજાંઓને મોળાં પાડે છે. અને વસ્તીથી દૂર આશ્રમો એટલા વાસ્તે રાખવામાં આવે છે કે વસ્તીમાં ચેતનનાં આંદોલનો આપણને સહેલાઈથી ના મળે.'

-શ્રીમોટા

*'શ્રીમોટા સાથે સાથે', ચોથી આ., પૃ. ૧૨૨*



શ્રીમોટાની સાથે સાથે

કિંમત : રૂ. ૨૦/-